

રામકબીર સંપ્રદાય

હિંદી ભાષાનો ઉદ્ગમ-ગ્રંથ

ડૉ. કાન્તિકુમાર ભટ્ટ

રામકબીર સંપ્રદાય

— ડૉ. કાન્તિકુમાર સી. ભટ્ટ



પ્રકાશક : શ્રી રામકબીર ભક્તસમાજ
કેલિફોર્નિયા (યુ. એસ. એ.)

· પ્રકાશક ·
શ્રી રામકબીર ભક્તસમાજ
કેલિફોર્નિયા, (યુ. એસ. એ.)

૧૫ ફેબ્રુઆરી ૧૯૮૨

Publisher:
Shree Ramkabir Bhakta Samaj
California, U.S.A.

February 15, 1982

This publication is not to be sold anywhere.

* સમર્પણ *

કબીરવડ, પુનિયાદ તથા સુરતની ગાદીઓને
સાદર સમર્પણ



કાન્તિકુમાર ભટ્ટ

અ....નુ....ક્ર....મ....ણિ....કા

ભૂમિકા :

૧	ગુજરાતમાં સંપ્રદાયની ભૂમિકા	૧
૨	સંપ્રદાયની સ્થાપના	૨૦
૩	સંપ્રદાયની રૂપરેખા	૫૩
૪	ગુજરાતના કબીર–શિષ્યો	૧૦૩
૫	સંપ્રદાયની શિષ્ય–પરંપરાઓ	૧૩૯
૬	ઉદા–સંપ્રદાય	૧૮૫
૭	રવિ–ભાણુ—સંપ્રદાય	૨૨૬

પરિશિષ્ટ :

૧	કબીરવડની કથા	૨૬૦
૨	દયાળદાસની ગુરુ – પ્રણાલિકા	૨૬૭

તસ્વીર :

૧ કબીર સાહેબનાં પગલાં
૨ કબીરના ગુજરાત આગમનનો શિલાલેખ
૩ જ્ઞાનીજીનું મંદિર
૪ જ્ઞાનીજીની સમાધિ–(તુલસીક્યારો)
૫ પુનિયાદ મંદિરની સમાધિઓ
૬ પદ્મવાડીમાં સદ્‌ગુરુ કબીરજી અને કમાલજીની છત્રી
૭ સદ્‌ગુરુ જીવણજી મહારાજની છત્રી

ભક્ત પાથેય

"કરમ ઉચાલો જીવણા, દીના કલજુગ માંહી,
રામકબીર રમ રહા; હમકી રમેતા માંહી."

એ અત્યંત સુંદર માળા હોય, એની અંદરનો ધાગો કાળે કરીને જીર્ણ થાય, અને માળા તૂટી જાય....મોતી–અમૂલ્ય મોતીઓ વિખરાઈ જાય....અને માળા જ વિસરાઇ જાય, કંઇક એવું જ અહિં બની ગયું હતું....

કોઈ ખોજી (સંશોધક)ને એમાંનું એકાદ અમૂલ્ય મોતી મળી જાય, તે મોતીઓને ઢૂંઢી કાઢે, તે એક અખંડિત મોતીની માળની કલ્પના કરવા પ્રેરાય, મોતીઓને એક સૂત્રમાં સંગૃહિત કરે–ત્યારે માળા ફરીથી દૃષ્ટિગોચર થાય, દેખનારા દંગ થઈ જાય, ત્યારે એનાં એ મોતીઓનું મૂલ્ય સમજાય, માળાની સૌને પરખ થાય, એટલે સૌને હરખ થાય, એવી આ વાત છે.

આ મોતીમાળાને પુનઃ સૌંદર્ય પરિધાન કરાવનારને લાખ લાખ અભિનંદન. આ "રામકબીર સંપ્રદાય"ની ભૂમિકા મહદ્ અંશે આવી જ છે. આ રામકબીર સંપ્રદાયની મોતી-માળાનાં મૂલ્યવાન મોતીઓ તે કબીરજી, જ્ઞાનીજી, પદ્મનાભજી, રવિસાહેબ, ભાણસાહેબ તથા જીવણજી જેવાં કંઇ મોતીઓ એમાં પરોવાયલાં હતાં. જગતની દૃષ્ટિએ આ માળા વિસરાઈ ગઈ હતી, પરંતુ રાજપીપલાના શ્રી કાન્તિકુમાર ભટ્ટે એ વિખરાયલાં મોતીઓ અને તેમની વચ્ચેના સૂત્રને શોધી કાઢી આ ગ્રંથમાં એ માળા ફરીથી ગૂંથી લીધી છે.

હાથી વિશે જાણવા નિકળેલાઓને હાથીના એકાદ અંગનો પરિચય થાય અને એને આધારે એ હાથીનું કલ્પનાચિત્ર દોરે અને આ અધૂરી સમજથી હાથી વિશે જે ભ્રમ ફેલાય, એવો જ ભ્રમ રામકબીર સંપ્રદાય, ઉદા ધર્મ અને એની વંદનીય વિભુતિઓ વશે વિદ્વાનોમાં, ગુજરાતી સાહિત્યમાં ફેલાયલો છે; આ માટેનાં કારણો ગમે તે હોય, પણ અત્યાર સુધી એ ભ્રમ હતો, આ ભ્રમના નિવારણનો સનિષ્ઠ પ્રયત્ન આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે, એ પણ એટલી નિશ્ચિત વાત છે.

રામકબીર સંપ્રદાય એ કબીરજીની મહાન વિચારધારાઓને જ્ઞાનીજીએ એમની સમ્મતિ અને હાજરીમાં આપેલું વૈધાનિક રૂપ છે. ગાગરમાં સાગર સમાય તેમ જગતના મહાન તત્ત્વવેત્તાઓ–ધર્મધુરંધરોના મહત્ત્વના સિદ્ધાંતોનું પ્રતિબિંબ આ સંપ્રદાયમાં ઝીલવાનો પ્રામાણિક પ્રયત્ન થયો છે. આ સંતમત છે, અને સંતો આત્મવંચનાના સહજદોષથી મુક્ત હોય છે, માટે જગતમાં તેમની પ્રસિદ્ધિ ઓછી જોવા મળે, એ સ્વાભાવિક છે.

આપણી હિન્દુ-સંસ્કૃતિનું ખોળિયું (દેહ) તેના ધર્મો અને સંપ્રદાયોથી ઘડાયલું છે, પરંતુ ધીરે ધીરે શ્રદ્ધા અશ્રદ્ધામાં પરિણમી, તત્ત્વજ્ઞાન વિતંડાવાદ બન્યો, સદ્‌ભાવના રૂઢિ બની અને રિવાજો કર્મકાંડના અતિરેકમાં ફસાયા, ત્યારે આ સાંસ્કૃતિક માળખું નિષ્પ્રાણ જણાવા લાગ્યું; ભક્તિ-આંદોલને તેમાં પ્રાણ પૂરવા કમર કસી, પરિણામે ભારતીય સંસ્કૃતિનાં નવાં સ્વરુપોનો વિકાસ થયો. રામકબીર સંપ્રદાય એ એક નવું સુંદર સ્વરૂપ છે. રામાનંદ સ્વામીએ તેના હેતુ દર્શાવ્યા. કબીરજીએ તેનું તત્ત્વજ્ઞાન નિરૂપ્યું, જ્ઞાનીજીએ અનુયાયીઓની ભૂમિકા રચી, જ્યારે જીવણજી મહારાજે તેને

આચરણધર્મ બનાવ્યો. પદ્મનાભજી, રવિ-ભાણ તેના પ્રચારક અને પ્રસારક બન્યા. આ વિચારધારા ગુજરાતના સીમાડા ઓળંગીને પણ વિસ્તરી.

આ સંપ્રદાયનું મહત્ત્વનું પ્રદાન એ છે કે એણે પરમાત્માના સાકાર-નિરાકારની ભ્રાંતિ ભાંગી સગુણ-નિર્ગુણ રૂપની સાચી ઓળખ આપી. હરિ અને હરિજનના જુગલ સ્વરૂપનો આનંદ ઓળખાવ્યો; સલીલ સાકુટને ભક્તિમાર્ગના કંટક જણાવ્યા સકામ ભક્તિયોગથી જીવની ભ્રમણાઓ ટળતી નથી, માટે નિષ્કામ ભક્તિયોગનું મહત્ત્વ જણાવ્યું.

સદ્‌ગુરુ અને પરમાત્માની વાતો અલખ હોય છે એમ શાસ્ત્રપુરાણો કહે છે. રામકબીર સંપ્રદાયના સાહિત્યમાં સંતોની વાણી છે, જેમાં પોતાની ઓળખ કરતાં પરમાત્માની ઓળખ પર વિશેષ ભાર અપાયલો છે.

કાળના પ્રવાહમાં વેરવિખેર પડેલી સ્મૃતિઓ, તથા હકીકતોને એકઠી કરી તેનો ક્રમબદ્ધ ઈતિહાસ રચવો, એ ઘણા ખંત અને પરિશ્રમનું કામ છે. આ કાર્ય માટે ધીરજ, ધગશ, સત્યનિષ્ઠા તેમજ ખોટા માટે લડી લેવાની ખુમારી સંશોધકમાં હોવી જરૂરી છે. શ્રીયુત કાન્તિકુમાર ભટ્ટ સાહેબમાં એક આદર્શ સંશોધકની ખુમારી જોવા મળે છે. ગુજરાતી સાહિત્યના એક વિદ્વાને ઉદ્ધાધર્મ તથા જીવણજી મહારાજ વિશે ગેરસમજથી દોરવાઈ કેટલાંક વિધાનો કર્યાં હતાં, જેનો સજ્જડ વિરોધ કરી સત્ય હકીકતોથી સૌને જ્ઞાત કરાવ્યા. પદ્મનાભજીનાં જીવન તથા કાર્યથી સંપ્રદાયના અનુયાયીઓ જ જ્યારે અજ્ઞાત હતા, અને મહાન વિદ્વાનોએ નાસીપાસ થઈ તે કાર્યને અધૂરું છોડ્યું, ત્યારે ભટ્ટ સાહેબે જે લગનથી તે કાર્યપૂર્ણ કર્યું, તે માટે તેઓ સાચા યશના અધિકારી છે.

કબીરસાહેબનો ઐતિહાસિક સમય, શિરોમણિ શિષ્ય જ્ઞાનીજી વિશેનું અજ્ઞાન, રવિ અને ભાણુ સાહેબનો પૂર્ણ ઈતિહાસ, ધર્મદાસની કબીરસાહેબની વારસદારી, જેવા કેટલાય પ્રશ્નોનો સાચો ઉકેલ આ ગ્રંથ સિવાય બીજે મળવો મુશ્કેલ છે, એમ હું ખાત્રીપૂર્વક કહી શકું છું.

ઉદાધર્મ સ્થાપક સદ્‌ગુરુ જીવણજી મહારાજ અને તેમના ધર્મને આજ દિન સુધી ન તો ગુજરાતી સાહિત્ય ઓળખી શક્યું કે ન તો તેમના કાર્યનો સાચો અંદાજ તેમના અનુયાયીઓ મેળવી શક્યા છે. આ પુસ્તકમાં લેખકે આ કાર્ય ખૂબ સુંદર રીતે પૂરું કર્યું છે. જેથી ઉદાભક્તોની નવી પેઢી માટે આ ગ્રંથ ઐતિહાસિક અને ધાર્મિક દસ્તાવેજ બની રહેશે. પ્રત્યેક ઉદાભક્તોને ઘેર આ પોતાનો સાચો દસ્તાવેજ હોય, તે ઇચ્છવાયોગ્ય છે.

ઉદાસમાજ ભટ્ટ સાહેબના કાર્યમાંથી પૂરતો લાભ ઉઠાવે, એવી મારી વિનંતિ છે. પ્રભુ આ કાર્યથી તેઓને સુંદર યશ આપે, તેમને લાંબુ આયુષ્ય બક્ષે, એવી અહ્યર્થના.

પોષ સુદી પુર્ણિમા ૨૦૩૮ વિનીત

શ્રીધામ – પુનિયાદ. **સ્વામી જગદીશ યદુનાથ**

..... લેખકનું નિવેદન .....

ગુજરાતમાં ભક્તિનો પ્રચાર અગિયારમી સદીથી શરૂ થઈ તેરમી પછી સવિશેષ થયો હોય, એમ જણાય છે. તેરમી સદીમાં, મધ્વાચાર્યે વૈષ્ણવભક્તિનો અને ચક્રધરે 'મહાનુભાવ-સંપ્રદાયનો પ્રચાર કર્યો. સ્વામી રામાનંદ તથા સંત નામદેવે પણ ગુજરાતની યાત્રા કરી હતી. એમની ભક્તિનો પ્રભાવ પણ ગુજરાતના જનજીવન પર પડ્યો હતો. ત્યાર પછી કબીરસાહેબ ગુજરાતમાં આવ્યા, ગુજરાતની યાત્રા કરી, પાટણ, જૂનાગઢ ગિરનાર, દ્વારકા, પાલનપુર તથા શુકલતીર્થની એમની મુલાકાતનું બાબા દીને સુંદર વર્ણન કર્યું છે. પછી એ કબીરવડવાળી જગ્યામાં સારો એવો સમય રહ્યા, એટલે ગુજરાતભરમાં એમનો પ્રબળ પ્રભાવ પડ્યો હતો.

જેસલમેરના રાજકુમાર ચતુરસિંહ લગ્નવેદીમાંથી નાસી જઈ વિરક્ત થઈ નર્મદાકાંઠે કબીરવડવાળી જગ્યાએ આવી કબીરસાહેબને મળ્યા હતા. એમના દ્વારા પોતાની શંકાઓનું સમાધાન થતાં એમણે કબીર પાસે દીક્ષા લીધી. કબીરસાહેબ ગમે તેને દીક્ષા આપતા ન હતા. દીક્ષા પછી એમને 'જ્ઞાની' નામ આપવામાં આવ્યું. શૂલપાણીશ્વરની ઝાડીમાં બાર વર્ષ ધ્યાનયોગ કર્યા પછી એમને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ, અને ગુજરાત-ભરમાં એમના ઘણા અનુયાયી થયા.

એમની દૃષ્ટિએ રામ અને કબીરમાં કોઇ અંતર ન હતું, એટલે એ 'રામકબીર' બોલતા. તેથી એમના અનુયાયીઓ પણ 'રામકબીર' બોલવા લાગ્યા. પછી તો તેઓ એકબીજાને મળે

કે છૂટા પડે ત્યારે 'રામકબીર' કહેતા. આ અનુયાયીઓનો એક સંપ્રદાય બની ગયો. કબીરસાહેબના આદેશથી એમના એક શિષ્ય તત્વા-જીવા કબીરવડ છોડી બિહારમાં જઈ રહ્યા. એમના બીજા શિષ્ય પદ્મનાભે પાટણમાં વાડી બનાવી ત્યાં રહી ભક્તિનો પ્રચાર કર્યો. તેમના શિષ્ય ધનરાજ ત્યાં એમની સાથે રહ્યા, પણ બીજા શિષ્ય લોચનદાસે સૂરતમાં અને નીલકંઠદાસે ડૂંધરેજમાં આશ્રમ સ્થાપી ભક્તિનો પ્રચાર કર્યો હતો.

જ્ઞાનીજીનો સમય વિ. સં. ૧૪૫૧ થી ૧૫૫૯ અને પદ્મનાભનો સમય સં. ૧૪૫૮ થી ૧૫૬૫ છે. એટલે આ સંપ્રદાયનો પ્રચાર પંદરમીના અંતમાં અને સોલમી સદીના પ્રારંભમાં ગુજરાતમાં થયો હતો. જ્યારે કબીરપંથનું પ્રચલન અહિં સં. ૧૭૫૦ પછી થયું હતું. આ રામકબીર-સંપ્રદાયની સ્થાપના જ્ઞાનીજી દ્વારા થઇ હતી, જ્યારે ધર્મદાસે કબીરપંથની સ્થાપના આના સો વર્ષ પછી સત્તરમી સદીના પ્રારંભમાં કરી હોવી જોઈએ, એવો વિદ્વાનોનો મત છે.

આ બન્ને સંપ્રદાયો જુદા છે, એનું જ્ઞાન નહિ હોવાથી લોકોમાં અને વિદ્વાનોમાં ઘણા ભ્રમ ઉત્પન્ન થયા છે. કબીર-પંથ દેશભરમાં પ્રસિદ્ધ હોવાથી સહુ કોઇ એને જાણે છે. વળી એ પંથના સાધુઓએ જે જે સાંપ્રદાયિક ગ્રંથો લખેલા છે, તેમાં વિષયની રજૂઆત 'કબીર-ધર્મદાસ-સંવાદ' તરીકે કરેલી હોવાથી ધર્મદાસને કબીરના પ્રત્યક્ષ શિષ્ય માની લેવાયા, અને કબીર-પંથની સ્થાપના પણ કબીરસાહેબના સમયથી માની લેવાઇ. જ્યારે આ સંપ્રદાય ગુજરાત પૂરતો મર્યાદિત હોવાથી તથા એને વિશે કયાંય કશું લખાયું ન હોવાથી વિદ્વાનોથી એ અજ્ઞાત રહ્યો. એટલે વિદ્વાનોએ જ્યાં રામકબીર-સંપ્રદાયનાં ચિહ્નો જોયાં, ત્યાં એને કબીર-પંથ માની લીધો. બોમ્બે ગેઝેટના વિદ્વાન

સંપાદકે લખ્યું છે કે ગુજરાતમાં કબીર-સંપ્રદાયનું પ્રવર્તન ઈ. સ. ૧૩૮૦ અને ૧૪૨૦ વચ્ચે જ્ઞાનીજી દ્વારા થયું હતું. આ કબીર-સંપ્રદાય તે કબીર-પંથ નહિ, પણ રામકબીર સંપ્રદાય એવી જ રીતે શ્રી જનક દવેએ ગુજરાતમાં સોલમી સદીમાં કબીરપંથની ગાદીઓ હોવાનો જે ઉલ્લેખ કર્યો છે, તે પણ કબીરપંથની નહિ, પણ રામકબીર સંપ્રદાયની ગાદીઓ હતી. સુરતમાં પદ્મનાભજીના શિષ્ય લોચનદાસની, ભરૂચ જિલ્લામાં જ્ઞાનીજીની, કબીરવડમાં નીરદાસની, અમદાવાદના ચંડોલા તળાવ પર પદ્મનાભજીના સુપુત્ર માધવદાસની, પાટણમાં પદ્મનાભજીની અને સૌરાષ્ટ્રમાં-દ્વધરેજમાં નીલકંઠદાસની ગાદીઓ હતી. આમ તે સમયે સમસ્ત ગુજરાતમાં રામકબીર-સંપ્રદાયનું પ્રવર્તન હતું. સાહિત્યમાં આ ભ્રમાત્મક પરિસ્થિતિ જોઈ મને થયું કે આમાં આ રામકબીર સંપ્રદાયને ભારોભાર અન્યાય થયો છે, વળી કબીરસાહેબના નિધન પછી દોઢસો વર્ષે સ્થપાયલા સત્કબીર સંપ્રદાયને સહુ કોઈ જાણે છે, જ્યારે કબીરના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજી દ્વારા પ્રવર્તીત આ સંપ્રદાયને એ સંપ્રદાયના અનુયાયીઓ સિવાય કોઇ જાણતું નથી. માટે એને પ્રકાશમાં લાવવાની ઈચ્છા થઈ. તેમાં વળી એ સંપ્રદાય વિશે કેટલાક ભ્રમાત્મક ઉલ્લેખો વાંચવામાં આવ્યા, એ જોતાં એના નિરાકરણની પણ ઇચ્છા થઈ.

મેં મારા પ્રબંધ "**कबीर-परंपरा**" માં ગુજરાતમાંથી કબીર-પરંપરાઓ શોધી કાઢી હતી. એ જ હતી. એ જ સંતોએ ગુજરાતમાં રામકબીર-સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. એટલે એમાં ઊંડા ઉતરી મેં સંપ્રદાયનાં અન્ય પાસાંઓનો અભ્યાસ કર્યો. આ કાર્ય દરમિયાન હું પુનિયાદ ગાદીના આચાર્ય શ્રી જગદીશચંદ્રજી મહારાજના પરિચયમાં આવ્યો. એમના

સરળ અને નિરભિમાની સ્વભાવથી એમણે મને જીતી લીધો. આ ગ્રંથના લેખનમાં રામકબીર પુસ્તકાલયના ગ્રંથોની એમણે ઘણી સહાય કરી તથા લખવા મને ઉત્સાહિત કર્યો. એમાં ભાઈશ્રી જગમોહનભાઈનો ફાળો પણ કંઈ નાનોસૂનો નથી. મારા આ ગ્રંથની હસ્તપ્રતને પૂ. મહારાજશ્રી, પૂજ્ય શ્રી દામોદરકાકા તથા શ્રી જગમોહનભાઈ એ વખત જોઈ ગયા. એમાંની સામાજિક વ્યવહારની વિગતોને અત્યંત ઝીણવટભરી રીતે જોઈ, તપાસી, સુધારી અને મેં તે ફરી લખી. જેથી એમાં કોઈ હકીકત દોષ ન રહે એમાંથી કોઈ પ્રકારનો વિવાદ ઊભો થાય, એમ હું ઇચ્છતો નથી. એટલે એવી જે કંઈ વિવાદાસ્પદ હકીકત હતી, એને પ્રદર્શિત કરવાના મોહથી હું દૂર રહ્યો છું. મારો એક માત્ર હેતુ આ સંપ્રદાયને પ્રકાશમાં લાવવાનો છે.

આ સંપ્રદાયમાં પાછળથી બે પ્રતાપી સંતો થયા. એક જીવણજી મહારાજ અને બીજા ભાણ અને રવિસાહેબ, એમના જે અનુયાયીઓ થયા, તેમની અલગ શાખાઓ થઈ ગઈ. જીવણજી મહારાજના અનુયાયીઓ 'ઉદાપંથી' કહેવાયા, અને ભાણ તથા એમના પ્રતાપી શિષ્ય રવિસાહેબના અનુયાયીઓનો પંથ 'રવિભાણ સંપ્રદાય' કહેવાયો. આ બે સંપ્રદાયો વચ્ચે કોઈ પણ જાતનો સંબંધ હશે, એમ કોઈ કહી શકે નહિ, પરંતુ બરી રીતે તો રામકબીર-સંપ્રદાયનાં જ એ બન્ને વિકસિતરૂપો છે. જીવણજી મહારાજ જ્ઞાનીજીની પરંપરામાં થયા, અને ભાણસાહેબ પદ્મનાભજીની પરંપરામાં થયા.

આ સંપ્રદાય વિશે જે વિદ્વાનોએ અછડતો ઉલ્લેખ કર્યો છે, એમણે એમ કહ્યું હતું કે એમાં કબીર વિચારધારાનું એકે તત્ત્વ રહ્યું નથી, માત્ર સંપ્રદાયના નામમાં જ એમનું નામ રહી ગયું છે. એક અન્ય વિદ્વાને ઉપરોક્ત મતનું સમર્થન કરતાં

કહ્યું કે સંપ્રદાયમાં જે સંકુચિતતાનાં દર્શન થાય છે, તે જીવણજીએ મુસલમાનોનઃ ધાર્મિક આક્રમણથી બચવા સ્વીકારી હોય અથવા પોતાનો નવો સંપ્રદાય સ્થાપવાની ઘેલછાના અજ્ઞાનમાંથી આ સ્થિતિચુસ્તા પરિણમી હોય, એમ લાગે છે. આ સંપ્રદાયની નિર્ગુણ ભક્તિ અને મૂર્તિના અભાવને જોઈ ડૉ. કે. એમ. કાપડીઆએ આ સંપ્રદાય પર ઈસ્લામનો પ્રભાવ ધારી લીધો. વિદ્વાનોનાં આ તરણો ભ્રમાત્મક છે.

આ સંપ્રદાયનો ઈતિહાસ નથી, એમ નથી. પણ અત્યાર પહેલાં કોઈએ એની શોધ ન હતી. એના પર કોઈ ગ્રંથ લખાયો નથી. પરંતુ એનો ઈતિહાસ તો છે જ. ઉદા-સંપ્રદાય અને રવિભાણ-સંપ્રદાય નવા સ્થપાયલા સંપ્રદાયો નથી, પણ એ બન્ને સંતો એટલા પ્રતાપશાળી હતા, કે એમના અનુયાયીઓએ એને જુદાં નામો આપ્યાં હતાં. એ વિદ્વાનો કબીર-મતના જે ત્રણ મુખ્ય સિદ્ધાંતોનું ખૂન થયાનું કહે છે તેમાં એક રૂઢિનાં બંધનોના ઉચ્છેદની ભાવના, બીજી નિર્ગુણ ભક્તિની ભાવના અને ત્રીજી કર્મકાંડના ઉપહાસની ભાવના છે.

આ સંપ્રદાયમાં લગ્ન તથા મૃત્યુ સમયના કર્મકાંડનો વિરોધ છે એકલા કર્મકાંડનો જ માત્ર વિરોધ નથી, એ કર્મકાંડના પુરસ્કર્તા બ્રાહ્મણનો પણ વિરોધ છે. રૂઢિનાં બંધનો ઘણાં ઓછાં છે. રડવા કૂટવાનો રિવાજ નથી. મૂર્તિપૂજા નથી. રામ અને કૃષ્ણની લીલાનાં કીર્તન ગાય છે, પણ રામ અને કૃષ્ણ વચ્ચે ભેદ નથી. સમાજમાં હજીસુધી કર્મકાંડનું સ્થાન નથી. એ ઉપરાંત "તપ નથી, તીર્થ નથી, વ્રત નથી, યોગ નથી, યજ્ઞ નથી, ધ્યાન નથી, મૌન નથી; અર્ઘ નથી, હોમ નથી, પૂજા નથી, શ્રાદ્ધ નથી, ગ્રહશાંતિ નથી, વિધિ નથી, કોઈ કર્મકાંડ કે વ્રત જાપ નથી." ઉદા-સંપ્રદાયમાં જે સંકુચિતતા આ

વિદ્વાનોને જણાઈ હતી, તે મુસ્લિમ આક્રમણથી બચવા કે ધાર્મિક ઘેલછાથી આવી નથી; કારણકે મુસ્લિમ આક્રમણો શમી ગયાં હતાં, અને આ નવા સંપ્રદાય સ્થાપનની ઘેલછા પણ નથી, કારણ કે આ સંપ્રદાય જ નવો નથી. હકીકત એ છે, કે જીવણજી મહારાજે સંપ્રદાયમાં વ્યવસ્થા આણી અને ભક્તિનો બહોળો પ્રચાર કર્યો, તેથી પછીના લોકોને એમ લાગ્યું કે આ નવો પંથ છે. આ સંપ્રદાયમાં સ્પર્શાસ્પર્શની ભાવના છે. તે વૈષ્ણવ-પ્રભાવ છે. થી ચાવડા સાહેબે કહ્યું તેમ આ ઉદાપંથ બાળકૂંડી બની ગયો નથી. સામાજિક પવિત્રતા અને સામૂહિક ભક્તિ હજી છેજ. લોકો શિક્ષણ લે છે, વિદેશ પણ જાય છે. પંથના આચાર્ય પોતે બી એ; એલ. એલ. બી. થયેલા છે. ૧૯૩૦ અને ૧૯૪૨ ના રાષ્ટ્રીય આંદોલનોમાં આ લોકોએ સક્રિય ભાગ ભજવ્યો છે.

હિન્દુઓમાં જાતિભેદ અને કેટલાક સંપ્રદાયોમાં સ્પર્શા-સ્પર્શની ભાવના એટલી બધી ઘર કરી ગઈ છે, કે લોકો એ વિધિ-નિષેધને ધર્મ માની બેસે છે. અને ધર્મના મૂળતત્ત્વને ભૂલી જાય છે. ઉપાસનાના ક્ષેત્રમાં સ્પર્શાસ્પર્શની આવશ્યકતા હશે. પરંતુ સમાજજીવનમાં એનાથી ભેદભાવ ઊભો થાય છે. જેનાથી કબીરસાહેબ વિરુદ્ધ હતા. એમણે એમના જીવનભરના સારનો નીચોડ કમાલને ઉપદેશના બે શબ્દોમાં કહી દીધો હતો: "**कर साहेब की बंदगी, भूखे को कुछ दे ।**" તુલસીદાસજીએ કહ્યું કે "**परहित सरिस धरम नहीं भाई ।**" ઉપાસનામાં મર્યાદા એ સાધન છે, પણ સાધ્ય નથી; સાધ્ય ભગવાન રામ છે. હિન્દુઓએ ભૂતકાળમાં હરિજનોને અસ્પૃશ્ય ગણ્યા, એનું ફળ આજે ભોગવીએ છીએ. એ ધડો લઈ આપણે કોઈપણ પ્રકારના ભેદભાવને મહત્ત્વ આપવું જોઈએ નહિ; સંતોએ

હમેશાં ભેદભાવનો વિરોધ કર્યો છે. કબીર સાહેબના મહાન શિષ્ય સંત જ્ઞાનીએ આ સંપ્રદાય સ્થાપ્યો છે, એ આપણે ભૂલવું ન જોઈએ. મહાન સંત દ્વારા સ્થપાયેલ આ એક મહાન સંપ્રદાય છે. સંતો સાંપ્રદાયિકતાના વિરોધી હતા, આ સંપ્રદાય કહેવાયો, પરંતુ એમાં સાંપ્રદાયિકતા આવી ન હતી; એટલે જ કદાચ એને કબીરસાહેબના આશીર્વાદ મળ્યા હશે. રામ કે કૃષ્ણના નામની નિર્ગુણ ભક્તિ, લગ્ન અને મૃત્યુ સમયના કર્મકાંડનો વિરોધ તથા સમાજજીવનમાં દહેજ જેવી પ્રથાનો વિરોધ આ સંપ્રદાયમાં હજીસુધી જળવાઈ રહ્યો છે. એટલે કબીર-મતની સુગંધ હજી એમાં આવે છે. એ એની મહત્તા છે.

આ સંપ્રદાયમાં વ્યક્તિગત ઉપાસના કરતાં સામૂહિક ભક્તિને વધુ મહત્ત્વ છે. આખો સમાજ ભક્તસમાજ કહેવાય છે. અને વ્યક્તિગત કે સામાજિક ઉત્સવોમાં ભજનનો જ ઉત્સવ (ઓચ્છવ) કરે છે. એ એની વિશેષતા છે.

આ ગ્રંથ લખવામાં મારા આત્માએ મને પ્રેરણા આપી છે. આ સંપ્રદાયના આદ્ય પ્રવર્તક સંત જ્ઞાનીજી પ્રત્યે મારા હૃદયમાં ખૂબ આદર છે. શ્રી જગદીશચંદ્રજી મહારાજના મને આશીર્વાદ મળ્યા છે, તથા શ્રી જગમોહનભાઈ, મુરબ્બી શ્રી વિઠ્ઠલભાઈ (દાદા) તથા શ્રી સોમભાઈએ મને પ્રોત્સાહિત કર્યો છે, તથા ગ્રંથના પ્રકાશનની વ્યવસ્થા કરી છે, એ માટે એ સૌનો હું ઋણી છું.

સુરતના શ્રી માણેકલાલ રાણા ગુજરાતનાં સંતસાહિત્યના વિદ્વાન છે. ગુજરાતના ઘણા સંત કવિઓ વિશે એમણે ઘણા લેખો અને પુસ્તકો લખ્યાં છે. આજ સંપ્રદાયના સંત માધવદાસ,

પ્યારેદાસ, ભાણુસાહેબ, રવિસાહેબ તથા મોરારસાહેબ પર એમણે ગ્રંથો લખ્યા છે. એમણે જાતે અને એમના સાહિત્ય દ્વારા મને ઘણી મદદ કરી છે એ બદલ હું એમનો અત્યંત ઋણી છું. આ કાર્યમાં મારા જે મિત્રોની હૂંફ મને મળતી રહી છે, તેમને પણ સસ્નેહ યાદ કરું છું.

છેવટે કબીર સાહેબના શબ્દોમાં કહું છું.

"मेरा मुझमें कुछ नहीं, जो कुछ है सो तोर।
तेरा तुझको सौंपते, क्या लगत है मोर॥"

વિનીત

કાન્તકુમાર ભટ્ટ

આભાર – દર્શન

૧૯૭૯ ના ઓકટોબરમાં આ પુસ્તક લખાઈ ને તૈયાર થઈ ગયું હતું, પરંતુ તે પછી પ્રકાશન માટેની આર્થિક વ્યવસ્થાના અભાવે એ પડી રહ્યું. પહેલાં સૌની એવી ધારણા હતી કે સહજમાં વ્યવસ્થા થઈ જશે, પણ સમય આવ્યો, ત્યારે સમજાયું કે આપણી ધારણાઓ પાયા વગરની હતી. એક માત્ર સ્વામી શ્રી જગદીશચંદ્ર મહારાજે સક્રિય રીતે સહાયભૂત થવા તત્પરતા બતાવી હતી. પરંતુ કાગળ અને પ્રિન્ટીંગના ભાવ ખૂબ વધી ગયા હોવાથી કામ મુશ્કેલ હતું ત્યારે સૂરતના શ્રી ભૂલાભાઇ ભક્તે અને ચિખલીના શ્રી ગોકળભાઇ દેસાઇએ મને સહિયારો આપ્યો હતો કે ગમે તે રીતે આ પુસ્તક છપાવીશું. બન્ને ભાઇઓ સંપ્રદાયના જાગૃત અનુયાયીઓ છે, તેથી આ ગ્રંથનું મૂલ્ય જાણે છે. શ્રી ભુલાભાઈ એ પોતે આ વિષય પર પીએચ. ડી. નું કામ શરૂ કર્યું હતું, પણ અત્યંત વ્યસ્તતાને લીધે એ પૂરું કરી શકયા ન હતા, તેની એમની ધારણા અને કલ્પનાનું કાર્ય આ રીતે મારા દ્વારા પૂરું થયેલું જોઈ એમને અપાર આનંદ થયો હતો.

શ્રી ગોકળભાઇએ અમેરિકા જવાનું થયું, શ્રી ભુલાભાઇએ એમને લખ્યું કે અહીંના ભાઈઓએ તો હાથ ધોઇ નાખ્યા છે. ત્યાંથી થોડા જ વખતમાં મારા પર શ્રી ગોકળભાઈ નો પત્ર આવ્યો કે ત્યાંના ભક્તસમાજમાં આ પુસ્તકના પ્રકાશનની વાત મુકતામાં જ એની વ્યવસ્થા થઈ ગઇ છે. એટલે આ ગ્રંથના પ્રકાશનનું શ્રેય અમેરિકાના ભક્તસમાજના પ્રમુખ અને ટ્રસ્ટીઓ

તથા શ્રી ગોકળભાઇ શ્રી ભુલાભાઇ તથા સ્વામી જગદીશચંદ્ર મહારાજને ફાળે જાય છે.

આ ગ્રંથ લખવામાં સ્વામીજી ઉપરાંત શ્રી વિઠ્ઠલભાઇ (દાદા) મુ. શ્રી દામોદરકાકા, ભાઇશ્રી જગમોહનભાઇ તથા શ્રી સોમભાઇએ ઘણું પ્રોત્સાહન આપ્યું હતું. એના સંશોધન કાર્યમાં સૂરતના શ્રી માણેકલાલ રાણા અને પ્રકાશન કાર્યએ મારા પરમ મિત્ર પ્રો. ચીનુભાઇ ઠાકર, પ્રો. જરીવાલા, પ્રો. દિલિપ વૈદ્ય તથા પ્રો. જાદવે મારા વતી ઉપાડી લીધું હતું. એમાંના કેટલાક ભાગની પ્રેસ કોપી તૈયાર કરવામાં લઘુબંધુ સમ પ્રો. હર્ષદ રાણાએ મદદ કરી હતી. એ સૌનો હું ઋણી છું.

આ ગ્રંથનું 'ભક્તપાથેય' લખી આપી એના પ્રકાશનને આશીર્વાદ આપવા બદલ પુનિયાદના સ્વામી શ્રી જગદીશચંદ્ર મહારાજનો અંતઃકરણપૂર્વક હું એમનો આભારી છું. આ બધા કામમાં મુ. શ્રી દામોદર કાકા અને ભાઇ જગમોહનભાઇએ પણ ઘણી સેવા કરી છે.

છેલ્લે આ પુસ્તકને ખૂબ સુંદર રીતે છાપી સમયસર પ્રકાશિત કરવામાં 'પ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસના શ્રી કશ્યપભાઇએ જે ઉત્સાહ બતાવ્યો હતો, અને એ પ્રમાણે કામ પૂરું કરી આપ્યું એ બદલ એમનો આભાર માનું છું.

— શ્રેયાધિકારીઓ —

આ ગ્રંથ લખાયા પછી લગભગ બેએક વર્ષ સુધી એના પ્રકાશન માટે કરેલા તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા. તેવા

સંજોગોમાં અમેરિકાના લોસ એન્જિલસના ભક્તસમાજના પ્રમુખ શ્રી છગનભાઈ ભુલાભાઈ ભક્ત શ્રી સન્મુખભાઈ પરભુભાઈ ભક્ત તથા શ્રી રમણભાઈ ડાહ્યાભાઈ ભક્તે ગ્રંથ પ્રકાશનના આ કાર્યને ધર્મકાર્ય સમજી એના પ્રકાશનની તમામ જવાબદારી ઉપાડી લીધી, એ બદલ અભિનંદનને પાત્ર છે. એ રીતે આ સંપ્રદાયના ઈતિહાસ અને તત્વજ્ઞાનને પ્રકાશમાં લાવવાનું તમામ શ્રેય એમનેજ ફાળે જાય છે. પ્રત્યક્ષ જેમને ઓળખતો પણ નથી, એવા આ ભાઇઓનો હું બદલ આભારી છું.

અમેરિકાનો ભક્તસમાજ

(એક પરિચય)

ઈતિહાસ :

સૂરત અને કાનમ વિભાગના ભક્તસમાજના લોકોમાં સ્વભાવગત સાહસિકતા છે. જેવી રીતે દેશમાં ભરૂચ અને સૂરત જીલ્લાઓમાં જંગલો સાફ કરી જમીનોને ખેડી ફળદ્રુપ બનાવી હતી અને નવી વસાહતો સ્થાપી હતી, તેમ એમણે વિદેશોમાં જઈ અનેક પ્રકારનાં કષ્ટો સહન કરી ત્યાંપણ પોતાના સમાજની સ્થાપના કરી છે. દુનિયાના ખૂણેખૂણામાં આજે આ સમાજના લોકો ફેલાયા છે. તેમાં પણ સવિશેષ અમેરિકા, કેનેડા, પનામા ટ્રીનીડાડ, ફીઝી, ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, આફ્રિકા અને હવે ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં એમની સંખ્યા વધારે છે. વિદેશ વસવા છતાં એમને પોતાની માતૃભૂતિનું અભિમાન છે, અને એ લોકો જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભારતીયસંસ્કૃતિના સંવાહકો તરીકે જાય છે. પોતાની સંસ્કૃતિને ભૂલી જતા નથી.

વિદેશગમન કરનારા અગ્રેસરોમાં પ્રમુખ છે, ઓરણાના સ્વ. શ્રી માધવભાઈ ભક્તિભાઈ પટેલ તથા સ્વ. શ્રી મોરારજી પ્રભુભાઈ પટેલ અને ઓરણાના શ્રી ભીખાભાઈ દુર્લભભાઈ ભક્ત (ડી. લાલ) અને શ્રી ખુશાલભાઈ રામભાઈ પટેલ (સાનફ્રાન્સીસ્કો) ૧૯૪૦ પછીના બીજા પ્રવાહમાં સ્યાદલાના શ્રી લલ્લુભાઈ કાલીદાસ ભક્ત, ધલુડાના નરસિંહભાઈ ગોકળભાઈ ભક્ત, બાજીપુરાના સન્મુખભાઈ ગોવિંદજી ભક્ત, ઓરણાના

શ્રી રણછોડજી મોરારજી પટેલ તથા બીજા ભાઈઓ હતા. ભારતના ભક્તસમાંજમાંથી વિદ્યાર્થીઓની પ્રથમ ટૂકડીમાં સૂરતના શ્રી વસંતકુમાર જીવણજી પટેલ, નવી જીથર્ડીના ડાહ્યાભાઇ મોહનભાઈ પટેલ તથા સરાઈના શ્રી છગનભાઈ ભુલાભાઈ ભક્ત હતા. ૧૯૬૦ પછી કેટલાંક વધુ પરિવારો અમેરિકા ગયા. કેટલાક શિક્ષણ માટે, તો કેટલાક આર્થિક ઉન્નતિ માટે જતા હતા. પહેલાં જે ત્યાં ગયા હતા, તેમની આર્થિક ઉન્નતિ જોઈ સહુને હવે ત્યાં જવાની ઉત્કંઠા થઈ છે. વળી હવે શિક્ષણમાં પ્રગતિ થવાથી અમેરિકામાં નોકરી, વેપાર, ધંધાની તકો ઘણી વધી છે.

આ સફરોમાં ૧૯૨૩ માં ભારતથી પનામા માટે નીકળેલી ટૂકડીની યાત્રા અને અનુભવનો ઈતિહાસ શ્રી ખુશાલભાઈ એ લખ્યો છે. અને ૧૯૩૦માં નીકળેલી ટૂકડીના રોમાંચક અનુભવો શ્રી ભીખાભાઈ ભક્તે (ડી. લાલ) લખેલા તે બન્નેનો સારભાગ નીચે પ્રમાણે છે.

૧૯૨૩નો પ્રયાસ :

ભારતથી પનામા માટે નીકળેલી ટૂકડીમાં સર્વશ્રી માધવભાઇ ભક્તિભાઈ, સીતારામભાઈ રણછોડજી, મોરારભાઈ પ્રભુભાઈ, તુલસીભાઈ પરસોત્તમભાઈ, ભગાભાઈ ગોવિંદજી, નરસિંહભાઈ પ્રભુભાઈ, ધીરજભાઈ મોરારજી, માધવભાઈ કાલીદાસ, ગોવિંદભાઈ લાલભાઈ તથા કાળુભાઈ જયરામભાઇ હતા. સાથે બીજા ભાઈઓ પણ હતા. સ્ટીમરમાં નીકળી ફ્રાંસ થઈ પનામા ગયા, ત્યારે ત્યાં દિગસના શ્રી દયારામ ગંગારામે આશ્રય આપ્યો હતો. પનામા આવવાની પ્રેરણા ત્યાંના શ્રી જયરામભાઈ એ સક્રિય સહાય મોકલી આપી હતી.

પનામામાં ત્રણ માસ રહ્યા, ત્યાં રાત્રે વેચમેનનું કામ કરતા. એક રાતનો એક ડોલર મળતો. ત્યારે બીજી નોકરી મળતી ન હતી, તેથી શાકભાજી વેચવાનું કામ પણ કરતા, તેમાં પણ દિવસના એક ડોલરથી વધુ મળતું નહિ. પનામામાં કામ કે કમાણી ન હોવાથી મેક્સિકો જવા વિચાર કર્યો. છ ભાઈઓ મેન્ઝાનીલો બંદરે ઉતર્યા, ત્યારે ઈમીગ્રેસનવાળાઓને કહ્યું કે અમે સોનાચાંદીનો વેપાર કરવા આવ્યા છીએ, એટલે ઉતરવા દીધા. પછી બંદર પરથી ડબ્બાની કાવડમાં મીઠું પાણી લઈ જતા મજુરોને જોઈ એ કામમાં લાગી ગયા. આમ મજુરીનું કામ કરતા જોઈ ઈમીગ્રેસનવાળા અધિકારીઓને સમજાયું કે આ લોકો વેપારી નથી, મજુર છે. ઠગીને વીસા કઢાવી લીધો છે. વીસા આપી દીધો એટલે શું થઈ શકે ? પણ પછી બીજા જે ભાઈઓ આવ્યા, તેમને જેલમાં પુરી દીધા. તેર દિવસ જેલમાં રહ્યા. પોલીસ ભલો હતો સાથે પત્તાં રમતો.

મેક્સિકોમાં દસબાર એકરનો કેમ્પ રાખેલો, એટલે મિલ્કત હોવાના કારણે ત્યાં ઉતરવા દીધા. ત્યાં મરઘાં/કુક્કરોને સાચવવાનું કામ હતું. બીજું કામ શક્કરીયાં અને કેળાંને ડબ્બામાં બાફીને માથે ટોપલામાં ભરીને ડુંગરો ચઢી ગામડામાં વેચવા જવાનું હતું. બકરીનું દૂધ પણ વેચતા. અમારામાંથી ભગાભાઈનો વિચાર અમેરિકા જવાનો થવાથી એ સરહદ પાર કરી જંગલમાં થઈને જતાં પકડાઈ ગયા. જેલ થઈ, છૂટ્યા પછી ભારત મોકલી દીધા.

ત્યારપછી જ્યાં જેલમાં હતા, તે પોલીસે સલાહ આપેલી તે પ્રમાણે ટીમરમાં મેકસીકાલી ગયા. ત્યાં અમેરિકાની સરહદ કલેકસીકો લાગી જાય છે. ત્યાંની સરહદ પાર કરી દ્રાક્ષની

ચાડીમાં કામે લાગી ગયા. ઘર શોધવા નીકળતાં ધીરજભાઈ વગેરેને પોલીસોએ પકડયા. એમણે અજાણ્યા થઈ પુછતાછ કરી પોલીસોએ અજાણતાં આવી ગયા, જાણી ચેતવણી આપી પાછા મેકસીકાલી મોકલી આપ્યા. ત્યાં થોડાં નાણાં ભેગાં થતાં એક પંજાબી સાથે સરહદ પાર કરાવવાનો કોન્ટ્રેાકટ એક વ્યકિતના ૫૦ ડોલર પ્રમાણે કર્યો. રાત્રે તારની વાડ ચઢીને અમે સરહદ પાર કરી. ત્યાંથી ચાલતા પંજાબીઓના કેમ્પમાં ગયા. ત્યાંથી લોસ એન્જીલસના સ્ટેશનથી દૂર લઈ જઈ ગુડઝ ટ્રેનના ખુલ્લા વેગનમાં બેસાડ્યા. એમાં મુસાફરી કરી એક જગ્યાએ ઉતરી પડી ત્યાંથી ચાલતા નીકળ્યા. વળી એક જગ્યાએથી ટ્રકમાં બેસી બાર કલાકની મુસાફરી કરી લોંસએન્જીલસ આવ્યા. ત્યાં આખી રાતની મુસાફરી કરી સવારે દસ વાગે ફ્રેઝનો ઉતર્યા. ત્યારે પહેરેલાં કપડાં સિવાય અમારી પાસે કંઈ હતું નહિ. ત્યાં બ્રાહ્મણીના નાથાલાલભાઈએ મદદ કરેલી. ત્યાં દ્રાક્ષ તોડવાનું કામ પાંચ વર્ષ કર્યું. ભારતીયો સ્વતંત્ર નાગરિક ન હોવાથી ત્યારે જમીન ખરીદી શકતા ન હતા.

અમારે ફાર્મમાંજ રહેવાનું હતું. કલાકના ૩૦ થી ૩૫ સેન્ટ મળતા રોજનો એક ડોલર જમવાનો ખર્ચ થતો હતો. ત્યાંની ભાષાનું જ્ઞાન નહિ હોવાથી બજારમાં ઈશારાથી કામ ચલાવવું પડતું. જેટલું કમાઈએ એટલું ખર્ચાઈ જતું. કંઈ બચતું નહિ, એટલે સ્ટીમરમાં ભારત પાછા આવ્યા. ત્યારપછી ૧૯૪૯ માં સર્વાશ્રી ખુશાલભાઈ, મોરારભાઈ તથા ભુલાભાઈ પાછા ગયા. બે વર્ષ ખેતીનું કામ કરી પછી કોન્ટ્રાકટમાં ઘાસ કાપવાનું કામ કરેલું. ૧૯૫૦ પછી મોટેલના ધંધામાં જોડાયા હતા. અને ત્યાર પછી પ્રારબ્ધ આડેનું પાંદડું ખસી ગયું હતું.

૧૯૩૦ નો પ્રવાસ :

૧૯૩૦ ની સફરનો રોમાંચક અહેવાલ ઓરણાના શ્રી ભીખાભાઈ દુર્લભભાઈ ભકતે (ડી. લાલ) લખ્યો હતો. એમનું વિદેશગમન જીંદગીનું મોટામાં મોટું સાહસ હતું. એમના અનુભવો દિલ ધડકાવનારા છે. એમની સફરનું વર્ણન ટુંકાવીને મઠારીને નીચેના શબ્દોમાં રજૂ કર્યું છે.

અહીં કોઈને પણ કહ્યા વિના હું (ડી. લાલ) કેટલાક મિત્રો સાથે સ્ટીમર દ્વારા અમેરિકા જવા નીકળેલો. તેમાં કોઈને અંગ્રેજી આવડે નહિ. રસ્તે સમુદ્રની બિમારીમાં સપડાયા. જહાજ પરનો ખોરાક ફાવે નહિ, એટલે ભાથું છોડી ખાતા. પછી કેપ્ટને ડેક પર રસોઈ કરવાની છૂટ આપી એટલે જાતે રાંધીને ખાતા. એક નાનકડી કેબીનમાં છ જણને સુવાનું ગરમીના દિવસો હોવાથી ખૂબ બફારો અને ગભરામણ થાય, છેવટે ડેક પર સુવાની છૂટ મળી.

વીસેક દિવસે ફ્રાન્સ પહોંચ્યા. પછી ટ્રીનીડાડ જવાની તાલાવેલી લાગી. મુંબઈથી નીકળ્યા પછી દોઢ મહિને ટ્રીનીડાડ ઉતર્યા. ત્યાં કેટલાક મિત્રો મળ્યા. બે વર્ષ ત્યાં રહી ફેરી કરી, પણ તેમાં ફાવટ ન આવતાં જમૈકા જવા વિચાર કર્યો. ૧૯૩૩ માં કિંગ્સ્ટન બંદરે ઉતરી હિન્દુસ્તાની બોર્ડીંગ હાઉસમાં રહ્યા. ત્યાપણ પાછો એજ ધંધો શરૂ કર્યો. એ દરમિયાન બોર્ડીંગ હાઉસના માલિકનો એક મિત્ર મારો પણ મિત્ર થઇ ગયો, એણે મને કહ્યું કે એ પોતે ન્યુયોર્ક જાય છે, ત્યાંની શકયતાઓ જોઇ પછી મને પણ લઈ જશે.

ત્રણેક અઠવાડીઆ પછી એક દિવસ અચાનક આવીને એણે મને કહ્યું કે મારી સાથે ચાલ કોઇને કંઈ પણ કહ્યા વગર

કે મારા માલસામાનની પણ કોઈ વ્યવસ્થા કર્યા વગર હું એની સાથે ચાલી નીકળ્યો. એ વહાણમાં કંઈ કામ કરતો હતો. મને લઈ જઈને વહાણમાં તળીએ માલસામાનના ગોડાઉનમાં બેસાડયો અને સૂચના આપી કે બહાર નીકળી હરીશફરીશ નહિ, નહિ તો પકડાઈ જઈશ. રાત્રે આવી બાવાપીવાનું આપી ગયો. બે દિવસ પછી સ્ટીમર સ્પેનના લા કેઈબા બંદરે લાંગરી, ત્યારે મને બેમાંથી બહાર કાઢી કિનારા પર બેની રૂમ પર લઈ ગયો. પછી મને કહ્યું કે અહીંથી કેળાં ભરીને લઈ જવાના હોવાથી તમારે અહીં રોકાવું પડશે, ફરી પાછો આવીને બે મને ન્યુયોર્ક લઈ જશે. બેના બેક મિત્ર સાથે મારો પરિચય કરાવી આપ્યો, પણ બેનું બે દર્શન અને બે શબ્દો છેલ્લા હતા.

આ જગ્યા વિશે મેં પહેલાં કદી કંઈ સાંભળેલું નહિ વળી ત્યાંની સ્પેનીસ ભાષા મને આવડે નહિ. અંગ્રેજી પણ મારું તદ્દન કાચું. એટલે મુશ્કેલીનો પાર નહિ. પેલો મિત્ર હોટેલની બેક નાની રૂમમાં રહે, મારી પાસે વધારે પૈસા નહિ. એટલું સારું થયું કે મિત્ર મને અહીં મુકી ગયો હતો, તેને મેં આપેલા પૈસા બેમને અહિં પાછા આપી ગયો હતો. આમ અજાણ્યા પ્રદેશમાં આવી આમ ફસાઈ ગયો હતો, જ્યાં મારી બરેબર શી સ્થિતિ છે અને ભવિષ્યમાં શું થશે, બે વિશે હું તદ્દન અજાણ હતો. મેં ટ્રીનીડાડમાં મારા બનેવીને મારી પરિસ્થિતિ વિશે અને ન્યુયોર્ક જતાં હું અહીં કેવી રીતે ફસાઇ પડયો હતો, તે વિશે જણાવી પૈસા મોકલવા પત્ર લખ્યો.

મારો સાથી બેક કોન્ટ્રાક્ટરને ત્યાં કામ કરતો હતો, પણ કામ બેટલું બોછું હતું કે બઠવાડીબામાં બેક કે બે દિવસ મળતું, તે પ્રમાણે મેં પણ કામ કરવા માંડયું. જ્યારે કામ પુરું થઇ ગયું, ત્યારે મારો સાથી રૂમ છોડી જતો રહ્યો.

રૂમ ભાડે રાખવા જેટલા પૈસા મારી પાસે હતા નહિ, એટલે મારે માટે ખાવાની તથા રહેવાની મોટી સમસ્યા ઉભી થઈ. પેલા કોન્ટ્રાકટરના દીકરા સાથે પરિચય થયેલો હોવાથી એને મળી મેં રહેવાની જગ્યા મેળવી આપવા વિનતિ કરી. મારા સદ્‌ભાગ્યે એણે કેળાંની વાડીમાંના એક ખાલી મકાનમા રસોડામાં સુઈ રહેવાની વ્યવસ્થા કરી. એ દિવસોમાં કોઇ કામ ન હોવાથી હું આખો દિવસ ભટકીને પસાર કરતો હતો. મારા બનેવીએ ગોતીમાલાના એક ઓળખીતા ઉપર ૫૦ ડોલર મોકલી આપ્યા હતા, પણ એ પૈસા મને મળે, ત્યાં સુધી મારે ઘણી કફોડી દશામાં દિવસો વિતવવા પડ્યા હતા. ડોક પરથી હું કેળાં વીણી લાવતો, અને જે માણસ મારી સાથે એ મકાનમાં રહેતો હતો, તે શહેર બહારના કતલખાના બહારથી ઢોરોના પગ લઈ આવતો. એને પાણીમાં ઉકાળી સૂપ જેવું બનાવી તે પીને દિવસો વિતાવતા હતા. એ સૂપથી પેટની આગ ઠરતી હતી, તેથી તે સારું લાગતું હતું.

ત્યાં કેટલાક બંગાળીઓ રહેતા હતા, તે કાપડનો ધંધો કરતા હતા. મારા સાથી દ્વારા તેમને મળીને મારી વિતક કથા કહી, પણ હું ત્યાં ગેરકાયદેસર આવેલો હોવાથી મને મદદ કરવા તેમણે સાફ ના સંભળાવી દીધી. હવે મને સમજાયું કે આ રીતે ભારતથી ભાગી આવવામાં મેં ભૂલ કરી હતી. પણ હવે પાછા કદમ રખાય એમ ન હતું, કારણ કે હું ભાગેડુ હતો. ઘણી વખત આ વિચારો કરતાં મારી આંખો આંસુથી ભરાઈ જતી, પણ મેં આશા છોડી નહિ.

હું ભારતીઓ વિશે તપાસ કરતો રહ્યો. થોડા સમય પછી મને મારા સાથી દ્વારા જાણવા મળ્યું કે ત્યાંથી સોએક માઈલ દૂર માથે પાઘડી પહેરતા માણસો રહેતા હતા, પણ ત્યાં ટ્રેનમાં

જવાના ભાડાના પૈસા પાસે હતા નહિ, મારી ત્યાં જવાની ઇચ્છા દૃઢ હતી. તપાસ કરતાં ખબર પડી કે કેળાંની વાડીઓમાંથી કેળાં ભરીને ટ્રેન અહીં આવે છે, અને પાછી ખાલી જાય છે, ત્યારે યાર્ડમાંથી એમાં કુદીને ચઢી જવાય છે, કારણ કે એની ગતિ ધીમી હોય છે. મેં એ પ્રમાણે પ્રયત્ન કર્યો. પહેલી વખત ચઢી ન શકાયું, પણ બીજી વખત કુદીને વેગનમાં ચઢી ગયો. જ્યાં ઉતરવાનું હતું ત્યાંથી પણ એ જગ્યા પણી દૂર હતી અને આગળ પણ ટ્રેનમાં જવું પડતું, તેથી હું લાકેબિયા પાછો આવ્યો, પણ હિમત હાર્યો નહિ, અને ઇચ્છા મૂકી નહિ. મારા બનેવીએ મોકલેલ પૈસા મને મળી ગયા.

મેં ફરી પ્રયત્ન કર્યો; યાર્ડમાંથી ગાડીમાં ચઢી ગયો. ત્યાંથી ઉપડતી બીજી ટ્રેનની માહિતિ મળી ગઈ હતી, એટલે તે દ્વારા આગળ એક રેલ્વે સ્ટોર પાસે ઉતરી ગયો ત્યાંથી ચાલતાં ચાલતાં સાંજે છ વાગે તે પાઘડીવાળા પંજાબી મિત્રોના ફાર્મ પર પહોંચ્યો. તેમને જોઈ મને ઘણો આનંદ થયો. તેમની સાથે હિન્દીમાં વાતો કરી મેં મારી આપવીતી કહી સંભળાવી.

એમણે મને હાર્દિક આવકાર આપ્યો. છોડી ગયેલી હિમત મારામાં પાછી આવી. ત્યાં શાંતિથી જમ્યો અને રાત્રે આરામથી સૂતો. બીજે દિવસથી મેં તેમની સાથે ખેતરમાં કામ શરૂ કરી દીધું. ત્યાં બે વર્ષ કામ કર્યું.

હોન્ડુરાસમાં મને ખબર પડી કે મારાથી હવે બીજે ક્યાંય જવાય એમ નથી. અમેરિકા વેપાર અર્થે ગયેલા કાનજીભાઈનું સરનામું મેળવ્યું. એમણે મને સલાહ આપેલી કે પકડાઈ ન જવાય એમ સંભાળ રાખી એકલા જ આવવું. હવે મેં ઇન્ડિયા જવા બ્રીટીશ હોનુરાસમાં પાસપોર્ટ કઢાવ્યો.

મને મેકસીકો ભાષા આવડી ગઈ હતી; એટલે મેક્સિકો કાઉન્સીલમાંથી મને મેકસીકોમાં ફરવા જવાનો વીઝા મળ્યો. ઓટમાં મેકસીકો આવ્યો ત્યાંથી બસ વાટે મેરીડા ગયો. એ રીતે બસ ટ્રેન કરતો કરતો છેવટે અમેરિકન બોર્ડર મેક્સિકાલી પર પહોંચ્યો, ત્યારે મારી પાસે પૈસા પૂરા થઇ ગયા હતા. મેં મકનજીભાઈ પાસેથી બીસ ડોલર મંગાવ્યા. એક મેક્ષીકન સાથે મિત્રતા થઈ, તેણે સરહદ પાર કરવામાં મને મદદ કરી. એક નિર્જન જગ્યાએથી સરહદ પાર કરી ત્યાં તે મિત્ર એની કારમાં સરહદ થી પંદર માઇલ દૂર કેલીફોર્નિઆના અલસેન્ટ્રો શહેરમાં લઇ ગયો. તેને પંદર ડોલર આપ્યા. પહેરેલાં કપડાં સિવાય મારી પાસે બીજું કંઈ નહિ. પાસપોર્ટ પણ મેક્સિકોમાં રહી ગયેલો. શહેર બહાર એક ગુજરાતી વાલજીભાઇ રહે, એ પંજાબીઓના ખેતરમાં કામ કરતા હતા. એમની સાથે હું પણ ખેતરમાં કામે લાગી ગયો. થોડો સમય કામ કર્યા પછી મારી પાસે પહેલી વખત સો ડોલર એકઠા થયા હતા. મારી પ્રથમ અચલના એ સો ડોલર સાથે મેં મારાં માતુશ્રીને પત્ર લખ્યો, આવ્યા પછી પહેલી વખત લખ્યું કે હું અમેરિકામાં છું.

૧૯૩૭માં હું અહીં કેલિફોર્નિયા આવ્યો, ત્યારે અહીં માત્ર છ ગુજરાતી ભાઈ હતા, તેમાં ભકત પાટીદાર હું જ એકલો હતો. ત્યાં અમે બધા ફાર્મમાં કામ કરતા હતા, કલાકના ૨૦ સેન્ટ મળતા. ૧૯૪૦માં ૧૮ થી ૩૬ વર્ષની ઉંમરના પુરુષો માટે લશ્કરમાં ફરજિયાત ભરતી કરવાનો કાયદો થયો. મારે પણ લશ્કરમાં જોડાવું પડયુ. કાનજીભાઈની તબિયત નરમ રહેતી હોવાથી એમનાથી ખેતરમાં કામ થઈ શકતું નહિ તેથી ૩૫૦ ડોલરમાં એક હોટલ રાખી ચાલુ કરી આપી. અમેરિકામાં ગુજરાતીની માલિકીની એ પ્રથમ હોટલ હતી.

લશ્કરમાં જોડાયા પછી મારે અલાસ્કા જવાનું થયું, ત્યાંથી આર્ટીલરીની ટ્રેનીંગ લઈ ઈટાલી મોરચામાં જવાનું થયું. જર્મની પડયું ત્યાં સુધી મેં મોરચે કામ કર્યું. ૧૯૪૫ ના મે મહિનામાં અમેરિકા પાછા ફરતાં ખબર પડી કે હીરોશિયા પર બોંબ નખાતાં લડાઈ પૂરી થઈ ગઈ હતી. એમ થયું ન હોત તો મારે જાપાન મોરચે જવાનું હતું. લડાઇ બંધ થતાં લશ્કરમાંથી છૂટા થયા અને અમેરિકાનું નાગરિકત્વ મળ્યું.

હું જ્યારે સક્રામેન્ટો કાનજીભાઈની હોટલ પર ગયો, ત્યારે ખબર પડી કે બીજા પણ ગુજરાતીઓ ત્યાં એ ધંધામાં પડ્યા છે. ૧૯૪૬ ની આખરમાં હું પણ ખેતી છોડી એ ધંધામાં પડ્યો આ રીતે ૧૯૩૦ માં ભારતથી નીકળી સાત વર્ષે અમેરિકા આવ્યો, પછી પાંચ વર્ષ ખેતરમાં અને ત્રણ વર્ષ લશ્કરમાં કામ કર્યું. ૧૯૪૭ માં ત્રણ ભક્તભાઈઓ ટ્રીનીડાડથી ભારત જવા અહીં આવ્યા. મને પણ ભારત આવવા આગ્રહ કર્યો. પાસે કંઈ બચત થયેલી નહિ, એટલે જવાનું માંડી વાળ્યું, પણ ૧૯૪૮ માં હોટલ વેચી દઈ ભારત આવ્યો. ૧૮ વર્ષે ઘેર જઈ માતુશ્રીને મળ્યો અને સૌની શુભેચ્છાથી સમાજમાં લગ્ન કર્યાં.

ભારતમાં બે વર્ષ રહી ફરી ૧૯૫૦ માં સાનફ્રાન્સીસ્કો આવ્યા. ૧૯૫૧ માં અહીં હોટલ લીધી. સાથે સરકારી નોકરી પણ કરતો હતો. ૧૯૬૦ માં એ હોટલ વેચી નાખી સન્મુખભાઈના મહેમાન બન્યા. ફરી પાછી ૧૯૬૨ માં આ ચાલુ હોટલ ખરીદી. ૧૯૭૨ માં નોકરી છોડી રીટાયર્ડ થયો. આમ બે વખત ભારત જઈ આવ્યો. અને અહિં ઠરી ઠામ થયો છું."

અમેરિકન ભક્ત સમાજ :

હવે તો ઘણા વિદ્યાર્થીઓ અહીં વધુ અભ્યાસાર્થે આવે છે, તેમને યથાશક્તિ મદદ સૌ કરે છે. આખા અમેરિકામાં ભક્ત

વસાહતીઓ પથરાયલા છે, એ સૌ નવા આગંતુકને સહાય કરી સ્થિર થવામાં સદદ કરે છે. જે વિદ્યાર્થીઓ ભારતથી ત્યાં ગયા અને ત્યાં ધંધામાં પડી સ્થિર થઈ ગયા છે, એમને સૌથી વધુ સામાજિકતા, પરોપકાર અને એકતાનુ મહત્વ સમજાયું છે. આ ભકતસમાજના ખંત, ઐકય, કામકરવાની તમન્ના, સચ્ચાઈ, મૈત્રીભાવ તથ. જીવંતસ્વભાવને લીધે એમણે એક થઈ રહેવા પ્રયત્ન કર્યો હતો. એમની આતિથ્ય-સત્કારની ભાવના અને એમનો પરોપકાર પણ મર્યાદિત નથી. અમેરિકન સમાજમાં આ લોકોનું માન છે, એનું કારણ એમની પ્રામાણિકતા છે. જેવી રીતે ગુજરાતમાં પારસી ભાઈઓ દુધમાં સાકર ભળે, એમ ભળી ગયા છે, તેમ ભકતભાઈઓ અમેરિકન સમાજમાં ભળી ગયા છે.

ભકતસમાજ તરીકે એક રહેવા છતાં પોતે બીજા સમાજમાં ભળીને પોતાના ભારતીય સંસ્કારોની સુવાસ ફેલાવે છે. આ દૃષ્ટિથી શ્રી છગનભાઈ ભુલાભાઈ ભકતે અમેરિકામાં વસતા ભકતભાઈઓને એક કરવા પ્રયાસ કર્યા હતા.

એજ પ્રમાણે અન્ય ભકતભાઈઓએ પણ એકતાની આવશ્યકતાનો અનુભવ કર્યો,અને એના ફલસ્વરૂપે "ફકત સોસાયટી ઓફ યુ. એસ એ.ની સ્થાપના થઈ અને ૧૯૭૬ ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે એનું બંધારણ ઘડાયું અને કેલિફોર્નિયા રાજ્યમાં તે રજિસ્ટર કરાવવામાં આવ્યું. આજે સમગ્ર અમેરિકામાં એના ૪૦૦ સભ્યો ફેલાયલા છે. સ્ત્રીઓ તથા બાળકો થઈને એમની સંખ્યા ૧૨૦૦ થી પણ ઉપર થાય છે.

ભકત ભાઈઓ એક બીજાને મળતી વખતે માથું નમાવી બે હાથ જોડી 'રામકબીર' કહે છે. પોતે વ્યકિતગત રીતે અને સમાજ દ્વારા ભારતીય સંસ્કૃતિનો પ્રસાર કરે છે. ભગવદ્ ગીતા

ઉપનિષદ્ જેના ગ્રંથોમાં પ્રબોધેલ પ્રાચીન ભારતીય તત્વજ્ઞાન, હિન્દુ ધર્મ તથા ભારતીય પરંપરાઓને બરાબર જાળવી રાખે છે. એમજ લાગે કે એ લોકો પોતાની સાથે એક નાનકડું ભારત લઈ ગયા છે. જન્માષ્ટમી, હોળી, દીવાળી, રામનવમી તથા કબીર સાહેબની જન્મજયંતિ આ લોકો ત્યાં ઉજવે છે. સામુહિક ભજન, આરતી, કથા તથા સત્સંગનું આયોજન પણ થાય છે. સાધારણ લોકો પણ ધર્મની ચર્ચા કરે છે, અને તત્વજ્ઞાનમાં ઊંડા ઉતરે છે.

ભક્ત સમાજની મહિલા પાંખ પણ ઘણી સક્રિય છે. પોતાના જુદા કાર્યક્રમોનું આયોજન કરે છે. સમાજ ગુજરાતી શિક્ષણના વર્ગોનું આયોજન કરે છે, જેથી બાળકો માતૃભાષાને ભૂલી ન જાય. એ પ્રમાણે સાંસ્કૃતિક અને શારીરિક કેળવણીના ક્ષેત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો, રમતો, હરિફાઈ વગેરે ગોઠવી ઈનામો, ટ્રોફી વગેરે આપે છે.

ભક્ત સમાજના સભ્યો સમાજના આર્થિક નબળા તથા નવા આવેલા ભાઈઓને જરૂરી સહાય કરે છે. અમેરિકા અને ભારતમાં સ્કૂલ, મંદિર કે હોસ્પીટલ જેવી સંસ્થાઓમાં ઉદાર હાથે દાન આપે છે. બાળકોને ટ્રસ્ટો દ્વારા સ્કોલરશિપ આપે છે. મોરબીનાં પૂર તથા આંધ્રના વાવાઝોડાં જેવી ભારતમાંની કુદરતી આફતોના પ્રસંગે પણ ઉદારતાથી સહાય કરે છે.

અમેરિકાના ભક્તસમાજે હમણાં ૧૯૭૮ માં 'ભક્તવાણી' નામનું પોતાનું મુખપત્ર શરૂ કર્યું છે. એના તંત્રી શ્રી વિનોદકુમાર આર. ભક્ત (વાલેડા મોરલે, ૯૭૦૬, લોંગબીચ બોલેવર્ડ, સાઉથગેટ, કેલિફોર્નિયા-૯૦૨૮૦) છે.

આ સમાજનો ઇતિહાસ અજ્ઞાત હતો. એના તત્વજ્ઞાન માટે નિર્દેશ કરી શકાય એવો કોઈ ગ્રંથ અદ્યાયિપર્યંત લખાયો ન હતો, એને લીધે વિદ્વાનોમાં પણ આવા પરોપકારી પ્રામાણિક અને પ્રાર્થનાપ્રેમી સમાજ માટે ભ્રમ ઉત્પન્ન થયો હતો. સમાજે 'રામકબીર-સંપ્રદાય' ગ્રંથના પ્રકાશનમાં સક્રિય રસ લઈ ને આ દિશામાં પહેલું કદમ ઉઠાવ્યું છે. આ સંપ્રદાયમાં કેટલાક પ્રભાવશાળી સંતકવિઓ થઈ ગયા છે. એના મૂળસ્થાપક જ્ઞાનીજીની વાણીના ગ્રંથો પણ પ્રાપ્ત થાય એમ છે, એ જોતાં આ સંપ્રદાયના સંતોના જીવન, વાણી અને વિચારોનું પ્રકાશન થાય, અને એ દિશામાં ભક્તસમાજ રસ લઈ સક્રિય બને એવી શુભેચ્છા સાથે વિરમું છું

"આ સમાજે મુંબઈમાં વિદેશ જતા આવતા ભક્તભાઈઓ માટે ઉતરવા-રહેવાની વ્યવસ્થા થાય એ દૃષ્ટિથી પ્રેરાઈ જાન્યુ-આરી ૧૯૬૭માં એક પરિપત્ર પાઠવી એક વિચાર મૂકયો હતો, જે ત્યાર પછી ૧૯૭૪માં કાર્યાન્વિત થયો. સૂરત ભક્તસમાજ ટ્રસ્ટ દ્વારા આ રીતે મુંબઈમાં રામકબીર મંદિર તથા રહેવા ઉતરવાની સગવડ સાચેની વ્યવસ્થા કદી દેવામા આવી છે. જેથી દેશમાંથી વિદેશ જતા અને વિદેશમાંથી દેશ પાછા આવતા ભક્તભાઈઓ અને એમના સગાસ્નેહીઓ માટેની એક મોટી અનુકુળતા થઈ ગઈ. આ સમાજ કેટલો જાગૃત પ્રગતિશીલ અને તત્પર છે, તે આ કાર્યથી સ્પષ્ટ થાય છે.

કાન્તકુમાર ભટ્ટ

સુરતનો ભક્તસમાજ

આ ભક્તસમાજનું મંદિર સુરતમાં છે. સુરતના મંદિરની વ્યવસ્થા સમાજના ટ્રસ્ટ દ્વારા થાય છે. એના મહંત (બાવાજી)ની નિયુક્તિ સમાજ પોતે કરે છે, પછી એ બાવાજી આ સમાજની ધાર્મિક પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. સમાજે અત્યાર સુધીમાં જે જે પ્રવૃત્તિઓ કરી વિકાસ સાધ્યો એનું કેન્દ્ર સ્થાન સુરતની આંગડશેરીમાં આવેલું આ મંદિર છે. તેથી આ સમાજ 'સુરતીભક્તસમાજ' તરીકે ઓળખાય છે.

આ સમાજના કેટલાક એગ્રેસર ભાઈઓને મળવાનું થયું ત્યારે એ સમાજની કેટલીક આગવી વિશેષતાઓ મારા ધ્યાન પર લાવવામાં આવી.

એ તો સ્પષ્ટ જ છે કે ભક્તપાટીદારોના લોહીમાં સહજ સાહસિકતા છે. દેશમાં એમણે જંગલો કાપી ખેતીની જમીન ઉભી કરી નવી નવી વસાહતો સ્થાપી હતી, તેમ એમણે અમેરિકા જના પહેલાં આફ્રિકા જવાની પહેલ પણ કરી હતી. તે દિવસોમાં આફ્રિકામાં મહાત્મા ગાંધીજીએ સરકાર સામે સત્યાગ્રહની લડત આપી હતી. એટલે ત્યાં રહેતા ભક્ત ભાઈઓ પર ગાંધીજીનો પ્રભાવ પડ્યો હતો. એ લોકો ત્યારે ગાંધીજીને 'ગાંધીભાઈ' કહેતા અને દેશમાં આવતા ત્યારે 'ગાંધીભાઈ'ના નામની એમની બધી વાતો અહીંના લોકોને કહેતા. ત્યારથી ગાંધીજી પ્રત્યે લોકોને લાગણી પેદા થયેલી. આફ્રિકાના હિન્દીઓના ગાંધીજી 'મોટાભાઈ' હતા. ત્યારથી જ આ સમાજના કેટલાક ભાઈઓ

ગાંધીજીના સંપર્કમાં આવેલા. અને ત્યારથી જ આ સમાજ પર ગાંધીજીનો પ્રભાવ પડવો શરૂ થયેલો.

પછી ગાંધીજી દેશમાં આવ્યા. દાંડીકુચ થઈને તે આખા ભક્તસમાજે વધાવી લીધેલી. આખા સમાજના લોકો ત્યાં એકત્ર થયેલા. તે સમયે ગાંધીજીની વિચારસરણી અને રાષ્ટ્રીયભાવનાનો પ્રભાવ આ સમાજ પર ખૂબ પડેલો. ત્યાર પછી બારડોલીમાં નાકરની લડત આપવામાં આવી, સત્યાગ્રહ થયો, ત્યારે આ સમાજના ભાઈઓએ એમાં સક્રિય ભાગ લીધેલો, અને ઘણું સહન કરેલું. ગામોના ગામો એ સત્યાગ્રહમાં જોડાયલાં, બ્રીટીશ હકુમત નીચેના ગામો જોડાયાં પછી રાજ્યોની હકુમત નીચેના ગામો પણ જોડાયલાં.

કુંવરજીભાઈ મહેતા એ એમના મસ્તક 'રેતીમાં વહાણ' માં એનો સવિસ્તર ઉલ્લેખ કર્યો છે.

ગાંધીજી, સરદાર અને બીજા નેતાઓ બારડોલી આવતા, કારણકે આ આંદોલનનું મુખ્ય સ્થાન 'બારડોલી' હતું. એને લીધે ગાંધીજીની વિચારસરણીનો સવિશેષ પ્રભાવ આ પ્રદેશના લોકો પર પડયો હતો. લોકોએ ગાંધીટોપી અને ખાદીને ત્યારથી અપનાવેલી, તે હજીપણ પહેરે છે.

ગાંધીજીના પ્રભાવથી આ સમાજમાં બારમાના વરા કરવાની પ્રથા બંધ થઈ હતી; બારમું કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે, એમ કોઈ માનતું નથી. મૃત્યુ પછી જ્ઞાતિબંધુઓ દૂરથી પ્રાર્થના કરવા આવે છે, તેમજ સાદી રસોઈ જમાડવામાં આવે છે. આમ સમાજ રાષ્ટ્રીયતાના પ્રવાહમાં ભળી ગયો હતો, જેને પરિણામે આ સમાજની રૂઢિગ્રસ્તતા દૂર થઈ ગઈ હતી. પહેલાં વિદેશગમન કરીને પાછા આવનારને પ્રાયશ્ચિત કરવું પડતું પણ હવે લોકોના

અનની સંકુચિતતા દૂર થવાથી હવે વિદેશથી પાછા ફરનારને પ્રેમથી સત્કારે છે.

શિક્ષણના ક્ષેત્રમાં વિકાસ થયો. નવસારીમાં ભક્તાશ્રમની સ્થાપના થઈ હતી. બાળકો અને બાલિકાઓની કેળવણીનો વિકાસ એક સાથે થયો. એને પરિણામે ઘણા લાંબા સમયથી બાળલગ્નોની પ્રથાને પડતી મૂકવામાં આવી છે અને લગ્નો સરકારી ધારાધોરણ પ્રમાણેની ઉમર થયા પછી જ થાય છે. વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવરસીટીને લીધે ઉચ્ચશિક્ષણનો જે લાભ કાનમવિભાગના ભાઈઓને મળ્યો, તે પહેલાં આ સમાજને મળેલો નહિ, તેથી સરકારી નોકરીઓમાં જેટલું આકર્ષણ કાનમ વિભાગમાં રહ્યું એટલું આ સમાજમાં રહ્યું નહિ બીજું ગાંધીજીના પ્રભાવથી તત્કાલીન શિક્ષણને ગુલામીનું શિક્ષણ ગણવાને લીધે પણ એ દિશામાં પ્રગતિ થઈ નહિ. પણ પરિવર્તનનું ચક્ર એનું કામ કરતું જ રહે છે, એટલે હવે વધુ અભ્યાસાર્થે સમાજ પોતાના બાળકોને વિશેશ મોકલતો થયો છે.

પહેલાં સમાજમાં આંતર્જાતીય લગ્નો ભાગ્યે જ થતાં, અને થતાં તો તેનો વિરોધ થતો. પણ હવે એવો કોઈ વિરોધ થતો નથી. સમયની સહજ પરિણતિ રૂપે એને સ્વીકારી લેવામાં આવ્યાં છે.

બીજા કેટલાક પંથો અને બીજી વિચારસરણીઓનો પ્રભાવ હવે આ સમાજ પર ઓછેવત્તે અંશે પડવો શરૂ થઈ ગયો છે. તેમાં સવિશેષ સ્વામીનારાયણ સંપ્રદાય, અગાસો પંથ તથા વલ્લભ વ્યાસ કે અરવિંદના તત્ત્વજ્ઞાનનો પ્રભાવ કેટલાક માણસો પર જણાય છે; પણ એક સમાજ તરીકે સૌ એક છે.


ભક્તલોકોના લગ્નની વિશેષતા એ છે કે એમાં પાણીગ્રહણ સિવાય બીજી કોઈ વિધિ નથી. અંતરપટ પણ નથી. કે તે સમય કોઈ મંત્ર કે સ્તોત્ર બોલાતું નથી. કન્યાના મામા પાણીગ્રહણ કરાવે છે. લગ્નોમાં સાદગી છે. બીજી જાતિઓમાં આપવાલેવાના વ્યવહારો વધે છે, ત્યા સમાજ એને ઘટાડવાના પ્રયત્નો કરે છે. લગ્ન વખતે સ્ત્રીઓ ઘોળમાં કૃષ્ણવિવાહનાં પદો ગાય છે. પુરુષો જુદા બેસીને પખાજ અને કરતાલ લઈ ભજનો ગાય છે. વરઘોડામાં પણ ભજનો જ ગવાય છે. લગ્નમાં જમણ, જણસ અને વહેંચણના ખર્ચાઓ હોય છે, તે હવે ઓછા થતા જાય છે. લગ્ન થઈ ગયા પછી વર કન્યા આચાર્ય કે ગાદીને પહેલાં પગે લાગે છે.

પહેલાં આ સમાજમાં પણ રસોઈ બ્રાહ્મણ રસોઈઆ પાસે કરાવતા નહિ, ત્યારે ઉત્તર ગુજરાતમાંથી કેટલાક પાટીદાર ભાઈઓ રસોઈ કરવા આવતા, તેમને 'સુખડીઆ' કહેતા, હવે આ લોકો બ્રાહ્મણ રસોઈ આને બોલાવે છે.


આમ આ સમાજ પર મહાત્મા ગાંધીજીનો સવિશેષ પ્રભાવ પડવાથી એની રૂઢીચુસ્તતા અને સંકુચિતતા દૂર થઈ છે. વિદેશગમન કરવાથી એ વધુ પરિવર્તનશીલ અને પ્રગતિશીલ થતો ગયો, અને કારણે વધુ સમૃદ્ધ પણ થતો ગયો. વધુ સમજદાર અને વિચારશીલ પણ થતો ગયો, પરંતુ એને લીધે એ સમાજની બીજી વિચારધારાઓના પ્રભાવમાં પણ આવતો થયો. આવા સંયોગોમાં નવી પેઢી પોતાના સંપ્રદાયના મૂળ વિચારોને સમજે, પોતાના ૦મૃદ્ધ ધાર્મિક વારસાને ઓળખે એ અત્યંત જરૂરી બની રહે છે.



જ્ઞાનીજીની સમાધિ મોટા સાંજા (જિ. ભરૂચ)



જ્ઞાનીજીનું મંદિર, મોટા સાંજા (જિ. ભરૂચ)



પુનિયાદ મંદિરનાં કયારાં (સમાધિઓ)

રામકબીર-સંપ્રદાય

પ્રકરણ – ૧ : ગુજરાતમાં સંપ્રદાયની ભૂમિકા

સંત કબીર સાહેબે પોતે કોઈ પંથની સ્થાપના કરી ન હતી. વિ. સં. ૧૭૦૮ માં દ્વારકાનાં એક ગુગલી બ્રાહ્મણ મુકુંદે લખેલી 'ભક્તમાળ'માંના કબીર-ચરિત્રમાં એનો ઉલ્લેખ છે :

" કબીરે એક પંથ ન કીધો, સુણો સહુ સંતો,
તેણે એક બ્રહ્મરસ પીધો, સુણો સહુ સંતો."

કબીરપંથની સ્થાપના સંત ધર્મદાસે કરી હતી. ભારતીય અને વિદેશી વિદ્વાનોએ એનો સમય કબીર પછી દોઢસો વર્ષ પાછળ ગણ્યો છે. પરંતુ રામકબીર સંપ્રદાયની સ્થાપના કબીર સાહેબના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજીએ કરી હતી. અને એમાં તે સમયે સાંપ્રદાયિકતાનો અભાવ હોવાથી કબીર સાહેબના આશીર્વાદ પણ મળ્યા હોય, એવી સંભાવના છે.

ગુજરાતમાં જ્ઞાનીજી, પદ્મનાભ, તત્વાજીવા, નીરદાસ અને ધીરદાસ જેવા શિષ્યો અને એની પરંપરાઓ છે. એમના શિષ્ય જ્ઞાનીજી અને પદ્મનાભે સંપ્રદાય સ્થાપી તેનો પોતાના શિષ્યો દ્વારા ગુજરાતભરમાં પ્રચાર કર્યો હતો. તથા ગુજરાતના અન્ય સંતો, સંપ્રદાયો તથા ગુજરાતી સાહિત્ય પર થયેલા કબીર વિચાર-ધારાના પ્રભાવને જોતાં સહુ કોઈને એમ લાગ્યા વિના રહેતું નથી કે કબીર સાહેબ જરૂર ગુજરાતમાં આવ્યા

હોવા જોઈએ. આમ તો કબીર સાહેબે સમસ્ત ભારતની યાત્રા કરી હતી. પરંતુ ચોક્કસ પ્રમાણોના અભાવમાં વિદ્વાનો નિશ્ચયપૂર્વક એ તથ્યનો સ્વીકાર કરતા નથી, તેથી અહિં કબીર સાહેબની ગુજરાત યાત્રાના આંતર્-બાહ્ય તથા અન્ય પ્રમાણો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

આચાર્ય ક્ષિતિમોહન સેન સંશોધનાર્થે ગુજરાતમાં આવ્યા હતા. ભ્રમણ દરમિયાન ગુજરાતના જનજીવન પર કબીરનો પ્રભાવ એમણે જોયો અને એમને ખાત્રી થઈ કે કબીર ગુજરાતમાં આવ્યા હતા, પરંતુ કબીરવડ સિવાય બીજું કોઈ પ્રમાણ એમને મળ્યું નહિ. સૂકા ઠૂંઠમાંથી વડ પલ્લવિત થયાની કબીરવડની કથા હોવાથી એ ચમત્કારની કથા છે, એટલે વિદ્વાનો એ કથાનો સ્વીકાર કરતા નથી, ત્યારે ડૉ. કેદારનાથ દ્વિવેદી જેવા વિદ્વાનો અલૌકિકતા છોડીને કબીરના આગમનને સ્વીકારવાની તૈયારી બતાવે છે. એમણે એમના પ્રબંધ "**कबीर और कबीर-पंथ**" માં લખ્યું છે; **संभव है, कबीर साहब वहाँ गये हों, किन्तु इस अलौकिक घटना की यथार्थता सिद्ध करनेके लिये अंध विश्वास के अतरिक्त अन्य कोई दृढ आधार नहीं है।**"

"ગુજરાતી સાહિત્યના એક વિદ્વાન અને "કબીર-સંપ્રદાય" ના લેખક શ્રી કિસનસિંહ ચાવડાએ એમના એ ગ્રથમાં લખ્યું છે; "ગુજરાતમાં કબીર સાહેબના ભ્રમણના સેંકડો પ્રમાણ પડેલાં છે." પરંતુ કબીરની સોરઠયાત્રાના એક પદ-'**सोरठ देसमें पहोंचे जाईं।**" સિવાય અન્ય કોઈ પ્રમાણનો ઉલ્લેખ એમણે કર્યો નથી. આ પદની પ્રામાણિકતા વિશે પણ એમણે કોઇ ઉલ્લેખ કર્યો નથી. આ સ્થિતિમાં આચાર્ય પરશુરામ ચતુર્વેદી એ કબીરની ગુજરાત યાત્રાને સંદિગ્ધ ગણી, એ સ્વાભાવિક હતું.

આમ તો વિદેશી વિદ્વાન શ્રી વેસ્ટ કોટે દક્ષિણમાં નર્મદા સુધીની કબીરની યાત્રાનો ઉલ્લેખ કર્યો છે. શ્રી કાર્પેન્ટરે વૃંદાવન તથા જગન્નાથપુરીની કબીરની યાત્રાનો સ્વીકાર નથી કર્યો, પરંતુ દક્ષિણમાં નર્મદા સુધીની યાત્રાનો સ્વીકાર કર્યો છે. ગુજરાતના વિદ્વાન શ્રી બ. ક. ઠાકોર, પ્રો. કે. એમ. કાપડીયા, શ્રી જેઠાલાલ ત્રિવેદી તથા શ્રી જનક દવે એ તો કબીરવડની યાત્રા અને ચમત્કારિક કથાનો પણ સ્વીકાર કર્યો છે.

કબીર સાહેબે પોતાની વાણીમાં દેશવિદેશની યાત્રા કર્યાનો ઉલ્લેખ કરેલો છે, પરંતુ કોઈ વિશેષ સ્થાનની યાત્રાનો ઉલ્લેખ નથી. કબીરવડના ઉદ્‌ગમની કથા ચમત્કારિક છે. ચમત્કારમાં વિશ્વાસ ન રાખનાર વિદ્વાન એ ચમત્કાર ન માને, એ ઠીક છે, પણ તેથી કબીરના આગમનની ઘટના નિરાધાર ઠરતી નથી.

(૧) કબીર સાહેબની વાણીમાં ગુજરાતનાં પાટણ, વાગડ, સોરઠ તથા દ્વારકાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમાં પાટણનો ઉલ્લેખ એકાધિક વાર થયેલો છે. તે સમયે પાટણ ગુજરાતનું પાટનગર હતું. ઉત્તર પ્રદેશથી ગુજરાતમાં પ્રવેશતાં માર્ગમાં આવતું હતું. અને પાટણના એક પ્રસિદ્ધ કુંભાર-ભક્ત પદ્મનાભ કબીર સાહેબના શિષ્ય થયા હતા. પાટણની એ પદ્મનાભની વાડીમાં આજે પણ કબીરસાહેબની છત્રી છે. એટલે પાટણ નગરનો ઉલ્લેખ એમની વાણીમાં હોય, તો તે અસ્વાભાવિક નથી, અને તે આ પાટણ વિશે હોવો જોઈએ. એમ પરિસ્થિતિના સંદર્ભમાં જોતાં જણાય છે. એ ઉલ્લેખો નિમ્નાંકિત છે.

(૧) **पाटण ते उजरु भला, राम-भगत जिह ठाई ।"**

क. ग्रं. (पृ-२५६)

(૨) **खाया सब पाटण का लोग, कहे कबीर तब पाया जोग।"**

क. ग्रं. (पृ-१६५)

(૩) जिन जिन संबल ना कियो, अस पुर-पाटन पाय ।"
(बीजक साखी ८)

વાગડ પ્રદેશનો ઉલ્લેખ કબીર ગ્રંથાવલીના ૬૮મા પદમાં છે. જોકે રાજસ્થાનમાં પણ વાગડ પ્રદેશ છે. સાધારણ રીતે જ સૂકા પ્રદેશને એ નામ અપાયું છે, પરંતુ એમાં 'वहाँ' ની જગ્યાએ ગુજરાતી 'तहाँ' નો પ્રયોગ, 'जलन' ને બદલે ગુજરાતી 'दाझन' શબ્દનો ઉપયોગ વગેરે જોતાં એ ગુજરાતના કચ્છ-વાગડ વિશે લખાયું હોય, એવી સંભાવના વિશેષ જણાય છે. અર્થની દૃષ્ટિથી તો એ સંપૂર્ણ રીતે આ પ્રદેશને અનુરૂપ જણાય છે. એમાં વાગડની જલવિહીન ધરાની, માળવાની જલાદ્રિપૂર્ણ પૃથ્વી સાથે તુલના કરી છે. એ પદના આધારે ડૉ. કેદારનાથ દ્વિવેદીએ કબીરની માલવા-યાત્રાનું સમર્થન કર્યું છે; પરંતુ વાગડ પ્રદેશનું જે ચિત્ર રજૂ થયું છે, તે એટલું અનુભૂતિપૂર્ણ જણાય છે, કે વાગડ પ્રદેશની યાત્રાનું જ વિશેષ સમર્થન મળે છે. કબીર સાહેબ સિંધમાં ગયાના કેટલાક ઉલ્લેખ મળે છે. એ જો સત્ય હોય, તો સિંધમાં જવાના માર્ગમાં આ પ્રદેશ કચ્છ-વાગડ આવે છે. પાઠકના પોતાના નિર્ણય માટે એ આખું પદ અહિં રજૂ કર્યું છે.

"वागड़ देश लूवन का घर है,
तहाँ जिनि जाई, दाझन का उर है.....॥ टेक ॥
सब जग देखो, कोई न धीरा।
परत धूरि सिरि कहत अबीरा ॥ १ ॥
न तहाँ सरवर, न तहाँ पाणी।
न तहाँ सद्गुरु, साधू वाणी ॥ २ ॥
न तहाँ कोकिल, न तहाँ सूवा।
ऊचे चढ़ि चढ़ि हंसा भूवा ॥ ३ ।

देस मालवा गहर गंभीर ।
डग डग रोटी, पग पग नीर ॥ ४ ॥
कहे कबीर घर ही मनमाना ।
गूंगे का गुड़ गूंगे जाना ॥ ५ ॥

કચ્છના કબીર-દાદા મેકરણ (સં. ૧૭૨૦-૮૬) કાપડી પંથના મહાન સંત થઈ ગયા. એ પંથનું પ્રાચીન સાહિત્ય પૈશાચી લિપિમાં છે. 'प्रसंग पारिजात' ની અષ્ટપદીમાં કબીર સાહેબનો ઉલ્લેખ છે. એમને 'કબીરા-કાપડી' તરીકે ઓળખાવ્યા છે.

"कुण कुण कबीरा कापडी, रौरक जमा ते हापडी ।"

(૨) સોરઠ યાત્રાવાળા કબીરના પદની પ્રામાણિકતા હજી સંદિગ્ધ છે. એ પદ નીચે આપ્યું છે, જે 'કબીર-સંપ્રદાય' ગ્રંથમાંથી લેવામાં આવ્યું છે.

"सोरठ देस में पहोंचे जाईं ।
जित देखा तित क्रोध-हंकारा, पूजहि मूरत बहोत विस्तारा ॥
गढ गिरनार एक है नाहू, चंद बीजे वा नरपत राऊ ॥
नृपत-बंधु एक रहे स्याना, पूजे साधु मातम जाना ॥"

આ ઉપરાંત કબીર પંથના 'चकवे ज्ञान' અને 'सर्वाजीत पंडित की गोष्ठी' નામના ગ્રંથોમાં કબીર-નરસિંહ મિલનના પ્રસંગનું વર્ણન છે. જૂનાગઢના નરસિંહ મહેતા કબીર સાહેબને રાસના દર્શન કરાવે છે, ત્યારે કબીર સાહેબ એમને કોઈ એક કૃષ્ણનો હાથ પકડી લેવા કહે છે. જ્યારે જુએ છે ત્યારે એમણે પોતાના એક હાથથી પોતાનો જ બીજો હાથ પકડેલો હોય છે. તે સમયે કબીર સાહેબ એમને આત્મતત્વનો બોધ કરાવે છે. "જ્યાં લગી આતમા તત્વ ચિન્ત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ

જૂઠી" જેવા નરસિંહનાં પદો આ પ્રસંગ પછીનાં છે, એમ કહેવામાં આવ્યું છે.

(૩) કબીરે એમના એક પદ (૭૬) માં દ્વારકાનો ઉલ્લેખ કર્યો છે; પરંતુ સ્થાનનો ઉલ્લેખ તો ત્યાં ગયા વિના પણ થઈ શકે. છતાં કબીરની દ્વારકા-યાત્રાનું એક વિશ્વસનીય પ્રમાણ પ્રાપ્ત થાય છે. સં. ૧૬૪૫ માં સંત અનંતદાસે 'પીપા, કબીર, ત્રિલોચન વગેરે સંતોની પરિચરીઓ લખી હતી. એમાં 'પીપા-પરિચરી'માં સ્વામી રામાનંદ સાથે કબીરની દ્વારકા યાત્રાનું સવિસ્તર વર્ણન છે. આગળ એની વિસ્તૃત ચર્ચા કરીશું.

(૪) કબીરની વાણીમાં ગુજરાતીના પ્રત્યયો તથા શબ્દોનો ઉપયોગ થયેલો છે. બીજકની પહેલી સાખી વિશે એમ કહેવાય છે કે એ તત્વા-જીવાના પ્રશ્નના ઉત્તરરૂપે કહેવામાં આવી હતી. એટલે એ કબીરવડના સ્થાનમાં કહેવાઈ હોઈ જોઈએ. કદાચ એથી જ એમાં '**जहिया-तहिया**' તથા '**हता**' જેવા ગુજરાતી શબ્દ વપરાયા છે.

"**जहिया जन्म मुक्त हता तहिया हता न कोई ।**
छट्ठी तुम्हारी हो जगा, तू कहां चला बिगोई ॥"

ગુજરાતીના 'હું' 'છે' 'હતા' વગેરે શબ્દોના પ્રયોગ અનેકવાર કબીર વાણીમાં થયેલા છે. એને અકારણ ગણી શકાય નહિ.

(૫) જ્ઞાનીજી, કબીર સાહેબના શિરોમણિ શિષ્ય હતા. એમની વાણીના હસ્તલિખિત ગ્રંથો આ પંક્તિઓના લેખકને જોવા મળ્યા છે. એમાં કબીર સાહેબે અહિં ગુજરાતમાં આવી એમને ઉપદેશ આપી શિષ્ય બનાવેલા; ગુરુએ પોતાનો ભ્રમ

દૂર કરેલો, એમની અમૃતવાણી પોતે સાંભળેલી અને નિશ્ચલ મનથી પોતે ગુરુની સેવા કરેલી, એમ પોતાની વાણીમાં જણાવ્યું છે. એ પ્રકારના ઉલ્લેખોવાળી કેટલીક સાખીઓ નિમ્નાંકિત છે.

"उन देश का कबीरजी । हमकु मिले जो आई ।
तपत्य गई सीतल भया । सुख में रह्या समाई ॥"६९॥

वटक बीज की माँड में । अटक भया मन धीर ।
'जनज्ञानी'का संसा मिटा । सद्‌गुरु मिले कबीर ॥६१॥

'ज्ञानी' गुरु उपदेश करी । भेद बताया एक ।
रामनाम निजसार है । दूजा भर्म अनेक ॥ ५ ॥

ज्ञानी गुरु कृपा करी । भर्म मेटा आयान ।
अमृत वाणी मुख भई । पीवे संत सुजान ॥३१॥

ज्ञानी गुरु सेवा करी । मन निश्चल धरी धीर ।
तिन लोकमें गाइए । कहे कबीर कबार ॥"७॥

सद्‌गुरु मिले कबीरजी । देखा नैन समान ।
आपा मांही आप है । तो कासो कही अयान ॥"८॥

(૬) સુરતના મહાપ્રતાપી સંત નિર્વાણ સાહેબ કબીર સાહેબને મળવા સુરત થી કબીરવડના સ્થાન પર આવેલા, અને કબીર સાહેબને સુરત આવવા આમંત્રણ આપેલું, એનું વર્ણન સુરતના એક કવિ દ્વલારામે (સં. ૧૮૩૦-૭૦) કરેલું છે. કબીર સાહેબ એક રાત નિર્વાણ અખાડામાં રોકાઈ ભજન કરી પાછા આવ્યા. નિર્વાણ સાહેબ રામાનંદી હતા. એમના અખાડામાં રામનું મંદિર હતું. રામની મૂર્તિની પૂજા-આરતિ થતાં, એટલે અખાડાના સાધુઓએ સંત નિર્વાણ સાહેબને પૂછયું કે આપે કબીર જેવા નિર્ગુણિઆ સંતનો આટલો આદર સત્કાર કેમ કર્યો, એનું અમને આશ્ચર્ય થાય છે. ત્યારે નિર્વાણ સાહેબે સાધુઓને

સમજાવતાં કહ્યું, કે કબીર કોઈ સાધારણ વ્યક્તિ નથી, પૂરા અવધૂત છે સગુણ કે નિર્ગુણ એવો એમને કોઈ ભેદ નથી. આપણા સ્વામી રામાનંદને જ એમણે પણ ગુરુ કરેલા છે. નિર્વાણ સાહેબનું એ આખું પદ અહિં આપ્યું છે.

"कबीरा से कैसे दिल लुभायो ! साधु ! तेरे दिलमें अचरज आयो ॥ टेक ॥

कबीरा से गुरु कैसे नाता निर्गुण के गीत गायो ।
हम तो सिरगुण रामके प्यारे, यहि भेद दुखदायो ॥ १ ॥

कबीरा जुगन जुगनका जोगी, अवधू को पिछनायो ।
रामानद गुरु सिर पे धारके, काशी डेरा लगायो ॥ २ ॥

भेदाभेद चतुराई छांडे, संत से मेरी सगायो ।
चरण कमल चाहूं संत का, प्रेमे रह हूं लिपटायो ॥ ३ ॥

कबीरा जौहरी ठाढे हाटमें, अवधू अभेद पिछनायो ।
संत को संत जबहि भेटा, प्रेम बदरिया छायो ॥ ४ ॥

दुर्लभ संत समागम कीनो, जीवन को सुखदायो ।
संतन से मेरी प्रेम सगाई, 'निर्वाण' को यश गायो" ॥ ५ ॥

(૭) અનંતદાસે લખેલી 'પીપા પરચિરી' માં સ્વામી રામાનંદ અને રૈદાસ સાથે કબીર સાહેબે દ્વારકાની કરેલી યાત્રાનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે. અનંતદાસની પરચિરિઓ વિશે જે થોડી શંકા પ્રવર્તતી હતી, તે આ પંક્તિના લેખકે પોતાને પ્રાપ્ત થયેલી એક હસ્તપ્રતના આધારે દૂર કરી હતી. એ પરચિરિઓ સં. ૧૬૪૫ માં અને એની આસપાસ લખાઇ હતી.

સ્વામી રામાનંદ પીપાજીનું નિમંત્રણ મળતાં પહેલાં એમના સ્થાન ગાંગરોન-ગઢ જાય છે. ત્યાંથી પીપાજીને લઈ સંઘ દ્વારકા

જાય છે. દ્વારકાનો એક પ્રસંગ અત્યંત રસિક છે. સ્વામીજીએ પહેલાં રૈદાસને પૂછ્યું કે, "મહત્તા વધારે કોની ? દ્વારકાની કે મથુરાની ?" રૈદાસજી એ કહ્યું, "મથુરાની". પછી એજ પ્રશ્ન જ્યારે કબીરને પૂછ્યો ત્યારે એમણે જુદો જ ઉત્તર આપ્યો હતો;

"कबीर बोले ज्ञान वशेखे, सबही बराबर हमरे लेखे।
देव, देहरा, तीरथ, पानी, तुम ते बुध कहा है छानी।
चलो गोसांई कासी जइए, घरही बैठा माधो पाइए" ॥ ७ ॥

શ્રી ડાહ્યાભાઇ સાંડેસરા દ્વારા અનૂદિત ભક્તમાલ (પાન. ૧૫૮) તથા રઘોદાસની ભક્તમાલ (પાન. ૮) માં સ્વામી રામાનંદ સાથે કબીર અને રૈદાસની દ્વારકા યાત્રાના ઉલ્લેખો છે.

(૮) પાટણના સંત પદ્મનાભના એક શિષ્ય લોચનદાસે સુરતમાં આશ્રમ સ્થાપ્યો હતો. એ પરંપરાના સંત પ્યારેદાસના એક શિષ્ય સંત માણેકદાસ (સં. ૧૭૪૫-૬૦) થઈ ગયા. એમણે કબીરવડમાં ૧૭૪૫ માં આવી નિવાસ કર્યો હતો. ૧૭૬૦ માં એમણે સમાધિ લીધી હતી. તત્વાજીવાની ટેક, કબીરનું આગમન અને સૂકા ઠૂંઠમાંથી પલ્લવિત થયેલા વડના પ્રસંગ પર એમણે નીચેનો કુંડલિઓ લખ્યો હતો.

"धन्य भक्ति बखानिये, तत्वाजीवा की टेक।
आंगन में एक वृक्ष थे, साधु आये अनेक।
साधु आये अनेक, चरणामृत सिंचवायो।
उर में बड़ो विश्वास, साचे संत जब आयो।
"माणिक" मंगल गावरी, संत कबीर जब आये।
तत्वाजीवा के अंगना, सूखे वटवृक्ष जीवाये॥"

(૯) કબીર સાહેબની ગુજરાતની યાત્રાનું વિશદ વર્ણન અસો વર્ષ પહેલાં બાબા દીન દરવેશે (સં. ૧૭૬૮-૧૮૮૯)

કર્યું છે. પાલનપુર, પાટણ, કબીરવડ, શુકલતીર્થ તથા ગિરનાર અને દ્વારકાની યાત્રા તથા તે તે સ્થાનમાં જેણે જેણે કબીરની ભક્તિ કરી હોય, તેમનો ઉલ્લેખ એમાં કર્યો છે. પાટણના ઉલ્લેખમાં પદ્મવાડીનું વર્ણન પણ છે, જે પરથી એની યથાર્થતાની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

પાટણ

" પાટણ નગ્ર સુહાવના, બગિયા દેખી મુરઝાય ।
સંત કબીર ઠાઢે રહે, કલિ કલિ મુસકા ।
કલિ કલિ મુસકાય, માલન બડ઼ી સુભાગી ।
રત્નાદે શુભ નામ, સંતચરણાનુરાગી ।
કહત દીન દરવેશ, મિટ ગયે આવાગવના ।
ગુલશન હુએ ગુલઝાર, પાટણ નગ્ર સુહાના ॥ "

કબીરવટ

" સંત કબીર દયાનિધિ, રેવા કે તીર આય ।
ગોસૈયાઁ કી પીર કો, સાહિબ દિયે મિટાય ।
સાહિબ દિયે મિટાય, સંત-મહિમા અપારી ।
સૂખે કાઠ જીવાય, સદ્‌ગુરુકી બલિહારી ।
કહત દીન દરવેશ, મહાતમ કબીરબટ હી કો ।
સાહિબ ! મેરા સલામ, કબીર ગુરુ દયાનિધિ કો ॥ "

શુક્લતીર્થ

જહાઁ સંતન બાસા કિયે, સકલ તીર્થકા વાસ ।
રેવા કે તીર આયકે, સાહબ કીન્હ નિવાસ ।
સાહિબ કીન્હ નિવાસ, સકલ તીરથ પિછનાયે ।
ભક્ત સંત ઔર સાધ, સકલ તીરથ ફલ પાયે ।
કહત દીન દરવેશ, સંત કો તીર્થ બનાયા ।
સંત કબીર દીદાર, સકલ તીર્થ કો પાયા ॥

गिरनार

आये गढ़ गिरनार पे, साहिब परहितकार ।
साध सिद्ध को भेटिया, अवधू लीला अपार ।
अवधू लीला अपार, योगीनाथ गुरुदेवा ।
प्रेमे मिलही आय, बड़ा संतन को मेवा ।
कहत दीन दरवेश, सांई को साहब प्यारा ।
सोहम् सत् कबीर, ठाढ़े गढ़ गिरनारा ॥

द्वारिका

द्वारामति में जाय के, ठाढ़े संत कबीर ।
द्वारिका के ईश को, प्रेमे झुकाये सिर ।
प्रेमे झुकाये सिर, झुकानेवाले आये ।
भक्तन के हितकार, संत-दरशन को पाये ।
कहत दीन दरवेश 'कबीर चौरा' कहलाया ।
साहेब संत कबीर, द्वारामति में आया ॥

(૧૦) સુરતના સંત કવિ દુલારામે (વિ. ૧૮૩૦-૭૦) 'નિર્વાણ ચરિત્ર પ્રકાશ' નામનો ગ્રંથ લખ્યો હતો, એમાં એમણે કબીર અને નિર્વાણના મિલનનું વિશદ વર્ણન કર્યું છે. એમાં નિર્વાણ સાહેબ કબીરવડમાં કાશીથી પધારેલા કબીર સાહેબને પ્રથમ મળવા આવ્યા હતા. ત્યાર પછી એમના નિમંત્રણને માન આપી કબીર સાહેબ સુરત ગયા હતા.

"काशी नग्र से आय के ठाढ़े रेवा तीर ।
परहितकारी संत थे, साहिब सत् कबीर ॥
महाराज निर्वाण से, भेट्या दास कबीर ।
स्थूल दो, एक प्राण थे, अभेद संत शरीर ॥
साहिब बड़े दयानिधि, रखो संतनको टेक ।
प्रेमे एक दिन आइयो, लिखे निर्वाण विवेक

अटक नाता संत का, वचनहित गुरु पीर ।
प्रेमे धाये निर्वाणघर, साहिब संत कबीर ॥
भजनानंद में राचते, संत कबीर पद गाय ।
प्रेमवाणी निर्वाणको, दडी उलटसे सुनाय ॥
सारी रैन सत्संगमें, बैठे संत सुजान ।
भोरही साहिब परहरे, नैन बहे निरवाण ॥
संत कबीर-समागमा, 'साहिब' लिखे निरवाण ।
"दूला" ता दिन साधको, 'साहिब' नाम बखान ॥

એ ઉપરાંત શ્રી ભીમરાવ જોટે એ સં. ૧૯૦૭માં 'કબીરદાસ' નામનું એક પુસ્તક લખ્યું હતું. એમાં લખ્યું છે કે કબીરે સાત વર્ષમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, બંગાળ, ઉત્તર ભારત, મેવાડ, મારવાડ અને સિંધની યાત્રા કરી હતી.

કબીર પંથના અનેક સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ કબીરની ગુજરાત યાત્રાના ઉલ્લેખો મળે છે. કબીરપંથી વિદ્વાન શ્રી હનુમાનદાસજી એ લખ્યું છે; "**भ्रमण करत जो जनहित हेतु, तत्वाके गृह गये सचेतु ।**" એજ પ્રમાણે સંત ગરીબદાસ, મુનિ શ્રી બ્રહ્મલીનજી મહારાજ તથા શ્રી તપસ્વી સાહેબે પણ પોતાના ગ્રંથોમાં કબીરની ગુજરાત યાત્રાના ઉલ્લેખો કરેલા છે.

આજથી દોઢસો વર્ષ પહેલાં ઈ. સ. ૧૯૧૨માં સંખેડા-મહાલમાં રજિસ્ટર થયેલા એક દાનપત્રમાં કબીરનો કબીરવડમાં નિવાસ અને કબીરના શિષ્ય જ્ઞાનીજીની પરંપરાના અધિકારનો ઉલ્લેખ કરેલો છે.

આજે પણ ગુજરાતમાં કબીર સાહેબના નામની સ્મૃતિનાં અનેક ચિહ્નો દૃષ્ટિગોચર થાય છે. કબીરવડ તો પ્રસિદ્ધ છેજ; પરંતુ એની નિકટ ભરૂચમાં સ્ટેશન પાસે નર્મદા તટે

'કબીરપરા' નામનો મહોલ્લો છે. પહેલાં કદાચ નાનકડું ગામ પણ હોય. ત્યાંના કબીર મંદિર પાછળના ભોંયરામાંથી કબીરની મૂર્તિ અને પગલાં નીકળ્યાં છે. કબીરવડમાં કબીરના આગમનનો એક શિલાલેખ છે. તેના પર વિ. સં ૧૪૬૫નું વર્ષ છે. કબીરનાં અનેક મંદિરો, ચોરા તથા સ્થાન ગુજરાતભરમાં આવેલાં છે.

કબીર-આગમનનો સમય

આચાર્ય ક્ષિતિમોહન સેને ગુજરાતનું પરિભ્રમણ કર્યું હતું, પરંતુ એ કબીરવડમાં ગયા હતા કે કેમ, એ પ્રશ્ન છે. કારણ કે - કબીરવડના શિલાલેખની સંવત ૧૪૬૫ ને બદલે ભૂલથી એમણે સં. ૧૫૬૪ આપી છે. એને કારણે એ પછીના વિદ્વાનોએ પણ એમને આધારે ભૂલો કરી છે. ગુજરાતી વિદ્વાન શ્રીકિસનસિંહ ચાવડાએ તો ૧૫૬૪ના વર્ષનું સમર્થન પણ કર્યું છે. પોતાના 'કબીર-સંપ્રદાય' (પાન-૧૪૦) ગ્રંથમાં એમણે લખ્યું છે, "ગુજરાતમાં કબીરસાહેબ સં. ૧૫૬૪માં આવ્યા હતા એમ ગુજરાતના કબીર-મંદિરના મહંતોના જૂના પંજા જોતાં લાગે છે, અને કબીરવડ આગળ લખેલો સંવત પણ આ સંવતની સાથે મળતો આવે છે." શ્રી ચાવડા સાહેબે એજ પુસ્તકમાં (૧૫૯ મા પાન-પર) 'કબીર ઈ. સ. ૧૪૨૫ (વિ. સં. ૧૪૮૧) માં ગુજરાત અને કાઠીઆવાડમાં આવ્યા હોય' એવો ઉલ્લેખ કર્યો છે. ઉપરના બન્ને સંવતો વચ્ચે ૮૩ વર્ષનું અંતર પડે છે. એટલે પણ એ સંભવિત લાગતું નથી. જ્યારે ખરો સંવત ૧૪૬૫ નો મેળ વિ. સં. ૧૪૮૧ સાથે મળે છે. પરંતુ કબીરની જન્મતિથિ જો સં. ૧૪૫૫ ગણવામાં આવે, તો બન્ને સંવતો સાથે મેળ બેસાડવો મુશ્કેલ બને છે. સં. ૧૪૬૫ના આધારે ગુજરાત આગમનના સમયે કબીર-સાહેબની ઉમર માત્ર દસ વર્ષની થાય છે, જ્યારે સં. ૧૫૬૪ના

આધારે તે સમયે કબીરસાહેબની ઉમર ૧૦૯ વર્ષની થાય છે. અને વર્ષ સંભવિત જણાતાં નથી. પરંતુ ૧૫૬૪ના વર્ષને કોઈ આધાર નથી. એમાં ૧૪૬૫ના '૪' અને '૫' આંકડાઓ પ્રિન્ટીંગમાં ઉલટાસુલટી થઈ ગયા છે. અને શિલાલેખ પર એજ ૧૪૬૫ની સંવત છે.

કબીરસાહેબ સ્વામી રામાનંદ સાથે ગાંગરોનગઢ થઈને દ્વારકા જવા ગુજરાતમાં આવ્યા હતા. સ્વામીજીનો સમય વિ. સં. ૧૩૫૭ થી ૧૪૬૭ છે. પીપાજીનો સમય પણ સં. ૧૪૧૦ થી ૧૪૭૦ સુધીનો છે. અનંતદાસની પરિચરી એક પ્રામાણિક ગ્રંથ છે. વિભિન્ન સ્થળોએથી પ્રાપ્ત થયેલી પીપા પરિચરીમાં સ્વામીજી સાથેની કબીરની દ્વારકાયાત્રાનું વિસ્તૃત વર્ણન છે; એ જોતાં આ યાત્રા સં. ૧૪૬૭ પહેલાં થઈ હતી, એવું તારણ નીકળે છે.

૧૪૬૭માં મૃત્યુ સમયે સ્વામીની ઉમર ૧૧૦ વર્ષની હતી. મૃત્યુના પાંચ સાત વર્ષ પહેલાં સ્વામીજી દ્વારકાની યાત્રાએ આવ્યા હોય, તો એ ૧૪૬૦નું વર્ષ હોઈ શકે. પરંતુ કબીરનું જન્મવર્ષ જો સં. ૧૪૫૫ નું ગણવામાં આવે તો કબીરની ઉમર ત્યારે માત્ર પાંચ વર્ષની જ થાય છે. એ શકય નથી. જ્ઞાનીજીએ કબીર પાસે દીક્ષા લીધી હતી. એટલે સ્વાભાવિક રીતે જ કબીરસાહેબ એમનાથી ઉમરમાં કેંક મોટા હોય. જ્ઞાનીજીના જન્મનું વર્ષ સં. ૧૪૫૧ છે. કબીરસાહેબ એમનાથી ચાર વર્ષ નાના હોય, એ પણ સંભવિત લાગતું નથી કારણ કે જો એમ હોય, તો દીક્ષા સમયે જ્ઞાનીજીની ઉમર સત્તર વર્ષની હોવાથી કબીરસાહેબની ઉમર તેર વર્ષની થાય. એ વાત ગળે ઉતરે એવી નથી. એટલે એમ લાગે છે કે કબીરસાહેબના જન્મનું વર્ષ ૧૪૫૫ નહિ, પણ એ પહેલાંનું

છે. વ્યાવહારિક રીતે જોતાં એમ લાગે છે, કે કબીરવડમાં આવ્યા ત્યારે કબીરસાહેબની ઉમર ૩૫ વર્ષની હોય, તો એમના જન્મનું વર્ષ સં. ૧૪૩૦ લગભગ શકય જણાય છે. વળી નિર્વાણસાહેબ સં. ૧૫૩૭ માં સુરત આવ્યા હતા અને ૧૫૭૦ માં એમણે સમાધિ લીધી હતી. પ્રારંભમાં જ એમનું મિલન યોજાયું હોય તો પણ કબીરસાહેબની ઉમર ત્યારે સો વર્ષથી વધારે હોવી જોઈએ.

આમ સમગ્ર રીતે જોતાં કબીરસાહેબ એકાધિક વાર ગુજરાતમાં આવ્યા હતા, એમ લાગે છે. સ્વામી રામાનંદના સંદર્ભમાં એ વર્ષ ૧૪૬૦નું આશરે ગણી શકાય. ત્યાર પછી જ્ઞાનીજીની દીક્ષા કબીરવડમાં સં. ૧૪૬૭માં થઈ. શિલાલેખ પ્રમાણે કબીરસાહેબ ૧૪૬૫ માં કબીરવડમાં આવ્યા હતા. એમણે ગુજરાતની યાત્રા કરી હતી. સંભવ છે, તે પછી ૧૪૬૭ સુધી અહીં રોકાયા હોય. પણ સ્વામી રામાનંદજીના મૃત્યુ સમયે ૧૪૬૭માં એ કાશી ગયા હતા. તત્વાજીવાએ સં. ૧૪૬૫ માં દીક્ષા લીધી હતી. સુકા વડના પુજર્જીવનથી કબીરસાહેબ ભારતભરમાં પ્રસિદ્ધ થઈ ગયા હતા. એટલે જ જ્ઞાનીજી એમને શોધતાં અહિં આવ્યા હતા. ત્યાર પછી નિર્વાણ-મિલનનો ઉલ્લેખ આવે છે; એ વર્ષ ૧૫૩૭ પછી હોવું જોઈએ. આ પંક્તિઓના લેખકે કબીરસાહેબના મૃત્યુનું વર્ષ ૧૫૫૨ ગણ્યું છે, એટલે એ મિલન એ બે વર્ષો વચ્ચે કોઈક વર્ષે થયું હોવું જોઈએ.

કબીર સાહેબ ગુજરાતમાં આવ્યા ત્યારે અહિં ઈસ્લામી શાસન હતું. અહમદશાહે પાટણથી રાજધાની બદલીને અમદાવાદમાં સ્થાપી હતી. મયુદ્દીન ચિસ્તીથી માંડીને ઈમામશાહ સુધી અનેક ઈસ્લામી પ્રચારકો પણ અહિં આવી ગયા હતા.

વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યોને ગુજરાતે પ્રેમથી આવકાર્યા હતા, પરંતુ એથી ઉચ્ચવર્ગની આધ્યાત્મિક ભૂખ સંતોષાતી હતી. ગુજરાતમાં સાધારણ જનતામાં ભક્તિનો પ્રસાર પહેલાં નામદેવ અને પછી સ્વામી રામાનંદે કર્યો હતો. પરંતુ નિર્ગુણ રામની ભક્તિના પ્રવર્તક કબીર સાહેબ જ હતા. એ પહેલાં જે ભક્તિ પ્રચલિત હતી, તેમાં મુખ્યત્વે વૈષ્ણવ ભક્તિ, રામાનંદની સગુણ રામની ભક્તિ તથા નામદેવની વિઠ્ઠલાની ભક્તિ હતી. એમાં પણ સ્વામી રામાનંદે સર્વપ્રથમ "**जातिपांति पूछे नहीं कोई हरिको भजे सेा हरिका होई**।"ની સ્થાપના નિમ્નજાતિના સંતોને શિષ્ય બનાવી કરી. પરંતુ એ ક્રાંતિકારી પ્રક્રિયાને સંપૂર્ણ રૂપ કબીરસાહેબે આપ્યું. એટલું જ નહિ, પણ હિન્દુ અને ઇસ્લામ વચ્ચેના ભેદભાવના પ્રમુખ અંગોનો વિરોધ કરી એક સર્વ સામાન્ય માર્ગનો પ્રચાર કર્યો.

એમણે એકેશ્વરનો સ્વીકાર કર્યો અને મૂર્તિનો વિરોધ કરી નિર્ગુણ ભક્તિનો સ્વીકાર કર્યો. સાથે સાથે હિન્દૂ અને ઇસ્લામ ધર્મના પ્રવર્તિત આચારોનો ઘોર વિરોધ કર્યો. આચારો અને મૂર્તિ જતાં બન્ને ધર્મો વચ્ચે કોઈ ભેદભાવ રહ્યો નહિ.

ગુજરાતમાં નાથપંથી યોગીઓ અને ભક્તો વચ્ચે સંઘર્ષ ચાલતો હતો યોગીઓ એમના તુંબડાં ફોડી નાખતા અને તિલક ચાટી જતા. એજ પ્રમાણે શૈવો અને વૈષ્ણવોના વચ્ચે પણ તીવ્ર રસાકસી ને સંઘર્ષ ચાલતો હતો. શાક્તો હિંસાને છોડવા તૈયાર ન હતા. કબીર સાહેબના પ્રભાવથી એ બધું શાંત પડ્યું. શાક્તો સિવાય એમનો પ્રભાવ સહુ પર પડ્યો. હિન્દુઓમાં રામના નામે જાદુ કર્યો હજારીપ્રસાદજીએ કહ્યું હતું કે દક્ષિણના ભક્તો અને ઉત્તરના યોગીઓ વચ્ચે ભેદ એ હતો કે એક ટૂટી જતો હતો, પણ ઝૂકતો ન હતો, બીજો ઝૂકી જતો હતો, પણ

ટૂટતો ન હતો; છતાં ગુજરાતની આ ભૂમિ પર કબીરસાહેબના પ્રભાવથી યોગ અને ભક્તિનો સમન્વય થયો અને સંતમતની ભક્તિનો પ્રચાર થયો.

ગુજરાતમાં ભક્તિનો સવિશેષ પ્રચાર વિક્રમની તેરમી સદીના ઉત્તરાર્ધમાં થયો હોય, એમ લાગે છે. હિન્દી સાહિત્યના સમર્થ ઇતિહાસકાર પં. રામચંદ્ર શુક્લે ભક્તિનો પ્રચાર મધ્વાચાર્ય દ્વારા સં. ૧૨૫૪ અને ૧૩૩૩ની વચમાં થયાનું લખ્યું છે. લોકો ત્યારે વૈષ્ણવધર્મ તરફ ખૂબ આકર્ષિત થયા હતા. ડૉ અંબાશંકર નાગરે ગુજરાતમાં વૈષ્ણવ ભક્તિના શ્રેયાધિકારીઓ તરીકે શ્રી વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથને ગણ્યા છે. શ્રી વલ્લભાચાર્યનો કાર્યકાલ સોળમી સદીનો ઉત્તરાર્ધ છે. અને ગુજરાતમાં એ પુષ્ટિમાર્ગના પ્રચાર માટે શ્રી વિઠ્ઠલનાથજી સં. ૧૬૧૩ થી ૧૬૩૮ની વચમાં છ વખત આવેલા. એમના પ્રચારથી લોકો વૈષ્ણવધર્મ અને વલ્લભમત (પુષ્ટિ માર્ગ)ને એકજ માનવા લાગ્યા હતા.

ગુજરાતમાં કબીરનો પ્રભાવ પડયો, તે પહેલાં નામદેવે (સં. ૧૩૩૫–૧૪૫૦) તથા સ્વામી રામાનંદે (સં. ૧૩૫૭–૧૪૬૭) ગુજરાતની યાત્રાઓ કરી હતી. મહાનુભાવ અથવા અચ્યુત સંપ્રદાયના પ્રવર્તક ચક્રધર (સં. ૧૨૫૦–૧૩૩૦) ગુજરાતના ભરૂચના નિવાસી હતા. એમના સંપ્રદાયનો પ્રચાર મહારાષ્ટ્રમાં વધુ થયો છે. પરંતુ એ પંથની કેટલીક વિશેષતાઓમાં જ્ઞાન કરતાં ભક્તિનું વધુ મહત્ત્વ, નાથપંથનો પ્રભાવ અને વેદોમાં અવિશ્વાસ છે. એનો થોડોઘણો પ્રભાવ ગુજરાતમાં પડ્યા વિના નહિ રહ્યો હોય. એટલે વેદ-વિરોધી ભક્તિના પ્રચારની ભાવના કબીર સાહેબ પહેલાં ગુજરાતમાં આકાર લઈ ચૂકી હતી. જોકે નામદેવની ભક્તિ સગુણ અને નિર્ગુણ બન્ને માર્ગની હતી,

પરંતુ ગુજરાતમાં એમની વિઠ્ઠલાની ભક્તિનો પ્રચાર થયો હતો. સ્વામી રામાનંદે પણ સગુણ રામની ભક્તિ કરી હતી, અને સુરતના નિર્વાણ સાહેબના અખાડા જેવાં બીજાં પણ સ્થાનો જોવાં જોઇએ. સુરત નજીક બરવાસાના સંત તેજાનંદ (૧૬૧૨-૧૬૮૦) રામાનંદી હતા. એ સિવાય ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છમાં નાથપંથી સિદ્ધોનો પ્રભાવ હતો. એ લોકો હઠયોગના પ્રયોગો કરીને ગ્રામ્ય પ્રજામાં આતંક ફેલાવી ફાળો ઉઘરાવતા. જમાતના મહંત રાજા જેવી સગવડો રાખતા. એ લોકો વૈષ્ણવ ભક્તોને પરેશાન કરતા હતા. એ કબીર સાહેબના પ્રભાવથી અટકયું હતું, કારણ કે એમની વાણીમાં ભક્તિ, જ્ઞાન અને યોગનો સમન્વય હતો.

સંદર્ભ-ગ્રંથ

૧. Midiaval Mistisosue of India (1930)
K. M. Sen

૨. **कबीर संप्रदाय** - શ્રી કિસનસિંહ ચાવડા (પા. ૧૫૯)

૩. **उत्तर भारतीय संत-परंपरा-आ. परशुराम चतुर्वेदी**

૪. **कबीर और कबीरपंथ-डॉ. केदारनाथ द्विवेदी**

૫. Kabir and the Kabir Panth-Westcot

૬. Thcisuc in mcdieval India-J. E. Karpentar

૭. **कबीर ग्रंथावली-सं. श्यामसुंदरदास**

૮. કબીરનાં આધ્યાત્મિક પદો-સં. વાડીલાલ શાહ

૯. **कबीर बीजक**

૧૦. **प्रसंग-पारिजात**

૧૧. **साखी ग्रन्थ-ज्ञानीजी** (ह प्र.)

૧૨. સંત નિર્વાણ સાહેબ-બે. માણેકલાલ રાણા

૧૩. अनंत परिचई-अनंतदास (ह. प्र.)
૧૪. Kabir and the Bhakti Movement
૧૫. राणाजाति (दीपोत्सवी अंक) (सं. ૨૦૨૬)
૧૬. કબીરદાસ–ભીમરાવ ન્હેટે (સં. ૧૯૦૭)
૧૭. સર્વાજિત પંડિતની ગોષ્ઠી – (સં. ૧૯૮૯)
૧૮. Kabir and his followers – Prof – Kaey
૧૯. રજિસ્ટર્ડ દસ્તાવેજ, (સંખેડા મહાલ) નં. ૧૧૦૫
તા. ૪–૬–૧૯૧૨

પ્રકરણ – ૨ : સંપ્રદાયની સ્થાપના

પ્રવર્તિત ભ્રમ

એક કે બીજા રૂપે, એક કે બીજા નામે ગુજરાતના આ છેડાથી પેલા છેડા સુધી દક્ષિણ તથા ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ સુધી આ રામકબીર સંપ્રદાય ફેલાયેલો છે. છતાં વિચિત્રતા એ છે કે બહુ ઓછા લોકો એને વિશે જાણે છે. કારણકે સ્વતંત્ર ગાદી સ્થાપવાની ભાવનાને લીધે એ બધી મૂળ પરંપરાઓ વિચ્છિન્ન થઈ ગઈ હતી. જે થોડાક નિર્દેશો મળતા હતા, તેના ઐતિહાસિક પ્રમાણોના અભાવમાં વિદ્વાનો તેનો સ્વીકાર કરતાં અચકાતા હતા. આ સ્થિતિમાં અનેક ભ્રમ ઉત્પન્ન થયા, અને ગ્રંથોમાં અનેક વિકૃત ઉલ્લેખો અને રજૂઆતો થઈ. ભ્રમનું મૂળ એ જણાય છે, કે આ રામકબીર સંપ્રદાયનું જ્ઞાન સાહિત્યકારોને નથી. એક કબીરપંથ (સતકબીર સંપ્રદાય) ને સહુ કોઈ જાણે છે. કબીર–પંથનાં અનેક પુસ્તકો લખાયલાં છે. અનેક વિદ્વાનોએ પણ કબીર–પંથ પર ગ્રંથો લખ્યા છે. ગુજરાતીના એક વિદ્વાન શ્રી કિસનસિંહ ચાવડાએ ગુજરાતીમાં "કબીર – સંપ્રદાય" નામનું પુસ્તક લખ્યું છે. જ્યારે રામકબીર સંપ્રદાય પર એકપણ પુસ્તક હજી સુધી લખાયું નથી. એને લીધે સમાજમાં આ સંપ્રદાય વિશે અજ્ઞાન પ્રવર્તે છે. અને જે કંઈ ઉલ્લેખો એ વિશે થયા છે, એમાંના ઘણા ભ્રમપૂર્ણ તથા દોષપૂર્ણ છે.

(૧) સૌથી પહેલો ભ્રમ 'બોમ્બે ગેઝેટ'ના વિદ્વાન સંપાદકને થયો હતો. બોમ્બે ગેઝેટના વોલ્યુમ ૯ ના પાન ૫૩૯

પર લખ્યું છે, કે ગુજરાતમાં કબીર – સંપ્રદાયનું પ્રવર્તન ઈ. સ. ૧૩૮૦ અને ૧૪૨૦ (સં. ૧૪૩૬–૧૪૭૬) વચ્ચે થયું હતું. હવે કબીર–પંથની સ્થાપના જ સં. ૧૬૭૬ ની આસપાસ ધર્મદાસ દ્વારા બાંધવગઢમાં કરવામાં આવી હતી. એટલે વિદ્વાન સંપાદકે જે કબીર–સંપ્રદાયનો ઉલ્લેખ કર્યો છે તે રામકબીર સંપ્રદાય જ હોઈ શકે. એનું એક બીજું કારણ પણ છે, કે એ સંપ્રદાયના પ્રવર્તક તરીકે એમને જ્ઞાનીજીનું નામ મળ્યું હતું. રામકબીર સંપ્રદાય અને એના મૂળ પ્રવર્તક જ્ઞાનીજી વિશેની જાણકારીના અભાવમાં એમણે આ સંપ્રદાયને 'કબીરપંથ' માની લીધો અને 'જ્ઞાની' નામને કબીર સાહેબનું જ એક ઉપનામ માની લીધું હતું.

આ રીતે બોમ્બે ગેઝેટે (૧) રામકબીર સંપ્રદાયને કબીર પંથ માની લીધો હતો, (૨) જ્ઞાનીજીની જાણકારી નહિ હોવાથી એમને કબીર માન્યા હતા, અને (૩) કબીરે સંપ્રદાયની સ્થાપના કરી હતી, એમ જે માન્યું હતું, એ ત્રણે વાત ખોટી છે.

(૨) શ્રી જનક દવેએ કબીર–પંથની સ્થાપના સોળમી સદીમાં જણાવી છે, તે પણ આ પ્રકારના ભ્રમને કારણે જ બનવા પામ્યું છે.

શ્રી દવેએ નિર્વાણ પરંપરાના મહંત હીરાદાસ (સં.૧૫૯૫-૧૬૮૭) ના કબીર-પંથ પ્રવેશના ઉલ્લેખના આધારે ઉપરોકત સમયનો નિર્દેશ કર્યો છે. પરંતુ ગુજરાતમાં કબીર-પંથનું પ્રચલન અઢારમી સદીના ઉત્તરાર્ધમાં થયું હોવાથી એમણે જે પંથનો ઉલ્લેખ કર્યો છે, તે રામકબીર સંપ્રદાય હોવાનો સંભવ છે. એનું દેખીતું કારણ એ છે કે–નિર્વાણ–પરંપરાના મહંતોને સુરતની લોચનદાસી પરંપરાના સંતો સાથે સંબંધ હતો. એવા અનેક પ્રસંગોનો ઉલ્લેખ સુરતના શાયર બંસીલાલ તથા કવિ દુલારામે

કરેલો છે. જ્યારે સુરતની કબીર–પંથની સગ્રામપરાની ગાદી સાથે કે બાંધવગઢ સાથે એમને કોઈ સંબંધ જણાતો નથી. કાલચક્રની વિચિત્રતા એ છે, કે એ નિર્વાણ અખાડો મૂળ રામાનંદી અધિકારમાં હતો, તે ફરી પાછો ચાર સંપ્રદાયના અધિકારમાં આવી ગયો છે.

(૩) શ્રી જયમલ પરમારે 'આપણી લોક સંસ્કૃતિ' માં ભાણ સાહેબને સૌરાષ્ટ્રમાં કબીરપંથના આદિસ્થાપક કહ્યા છે. તથા રામકબીરીઆ અને સંત કબીરીઆ નામના બે પંથ ચાલ્યા હતા, એવો ઉલ્લેખ કર્યો છે. વળી રામકબીરીઆ ભગવા વસ્ત્ર પહેરે છે, કનટોપી અને શ્રવણી બાંધે છે, એમ લખ્યું છે. ભાણસાહેબ રામકબીરીઆ હતા, પરંતુ એને માટે કોઈ આધાર નથી એમ એમણે સ્વીકાર કર્યો છે.

(૪) હિન્દી સાહિત્યના વિદ્વાન આચાર્ય શ્રી પરશુરામ ચતુર્વેદીએ કેટલાક ગુજરાતી ગ્રંથોને આધારે અને રામકબીર પંથની ઐતિહાસિક સામગ્રીના અભાવે કેટલાક ભ્રમાત્મક ઉલ્લેખો કરેલા છે, તે આ પ્રમાણે છે.

(૧) રામકબીર સંપ્રદાયના પ્રવર્તક પદ્મનાભ હતા.

(૨) પદ્મનાભ અને રામકબીર–પંથને કોઈ સંબંધ નથી.

(૩) રવિભાણ એક અલગ સંપ્રદાય છે.

(૪) રવિભાણની પરંપરા પદ્મનાભની પરંપરામાં બંધબેસતી નથી.

(૫) રામકબીરીઆઓ ભગવાં વસ્ત્ર પહેરે છે, કનટોપ ને શ્રવણી બાંધે છે.

(૬) રામકબીર સંપ્રદાયમાં સગુણપંથી વાતોનું અનુસરણ થાય છે.

આચાર્ય ચતુર્વેદીએ રામકબીર સંપ્રદાયનો સ્વતંત્ર પ્રતિષ્ઠિત શાખાઓમાં ઉલ્લેખ કર્યો છે, અને સ્વીકાર કર્યો છે કે રામકબીર પંથનું એવું કોઈ સાહિત્ય એમને મળ્યું નથી, જેના વડે એમને એના વિશિષ્ટ મતનો પરિચય થઈ શકે. આચાર્ય ચતુર્વેદીએ અયોધ્યાના હનુમન્નિવાસમાં સ્થિત એક બીજા રામકબીર પંથના કેન્દ્રનો ઉલ્લેખ પણ કર્યો છે. હિન્દી વિદ્વાન ડૉ. બદરીનારાયણ શ્રીવાસ્તવના "**रामानंद संप्रदाय तथा हिन्दी साहित्य पर उसका प्रभाव**" ગ્રંથમાં આચાર્ય ચતુર્વેદીના ઉલ્લેખ સાથે વ્રજમાં કદમખંડીની રામકબીરની એક દ્વારા ગાદીના ઉલ્લેખમાં (પાન–૧૯૬) આ રામકબીરની કથાનું મૂળ ક્યાં છે તેનો નિર્દેશ આપ્યો છે.

(૫) '**परम्परा परित्राण**' (પૃ. ૩૩ ના આધાર પર ડૉ. શ્રીવાસ્તવે રામાનંદી વિદ્વાન ભગવદાચાર્યજીના કથનનો ઉલ્લેખ કર્યો છે કે "આ 'રામકબીર' જ સ્વામી રામાનંદના સગુણ શિષ્ય હતા. પ્રસિદ્ધ સંત કબીર કોઈ બીજા છે."

આ રામકબીર પંથનું કેન્દ્ર અયોધ્યામાં હનુમન્નિવાસમાં છે. એના ભક્તો પોતાને 'રામાનંદી વૈષ્ણવ' કહે છે, અને રામકબીરને પોતાના પ્રધાન આચાર્ય માને છે. એના ભક્તો સગુણ રામની ભક્તિ કરે છે. આ રામકબીરના જીવનવૃત્ત વિશે ત્યાંના મહંતશ્રી પણ કંઈ વાત કહી શકતા નથી.

(૬) ડૉ. રામકુમાર ગુપ્તે પોતાના હિન્દી પ્રબંધ '**गुजरात के संत कवियों की हिन्दी साहित्य को देन**'માં ઉપરોકત ભ્રમપૂર્ણ ઉલ્લેખોમાંથી કેટલાકનું પુનરાવર્તન કર્યું છે.

૧. રામકબીર સંપ્રદાય અને સતકબીર સંપ્રદાય કબીર પંથની શાખાઓ છે.

૨. રામકબીરીઆ ભગવાં વસ્ત્ર પહેરે છે, માથે ટોપી ને કાનમાં શ્રવણી રાખે છે.

ડૉ. ગુપ્તાએ આ સંપ્રદાયની કેટલીક વિશેષતાઓનો નિર્દેશ પણ કરેલો છે તે મહત્ત્વપૂર્ણ છે.

(૧) આ સંપ્રદાયમાં સંતોના નામ પાછળ 'દાસ' અથવા 'સાહેબ' લખાય છે.

(૨) કચ્છના સંતોની જેમ એના સંતો જીવન્ત-સમાધિ લે છે.

(૩) એમાં ગૃહસ્થી અને વિરકત બે પ્રકારના સંતો છે.

(૪) એમની ભાષા સધુક્કડી હિન્દી છે.

૫) એ લોકોમાં સાંપ્રદાયિકતા નથી.

(૬) કબીર વિચાર-ધારાના ગુરુમહિમા, બાહ્યાચારખંડન, નામસ્મરણ, જાતિપાંતિનો વિરોધ, સમન્વય ભાવના, પ્રેમલક્ષણા ભક્તિ, તન્મયતા તથા કથની-કરણીનું ઐકય જેવાં તત્વોનું એમનામાં દર્શન થાય છે.

(૭) ગુજરાતી સાહિત્યના વિદ્વાન શ્રી કિસનસિંહ ચાવડાએ 'કબીર પંથ' ઉપર "કબીરસંપ્રદાય" નામનું પુસ્તક લખ્યું છે. એમાં એમણે 'ઉદાધર્મની કથા' શીર્ષક નીચે આ સંપ્રદાય વિશે જે ભ્રમાત્મક આક્ષેપો કર્યા છે, તે નીચે પ્રમાણે છે.

(૧) કબીરપંથની અનેક શાખાઓમાં એક ઉદાપંથની શાખા છે.

(૨) એમાં શિક્ષિત અને સંસ્કારી સમાજ જોડાતો નથી.

(૩) ઉદાપંથીઓના આચાર-વિચાર અને કર્મકાંડ મૂળ કબીરપંથથી તદ્દન ઉલટા જ થઈ ગયા છે.

(૪) સંવત ૧૮૦૦ની આસપાસ જ્ઞાનીજી કરીને એક મહંત થઈ ગયા, એમણે જેસલમેરના રાજકુમાર ચતુરસિંહને દીક્ષા આપી હતી.

(૫) ઐતિહાસિક સામગ્રી ઉપલબ્ધ નથી.

(૬) ઉદાપંથીઓએ કબીરની સમાનતા, રૂઢી બંધનોનો ઉચ્છેદ, નિર્ગુણ ભક્તિ અને 'કર્મકાંડના ઉપહાસ'ની ભાવનાનું ખૂન કર્યું છે.

(૭) આ સંકુચિતતાનું એક કારણ મુસલમાનોના ધાર્મિક આક્રમણથી બચવા માટે હોય અથવા પોતાનો નવો સંપ્રદાય સ્થાપવાની ઘેલછાનું અજ્ઞાન હોય.

કબીર મન્સૂર જેવા કેટલાક કબીરપંથી ગ્રંથોમાં કબીરના આર પંથોમાં એક રામકબીર પંથને ગણ્યો છે, અને એની ઠાકુર પૂજની ટીકા કરી છે.

સંપ્રદાયના ઉલ્લેખ

કબીર પંથ (સત્કબીર સંપ્રદાય)ના 'સર્વાંજિત પંડિતની ગોષ્ઠી' તથા 'કબીર બ્રહ્મપ્રકાશ' અને 'સદ્‌ગુરુ શ્રી કબીરચરિતમ્' જેવા ગ્રંથોમાં રામકબીર સંપ્રદાયની કેટલીક વિશિષ્ટતાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તથા એના પ્રવર્તક તરીકે 'જ્ઞાનીજી'ના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કબીરપંથી ગ્રંથોમાં રામકબીર સંપ્રદાયની ટીકાના રૂપમાં બેજ વાત કહેવામાં આવે છે. એક કબીર સાહેબને જ સત્પુરુષ નહિ ગણવાની પ્રવૃત્તિ અને બીજી રામ તથા કૃષ્ણની અવતાર પૂજા. એ બે વાતના વિરોધ સિવાય કબીરપંથી લેખકોએ રામકબીર-પંથની માહિતી આપી કેટલીક વિશેષતાઓની પ્રશંસા પણ કરી છે.

ગુજરાતના કબીરપંથી વિદ્વાન સ્વ.શ્રી મણિલાલ મહેતાએ 'સર્વાંજિત પંડિત કી ગોષ્ઠી'માં 'ગર્ભાવલી' ગ્રંથના આધારે નિમ્નાંકિત વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો છે.

૧. રામકબીર સંપ્રદાયના પ્રવર્તક કબીર સાહેબના શિષ્ય જ્ઞાનીજી હતા.

૨. સંત જીવણજી જ્ઞાનીજીની પરંપરામાં થયા હતા.
૩. એ લોકો અવતાર પૂજન તથા ભેદભાવમાં માને છે.
૪. સત્સંગ અને સંતપૂજનમાં માને છે.
૫. એ લોકો 'ભકતો' કહેવાય છે, એટલું જ નહિ ખરા ભકતો છે.

એજ પ્રમાણે કબીર-પંથી વિદ્વાન સ્વામી શ્રી બ્રહ્મલીનજી મુનિએ તત્વાજીવાના પ્રસંગમાં રામકબીર સંપ્રદાયની કેટલીક વિશિષ્ટતાઓ પ્રતિ નિર્દેશ કર્યો છે.

(૧) આ સંપ્રદાયના પ્રવર્તક જ્ઞાનીજી હતા.

(૨) જ્ઞાનીજીએ એવો વિચાર કર્યો કે-મારામાં જે રમણ કરે છે તે રામ છે, અને એ રામના દર્શન કરાવનાર કબીરસાહેબ છે. એ પરથી એમણે **'રામકબીર'** શબ્દ પ્રયોજ્યો હતો.

(૩) શ્રી જીવણજી મહારાજે ઉદાધર્મની સ્થાપના કરી હતી.

(૪) ઉદાધર્મ 'રામકબીર' નામથી પ્રસિદ્ધ છે.

(૫) આ ધર્મના મૂળ પુરુષ કબીરસાહેબ છે. એમના શબ્દોમાં—

'आद्याचार्यः कबीरोऽस्य संप्रदायस्य चोच्यते ।
उक्तं जीवनदासेन स्वग्रंथे तद्यथाक्रमम् ॥१४२॥

(૬) આ સંપ્રદાયના સંતો ગૃહસ્થી હોય છે.

(૭) એમનું આચરણ શુદ્ધ હોય છે, અને કથની અને કરણીમાં અંતર નથી. એ લોકો સત્યપરાયણ હોય છે.

(૮) એ સંપ્રદાયના પ્રવર્તક જ્ઞાનીજીએ કબીરવડની જગ્યામાં કબીર સાહેબ પાસે દીક્ષા લીધી હતી. માટે એ લોકો કબીરવડ પ્રતિ અત્યંત પ્રેમ અને આદર રાખે છે.

ભ્રમનિવારણ :

આ સમગ્ર ઉલ્લેખો વિશે વિચાર કરતાં એ સ્પષ્ટ થાય છે, કબીર-પંથી સંતોએ આ સંપ્રદાયના ભેદભાવ, સ્પર્શભાવના અને અવતાર-પૂજનની ટીકા કરી છે. પરંતુ સંપ્રદાયના

અન્ય શુદ્ધાચરણ તથા સત્યપરાયણતા જેવા ગુણોની પ્રશંસા પણ કરી છે.

એ ઉપરાંત કેટલીક હકીકતો નીચે પ્રમાણે છે

(૧) રામકબીર સંપ્રદાયના પ્રવર્તક તરીકે પદ્મનાભ, રામકબીર, રામયશ બ્રાહ્મણ તથા જ્ઞાનીજીના નામના ઉલ્લેખો થયા છે, પરંતુ સંપ્રદાયના પ્રવર્તક એક જ્ઞાનીજી હતા અને પદ્મનાભજી એના પ્રચારક હતા. પદ્મનાભ પણ રામકબીર સંપ્રદાયની એક આખી પરંપરાના મુખ્ય પ્રવર્તક હતા. આજે પણ એમને આ સંપ્રદાયમાં વિષ્ણુના અવતાર તરીકે પૂજવામાં આવે છે.

(૨) સતકબીર અને રામકબીર બન્ને સ્વતંત્ર અને ભિન્ન ભિન્ન સંપ્રદાય છે. કોઈ કોઈની શાખા નથી. બન્ને જૂદે જૂદે સમયે અસ્તિત્વમાં આવ્યા અને બન્નેના પ્રવર્તકો પણ જૂદા જૂદા હતા.

(૩) જ્ઞાનીજી એ કબીરનું ઉપનામ નથી, પણ એમના શિરોમણિ શિષ્યનું નામ છે. બોમ્બે ગેઝેટીઅર અને કેટલાક કબીરપંથી ગ્રંથોમાં કબીરને જ્ઞાનીજી તરીકે અને કેટલીક જગ્યાએ જ્ઞાનીજીના અવતાર તરીકે પણ ઓળખાવ્યા છે, તે જ્ઞાનીજી વિશેના અજ્ઞાનનું સૂચક છે.

(૪) રામકબીર વિશે વિવિધ મત વ્યકત થયા છે. પદ્મનાભજીને રામકબીર કહેતા હોય, તો તેમાં કંઈ અસ્વાભાવિક નથી, કારણકે 'રામકબીર' સંપ્રદાયનો ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં પ્રચાર કરનાર મુખ્ય પુરુષને 'રામકબીર' નામથી ઓળખે તો એમાં કંઈ આશ્ચર્ય નથી. પણ એમનું નામ તો પદ્મનાભ જ હતું. પરંતુ 'રામકબીર' સ્વામી રામાનંદના શિષ્ય હતા, અને શુકલતીર્થમાં રામયશ બ્રાહ્મણને પંચસંસ્કાર આપી એને 'રામકબીર' નામ આપ્યું હતું, એવો ઉલ્લેખ "રામાનંદ—

સંપ્રદાય" ગ્રંથમાં કરવામાં આવ્યો છે. એની કથાના મૂળ વિશે ડૉ. શ્રીવાસ્તવે જણાવ્યું છે કે એ કથા-(દંતકથા) નર્મદાતટે માલસરના એક સંત માધવદાસે (સં. ૧૮૬૨-૧૯૭૭) પં. રામટહલદાસને કહી હતી. વળી એ કથામાં એમ કહેવાયું છે, કે સ્વામી રામાનંદની દાતણમાંથી વડનું એક મોટું વૃક્ષ થયું હતું. આવી કોઈ એક વ્યક્તિએ કહેલી વાતને પ્રામાણિક ગણી શકાય નહિ, વળી આવી કોઈ દંતકથા પણ નથી. અને એ તો સર્વવિદિત છે કે કબીરવડ કબીરસાહેબના ચરણોદકથી સૂકા ઠૂંઠામાંથી પ્રસ્ફુટિત થયેલું વટવૃક્ષ છે. અહિં આ કથાને સ્વામી રામાનંદ સાથે જોડી દેવામાં આવી છે. એ કથા કલ્પનામાત્ર છે.

(૫) સ્વામી રામાનંદના કોઈ 'રામકબીર' નામે શિષ્ય હતા એ પણ એક કલ્પનામાત્ર છે. એ વાતને કોઈ ઐતિહાસિક આધાર નથી. અને સંત કબીર જુદા હતા, એમ કહેવું પણ ઇતિહાસ સમ્મત નથી. સંતકબીર જ સ્વામી રામાનંદના શિષ્ય હતા, એ વ્યકત કરતાં કેટલાંક પ્રમાણો નિમ્નાંકિત છે.

(૧) સંત કબીર સાહેબના (બીજકના ૭૭મા) પદમાં સ્વામીજીનો ઉલ્લેખ છે.

"रामानंद रामरस माते, कहहि कबीर हम कहि कहि थाके।"

(૨) **"ज्ञानीसाखीग्रंथ"** ની એક હસ્તપ્રતમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

"कबीर राम पुकारता मिट गया मोह दुख दंद।
मनकी दुविधा तब गई, जब गुरु मिले रामानंद ॥१९॥

(૩) કબીર સાહેબના શિષ્ય જ્ઞાનીજી (સં ૧૪૫૧-૧૫૫૯) ની વાણીમાં પણ કબીરના સદ્‌ગુરુ તરીકે રામાનંદનો ઉલ્લેખ છે.

" सद्गुरु रामानंद प्रताप, हरजी अन्तर प्रगट्या आप ।
कहे कबीर ए भेद अगाध, 'ज्ञानी' बिरला बूझे साध ॥ "

(૪) નિર્વાણ સાહેબ (સં. ૧૫૩૭-૭૦) ની વાણીમાં કબીર વિશેના એક પદમાં એમના ગુરુ રામાનંદનો ઉલ્લેખ છે.

" कबीरा जुगन जुगन का जोगी अवधूको पिछनायो ।
रामानंद गुरु सिरपे धारके, काशी डेरा लगायो ॥ "

(૫) જીવણજી (સં. ૧૬૪૯-૧૭૩૭) ની વાણીમાં સંત કબીરના ગુરુ તરીકે સ્વામી રામાનંદના ઉલ્લેખો છે.

" जग तरवेकु जीवणा, कह्यो कबीरे राम ।
रामानंद के शिष्यमें, कबीर राम निजधाम ॥८॥ प्रेमको अंग॥
रामानंदे जो कही सो सुनी दास कबीर ।
सो सद्गुरु कही जीवणा,
भज सीतापति रघुवीर ॥१॥ गुरुदेवको अंग॥
रामानंद कबीरकु जब दियो उपदेश ।
तब के कर्म कापे जीवणा,
हमको भयो उपदेश ॥"४४॥प्रमोधको अंग॥

(૬) મુકુંદ ગુગલીની ભક્તમાલ (સં ૧૭૦૮) માં કબીર ચરિત્રમાં લખ્યું છે.

" निशदिन भजन स्वामीनुं करे ।
'रामानंदनो शिष्य' एम उच्चरे ॥ "

(૭) રાઘોદાસની ભક્તમાલ (સં. ૧૭૧૭) માં સ્વામી રામાનંદના બાર શિષ્યોમાં કબીરનું નામ છે.

" अनन्तानन्द, कबीर, सुखानन्द, सुखमें झूले । "

(૮) દાદા મેકરણ (સં. ૧૭૨૦–૮૬)

'मेका' बेटा मछन्दर का, रामानन्द का कबीर ।
आदि अन्त फिरता रहे फरताराम फकीर ॥

ઉપરની અનેક સંતોની વાણીથી સંત કબીર સ્વામી રામાનંદનાજ શિષ્ય હતા, એ વાતને સમર્થન મળે છે, અને 'રામકબીર' ના જીવન વિશે કોઈ નિર્દેશ કોઈ આપી શકતું નથી એટલે એમ માનવાને કારણ રહે છે કે સંત કબીરને જ અહિં કેટલાક લોકો 'રામકબીર' કહેતા હશે.

(૬) રવિભાણ-સંપ્રદાય જે વિશેષ રૂપે સૌરાષ્ટ્ર, કચ્છ તથા કાનમ વિભાગમાં ફેલાયલો છે. જેને શ્રી જયમલ પરમારે આદ્ય પ્રવર્તક માન્યા હતા, તે ભાણ સાહેબની મૂળ ગાદી વડોદરા પાસે શેરખીમાં હતી. એ મૂળ રામકબીર સંપ્રદાયજ છે, પરંતુ એ પરંપરામાં સંત ભાણ સાહેબ અને રવિસાહેબ નામના પ્રતાપી સંતોના પ્રભાવને લીધે એમના પછી 'રવિભાણ સંપ્રદાય' તરીકે એ ઓળખાયો. રામકબીર સંપ્રદાયની પદ્મનાભની પરંપરામાંજ એ આવે છે. એનાં પ્રમાણ આગળ આપવામાં આવ્યાં છે.

આ સંપ્રદાયની સ્થાપના કયારે થઈ તથા સતકબીર અને રામકબીર સંપ્રદાયનું અંતર અજ્ઞાત રહેવાથી જે ભ્રમાત્મક ઉલ્લેખો થયા છે, એનો આગળ અલગ વિચાર કરવામાં આવ્યો છે.

(૭) સગુણપંથી વાતોનું અનુસરણ થાય એમ કહેવામાં આવ્યું છે. એમાં એટલું સત્ય છે, કે આ સંપ્રદાયમાં રામ અને કૃષ્ણના અવતારોનો વિરોધ નથી. એમના જીવનના કાયો કે વિવાહના ગીતો ગવાય છે, પરંતુ રામ કે કૃષ્ણની મૂર્તિની પૂજા થતી નથી. શેરખીના મંદિરમાં ઠાકુરજીને ભોગ ધરાવાય

છે, પરંતુ એમ તો કબીરપંથની કેટલીક ગાદી પર કબીર સાહેબની છબી પણ મૂકવામાં આવે છે.

(૮) શ્રી ચાવડા સાહેબે 'કબીર વિચારધારાનાં પ્રસિદ્ધ લક્ષણો-સમાનતા-રૂઢી વિરોધ-નિર્ગુણ ભક્તિ તથા કર્મકાંડ વિરોધ-નું આ સંપ્રદાયમાં ખૂન થયું છે તથા એ ખાળકુંડી બની ગયો છે,' એમ જે કહ્યું છે એનું કારણ આ સંપ્રદાયના કેટલાક ઘરડા ઉદાપંથીઓની વાતો પરથી અને એમના બાહ્ય લક્ષણો પરથી નિર્ણય બાંધ્યો હોય, એમ લાગે છે. કારણ કે કબીરના સમર્થ શિષ્ય જ્ઞાનીજીએ સ્થાપેલો આ સંપ્રદાય છે. સમયની સાથે કેટલાંક પરિવર્તનો અવશ્યંભાવી છે પણ મૂળભૂત તત્વો પરંપરાવાદી લોકો હમેશાં જાળવી રાખતા હોય છે.

પહેલાં નિર્ગુણ ભક્તિની વાત કરીએ તો અધ્વર્યુજીના જે અઠ્ઠાવીસ કીર્તનોનો ગીતાની જેમ એ લોકો પાઠ કરે છે, એ નિર્ગુણ ભક્તિનાં ઉદ્બોધક છે. એ હકીકત છે કે સંપ્રદાયમાં મૂર્તિપૂજા નથી.

અધ્યારુજીના "ગરુવા ગણપતિનો રાસ"નું વિવેચન કરતાં પુનિયાદની ગાદીના મહંત શ્રી યદુનાથજી મહારાજે લખ્યું છે કે "આ રાસને સર્વેશ્વરનો રાસ કહેવાય, તે સિવાય તે બીજા કોઇનો નથી." ઉદાપંથની શાખાના પ્રવર્તક જીવણજી મહારાજે પણ નિર્ગુણ ભક્તિનો જ ઉદ્ઘોષ કરેલો છે.

"मूल छांड छायाको ध्यावे । आदि रूप विसरहि जावे ॥
कोऊ मच्छरूपको ध्यावे । कोउ कच्छपको बतावे ॥
कोऊ सीताको मन लावे । कोऊ रामलक्ष्मण गुण गान ॥
कोऊ जोग - धारणा करही । कोऊ देवीकु अनुसरही ॥
कोऊ कर्मकांड मन लावे । कोई त्रिगुणदेवकु ध्यावै ॥

कोई तीरथव्रतकु करे । कोई कुलदेवी अनुसरे ॥
कोऊ वेदपुराण बखाने । कोऊ तीरथतपकु ठाने ॥
व्यास कुलीन कोटिक मिले, पंडित कोटि पचीस ।
श्वपच भगतकी पनही पर, तुले न वाको सीस ॥"

ઉપરના ઉદ્ધરણમાં સંપ્રદાયનાં મૂળ લક્ષણોનો ઉલ્લેખ છે. એમાં મૂળ પરબ્રહ્મની ભક્તિ અને અવતારવાદ, કર્મકાંડ, તીરથ, વ્રત, તથા વેદ પુરાણોની નિરર્થકતાનો નિર્દેશ કર્યો છે. જીવણજીની વાણી એજ ઉદાપંથની આચારસંહિતા છે. એ જોતાં એમાં નિર્ગુણની ભક્તિ અને કર્મકાંડનો વિરોધ નથી એમ કહી શકાય નહિ. એટલું જ નહિ પણ વિવાહ કે મૃત્યુ સમયે કર્મકાંડની કોઈ વિધિ નથી. એમાં માત્ર કર્મકાંડનો જ વિરોધ નથી, કર્મકાંડના પ્રવર્તક બ્રાહ્મણનો પણ વિરોધ છે. વિવાહની વિધિ વિવિધ ભજન ગીતો, આત્મા ને શરીરના સંબંધ જેવાં રૂપક ગીતોથી પ્રયોજાય છે. મૃત્યુ સમયે માત્ર ભજનોજ ગવાય છે. મરણોત્તર ક્રિયા, કર્મ કે શ્રાદ્ધ નથી. રૂઢીઓનો પણ વિરોધ છેજ. સંપ્રદાયના ભક્તસમાજના શુદ્ધાચારની પ્રશસ્તિ અન્ય સંપ્રદાયોએ પણ કરેલી છે. એ સમાજમાં દહેજની પ્રથા નથી. મોટેભાગે લોકો બીડી પણ પીતા નથી. સમાનતાની ભાવનાનો વિરોધ નથી. એક માત્ર વૈષ્ણવો જેવી મર્યાદા છે અરી.

કેળવણીના ક્ષેત્રમાં પણ આ લોકોએ વિકાસ કર્યો છે. કાનમ તથા સુરત વિભાગના ઘણા લોકો વિદેશ ગયા છે. રાજકારણમાં ગાંધીવાદી વિચારસરણી ધરાવે છે અને જાગૃત છે. સામાજિક રીતરિવાજો હોય છે, પણ તે બીજી કોઈ પણ જ્ઞાતિ કરતાં ઓછા. અને એક આખો જાતિસમાજ ભક્ત કહેવડાવતો હોય તો તે માત્ર આજ સમાજ છે. એમાં સામુહિક ભક્તિ છે. બધા ઉત્સવોમાં ભજન, લગ્નમાં પણ ભજન અને મૃત્યુ સમયે પણ

ભજન એવા સમાજને ખાળકુંડી નહિ, અમૃતકૂપ કહેવો, મને ઉચિત લાગે છે.

સ્થાપનાનો સમય

રામકબીર સંપ્રદાયના સ્થાપક અને પ્રવર્તક વિશેના અજ્ઞાનને લીધે એની સ્થાપના વિશે વિવિધ ભ્રમાત્મક સૂચનો થયાં છે. જંબુસરમાં એક 'નિહાલ દાજી' નામના સંત થઈ ગયા. એમણે સં. ૧૮૫૬માં 'હંસકબીર' નામના એક પંથની સ્થાપના કરી હતી. એના આધાર પર ડૉ. થુથીએ એમના ગ્રંથ "ધી વૈષ્ણવાઝ ઓફ ગુજરાત" માં લખ્યું છે કે–એ પહેલાં કબીર-પંથનું ગુજરાતમાં આગમન થયું ન હતું. જ્યારે બીજી તરફ 'ઓમ્બે ગેઝેટીયર' એ લખ્યું છે; "કબીર (જ્ઞાનીજી) દ્વારા કબીરપંથનું ગુજરાતમાં પ્રવર્તન ઈ સ. ૧૩૮૦ અને ૧૪૨૦ ની વચમાં થયું હતું. અને એ કબીરને 'જ્ઞાની' 'સંત' 'સત્સાહેબ' યા 'પરમપુરુષ' કહેતા હતા." એક ગુજરાતી લેખક શ્રી જનક દવે ગુજરાતમાં કબીર પંથની સ્થાપના સોળમી સદીમાં થઈ હતી, એમ માને છે. ધરમદાસી સાધુઓના પ્રયત્નથી ગુજરાતમાં કબીર-પંથની સ્થાપના સુરતના સચ્ચામપુરાના મંદિરમાંના પંજના આધારે વહેલામાં વહેલી સં ૧૭૬૫માં થયેલી જણાય છે, છતાં કેટલાંક ભજનોની હસ્તપ્રતને આધારે ચાવડા સાહેબે એનું પ્રવર્તન સં. ૧૫૭૫ અને ૧૬૮૦ વચ્ચે થયાનું અનુમાન કર્યું છે. પરંતુ જૂનામાં જૂના મહંત શ્રી કૃષ્ણદાસ સં. ૧૭૬૫માં ગાદીપતિ હતા. ડૉ. કેદારનાથ દ્વિવેદીને આ મંદિરમાંથી એક જૂનામાં જૂનો પત્ર મળ્યો હતો, જે આ મંદિરના મહંત શ્રી શોભાદાસ પર લખવામાં આવ્યો હતો

બાંધવગઢમાં ધર્મદાસની ગાદીના સંતોની પરંપરાના આધારે ડૉ. કી સાહેબે એ ગાદીનો પ્રારંભ સં. ૧૬૭૬ થી

ગણ્યો છે. ગાદીને સ્થિર થતાં અને વિકાસની સ્થિતિમાં આવતાં ઓછામાં ઓછાં પચાસ પંચોતેર વર્ષ લાગે. એ હિસાબે કબીર-પંથનો પ્રચાર સં. ૧૭૨૫ થી ૧૭૫૦ વચ્ચે થયો હોય, એ સંભવિત જણાય છે. એટલે જે સંતોના ભજનોની હસ્ત-પ્રતોના આધારે ચાવડા સાહેબ કબીરપંથનું પ્રચલન સં. ૧૫૭૫ અને ૧૬૮૦ ની વચ્ચે માનવા લલચાયા છે, તે રામકબીર-સંપ્રદાયના સંતો હોવા જોઈએ. સુરતમાં એ સમયે આ સંપ્રદાયના એક પ્રવર્તક પદ્મનાભના શિષ્ય લોચનદાસના પ્રતાપી સંતોની પરંપરા હતી. સ્વામી શ્રી બ્રહ્મલીન મુનિ જેવા કબીરપંથી વિદ્વાને પણ સ્વીકાર કર્યો છે કે "સદ્‌ગુરુ શ્રી કબીરસ્વામીના અંતર્ધાન થયા પછી જ કબીર પંથનો જન્મ થયો હતો"

જ્ઞાનીજીના સમય (સં. ૧૪૫૧-૧૫૫૯) સાથે આ સંપ્રદાયની સ્થાપનાને સંબંધ છે. જ્ઞાનીજીએ કબીરવડમાં દીક્ષા લીધી હતી. સોળ વર્ષની ઉમરે કુંવર ચતુરસિંહ લગ્નની વેદી પરથી ઊઠીને જયપુર શેખાવટીમાં ખોજીજી પાસે ગયા હતા. ખોજીજીએ એમને નર્મદાતટે કબીરવડવાળી જગ્યા (મંગલેશ્વર) તરફ મોકલ્યા હતા. શિલાલેખ પ્રમાણે સં. ૧૪૬૫ના વર્ષમાં કબીર સાહેબ અહિં આવ્યા હતા, સંભવ છે કે અહિં જ સં. ૧૪૬૬ માં જ્ઞાનીજીએ કબીર સાહેબ પાસે દીક્ષા લીધી હોય. દીક્ષા પછી જ્ઞાનીજી શૂલપાણીશ્વરની ઝાડીમાં બાર વર્ષ સુધી ધ્યાનયોગના અભ્યાસ માટે રહ્યા. એમણે પાંચેક વર્ષ દેશભ્રમણ પણ કર્યું હતું. એ જોતાં વિક્રમની પંદરમી સદીના અંતમાં કબીર સાહેબ, જ્ઞાનીજી તથા મણિપુરના રાજાએ મળી જે સર્વ-ધર્મ-પરિષદ્ બોલાવી, એમાં તમામ ધર્મો અને સંપ્રદાયોના વિદ્વાનો એકત્રિત થયા હતા. એ પછી જ્ઞાનીજીએ

પોતાના અનુયાયીઓને 'રામકબીર' શબ્દ આપ્યો હોય, એવી મારી ધારણા છે.

બોમ્બે ગેઝેટીઅરે જે સમય આપ્યો છે, તે આને મળતો આવે છે. એના પ્રવર્તક તરીકેના નામોમાં કબીર, જ્ઞાની, સત્સાહેબ, પરમપુરુષ વગેરે નામોનો ઉલ્લેખ થયો છે. તેનું કારણ એ છે કે જ્ઞાનીજી જ એના પ્રવર્તક હતા. કબીર સાહેબ અને પરમ-પુરુષ વચ્ચે જ્ઞાનીજી ભેદ જોતા ન હતા. તેથી સંપ્રદાયમાં એમનાં નામનો ઉલ્લેખ થયો હોય, એ સ્વાભાવિક છે.

નિર્વાણ પરંપરાના ત્રીજા સંત હીરાદાસે કબીરપંથની દીક્ષા લીધી હતી, એવો ઉલ્લેખ આચાર્ય ચતુર્વેદીના ગ્રંથ-'**उत्तरी भारत की संत परंपरा**' માં મળે છે. એમાં એ પરંપરાના **મૂળ** પુરુષ નિર્વાણ સાહેબને પણ કબીર-પંથી ઘોષિત કર્યાનું લખ્યું છે. આચાર્ય ચતુર્વેદીએ જે ગ્રંથના આધારે આ લખ્યું, એનો ઉલ્લેખ કર્યો નથી. પરંતુ આ કથનને એમણે પ્રામાણિક માન્યું નથી. એ નિર્વાણ સાહેબ મૂળ રામાનંદી હતા. કબીર સાહેબના પ્રભાવથી એ 'નિર્વાણ મહારાજ' ને બદલે 'નિર્વાણ સાહેબ' કહેવાયા. પણ કબીર સાહેબ પાસે એમણે દીક્ષા લીધાનો કોઈ ઉલ્લેખ મળતો નથી. ઉલટું એમણે કબીરવડ જઈ જ્યારે કબીર સાહેબને આમંત્રણ આપ્યું અને કબીર સાહેબે સુરત જઈ નિર્વાણ અખાડામાં આવી આખી રાત ભજન-સત્સંગ કર્યો ત્યારે સવારે એમના ગયા પછી સગુણ રામભક્ત સાધુઓએ નિર્વાણ સાહેબને પૂછ્યું કે તમે આ નિર્ગુણીઆ સંતનો આટલો બધો આદર સત્કાર કેમ કર્યો? ત્યારે નિર્વાણ સાહેબે સમજાવ્યું કે-તમે એમને ઓળખતા નથી. એ તો સ્વામી રામાનંદના શિષ્ય છે અને પોતે અવધૂત છે. એમને સગુણ-નિર્ગુણનો કોઈ ભેદ નથી. વળી તે સમયે કબીરપંથ અસ્તિત્વમાં આવ્યો જ ન હતો, એટલે એમને

કબીર-પંથી ગણવા ઉચિત નથી. હીરાદાસ સંત નિર્વાણુ સાહેબના શિષ્ય સદાનંદજીના શિષ્ય હતા. એમનો સમય સં. ૧૫૯૫ થી ૧૬૮૭ છે. એટલે જો હીરાદાસે પણ કોઈ કબીર-સંપ્રદાય સ્વીકાર્યો હોય, તો તે આ રામકબીર સંપ્રદાય જ હોઈ શકે. નિર્વાણુ-પરંપરાના સંતોનો લોચનદાસની પરંપરા સાથેનો સંબંધ જોતાં એ શક્ય બન્યું હોય.

રામકબીર પંથનું ગુજરાતમાં પ્રવર્તન :

ગુજરાતમાં આ પંથના પ્રવર્તન વિશે માત્ર વિદ્વાનોમાં જ ભ્રમ છે, એવું નથી, સ્વયં રામકબીર પંથના અનુયાયીઓમાં પણ કેટલોક ભ્રમ છે. પહેલી વાત તો એ છે, કે આ પંથની સ્થાપના સ્વતંત્ર રીતે થઈ છે, અને એને ધર્મદાસ સ્થાપિત કબીરપંથ સાથે કોઈ સંબંધ નથી, એ વાત પણ ઘણા જાણતા નથી. એનું કારણ એ છે કે આમ રામકબીર પંથી હોવા છતાં ટૂંકમાં એ લોકો પોતાને 'કબીરપંથી' કહે છે તેથી કેટલાક વિદ્વાનો પણ એવી ભૂલ કરે છે. ધરમદાસી સાધુઓએ આવીને એમના સત્કબીર-સંપ્રદાયની સ્થાપના સર્વપ્રથમ સુરતમાં કરી હતી, અને એનું મુખ્ય મંદિર સગ્રામપુરાનું કબીરમંદિર હતું. એમના જૂના પંજા-પરવાના પરથી જૂનામાં જૂની સાલ સંવત ૧૭૬૫ની મળે છે. છતાં ખૂબી એ છે, કે ગુજરાતમાં કબીરનો પ્રભાવ સં. ૧૫૭૫ અને ૧૬૮૦થી સ્વીકારવો પડે છે. ડૉ. કેદારનાથ દ્વિવેદીએ એક લેખમાં લખ્યું છે

"These Sadhus started from Chhatisghara of U. P. crossed Khandesh, entired Gujarat and selected Surat as a centre of their activities. In Gujarat the Kabir Panth temple at Surat

is the oldest. By examining the Panja Parwana of this Saghrampura temple, it is proved that the oldest date is 1765 A.D. But it is believed that the Kabir Panth got its root as early as between 1575 to 1680. This is evident from the source of Bhajans of Kabir of that time. The oldest Mahant of Surat Gadi was Shri Krishnadas in 1765. After laying its firm roots in Surat, the sect slowly spread throughout Gujarat and Saurastra."

—Kedarnath Dwivedi

'कबीर और कबीरपंथ'ના વિદ્વાન લેખક ડૉ. કેદારનાથ દ્વિવેદીએ પોતે આ મંદિરના પંજા-પરવાના જોઈ ઉપરનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું. એમણે એના આધારે આ લખ્યું છે. આ સમયે ભક્ત પાટીદારો કબીરપંથના પ્રભાવમાં આવ્યા, એમ આગળ કહેવામાં આવ્યું છે. પરંતુ પોતે પણ ભક્ત પાટીદાર હોવાથી કબીરપંથીઓ અને ભક્તો (રામકબીર પંથીઓ) વચ્ચેનો મુખ્ય ભેદ પણ એ જાણે છે, તેથી આગળ એમણે એનો ઉલ્લેખ કર્યો છે કે કોઈ પણ માણસ દીક્ષા લીધા પછી 'કબીરપંથી' થઈ શકે છે, અને 'કબીરપંથી' થયા છતાં પોતાની જ્ઞાતિ બદલતો નથી. એનો પુત્ર કે પુત્રી ગમે તે બીજા પંથની કંઠી બાંધી શકે છે. જ્યારે રામકબીરપંથી ભક્તોમાં તેવું નથી. એ આખી જ્ઞાતિ 'ભક્ત જ્ઞાતિ' કહેવાય છે. બાળક જન્મે કે સવા મહિને તેને પંથની કંઠી બાંધી દેવામાં આવે છે. આમ કબીરપંથના પ્રભાવની વાત કરવામાં આ ગુંચ ઉભી થતાં એમણે બીજી સંભાવનાનો ઉલ્લેખ કર્યો છે.

"The Kabir Panth was first propagates among the Patidars by Tatwa & Jiwa brothers of Kabirwad and his Guru or Mahant Jivanji Maharaj of Puniad. This is Considered by them as the main seat of their Panth."

આપણે આ બન્ને-કબીરપંથ અને રામકબીરપંથના અંતરને સ્પષ્ટ કર્યું જ છે. આ સંપ્રદાય કબીરપંથના પ્રભાવથી અસ્તિત્વમાં આવ્યો નથી. કારણ કે જ્યારે આ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો ત્યારે કબીરપંથ જ અસ્તિત્વમાં ન હતો. બીજી વાત એ છે કે તત્વા-જીવાએ શરૂઆતમાં આ સંપ્રદાયનો પ્રચાર કર્યો હશે, કારણ કે એ કબીર સાહેબના શિષ્ય હતા. પરંતુ પાછળથી કબીર સાહેબની આજ્ઞાથી બિહાર જઈ એ ફતુહા ગામમાં રહ્યા હતા, જ્યાં એમની ગાદી અને શિષ્ય-પરંપરા છે. ગુજરાતમાં આ સંપ્રદાયનો પ્રચાર એના સ્થાપક જ્ઞાનીજી અને પ્રવર્તક પદ્મનાભજીએ કર્યો હતો. તત્વા-જીવાના ગુરુ જીવણજી મહારાજ હતા, એમ કહેવામાં કાલક્રમનો દોષ છે. કારણ કે જીવણજીનો સમય (સં. ૧૬૪૯ થી ૧૭૩૯) સુધીનો હતો, જ્યારે તત્વા-જીવા કબીરના સમકાલીન હતા. જીવણજીએ આ સંપ્રદાયને વ્યવસ્થિત કર્યો અને એનો ઉદાપંથના નામે પોતાની જાતિના પાટીદારોમાં ખૂબ પ્રચાર કર્યો. એમના સમર્થ અને પ્રભાવશાળી વ્યક્તિત્વને લીધે પંથના મજબૂત મૂળ નંખાયાં.

પંથ પ્રવર્તક :

રામકબીર સંપ્રદાયના મૂળ પ્રવર્તક વિશે પૃથક્ પૃથક્ ઉલ્લેખો થયેલા છે. જૂદા જૂદા વિદ્વાનોએ કબીરથી માંડીને જ્ઞાનીજી, પદ્મનાભ, વિશ્વંભર તથા રામકબીરદાસના નામના ઉલ્લેખો

કરેલા છે. કબીરપંથના ગ્રંથોમાં કબીરના દ્વાદશ પંથની ચર્ચા આવે છે, એમાં રામકબીર સંપ્રદાયના દ્રુત તરીકે વિશ્વંભરનું નામ આવે છે. ગુજરાતમાં ખંભાત પાસે સક્કરપુરમાં ખારવા જાતિના એક ગુરુ 'વિશ્વંભર' થઈ ગયા. વસ્તા કવિએ પણ પોતાના નામની આગળ 'વિશ્વંભર' શબ્દ વાપર્યો છે. તે એના ગુરુ હોય, એમ માનવામાં આવે છે. સં. ૧૮૩૧ અને ૧૮૪૧ માં લખેલી કૃતિઓને આધારે વસ્તાજીનો જન્મ લગભગ સં. ૧૮૦૦ની આસપાસ માનવામાં આવે છે. એટલે વિશ્વંભર આ સંપ્રદાયના પ્રવર્તક હોઈ શકે નહિ, પાછળના પ્રચારક હોઈ શકે ખરા.

આચાર્ય ચતુર્વેદી તથા ડૉ. રામકુમાર ગુપ્તે આ બન્નેએ પ્રવર્તક તરીકે 'પદ્મનાભ'ના નામનો ઉલ્લેખ કર્યો છે. એનું કારણ એ છે કે પદ્મનાભે અને એમના ત્રણ શિષ્યો–લોચનદાસ, ધનરાજ અને નીલકંઠદાસે સૂરત, પાટણ તથા દ્વારકેજ (સૌરાષ્ટ્ર) માં આશ્રમો સ્થાપી રામકબીર સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો; તેથી આજે પણ એમનું નામ ખૂબ આદરથી લેવામાં આવે છે.

રામકબીરદાસ વિશે માધવદાસે સો વર્ષ પર રામટહલદાસને કહેલી કથા કાલ્પનિક છે. એને કોઈ આધાર નથી. ઑક્સ્ફર્ડ–કેમ્બ્રિજ ગેઝેટીયરના વિદ્વાન સંપાદકને કબીરના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજી વિશે જાણ નહિ હોવાથી એણે 'જ્ઞાની' શબ્દને કબીરનું ઉપનામ માની લીધું હતું.

આ સંપ્રદાયની મૂળ ગાદી (ધામ) ઝગડીઆ પાસે સાંજપુર ગામમાં છે. ત્યાં આજે પણ જ્ઞાનીજીનું સ્થાન, એમની સમાધિ, એમના નામની પરંપરા તથા એમની વાણીનાં પુસ્તકો પણ છે. સંપ્રદાયમાં અનેક સ્થળે આ મૂળ ધામનો ઉલ્લેખ મળે છે. એ વિશે સંપ્રદાયમાં કોઈ શંકા કે વિવાદ નથી.

જ્ઞાનીજીએ પોતાની વાણીમાં "રામકબીર" તથા 'રામ જેવા કબીર' એવા ઉલ્લેખો પોતાના ગુરુ માટે કર્યા છે. રામ તથા કબીરમાં એ અભેદ જોતા હતા. એમની વાણીના ઉલ્લેખો આ પ્રમાણે છે;

"शोभा है दरबार की । प्रताप दास कबीर ।
पंथ पुरातन खोजके । दूर किया पटचीर ॥६६५॥
रामकबीरा हो रहा । कलिजुगमें प्रकाश ।
सब संतनको तारवा । नाम धरिया दास ॥६६६॥
नहीं धोला पीला नहीं । नहीं राता नहीं स्याम ।
'ज्ञानी' समझ विचारिया । सद्गुरु जैसा राम ॥"८५॥

સંપ્રદાયના જૂનામાં જૂના ભજનગ્રંથ 'ઉદાભજનસાગર'માં શરૂઆતમાં જ લખ્યું છે, કે આ સંપ્રદાયના મૂળપુરુષ જ્ઞાનીજી હતા અને એમને કબીર સાહેબ મળ્યા હતા. સંત જીવણજીએ પણ લખ્યું છે કે પોતે જ્ઞાનીજીની પરંપરાના સંત છે.

"ज्ञानी के परमोध में उदा जीवणदास।"

સંપ્રદાયનું નામકરણ :

આ સંપ્રદાયના નામકરણ વિશે પણ ભિન્ન ભિન્ન મત વ્યકત કરવામાં આવ્યા છે. ઉદાપંથ રામકબીર સંપ્રદાય જ છે. જીવણજી પ્રભાવશાળી સંત હતા. એમણે પોતાના અનુયાયીઓને 'ઉદા' કહ્યા. કાલાનુક્રમે એ 'ઉદાપંથ' કહેવાયો.

(૧) સ્વામી રામાનંદના શિષ્ય અનંતાનંદની પરંપરામાં એક અનંતદાસ થઈ ગયા. એ અનંતદાસે કબીર સાહેબના જીવન વિશે 'कबीर परिचरी' લખી છે. એમાં એમ લખ્યું છે કે રામ અને કબીર એક છે. આત્મા અને પરમાત્મામાં કોઈ અંતર નથી.

"राम-कबीर एक ही मेका ।
जिन कोई करो अपनी टेका ।
जन ते ठाकोर, ठाकोर ते जन होई ।
ऐसी जुगत्य बनी है होई ॥"

(૨) પ્રો. કે. એમ. કાપડીઆએ 'રામકબીર'ના નામ વિશે એવો મત વ્યક્ત કર્યો હતો કે આ નામમાં સ્વામી રામાનંદ તથા કબીરના નામને મેળવી 'રામકબીર' શબ્દ ઘડવામાં આવ્યો છે. એમણે લખ્યું છે; "'રામકબીર' નામમાં જ આખા સંપ્રદાયનો મર્મ છૂપાયેલો છે. આ સંપ્રદાયવાળા રામાનંદ અને કબીર બન્નેને ખૂબ આદર આપે છે. એટલે રામકબીરમાં રામાનંદના રામ અને વિષ્ણુના અવતાર જેવા કબીર ને જોડી સુંદર સુભગ સમન્વય કર્યો છે."

(૩) સ્વામી શ્રી બ્રહ્મલીનજી મુનિએ "રામકબીર" ના નામ વિશે જણાવ્યું છે, "જ્ઞાનીજીએ કબીર સાહેબનાં દર્શન કર્યા હતા અને કબીર સાહેબની કૃપાથી શ્રી રામનાં દર્શન કર્યા, એટલે રામ અને કબીર શબ્દને ભેગા કરી "રામકબીર" શબ્દનો ઉચ્ચાર કર્યો, અને એમના અનુયાયીઓએ એ સ્વીકારી લીધો."

એક અન્ય કબીરપંથી સંત શ્રી તપસ્વી સાહેબે એ વિશે કહ્યું છે, કે "ઘટઘટમાં રમણ કરનાર રામ અને એનાં દર્શન કરાવનાર કબીરને જોડીને જ્ઞાનીજીએ 'રામકબીર' શબ્દ પ્રયોજ્યો હતો."

(૪) જીવણજીએ પોતાના એક શિષ્ય કૃષ્ણદાસને દીક્ષા આપતી વખતે 'રામકબીર' શબ્દ કહ્યો ત્યારે કૃષ્ણદાસે શંકા વ્યક્ત કરી કે રામનું નામ સૌ જાણે છે અને કબીરનું નામ ઓછા માણસો જાણે છે. વળી કબીરનું નામ લેવાથી રામકૃષ્ણની

યાદ આવે નહિ, એ નામ તમે બતાવ્યું, તેથી મારા મનમાં શંકા થઈ છે. કૃષ્ણદાસની શંકાનું સમાધાન કરતાં જીવણજીએ કહ્યું હતું કે તમે કબીર સાહેબને ઓળખતા નથી. એ સંતપુરુષના સ્વરૂપને કોઈ વિરલજન જાણે છે. ખરેખર તો એ આદ્ય પુરુષનું રૂપ છે. કબીર સાહેબે જ્ઞાનીજી પર કૃપા કરી રામકૃષ્ણના દર્શન કરાવ્યાં. એમના મનના સર્વ સંશય દૂર કરી એમને પોતાના શિષ્ય બનાવ્યા. ત્યારે જ્ઞાનીજીએ રામકૃષ્ણની ભક્તિનો પણ વિચાર કર્યો, અને 'રામકબીર' નામ ઠરાવ્યું. બધા સંતોએ તેનો સ્વીકાર કર્યો. એની પરંપરામાં અમે થયા. "રામકબીર" નો મંત્ર ગ્રહણ કર્યો, તે તમને બતાવી દીધો.*

રામકબીર શબ્દનો અર્થ રામ અને કબીરમાં કોઈ ભેદ નથી, બન્ને એક છે એવો થાય છે. મૂળ પુરુષ કબીર સાહેબે પોતે કહ્યું છે કે રામ અને કબીર એક છે, એને કોઈ જાણતું

---

* " ज्ञानी के भये कबीर सहाई ।
रामकृष्ण जिन दियो बताई ॥
ज्ञानी के गुरु कबीर भये ।
मन के सब संशय गये ॥
तब ज्ञानी मन किया विचारा ।
रामकृष्ण सब किया निरधारा ॥
रामकबीर यह नाम ठहराया ।
सब संतन मिली एही गाया ॥
ताके परमोधमें हम भये ।
रामकबीर मंत्र चित्त दये ॥
तब "रामकबीर" नाम ठहराई ।
सोई तुमको दिये बताई ॥ "
उ. ध. पं. र. मा. (पृ. २०१)

નથી. "रामकबीरा एक भये हैं, कोई न सके पिछानी॥" આમાં રામકબીર સંપ્રદાયના નામ પુરતીજ સૂચના નથી, પણ આત્મા અને પરમાત્માના ઐકયના તત્વજ્ઞાનનો નિર્દેશ પણ છે. કબીરજીની વાણીના શબ્દાર્થ અને ભાવાર્થની પરંપરા શ્રી જીવણજીની વાણીમાં પણ પ્રતીત થાય છે. એમણે કહ્યું છે, કબીર અને રામ બન્ને બરાબર છે.

" दोई बराबर जीवणा, भगतराज, रणधीर ।
काशीवासी कबीरजी, सरजुतीर रघुवीर ॥" ૫ ॥

બન્નેને જૂદી જૂદી ઉપમાઓ આપતાં એમણે લખ્યું છે, કે કબીરજી પ્રેમસ્વરૂપ છે, જ્યારે રઘુપતિ આતમસ્વરૂપ છે. મનુષ્યના ઉદ્ધારાર્થે જ એમણે કળિયુગમાં વિશ્રામ કર્યો. એક સગુણ છે, બીજા નિર્ગુણ. એક વિશ્વને પોષે છે બીજા ભજન રૂપી શરીરને પોષે છે. (પ્રેમ અંગ-૧ અને-૨) રઘુવીર તો નિરાકાર છે. એને રૂપ કે રેખા નથી. એ તો આદિપુરુષ છે. પરંતુ હવે કલિયુગમાં એમણે કબીરનું શરીર ધારણ કર્યું છે. એ કબીર સાહેબ તો હવે તેજપુંજ પ્રકાશમાં પહોંચી ગયા. પરંતુ આપણે જે રઘુવીરનું ભજન કરીએ છીએ, તે એજ સાંઈ હતા."

જીવણજી કહે છે કે કોઈ શ્રી વિષ્ણુની ભકિત કરે છે, કોઈ શિવ કે હનુમાનની ભકિત કરે છે. પરંતુ અમે તો ભગવાનના નામ રૂપે 'દાસ કબીર'ને સ્મરીએ છીએ. જગતને તારવા માટે કબીરે શ્રીરામનું નામ લીધું હતું, અન્યથા સ્વામી રામાનંદના શિષ્ય કબીરમાં જ ભગવાન રામનું ધામ હતું.

જીવણજી કહે છે કે વિરહમાં શરીર જલે છે, જ્યારે 'રામકબીર' મળશે ત્યારે મન નિશ્ચિત થશે બે અક્ષરના અંતરમાં પણ 'રામકબીર' એકજ છે. જેને સદ્‌ગુરુએ વિવેક શીખવ્યો હોય, તેજ એ સત્ય સમજે છે.

આ સંપ્રદાયના આદ્ય સંસ્થાપક જ્ઞાનીજીએ સ્વીકાર કર્યો છે કે આ તો પ્રાચીન માર્ગ છે, સદ્‌ગુરુ કબીર સાહેબે પડદો અસેડી એની શોભાના દર્શન કરાવ્યાં હતાં.

शोभा है दरबार की, प्रताप दास कबीर ।
पंथ पुरातन खोजके, दूर किया पटचीर ॥६६॥

જ્ઞાનીજીના મનમાં સદ્‌ગુરુ કબીર અને શ્રીરામ વચ્ચે કોઈ ભેદ નથી. "**'ज्ञानी' जैसा राम है, तैसा ही गुरु जोय ।**" તેથી જ એમણે **રામકબીર** નામ પાડયું હતું.

"**रामकबीरा हो रहा कलियुगमें प्रकाश ।**"

સમગ્ર મતને તપાસતાં એક માત્ર પ્રો. કાપડીઆનો મત જૂદો પડે છે. 'રામકબીર' શબ્દમાં સ્વામી રામાનંદનો **રામ** અને **કબીર** ના નામનો મેળ છે, એવા એમના વિચારને સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી અને જીવણજીની વાણીથી સમર્થન મળતું નથી. કબીરપંથી સંત શ્રી બ્રહ્મલીનજી તથા તપસ્વી સાહેબનો મત ઉચિત જણાય છે કે જ્ઞાનીજીએ ઘટઘટ વ્યાપક 'રામ' અને એનાં દર્શન કરાવનાર ગુરુ 'કબીર'ના નામોનો યોગ કર્યો હતો. જ્ઞાનીજીએ સ્વયં પોતાની વાણીમાં લખ્યું છે; "**सद्‌गुरु के परसाद ते पाया राम आधार ।**" સાથે સાથે એ પણ મહત્ત્વનું તથ્ય છે, કે એમને મન **રામ** અને **કબીર** વચ્ચે કોઈ ભેદ ન હતો.

રામકબીર અને સતકબીર સંપ્રદાયની તુલના અને અંતર :

૧. રામકબીર સંપ્રદાયના પ્રવર્તક કબીર સાહેબના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજી હતા, જ્યારે સતકબીર સંપ્રદાય (કબીર પંથ) ની સ્થાપના સંત ધર્મદાસજીએ કરી હતી.

૨. રામકબીર સંપ્રદાયનું પ્રવર્તન કબીર સાહેબના સમયમાં જ લગભગ સં. ૧૪૮૦ની આસપાસ થયું હતું, જ્યારે કબીર પંથની સ્થાપના કબીર સાહેબના અવસાન પછી સો દોઢસો વર્ષે થઈ હતી.

૩. રામકબીર સંપ્રદાયની સ્થાપના ગુજરાતમાં રાજપીપળા વિભાગના ઝગડીઆ પાસે નર્મદાતટે સાંજપુર ગામમાં થઈ હતી, જ્યારે કબીર પંથની સ્થાપના બાંધવગઢમાં થઈ હતી.

૪ કબીરપંથમાં સ્નાન, ચૌકા આરતિ જેવી વિધિઓ તથા બીજા આચાર છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં કોઈપણ પ્રકારનું કર્મકાંડ નથી. વિવાહ તથા મૃત્યુ સમયે પણ માત્ર ભજન ગીતો જ ગવાય છે.

૫. કબીરપંથ એક માત્ર નિર્ગુણમાં માને છે. અને એમાં સગુણ મત સાથે કોઈપણ જાતની સમજૂતિ કરવા તૈયાર નથી. રામકબીર સંપ્રદાયમાં થોડી સમન્વયની ભાવના છે. મૂર્તિ તો એમણે પણ અપનાવી નથી, પણ એના વિરોધમાં રાચતા નથી. કબીરવડનું મંદિર આ સંપ્રદાયનું છે. એમાં કબીરની મૂર્તિ મૂકી છે. સગુણ નિર્ગુણના સમન્વયનું કારણ નિર્ગુણ રામ અને સગુણ કબીરનો સમન્વય કરી 'રામકબીર' નામ આપ્યું છે.

૬. રામકબીર સંપ્રદાયમાં વૈષ્ણવ પરકતા છે, તેવી કબીર પંથીઓમાં નથી. કારણકે એના સ્થાપક જ્ઞાનીજી પર કબીર સાહેબ તથા સ્વામી રામાનંદનો સંયુકત પ્રભાવ હતો.

૭. રામકબીર સંપ્રદાયમાં રામના નામને ઘણું મહત્વ છે. એ પંથના અનુયાયીઓ 'રામકબીર' શબ્દનો જાપ કરે છે. જ્યારે કબીર પંથીઓ 'રામનામ'ને સ્થાને 'સત્નામ' શબ્દનો ઉપયોગ

કરે છે. કબીર પ્રદત્ત 'રામનામ'ને આ રામકબીર સંપ્રદાયે હજી છોડયું નથી.

૮. અવતાર પૂજા :

રામકબીર સંપ્રદાયમાં રામ અને કૃષ્ણને બ્રહ્મના અવતાર માનવામાં આવે છે, એમનાં લીલાના ગીતો ગવાય છે. રામનવમી અને કૃષ્ણ અષ્ટમી જેવા ઉત્સવો ઉજવાય છે. પણ એમને રામ અને કૃષ્ણમાં કોઇ ભેદ નથી. જીવણજીએ કહ્યું છે કે જે ગોકુળમાં ગાયો ચરાવે છે, તે રામ છે. કબીરપંથીઓ અવતારનો વિરોધ કરે છે.

૯. મરણની ક્રિયા :

કબીર પંથમાં મહંતના મૃત્યુ પછી તેને મંદિર પાસે જમીનમાં દાટી તે પર સમાધિ ચણાવે છે. અને પાછળ શ્રાદ્ધ ક્રિયા કરી ભંડારો કરવાની પ્રથા છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં આચાર્ય (મહંત)ના દેહને અગ્નિદાહ કરાય છે. પછી એમનાં અસ્થિને કુંભમાં મૂકી તેના ઉપર તુલસી કયારાની રચના કરાય છે. આવા માટીના તુલસી કયારા પાટણની પદ્મવાડીમાં છે. જ્યારે પુનિયાદ, દરાપરા, સાંજ વગેરે સ્થાનોમાં ચણેલા તુલસી કયારા છે.

૧૦. નમસ્કારની રીત :

બન્ને સંપ્રદાયોમાં સંતો અને મહંતોને મળતી વેળા નમસ્કારની રીતો જુદી જુદી છે. કબીરપંથમાં બન્ને હાથનો ખોબો કરી સંતની નજર પોતાને મળે એ રીતે 'બંદગી સાહેબ' યા 'સત્ત સાહેબ' બોલી નમન કરે છે. જ્યારે 'રામકબીર-સંપ્રદાય'માં દરેક માણસ પોતાનાથી વડીલ ને પોતે પહેલાં

'રામકબીર' કહે છે. આચાર્ય કે કોઈ માનનીય સંત સામે નીચે બેસીને બન્ને હાથ જોડી "રામકબીર" કહે છે.

૧૧. તિલક :

કબીર પંથમાં પોતાના નાકના ટેરવાથી કપાળમાં ઉર્ધ્વ તિલકની એક ધારા ચંદનથી કરે છે. એકજ લીટી હોય છે. બે નહિ. જ્યારે 'રામકબીર' માં કપાળની વચમાં ભ્રમરની ઉપર વૈષ્ણવો જેવી બે સમાંતર ચંદનની લીટીઓ હોય છે.

૧૨. ગાદી પૂજા :

કબીરપંથમાં ગાદી પર બીજક મૂકી તેની પૂજા થતી હતી. હવે બીજક સાથે કબીર સાહેબની તસ્વીર પણ કોઇ કોઈ જગ્યાએ હોય છે. રામકબીર સંપ્રદાયમાં ઊંચું સ્થાન કરી તે પર સંતોના ભજનોનું પુસ્તક મૂકી ધૂપદીપ કરી સવાર સાંજ ભજન કરે છે.

૧૩. વિવાહ-વિધિ :

કબીરપંથીઓ વૈદિક વિધિથી બ્રાહ્મણ પાસે લગ્ન, ગ્રહશાંતિ વગેરે કરાવે છે, તથા બેન્ડ વાજાં વગડાવે છે. જ્યારે રામકબીર સંપ્રદાયના લોકો આવા પ્રસંગો પર પંથના આચાર્યશ્રીની પધરામણી કરે છે. અને ગાદી પર ફળફૂલથી પૂજા કરે છે, તથા બધા ઘોળ મંગળ વગેરે ભજનો ગાય છે. વૈદિક વિધિ કરતા નથી. બ્રાહ્મણને બોલાવતા નથી. ઢોલ કે બેન્ડ વગડાવતા નથી.

૧૪. રોટી-બેટી વ્યવહાર :

કબીર સંપ્રદાયમાં જૂદી જૂદી જ્ઞાતિના સભ્યો જોડાયલા હોય છે. પાટીદાર, ક્ષત્રિય તથા મોટાભાગના કારીગર વર્ગના હોય છે. માંજલપુરની ગાદીના પ્રભાવથી ઘણા ભીલ અને

આદિવાસીઓ જોડાયા છે. એટલે એ બધા વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર નથી. જ્યારે રામકબીર સંપ્રદાયમાં સુરત, ભરૂચ, વડોદરા અને મહેસાણાના જે પાટીદારો એમાં જોડાયા તેમની એક જૂદી જ્ઞાતિ, ભ ત સમાજ અથવા ભક્ત પાટીદાર કહે છે. ઘણા તો પોતાની અટક પણ ભક્ત લખાવે છે. એ લોકોમાં અંદર અંદર રોટી-બેટીનો વ્યવહાર હોય છે. પણ બીજા સાથે એવો સંબંધ રાખતા નથી. સૌરાષ્ટ્રમાં આ સંપ્રદાયમાં બીજી જાતિઓ પણ છે.

૧૫. ઉત્સવો :

કબીર સંપ્રદાયમાં કબીર જયંતિ તથા ગુરુપૂર્ણિમા ઉજવાય છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં વસંતપંચમી, હોળી, રામનવમી, કબીરજયંતિ, ગુરુપૂર્ણિમા, કૃષ્ણ જયંતિ, ઋષિપંચમી, જ્ઞાનીજીની પુણ્યતિથિ તથા જીવણજીની પુણ્યતિથિ ઉજવાય છે ઉદાપંથમાં માત્ર ગોવર્ધનસમો, વસંતપંચમી, ધુળેટી, રામનવમી, જન્માષ્ટમી ઉજવાય છે.

૧૬. દાસ – સાહેબ :

સત્કબીર સંપ્રદાયમાં સંતો - મહંતોના નામ પાછળ 'સાહેબ' લખવાનું પસંદ કરવામાં આવે છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં 'દાસ' લખાય છે.

૧૭. કબીરનું સ્થાન :

કબીર પંથના સંતો કબીર સાહેબને સત્પુરુષ એટલે ઈશ્વર યા બ્રહ્મ માને છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં કબીર સાહેબનું સ્થાન સદ્‌ગુરુનું છે. ઈશ્વર તરીકે રામ યા કૃષ્ણના નામને ગણે છે. બન્ને સંપ્રદાયોનો આ પ્રમુખ વિરોધ છે. જોકે રામકબીર સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી, રામ અને કબીર ને એક ગણતા હતા.

૧૮. તત્ત્વજ્ઞાન :

કબીર પંથમાં કબીરના તત્ત્વજ્ઞાનને વધુ મહત્ત્વ અપાય છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં પ્રેમલક્ષણા ભક્તિને જેને આ લોકો 'નામરૂપની ભકિત' પણ કહે તેનું મહત્ત્વ છે.

૧૯. આચાર ધર્મ :

કબીર પંથમાં આચારશુદ્ધિ સંતો કે મહંતો સુધી મર્યાદિત રહે છે, જ્યારે રામકબીર સંપ્રદાયમાં આખો ભકત સમાજ એનું પાલન કરે છે. દાખલા તરીકે આખા સમાજમાં કોઈ બીડી પીતું નથી કે કોઈ દહેજ લેતું નથી.

૨૦. જાતિ :

કબીર પંથમાં દીક્ષા લેનારની મૂળ જાતિ બદલાતી નથી. જ્યારે રામકબીરના ભક્ત પાટીદારોની એકજ જાતિ છે.

સંપ્રદાયનો વિસ્તાર :

આ સંપ્રદાયની પ્રમુખ ગાદી ઝગડીઆ પાસે સાંજપુરમાં છે. જ્ઞાનીજીની પરંપરાના શિષ્ય જીવણજીએ પુનિયાદ (જી. વડોદરા) માં ગાદી સ્થાપી હતી. આ પરંપરાના બીજા સંતોએ હંસાપુરા, સરદારપરા, દરાપરા, પણસવાડા વગેરે સ્થળોએ ગાદીની સ્થાપના કરી હતી. જ્ઞાનીજીના ગુરુભાઈ પદ્મનાભે પાટણમાંથી પ્રચાર કર્યો હતો. એમના મિત્ર જેવા એક શિષ્ય ધનરાજ એમની સાથે રહ્યા હતા. પરંતુ બીજા શિષ્ય નીલકંઠદાસે ગુરુની આજ્ઞાથી સૌરાષ્ટ્રમાં દુધ્વસર પાસે સં. ૧૫૯૫ માં આશ્રમ સ્થાપી ત્યાંથી સૌરાષ્ટ્રમાં આ સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. પદ્મનાભજીના એક બીજા શિષ્ય લોચનદાસે પણ ગુરુની આજ્ઞાથી સુરતમાં આવી તાપી તટે

આશ્રમ બાંધી 'રામકબીર'નો પ્રચાર કર્યો હતો. પદ્મનાભના આ શિષ્ય લોચનદાસની પરંપરામાં અત્યંત પ્રભાવશાળી સંતો થઈ ગયા. ઈશ્વરકૃપાથી એ સંતોની વાણી પણ કાળના પ્રહારમાંથી અજબ રીતે બચી જવા પામી છે. પરંતુ પદ્મનાભની પાંચમી પેઢીના મહંત પ્યારેદાસજીએ પોતાના પછી આશ્રમના એક અંત્યજ સેવકને ગાદીનો મહંત બનાવ્યો. પ્યારેદાસજીની સમાધિ પછી એ આશ્રમના બીજા સાધુઓ અને આસપાસના બ્રાહ્મણોએ મળી આશ્રમને નષ્ટ કરી દીધો. એના બે દિવસ પછી તાપીની ભારે રેલમાં જે કંઈ બચ્યું હતું, તે પણ તણાઈ ગયું.

સૌરાષ્ટ્રના વઢવાણ પાસે દ્રુધરેજની ગાદીમાં નીલકંઠની પરંપરામાં એક ષટમદાસ નામના સંત થઈ ગયા. સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રસિદ્ધ સંત ભાણ સાહેબને એમણે દીક્ષા આપી હતી. ભાણ સાહેબે વડોદરા પાસે શેરખીમાં ગાદી સ્થાપી હતી જ્યારે બીજા શિષ્ય લબ્ધરામદાસ દ્રુધરેજની ગાદી પર રહ્યા હતા. ત્યાં આજે એમની પરંપરા ચાલે છે ષટમદાસે એક વડ વાવ્યો હતો. આહિર કન્યાઓ એના મૂળમાં દૂધ સીંચતી. એ વડ આજે એક વિશાલ વટવૃક્ષ બન્યો છે. આપણે એને કબીરવડની પરંપરા કહી શકીએ. એ આશ્રમ આજે વટપત્યાશ્રમ તરીકે ઓળખાય છે.

ભાણ સાહેબના ૪૦ શિષ્યો હતા. તે ભાણફોજના નામે ઓળખાતા એમના એક શિષ્ય રવિસાહેબ પ્રતાપી સંત હતા. હિન્દી તથા ગુજરાતીમાં એમણે વિપુલ સંત વાણીની રચના કરી હતી. ભાણના પુત્ર ભીમ સાહેબે કચ્છના રાપર માં સ્થાન બનાવ્યું હતું. આ રીતે રામકબીર સંપ્રદાયનો પ્રચાર દક્ષિણમાં સુરતથી ઉત્તર ગુજરાતમાં પાટણ અને સૌરાષ્ટ્ર કચ્છ સુધી વિસ્તરેલો હતો. ભાણ અને રવિસાહેબ જેવા પ્રતાપી સંતોને લીધે એ

પરંપરા પાછળથી રવિભાણુ સંપ્રદાય તરીકે ઓળખાઈ. આમ ગુજરાતમાં સ્થાપિત રામકબીર સંપ્રદાયનો પ્રચાર સમગ્ર ગુજરાતમાં થયો હતો.

સંદર્ભ-ગ્રંથ

૧. હિન્દીના વિકાસમાં ગુજરાતીઓનો ફાળો–શ્રી જનક દવે.

૨. આપણી લોકસંસ્કૃતિ–શ્રી જયમલ પરમાર

૩. उत्तरी भारतकी संत-परंपरा–आचार्य परशुराम चतुर्वेदी (पृ. ३२९)

૪. रामानंद संप्रदाय तथा हिंदी साहित्य पर उसका प्रभाव डॉ. बदरीनारायण श्रीवास्तव

૫. સર્વાજીત પંડિતની ગોષ્ઠી–સં. શ્રી મણિલાલ મહેતા

૬. सद्गुरु श्रीकबीरचरितम्-स्वामी श्री ब्रह्मलीनमुनि (पृ. २५३)

૭. कबीर ब्रह्मप्रकाश–श्रीतपस्वीजी

૮. Kabir and his followers. F. E. Kaey.

૯. The Vaishnavas of Gujarat. Dr. Thuthi (P. 12)

૧૦. Bombay Gazetteer Vol–9 (P. 539)

૧૧. कबीर परिचरी–अनंतदास वि. ६ (दोहा ९)

૧૨. Sociology of Calture in India–
K. M. Kapadia (P. 254)

૧૩. हिन्दी साहित्य को गुजरात के संत कवियोंकी देन–
डॉ. रामकुमार गुप्त

૧૪. उदाधर्म पंचरत्नमाला-प्र. स्वामी श्री यदुनाथजी–
पुनियाद (पृ. ४३०)

૧૫. જ્ઞાની સાખી ગ્રન્થ-હસ્તલિખિત ગ્રન્થ (લેખક પાસે)
૧૬. ગુજરાત કે સંત કવિયોં કી હિન્દી સાહિત્ય કો દેન-
ડૉ. રામકુમાર ગુપ્ત
૧૭. કબીર સંપ્રદાય-શ્રી કિસનસિંહ ચાવડા (પૃ. ૧૪૬)
૧૮. 'સંત નિર્વાણ સાહેબ'-શ્રી માણેકલાલ રાણા. (પૃ. ૪૮૭)
૧૯. પ્રાચીન કાવ્યમાલા-ગ્રંથ-૧૧ (પૃ. ૨૨૫)
૨૦. રાધોદાસ કી ભક્તમાલ-(પૃ. ૫૧)
૨૧. 'મેકરણદાદા'-શ્રી ઝવેરચંદ મેઘાણી (પૃ. ૧૩)
૨૨. 'જીવણવાણી' પ્ર. જગમોહનભાઈ ભક્ત (અંક-૩)
૨૩. 'कबीर और कबीर पंथ'-डॉ. केदारनाथ द्विवेदी

પ્રકરણ ૩ : સંપ્રદાયની રૂપરેખા

સંત – પ્રભાવ :

રામકબીર સંપ્રદાયના સિદ્ધાંતો અને એના તત્ત્વજ્ઞાન વિશે કોઈ ગ્રંથ લખાયો નથી, પરંતુ આ સંપ્રદાય પર જે સંતોનો પ્રભાવ પડયો છે તેમની વાણીના આધારે એની વિચારધારા નિર્ણિત થઈ શકે. એ સંતોમાં કબીર સાહેબ શિરોમણિ છે. કબીરની પરંપરાના સંત જ્ઞાનીજી, ધનરાજ અધ્વર્યુ તથા જીવણજીની વાણીનો પ્રભાવ પણ સવિશેષ પડયો છે. સંપ્રદાયના કોઈ નિશ્ચિત માર્ગદર્શક સિદ્ધાંતો ગ્રંથાકારે લખાયલા નહિ હોવાથી કયારેક મતમતાંતરો પણ થતા હોય છે. એ સ્થિતિમાં સંપ્રદાયના મૂળ પુરુષો–કબીરજી, જ્ઞાનીજી, અધ્યારુજી, સંત માધવદાસ, ભાણુસાહેબ, રવિસાહેબ તથા જીવણજી મહારાજની વાણીના આધારે જે સ્થાપના થાય, એ અધિકૃત ગણાવી જોઈએ.

સંપ્રદાયમાં કબીર સાહેબનું મહત્ત્વ અને પ્રભાવ :

આ સંપ્રદાયના આદ્ય સ્થાપક જ્ઞાનીજીએ કબીર સાહેબને ગુરુ કર્યા હતા. એમણે પોતાની વાણીમાં અનેક વખત એ વાતનો ઉલ્લેખ કર્યો છે. અહિં એક દૃષ્ટાંત પુરતું છે.

" સદ્‌ગુરુ મિલે કબીરજી, દેખા નૈન સમાન ।
આપા માંહે આપ હૈ, તો કાસો કહી અયાન ॥" ૫૮ ॥

આ સંપ્રદાયના મૂળ સદ્‌ગુરુ કબીર છે, એમ ગોપાલદાસજીએ સ્વમુખે જીવણજીને કહ્યું હતું. (ગુરુઅંગ–૨૫) પાછળથી એ વિશે વિવાદ ઉભો થયો હોવો જોઈએ. સંપ્રદાયમાં **મૂર્ત વિરાધ છે, પણ અવતાર વિરોધ નથી.** સંભવ

છે કે એવા કોઇ કારણસર એ સ્થિતિ ઉભી થઇ હોય; પરંતુ જીવણજીએ સહુને મમત છોડીને સહુના સદ્‌ગુરુ તરીકે કબીરજીને સ્વીકારવા અનુરોધ કર્યો છે.

" सब के सद्‌गुरु कबीरजी, ममत करो जन कोई ।
और दुनिया को जीवणा, सद्‌गुरु घर की जोई ॥"૯૦॥

આ સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી અને પદ્મનાભજી કબીર સાહેબના શિષ્યો હતા. આ એમની જ પરંપરા છે, તેથી કબીર અને એમની વિચારધારાનું સહજ જ ખૂબ મહત્ત્વ છે.

'જ્ઞાનીજી' કહે છે; "વડના ટેટામાંના બીજ જોઈને મારું મન મૂંઝવણમાં પડી ગયું હતું, પરંતુ જ્યારે સદ્‌ગુરુ કબીર મને મળ્યા ત્યારે મારો ભ્રમ દૂર થયો. (૬૧) દેવ જેવા તેજના પુંજ સદ્‌ગુરુના મિલનથી મારા હૃદયનો અંધકાર દૂર થઈ ગયો. (૧) મેં ધૈર્ય રાખી મનને નિશ્ચલ કરીને ગુરુની સેવા કરી. ત્રણે લોકમાં બસ 'કબીર' 'કબીર'ને યાદ કરો. (૫૭) એમણે કૃપા કરીને મારો ભ્રમ દૂર કર્યો. એમના મુખની અમૃત-વાણી સહુ સંતો પ્રેમથી સાંભળતા હતા. (૩૧) સદ્‌ગુરુ જ્યારે મને મળ્યા, ત્યારે એમણે બ્રહ્મનો ભેદ ખોલી દીધો. ત્યાં કોઈ મળી શકતું નથી કે વેદ પણ પહોંચી શકતા નથી." (૬૦)

એ જ પ્રમાણે જીવણજીએ પણ કબીર સાહેબનું મહત્વ પ્રસ્થાપિત કર્યું છે; "કબીર ધર્મના ધોરી હતા. લોકોનો સંસારની માયાથી ઉદ્ધાર કરવા જનક વિદેહીની જેમ એમણે જન્મ લીધો હતો. (શૂન્ય.૧૬) કાશી કહે છે કે કલિયુગમાં હવે મારું મહત્વ નથી, કારણ કે જ્યાં કબીરે વિશ્રામ કર્યો, એ મગહર મુક્તિક્ષેત્ર બની ગયું છે. (૧૫ ભ્રમ.) કબીર જેવા સંત કોઈ થયા નથી અને થશે નહિ, જગતનો ઉદ્ધાર કરવા એ મહાપુરુષે જન્મ લીધો હતો."

" हुआ न होसी जीवणा, जैसा दास कबीर ।
जग तारन को अवतरे, वीरन में महावीर ॥" दास-૧૭॥

"સહુ સંતોમાં એક કબીર કારીગર હતા, એમણે એવો સુશોભિત ઘાટ બનાવ્યો કે રઘુવીર રીઝાઈ ગયા. (૧૬ સંત.) એ કબીરની નિર્ભયતા રૂપી ખાટને સંતોએ વહેંચી લીધી. જેના મનમાં આંટ હશે, એના હાથમાં કશું આવશે નહિ. (૧૭ સંત.) સહુ સંતોના શિરોમણિ એ જુલાહા (કબીર) ભગતે જગતને જીતી લીધું અને જેની જેવી શકિત હતી, તેને તે પ્રમાણે 'નામબંટાઈ' કરી."

" जग जुलाहे जीतियो, सब संतन को सिर ।
नाम बंटाई जीवणा, जाको जैसी धीर ॥" संत. १८॥

એ જ રીતે જીવણજીએ કબીરને રામના અવતાર માન્યા છે.

રામના અવતાર તરીકે સ્વીકાર :

"કાશી કહે છે, હવે કબીરનો અવતાર થયો છે, એટલે મારું કોઈ મહત્વ રહ્યું નથી, તેથી હું સ્વર્ગે જાઉં છું. (ભ્રમ-૧૪) જેવી રીતે યમુના તટે શ્રીકૃષ્ણ પ્રગટ થયા, સરયુ તીરે શ્રીરામ પ્રગટ્યા, તેવી રીતે ગંગા તટે દાસ કબીર પ્રગટ થયા. (ભ્રમ-૨૭) કલિનું કલંક ઉતારવા એ પ્રગટ થયા હતા. એ રીતે શ્રીરામ પ્રગટ થવાથી ગુરુએ જીવણજીને પાવન કરી દીધા. (ભ્રમ-૩૬) શ્રીરામને રૂપ કે રેખા નથી. પહેલાં શ્રીરામ એવા હતા, હવે તો કબીર પણ એવા થઈ ગયા. (ભ્રમ-૪૧) દ્વાપરમાં શ્રીકૃષ્ણ, ત્રેતામાં શ્રીરામ અને કલિયુગમાં કબીર પ્રગટ થયા." (ભ્રમ-૨૬)

રામ અને કબીરમાં કોઈ ભેદ નથી. તેથી સંપ્રદાયનું નામ 'રામકબીર' છે. જીવણજી કહે છે,

" દો અક્ષર કે આંતરે રામ-કબીરા પક ।
જો સમઝત હૈ જીવણા, સદ્‌ગુરુ દિયો વિવેક ॥"ગુરુ-૭૪॥

" જગતના ઉદ્ધારાર્થે કબીરે 'રામ' કહ્યા. બરેબર તો રામાનંદના એ શિષ્યમાં જ શ્રી રામનું ધામ હતું. (ગુરુ-૮) કોઈ શિવ, વિષ્ણુ કે હનુમાનને ભજે છે, પણ અમારે તો રામ અને કબીર એક છે. એ કબીર તેજપુંજમાં પહોંચી ગયા. જે શ્રીરામ હતા, તે જ કબીરના રૂપમાં અમારા સાંઈ હતા. (દાસ-૧૮) કબીર પ્રેમરૂપ હતા. એમનો આત્મા રામરૂપ હતો. જનકલ્યાણ માટે એમણે કલિમાં વિશ્રામ કર્યો હતો. (પ્રેમ-૧) એ કબીરના નિર્ગુણ રૂપને અમે સગુણ રામમાં જોઈ એ છીએ. એક વિશ્વનું પોષણ કરે છે, બીજું શરીર ગુણ ગાવા અને ભજન કરવા માટેનું છે." (પ્રેમ-૨)

-ન્ને બરાબર છે. એક ભક્તરાજ છે, બીજા ભક્તની ભીડ ભાંગનાર છે. રઘુપતિ રામે પિતાને પણ પાવન કર્યા, અહિ કબીરને લીધે ગુરુ રામાનંદ પાવન થઈ ગયા. (પ્રેમ-૬) એ કાશીવાસી કબીર અને સરયુ તટ નિવાસી રામ એક છે."

" દોઈ બરાબર જીવણા, ભગતરાજ રણધીર ।
કાશીવાસી કબીરજી, સરયુતીર રઘુવીર ॥"પ્રેમ-૫॥

કબીર-પ્રભાવ :

સંપ્રદાય પર કબીરનો પ્રત્યક્ષ અને પરોક્ષ ખૂબ પ્રભાવ છે. કબીરની વાણી તથા વિચારનો પ્રભાવ તો છે જ, તે ઉપરાંત એમના શિષ્ય જ્ઞાનીજી, પદ્મનાભજી, તત્વાજીવા તથા પદ્મનાભના શિષ્ય ધનરાજનો પણ ઘણો પ્રભાવ છે. એ રીતે તો આ સંપ્રદાય કબીરની વિચારધારાનો જ વાહક છે. સંપ્રદાયના વાર્ષિક સમ્મેલનોમાં હજી પણ કબીરદાદાની પ્રાર્થના કરવામાં આવે છે. દીક્ષા સમયે કંઠી પણ બંદી છોડ કબીરની જ બાંધવામાં આવે છે.

" कंठी बंदी छोड की, लीजै शरण तुम्हार ।
दास निमित्त कछु भयो, तुम जानो किरतार ॥ "

જીવણજી કહે છે, કે સ્વામી રામાનંદે જે ઉપદેશ કબીરને આપ્યો હતો, એજ રામભક્તિનો ઉપદેશ મારા ગુરુએ મને આપ્યો હતો. (ગુરુ : ૧૧) કર્મકાંડનો જે વિરોધ જીવણજીએ પોતે કર્યો હતો, તે કબીરની વાણી પ્રમાણે એમને ગુરુએ સમજાવ્યો હતો. (ગુરુ-૧૧૨)

"રામાવતારમાં જે વૃક્ષ વવાયું હતું, તે કૃષ્ણાવતારમાં ફૂળવા માંડ્યું, એ ફળ જુલાહા ભક્ત-કબીરે ચાખ્યું; એનું નામરૂપી એક બુંદ જીવણજીને પણ મળ્યું (૨૨) જ્યાં જ્યાં એ કબીરની છાયા પડે છે ત્યાં ત્યાં શ્રી રામનો વાસ છે જે એક પલ માટે પણ નામને ભૂલતો નથી, તે એમનો દાસ છે. રદાસે જેમ શ્રીકૃષ્ણની ભક્તિ કરી, મીરાંને ગિરિધર લાલનો જેમ આધાર હતો, તેમ જીવણદાસને કબીરના રામનો આધાર છે.

" अंध सूर को शामलो मीरां को गिरिधरलाल ।
धनुषधारी कबीर को, सो जीवण प्राणाधार ॥"शूरा-२॥

ઉદા સંપ્રદાયના આધારસ્તંભ જેવા જીવણજીએ કબીરની મહત્તા ગાઈ, કબીરને ઈશ્વરના અવતાર ગણી રામ અને કબીર વચ્ચે અભેદ દર્શાવ્યો. એમણે કબીરવાણીનું અધ્યયન કર્યું હતું, એવું એમની વાણી પર કબીર-વાણીના પ્રભાવને જોતાં લાગ્યા વિના રહેતું નથી. બન્ને સંતોની વાણીમાં ભાવ, ભાષા તથા વિચારની સાથે ઘણી જગ્યાએ શબ્દ અને શૈલીનું પણ સામ્ય છે. ભક્તિના માર્ગને બન્ને સંતોએ 'શિર સાટાનો ખેલ' કહ્યો છે.

કબીરજી–" सिर काटी भूंई धरे, ता पर राखे पाँव । "
જીવણજી–"सिर साटेका खेल है, खेल सके तो आव ॥ "

જીવણજીની વાણીમાં આ સામ્ય દેખાય છે, એટલું જ નહિ, પરંતુ પોતે ઈશ્વરપ્રાપ્તિના માર્ગ ભક્તિને 'सिर साटानो खेल' જે કહ્યું છે એ મૂળ કબીરે કહેલું છે, એમ જીવણજીએ પોતાની વાણીમાં ઉલ્લેખ કરેલો છે, તે તથા બીજાં દૃષ્ટાંત નીચે આપ્યાં છે.

"सिर साटे सांई मिले, यों कही कबीरे दास ॥दास-४२॥ "
કબીરજી–" पाँव न टिके रे पिपिलिका, पंडित लादै बैल ॥ "
જીવણજી–"पाँव न टिके पिपिलिका,
तहाँ क्यों कर षावे बार ॥"प्रेम-२०॥
કબીરજી–"मैमंता घुमत फिरै, नाहीं तननी सान ॥"
જીવણજી–"मैमंता घुमत रहे, गुरु शरणा निशान ॥"प्रेम-४८॥
કબીરજી–"मनको कहाँ न मुंडिये, जामें विकार अपार ॥"
જીવણજી–"मन मुंड्यो नहीं जीवणा,
तो सिर मुंडे का होय ॥"भेष-२३॥
કબીરજી–"पोथी पढ़ पढ़ जग मुआ, पंडित भया न कोई ॥"
જીવણજી–"पोथी पढ़त पंडित भया,
काजी पढ़ी कितेब ॥"भ्रम-२६॥
કબીરજી–"पानी केरा बुदबुदा, अस मानुष की जात ॥
જીવણજી–"पानी केरा बुदबुदो, फूटत न लागे वार ॥"२६॥
કબીરજી–"जाके मुंह माथा नहीं, नाही रूप न रेख ॥"
જીવણજી–"रूपरेख नहीं जीवणा, ऐसो है रघुवीर ॥"प्रेम-४१॥

કબીરજી–"लाली मेरे लालकी, जित देखूं तित लाल ॥
लाली देखन मैं गई, तो मैं भी हो गई लाल ॥"
જીવણજી–"नूरी मेरे लालकी, जित देखूं तित लाल ।
लाली देखन मैं गई,
जीवण भये गुलाल ॥"प्रबोध-१४१॥

જ્ઞાનીજીનો પ્રભાવ :

જ્ઞાનીજી આ સંપ્રદાયના મૂળ સ્થાપક છે, એટલે સંપ્રદાયની મૂળ વિચારધારા એ જ્ઞાનીજીની જ વિચારધારા છે. એમાં જે કંઈ અંતર પડયું હોય, તો તે પાછળથી પડયું હોવું જોઈએ. જ્ઞાનીજી કહે છે, કે સદ્‌ગુરુ કબીરે મને તમામ સંપ્રદાયોનું તત્ત્વ કાઢીને સંપ્રદાયનો મત નિશ્ચિત કરવા કહ્યું હતું.

" **सद्‌गुरु मिले, मोही कह्या विचारा,**
सब मत का काढ़ा तत्त्व सारा ॥ "

એમણે એમ પણ કહ્યું હતું કે કબીર સાહેબેજ મારો ભ્રમ દૂર કરીને જે સર્વત્ર વ્યાપ્ત છે, એવા રામનું દર્શન કરાવ્યું હતું. (૫૬૫) એ રીતે જ્ઞાનીજીની વાણીમાં પણ કબીરમતની જ અભિવ્યક્તિ છે. ગુરુશિષ્યની વાણીમાં કે વિચારોમાં કોઈ અંતર નથી, એટલે આ સંપ્રદાયની વિચારધારા-પરના પ્રભાવનું મૂળ કબીરની વિચારધારા છે, એમ કહીએ તો એ ખોટું નથી.

કબીરપંથી ગ્રંથોમાં પણ જ્ઞાનીજીનું નામ આવે છે. '**निरंजन बोध**' માં લખ્યું છે, કે સત્પુરુષ જીવોને કાલપુરુષથી મુક્ત કરાવવા જ્ઞાનીજીને સંસારમાં મોકલે છે. '**अनुरागसागर**' તથા '**कबीरमंसूर**' માં પણ એ કથા છે. "સત્પુરુષ કહે છે કે,

મેં ધર્મદાસને મોકલ્યો હતો, તે પ્રતિમા પૂજામાં પડી ગયો છે, માટે તેને પણ સાવધાન કરો.” ‘કબીરમંસૂર’ જ્ઞાનીજીના કોઇ શિષ્યે લખ્યું લાગે છે, કારણ કે એમાં જ્ઞાનીજીને એટલું અધિક મહત્વ આપ્યું છે કે જ્ઞાનીજી કલિયુગમાં ‘કબીર સાહેબ’ નામથી પ્રગટ થયા હતા, એમ લખ્યું છે. (પાન–૧૨૦) સંત જીવણજીએ પણ જ્ઞાનીજીને ગોરખનાથના અવતાર અને કબીરના શિષ્ય કહ્યા છે.

“ गुर्जरखंडमें प्रगटे, ज्ञानी गोरखनाथ ।
दास कबीरे जीवणा मस्तक दीनो हाथ ॥”१०१–गुरु.॥

દાદૂશિષ્ય સંત રાઘવદાસે પોતાની ભક્તમાલમાં જ્ઞાનીજીનાં ખૂબ વખાણ કર્યાં છે. એમની ભક્તિ, જ્ઞાન, વૈરાગ તથા ધર્મ, શીલ, સંતોષ, દયા, નમ્રતા તથા એમના અભિમાન રહિત સ્વભાવની સરાહના કરી છે.

પદ્મનાભ – ધનરાજ પ્રભાવ :

પાટણના ભક્ત પદ્મનાભ જાતિએ પ્રજાપતિ હતા. એમની એક પણ રચના પ્રાપ્ત થતી નથી. નાની ઉમરે એ સૂબાના તળાવને ખોદવા જતા હતા, ત્યારથી જ એમને ભક્તિનો રંગ લાગી ગયો હતો. એ પરથી એમ લાગે છે, કે કબીર સાહેબની જેમ એ પણ અનપઢ હતા. ધનરાજ અધ્વર્યુ એમના મિત્ર તથા શિષ્ય હતા. ધનરાજ વિદ્વાન હતા, એટલે એમણે જે પદો લખ્યાં છે, એમાં પદ્મનાભની વિચારધારાનું જ વર્ણન છે. જ્ઞાનીજી સંસ્કૃત, ફારસી તથા હિન્દીના વિદ્વાન હતા. અને કબીરના શિરોમણિ શિષ્ય હતા. જ્યારે પદ્મનાભ કબીરના પ્રથમ શિષ્ય હતા. જ્ઞાનીજીએ જે સંપ્રદાય સ્થાપ્યો, એનો ઉત્તર-ગુજરાતમાં પ્રચાર પદ્મનાભજીએ કર્યો હતો. પદ્મનાભના ત્રણ

શિષ્યોની માહિતી પ્રાપ્ત થાય છે. એક શિષ્ય લોચનદાસે સુરતમાં આશ્રમ સ્થાપ્યો હતો. બીજા શિષ્ય નીલકંઠદાસે વઢવાણ પાસે દૂધરેજમાં આશ્રમ સ્થાપી સૌરાષ્ટ્ર ને કચ્છમાં સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો, જ્યારે ધનરાજ ગુરુ પાસે પાટણની પદ્મવાડીમાં રહ્યા હતા. દાદૂના શિષ્ય સંત જગાજીએ પોતાની ભક્તમાલમાં જે જે સંતોની નામાવલી આપી છે, તેમાં નરસિંહ મહેતા તથા પદ્મનાભ અને અખ્યારુજીના નામોનો ઉલ્લેખ છે.

" पद्मनाभ, आधारु, नरसी । सो म कह्यो तोको हरि दरसी ॥"

નાભાદાસે પોતાની ભક્તમાલમાં લખ્યું છે, કે જેનો મહાનિધિ-મંત્ર નામ છે, સેવા પૂજા, જપ તપ તીર્થ નામ છે, નામ પ્રીતિ અને વેર પણ નામ જ છે, જે નામમાં અજામિલ જેવો છે, ભગવાન રામથી પણ અધિક પ્યારું જેને એનું નામ છે, એવા રામના ભક્ત હનુમાન જેવા પદ્મનાભે કબીરકૃપાથી પરમતત્વનો પરિચય મેળવ્યો હતો. રાઘવદાસે પણ પોતાની ભક્તમાળમાં પદ્મનાભનો પરિચય નાભાજી પ્રમાણે જ આપ્યો છે. નાભાજીની ભક્તમાળની ભક્તિરસબોધિની ટીકામાં તથા રાઘોદાસની ભક્તમાળની ચતુરદાસની ટીકામાં પદ્મનાભ દ્વારા કુષ્ઠરોગી વણિકના ઉદ્ધારની કથા છે.

સંપ્રદાયમાં પદ્મનાભને ભગવાન તરીકે પૂજવામાં આવે છે, તેથી જ જે લોકો પદ્મનાભને કબીરના શિષ્ય તરીકે ઓળખતા કે જાણતા નથી, તે લોકોને આ તથ્ય સ્વીકારવું કઠણ લાગે છે. પરંતુ સત્ય એ કેટલીક વખત કટુ પણ હોય છે, છતાં સત્ય એ સત્ય છે. જે લોકો પદ્મનાભને ભગવાન અને કબીરને

મનુષ્ય માને છે, તેમને એમ શંકા થાય છે, કે ભગવાન કોઈ મનુષ્યના શિષ્ય થઈ શકે ખરા ? પરંતુ તેઓ પણ જાણે છે, કે પદ્મનાભે પ્રજાપતિ કર્ણને ત્યાં જન્મ લીધો હતો. વળી કબીર-પંથમાં તેમજ આ સંપ્રદાયમાં પણ કબીરને ઈશ્વરના અવતાર માનવામાં આવે છે. સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી તથા ઉદાધર્મના પ્રવર્તક જીવણજીએ કબીરને રામનો અવતાર અને રામ જેવાજ ગણ્યા છે. રામનું નામ અને કબીરના રૂપ સાથે મળી આ નામ-રૂપની ભકિત છે. એટલે ભગવાનનો શિષ્ય ભગવાન થાય, એમાં કોઇને કોઈ આપત્તિ હોવી ન જોઇએ. ખરેખર એ સંતોની વાણી સમજીએ તો કોઈ પ્રશ્ન ઉભોજ ન થાય. કારણ કે એમની દૃષ્ટિએ હરિ, ગુરુ અને સંત વચ્ચે કોઇ ભેદ નથી. દરેક મનુષ્યનો આતમરામ એ રામનો જ અંશ છે. ધનરાજ કહે છે, "પિંડ બ્રહ્માંડ ભરી રહ્યો, જેહવું જલમાં કુંભ–" હર્ષભોવન.

પદ્મનાભના શિષ્ય ધનરાજ અધ્વર્યુએ ૨૮ પદ લખ્યાં છે. જે સંપ્રદાયમાં 'કીર્તન' તરીકે ઓળખાય છે. સંપ્રદાયના ભક્તોમાં એનું ઘણું મહત્વ છે. જોકે સંપ્રદાયના સંત કબીરજી, જ્ઞાનીજી તથા જીવણજીએ હિન્દી ભાષામાં ઘણી વાણી લખી છે. છતાં ધનરાજનાં પદો જેટલી તે પ્રચલિત પ્રવર્તિત નથી. એનું કારણ એ લાગે છે કે ધનરાજનાં પદો સરળ ગુજરાતી ભાષામાં હોવાથી અને બહુજન ભકતસમુદાય અનપઢ હોવાથી એ વધુ જનભોગ્ય બન્યાં છે. એ પદોનું મહત્વ એટલું બધું છે, કે-ભક્તો એનો પાઠ કરે છે. કેટલાકને એ મોઢે પણ થઈ ગયાં હોય છે. એમાંના કેટલાંક પદો તો લગ્ન તથા મૃત્યુના વિવિધ પ્રસંગે ગવાય છે. સંપ્રદાયના તત્વજ્ઞાન વિશે આ સિવાય બીજા આધારમાં સમાગમનો ગ્રંથ, કૃષ્ણદાસની પરિચરિ 'જ્ઞાનમહિમા' તથા જીવણજીનાં સાખી તથા દોહા છે.

વૈષ્ણવ પ્રભાવ :

સંપ્રદાયમાં ઘણા વૈષ્ણવ સંપ્રદાયોના આચારો પ્રવેશેલા છે, એ નિર્વિવાદ છે. કેટલાક વિદ્વાનોનો મત પણ એવો છે કે એમનો ઝોક વૈષ્ણવ ધર્મ પ્રતિ છે. વૈષ્ણવોની જેમ એ લોકો પણ તિલક અને તુલસીને મહત્વ આપે છે. તુલસીની કંઠી પહેરે છે. સમાધિ પર તુલસી ક્યારા છે. સ્પર્શાસ્પર્શની ભાવના મરજાદી વૈષ્ણવો જેવી છે. ચૂસ્ત ભક્તો એમના સિવાય કોઈનું ખાતા કે પીતા નથી. ઠાકોરજીની મૂર્તિ નથી એ જ એ બે સંપ્રદાયો વચ્ચેનું પ્રમુખ અંતર છે. પરંતુ ભોગ ધરાવાય છે. વૈષ્ણવોમાં પ્રચલિત 'પ્રભાતિયાં' 'મંગલઆરતી' 'જલ' 'પ્રસાદ' 'હરિશરણ' તથા ભોગ લગાવવો જેવા શબ્દો ઘેર ઘેર વાપરે છે. વૈષ્ણવોના ગોવર્ધનસમો તથા કૃષ્ણઅષ્ટમી જેવા ઉત્સવો આ લોકો પણ ધામધૂમથી ઉજવે છે. વૈષ્ણવોની જેમ મૂર્તિને ઝૂલાવતા નથી, પણ હીંડોલાના ગીતો ગવાય છે ખરાં. જ્ઞાનીજી પછીના ભક્તો માટે તેમના નામની આગળ 'વૈષ્ણવ' શબ્દ વપરાય છે.

જો કે એ વાત નિર્વિવાદ જણાય છે, કે આ સંપ્રદાય કોઈ વૈષ્ણવ સંપ્રદાયની શાખા નથી. કારણ કે કબીર સાહેબના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજી દ્વારાજ એનું પ્રવર્તન થયું હતું. વળી આ સંપ્રદાયમાં મૂર્તિપૂજા નથી, એ બીજા વૈષ્ણવ સંપ્રદાયોથી એને જૂદા પાડતું એક પ્રમુખ લક્ષણ છે. એટલે સ્વાભાવિક પ્રશ્ન થવો જોઈ એ કે આ આચારો આ સંપ્રદાયમાં ક્યારે અને ક્યાંથી પ્રવેશ્યા. એમાં શ્રીકૃષ્ણની ભક્તિનો પ્રશ્ન આવતો નથી. એમાં કબીરથી માંડી જીવણજી મહારાજ સુધીના બધા સંત કવિઓએ રામ અને કૃષ્ણની ભક્તિ ગાઈ છે. શ્રી જીવણજી મહારાજે કહ્યું હતું કે જે ઉપદેશ સ્વામી રામાનંદે

કબીરને આપ્યો હતો, એ જ મારા ગુરુએ મને આપ્યો છે. એ જોતાં એમ લાગે છે, કે સંપ્રદાય પર સ્વામી રામાનંદ અને કબીરનો મિશ્ર પ્રભાવ છે.

આ સંપ્રદાયના ઇતિહાસ કે એના તત્ત્વજ્ઞાન પર હજી સુધી કોઈ ગ્રંથ લખાયો નથી, એટલે સંતોની વાણી એ જ આપણો આધાર ગણાય. સંપ્રદાયના ભજન સંગ્રહોમાં રામ અને કૃષ્ણની અવતારી લીલાના પદોની સાથે નિર્ગુણ મતવાદનાં અનેક પદો છે. ધનરાજનાં પદોમાં પણ વૈષ્ણવ ભક્તિની સાથે અવિનાશીની ઉપાસનાનો ઉપદેશ છે. સંપ્રદાય પર જ્ઞાનીજી અને પદ્મનાભજીનો સર્વાધિક પ્રભાવ પડેલો છે.

તે સમયમાં ગુજરાતમાં કેટલાક વૈષ્ણવ સંપ્રદાયોનો પ્રચાર હતો. શ્રીકૃષ્ણ અને શ્રીરામની ભક્તિની ભાવના તો સંપ્રદાયમાં પરંપરિત થઈ હોય, એમ લાગે છે. પરંતુ આ સંપ્રદાયમાં વૈષ્ણવ સંપ્રદાયોની મર્યાદા, તથા પદ્ધતિ જણાય છે, એ કોઈ વૈષ્ણવ સંપ્રદાયના પ્રભાવથી આવી છે કે કેમ એ કહી શકાય નહિ, એની કોઈ માહિતિ નથી. શ્રીકૃષ્ણની નિરાકાર ભક્તિ એ જુદી વસ્તુ છે, અને સ્પર્શાસ્પર્શના આચારો એ જુદી વસ્તુ છે. પરંતુ પુષ્ટ પ્રમાણોના અભાવમાં આપણે કંઈ કહી શકીએ એમ નથી.

શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો એવો મત છે કે ગુજરાતમાં રામાનુજી સંપ્રદાયની જૂના કાળમાં વિશેષ અસર થઈ હોય, એમ દેખાતું નથી, તેવીજ રીતે વિષ્ણુસ્વામીની પ્રણાલિકા છેલ્લા સંત બિલ્વમંગળ પછી પ્રાપ્ત થતી નથી; કારણ કે એ શાખા બીજી શાખાઓમાં તિરોહિત થઈ ગઈ છે.

સંત જ્ઞાનીજી કબીર સાહેબના શિષ્ય થયા તે પહેલાં સ્વામી રામાનંદના એક શિષ્ય ભોજીજીના શિષ્ય થયા હતા, ત્યારે એ

સગુણ રામની ભક્તિ કરતા હતા. રામને વિષ્ણુના અવતાર માનવામાં આવે છે. એથી એમનામાં વૈષ્ણવ સંસ્કાર સ્વાભાવિક ઉતરી આવ્યા હોવાનો સંભવ છે. એટલે જ્ઞાનીજીથી પણ એ પરંપરિત થયા હોય, એવી સંભાવના છે.

આમ તો કબીર પોતે વૈષ્ણવો તરફ સહાનુભૂતિ રાખતા હતા. એમણે શાકતોની નિંદા અને વૈષ્ણવોની પ્રસંશા કરી છે. શાકત બ્રાહ્મણ કરતાં વૈષ્ણવ ચાંડાલને એમણે આવકાર્યો છે, અને એને ઈશ્વરસ્વરૂપ ગણ્યો છે.

સંપ્રદાયમાં રામ અને કૃષ્ણ વચ્ચે કોઈ ભેદભાવ નથી, છતાં જ્ઞાનીજીની વાણીમાં રામના નામ પર ઝોક છે, જ્યારે જીવણજીમાં શ્રીકૃષ્ણ પ્રતિ ઝોક જણાય છે; છતાં ભેદભાવ નથી. જે અયોધ્યાનો રાજા છે, તે જ ગોકુળમાં ગાયો ચરાવે છે, આ વૈષ્ણવી આચારવિચારો પણ ઉદ્ધા-સંપ્રદાયમાં વધુ સ્ફુટ થતા દેખાય છે. જીવણજી મહારાજે એમની વાણીમાં કબીરને પ્રેમરૂપ કહ્યા છે. એમનું મન, હાથી કીચડમાં ગરકી જાય, એમ કૃષ્ણ-બળદેવના પ્રેમમાં ગરક થઈ ગયું છે. એમણે કબીરને કૃષ્ણના રૂપમાં જોયા છે, જેવી રીતે જ્ઞાનીજીએ કબીરને રામના રૂપમાં જોયા હતા.

એમ કહેવાય છે કે હીતજીના શિષ્ય વ્યાસજીને કબીર વિશે શંકા હતી, તે એમને રાધાકૃષ્ણના જુગલરૂપનું દર્શન ન થયું, ત્યારે ગુરુના કહેવાથી એમની શંકા દૂર થઈ અને એમણે "साचे भक्त कबीर कलीमें" ગાયું.

જીવણજી મહારાજ તો એટલે સુધી કહે છે કે કબીરજી જુગલરૂપના પણ ગુરુ છે, રાસમંડળમાં એ લલિતારૂપે છે. કબીર ગુરુ છે એટલે એમનો દોષ જોવાય નહિ, જોઈએ તો રાધાકૃષ્ણ હૃદયમાં ન આવે, એમ માનીએ છીએ.

હરિદાસ નડિયાદના સમાગમ (પાન. ૨૭૯) માં એવો ઉલ્લેખ છે કે અનીન (અનન્ય) વૈષ્ણવનો ધરમ પ્રગટયો, તથા કૃષ્ણદાસની પરિચરિમાં જીવણજી દ્વારા રામનવમી અને કૃષ્ણજયંતિના તહેવારો ઉજવવાનો ભકતોને આદેશ આપ્યાનો ઉલ્લેખ છે. એ પરથી સ્પષ્ટ થાય છે કે ઉદા સંપ્રદાયમાં રામ અને કૃષ્ણનો કોઈ ભેદ નથી, અને વૈષ્ણવતા એ એનું અંગ છે.

ઉદા સંપ્રદાયના ભકતો જીવણજી મહારાજને જ શ્રીકૃષ્ણના અવતાર માને છે. ભોજા ગુજરના પ્રસંગને લીધે એમને આવવું પડયું હતું, એમ માને છે. તથા એના સમર્થનમાં નીચેના દોહાનો ઉલ્લેખ કરવામાં આવે છે.

" મથુરા માંહેલો દેશ, કાઠિયાવાડ કુટુંબ અસે,
આયો ગુર્જર ખંડ, સંતોતણે મેળાવડે. "

આ સંપ્રદાયના તત્વજ્ઞાનનો એક સ્રોત પદ્મનાભના શિષ્ય ધનરાજ અધ્વર્યુ છે. ધનરાજ જાતે બ્રાહ્મણ હતા. એટલે એમના ઉપર વૈષ્ણવ આચાર વિચારોનો પ્રભાવ પદ્મનાભજી દ્વારા પડયો હોવો જોઈએ, એમ જણાય છે. પણ એમની વાણીમાં રામ અને કૃષ્ણની અવતાર લીલાઓનું વર્ણન છે. કયાંક વિષ્ણુભકિતની સૂચના પણ છે, પરંતુ એ સાથે એ સૌના મૂળ અવિનાશી સ્વરૂપનો ઉપદેશ પણ છે. જેમકે—

"જરે લક્ષ્મી સેવીએ, અને સેવું લીલવિલાસ દે ।
જરે મનવાંછિત ફલ પામીએ, તે રાજા અવિનાશ દે ॥"

ધનરાજે પોતાને માટે તથા ભકતોને વિશે 'વૈષ્ણવ' શબ્દ વાપર્યો છે. 'પદ્મઘોળ' અને 'વાડીનો રાસ'ને અંતે પોતાને વિશે 'ભણે વૈષ્ણવ' શબ્દનો ઉપયોગ કર્યો છે. તેવી રીતે 'લઘુરાસ' માં અન્ય ભકતો વિશે 'વૈષ્ણવ જન સહુ સાંભળો' એમ લખેલું છે. એમણે શ્રી પદ્મનાભને પણ વિષ્ણુના અવતાર

માનેલા છે. એ જોતાં એમનામાં વૈષ્ણુવ પ્રભાવ સ્પષ્ટ વર્તાય છે. એ શ્રી પદ્મનાભજીના ચુસ્ત ભક્ત અને અનુયાયી હોવાથી સંભવ છે, કે એ પ્રભાવ પદ્મનાભનો હોય, અને એટલેજ રવિભાણુ સંપ્રદાયમાં પણ એ પ્રભાવ છે.

કેટલીક વખતે સંપ્રદાયમાં આવો પ્રભાવ પાછળથી બીજા સંપ્રદાયોના કોઈ સંતો દ્વારા પડતો હોય છે. કેટલીક વખતે એક સંપ્રદાયની વ્યવસ્થા ઢીલી પડી જાય, ત્યારે બીજા સંપ્રદાયો તેના પર પોતાનો અધિકાર ઠોકી બેસાડે છે. જો કે સદ્ભાગ્યે આ સંપ્રદાયમાં એમ બન્યું નથી, અને વૈષ્ણુવપરકતાનું મૂળ એના મૂળ પ્રવર્તકો સુધી આપણે જોઈ શકીએ છીએ. એ દૃષ્ટિએ સંપ્રદાયની એક વિશેષતા ગણી શકાય કે એમાં બે વિચારધારાઓનો સમન્વય છે. જો કે આચારો અને મર્યાદાનું મહત્વ માત્ર ઉપાસનાના ક્ષેત્ર પુરતું મર્યાદિત રહે, તો તે ઉચિત ગણાય.

સંપ્રદાયની સૈદ્ધાંતિક રૂપરેખા :

સંતવાણી–કબીર-પરંપરના સંતોની વાણીમાં વિરોધ નથી. સંતમત એ કોઈ સંપ્રદાય નથી, પણ આ એક એવો સંપ્રદાય છે, જેના પર કબીર, જ્ઞાનીજી, ધનરાજ તથા જીવણજી જેવા સંતોની વિચારધારાનો પ્રભાવ છે. સંપ્રદાયની સમસ્ત વિચારધારા આજે મૌખિક અને વ્યાવહારિક રૂપમાં છે. ધનરાજના પદો તથા જીવણજીની સાખી સિવાય એના સમર્થન માટે બીજું કશું સાધન નથી. સંત કબીરની વાણી હિન્દીમાં હોવાથી દુરૂહ હતી અને જ્ઞાનીજીની વાણી પ્રાયઃ અપ્રાપ્ય જેવી હતી. તેથી કોઈ નિશ્ચિત રૂપરેખા બની નહિ. આ સંપ્રદાય પર સંત કબીરજી, જ્ઞાનીજી, ધનરાજજી તથા જીવણજીનો પ્રભાવ હોવાથી એમની વાણીને આધારે આપણે સંપ્રદાયની સૈદ્ધાંતિક રૂપરેખા બાંધવા

પ્રયાસ કરવો જોઇએ. આ સંતોની વાણીમાં કોઈ આંતર વિરોધ નથી. માત્ર કોઇએ કોઈ વિષય પર વત્તું-ઓછું બળ આપ્યું હોય. આ સંતોની વાણીના આધારે ગુરુની મહત્તા, સંત મહિમા, બ્રહ્મનું સ્વરૂપ, આત્મા-પરમાત્મા સંબંધ, રામનામનું મહત્વ તથા મિથ્યાચારોના વિરોધ વિશે એમના વિચારોનું મૂલ્યાંકન કરીએ, તો તે ઉચિત ગણાશે. રવિભાણ સંપ્રદાયના પ્રવર્તક શ્રી ભાણસાહેબ અને રવિસાહેબ પદ્મનાભની નીલકંઠ-પરંપરાના સંતો હોવાથી એ પણ મૂળ રામકબીર સંપ્રદાયના જ સંતો છે. એટલે રવિ, ભાણ તથા મોરાર સાહેબની વાણીનો આધાર પણ લીધો છે. પદ્મનાભની લોચનદાસી પરંપરામાં સમર્થદાસ, માધવદાસ તથા પ્યારેદાસ જેવા મહાપ્રતાપી સંતો થઈ ગયા. ઈશ્વર કૃપાથી એ સંતોની કેટલીક વાણી પ્રાપ્ત થાય છે. જ્ઞાનીજીના ગ્રંથ 'શબ્દ-પારસમણિ' ના આધારે સંત માધવદાસે કેટલાક કુંડલિયા લખ્યા છે, એ જોતાં જ્ઞાનીજીના તે તે વિષયના છપ્પા અને સંત માધવદાસના આ કુંડલિયાના વિચાર-ભાવ તથા અભિવ્યક્તિમાં કોઈ જ અંતર નથી. સંત માધવદાસે જ્ઞાનીજીના ગ્રંથને આધારે એ લખ્યા, એમાં સંદેહ નથી. એટલે સંપ્રદાયના સંતોની વાણીના આધારે એની રૂપરેખા નીચે પ્રમાણે છે.

૧. ગુરુની મહત્તા :

સંપ્રદાયના સ્થાપક એ અનુયાયીઓના ગુરુ ગણાય છે, આ સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજીએ પોતાના ગુરુની મહત્તા ખૂબ જ ગાઈ છે. સામાન્ય રીતે ગુરુને ઈશ્વરથી પણ આગળ ગણવામાં આવે છે, કારણ કે ઈશ્વરનાં દર્શન ગુરુ જ કરાવે છે, કબીરથી માંડી તમામ સંતોએ ગુરુ અને ગોવિંદમાં ભેદ જોયો નથી અને એ રીતે ગુરુની કૃપા સહુ ભક્તોએ માંગી છે. જ્ઞાનીજી કહે છે કે ગુરુની કૃપાથી તમામ કામ બની જાય છે, મનુષ્ય કોઈ ફંદામાં ફસાતો નથી અને જ્યાં ત્યાં બધે આનંદ જ

આનંદ મળે છે. (૨૬) જ્ઞાનીને એના સદ્‌ગુરુ મળ્યા હતા, જેમણે એમનો ભ્રમ દૂર કર્યો. અને બીજા ધર્મો કર્મો પર આધારિત છે, જ્યારે ગુરુએ એક રામનું નામ જ સત્ય છે, એવો ઉપદેશ આપ્યો છે. (૬૫) જીવણજી કહે છે કે ગુરુકૃપા વિના કોઈ પાર પહોંચી શકતો નથી. (૬૬) 'ગુરુ અભિમાન દૂર કરાવે છે, સંસારની માયા છોડાવી આપણી જીવન-નૌકાને કિનારે લગાડે છે.' (૯૩) 'જ્યાં ગુરુના વચનનું પ્રમાણ નથી ત્યાં વાણી વ્યભિચારિણી બની રહે છે. ગુરુમુખની વાણીથી કલ્યાણ જ કલ્યાણ થાય છે.' (૧૦૧)

૨. સંત-મહિમા :

કબીર તથા અન્ય સંતોએ સંતની મહિમા ગાઈ છે. કબીર તો કહે છે કે તમારે તીર્થ-યાત્રા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે સંતો એ જ જંગમ તીર્થ જેવા છે. (૩) સંતસંગત નિષ્ફળ જતી નથી. કડવો લીમડો પણ ચંદનની સુગંધ આપે. (૨૮) 'આવા સંતો નિર્વૈરી અને નિષ્કામ હોય છે, એમને ઈશ્વર સાથે પ્રેમ હોય છે, જ્યારે વિષયથી એ હમેશાં દૂર રહે છે.' (૨૯) જ્ઞાનીજી તો એટલે સુધી કહે છે કે જ્યાં સાધુનો નિવાસ હોય છે, ત્યાં સહુ તીર્થ આવીને વસે છે, તમામ દેવો પ્રતિહાર રૂપે ઉભા હોય છે અને આદ્યપુરુષ પણ ત્યાં નિવાસ કરે છે. (૧૬૧) 'જેવા રામ છે, તેવા જ તું સાધુને સમજ. મનસા વાચા કે કર્મણા બીજો ભાવ લાવીશ નહિ.' (૧૬૫) સંત માધવદાસ કહે છે, કે સત્સંગની અમરકથા એવી છે, કે એમાંની એક રજભર પણ જો શરીરમાં પ્રવેશે, તો એ અજર-અમર થઈ જાય છે.

જીવણજી કહે છે; 'મારા ગુરુ ગોપાલદાસે મને સત્ય ઉપદેશ આપ્યો હતો કે સંતોના સમાગમમાં પેટ ભરીને હરિરસ પીવો' (૧૩૭)

ખરી વાત એ છે, કે હરિ, ગુરુ કે સંત જૂદા નથી, એક જ છે. કબીર કહે છે, 'હું અલહરામનો પંગુલકત છું, પણ **હરિગુરુપીર** મારા છે.' (પદ-૨૫૯) જ્ઞાનીજી કહે છે કે ખરું જ્ઞાનજ એ છે કે સદ્‌ગુરુ, સાધુ અને આદ્ય વચ્ચે અભેદ છે, બાકીનું જ્ઞાન એ વિખવાદ છે. (૮૪) એમનાં નામ ત્રણ છે, પણ અંગ એક છે.

"सद्‌गुरु, साधु, रामजी, नाम तीन अंग एक ।
ज्ञानी जिन ये अंग लिया, तिन पाया बड़ा विवेक ॥'१०१॥

રવિસાહેબ કહે છે કે સદ્‌ગુરુ, સંત અને રામની ભક્તિ વિનાનું મન કાચું છે. એટલે જ મેં એ ત્રણેને એક જાણ્યા છે, અને મારો આત્મા પણ એમનાથી જૂદો નથી.

૩. બ્રહ્મનું સ્વરૂપ :

સંસારમાં એક બ્રહ્મ જ સત્ય છે, પરંતુ એ બ્રહ્મને ભક્તો અનેક રીતે ભજે છે. કોઈ સગુણ રૂપે ભજે છે, તો કોઈ નિર્ગુણ રૂપે ભજે છે. યોગીઓ વિલક્ષણ સ્વયંજ્યોતિ રૂપે એને જુએ છે. કબીરે એને 'નિરંજન' કહ્યો છે. રામને પણ નિર્ગુણ રામ તરીકે સ્વીકાર્યા છે. **" निर्गुण राम जपहु रे भाई, अविगत की गति लखि न जाई ।** " પરંતુ આગળ આપણે જોઈશું કે કબીરે સગુણ તથા નિર્ગુણનો સમન્વય પણ કર્યો છે. કબીર કહે છે કે રામે અંજન સંસારનો પ્રસાર કર્યો છે, પરંતુ પોતે નિરંજન સહુથી ન્યારા છે. અંજન તો આવે ને જાય, અનેક વેશ બતાવે. એ હોય ત્યાંજ તપ, તીર્થ, દાન વગેરે હોય છે. કોઈ વિરલ મનુષ્ય જ અંજનને છોડી નિરંજનને ભજે છે. (પદ-૩૩૬)

પદ્મનાભના પ્રશિષ્ય સમર્થદાસ અલખ સાથે પ્રીત કરવાનું કહે છે. સંત કવિ ધનરાજ, મૂર્તિ વિના પરમાત્માની આરાધના કરવાનું કહે છે. (પદ–૭) પોતાના 'વિનતિ' નામના પદમાં એ કહે છે.

"આદિ અનાદિ એક તું સ્વામી માહરા,
નિરંજન નિરાકાર, હરિ, હર, બ્રહ્મા તેહવા. ॥"

વળી કહે છે.

"નિરંજનપદ રળિયામણું, જહાં નથી અરે રૂપ ને નામ।"
(પૃથ્વી ધોળ)

બ્રહ્મના સ્વરૂપ વિશે વિસ્તૃત ચર્ચા કરતાં પોતાના 'હેલી' પદમાં ધનરાજ કહે છે—"જે અવિગત પરબ્રહ્મ છે, એજ પહેલો પરમાત્મા છે. વેદ જેની સ્તુતિ કરે છે, તે બ્રહ્મ અલખ, અકળ અને અલેદ્ય છે. આહાર વિના તૃપ્ત રહી સઘળાં સુખોની સેવા કરે છે. એણે પોતે જ જન્મ અને મૃત્યુનું સર્જન કર્યું છે, પછી એને જન્મ કે મૃત્યુ કેવાં ? એને કોઈ માતાપિતા નથી, પણ એજ સહુનો પિતા છે. એ સહુનો સ્વામી છે એનો કોઈ સ્વામી નથી."

સમર્થદાસના શિષ્ય માધવદાસ પણ કહે છે કે આખાએ સંસારનો દાતાર એક અલખ-નિરંજન તું જ છે, આ સેવક તો તારા નામ પર વારંવાર વારી જાય છે. (૨૫૦) જીવણજી નિરંજન કરતાં રામ કે કૃષ્ણ કહેવાનું અધિક પસંદ કરે છે. એ કહે છે, રામ અને કૃષ્ણ એજ અમારું બિરુદ છે, અને નિરંજન એની ડાળ છે

આ સંપ્રદાયમાં એક રીતે સગુણ તથા નિર્ગુણ ભક્તિનો સમન્વય છે, છતાં નિરાકારને ભૂલતા નથી. મૂર્તિનો વિરોધ

હજી એમનામાં છેજ. એટલે કયારેક સ્વસ્તિક જેવા પ્રતીકનો પણ એ કારણથી વિરોધ કરવામાં આવે છે. કબીરથી એ વૈચારિક પરંપરા ચાલી આવી છે. પરમતત્વનો પરિચય આપતાં કબીર કહે છે કે એને મોઢું કે માથું નથી, એને રૂપ નથી, એ અરૂપ છે, ઉપમા ન આપી શકાય એવું એ તત્વ પુષ્પની સુવાસથી પણ પાતળું છે. (૬૦) જ્ઞાનીજીએ પણ એજ શબ્દોમાં સમજાવ્યું છે.

" **सुर नर मुनि सब खोज के, 'ज्ञानी' चले सब हार।**
पुहुपवास से पातरो, पेसा तत्त अपार ॥३४४॥"

ધનરાજ પણ કહે છે, 'તુ નિર્ગુણ એમ જાણીએ, તુરે, તુ આગળ નહિ કોઈ" (બ્રહ્મારુલી-૨૧) સંત માધવદાસ કહે છે, કે અખંડ બ્રહ્મ અવિનાશ છે, એ ઊંચા તખ્ત પર બેસે છે, એનું નામ નિર્ગુણ છે. (કુંડલી-૨૫) રવિસાહેબ કહે છે, જે રૂપમાં છે, એજ અરૂપ છે. એ ઝીણામાં પણ ઝીણો છે, અને બાવન અક્ષરથી પણ વર્ણવી ન શકાય. એવો છે. જીવણજી કહે છે, કે એ રઘુપતિરાયને રૂપ, રેખા કે શરીર નથી. તેથી હરજિનો નિર્મલ નામનો યશ ગાય છે. મૂર્તિનો સ્પષ્ટ વિરોધ કરતાં એ કહે છે.

" **शालिग्राम सेवूं नहीं, नहीं स्वरूपसु काम।**
सद्गुरु समझायो जीवणा, पेसो है रघुवीर॥ "

૪. સમન્વય :

જ્ઞાનીજીની સમન્વય ભાવના :

મૂર્તિનો વિરોધ કેટલીક જગ્યાએ હવે ઢીલો પડયો લાગે છે. ધનરાજે તો સ્પષ્ટ કહ્યું હતું કે એને આહાર વિના તૃપ્તિ છે,

છતાં ઘણી જગ્યાએ ભોગ ધરાવવામાં આવે છે, તસ્વીર મુકવામાં આવે છે, ત્યારે કયારેક એનો વિરોધ પણ થાય છે. મૂળ સંતોએ તો સગુણ તેમજ નિર્ગુણ ભક્તિનો સમન્વય કરેલો છે. સર્વ-પ્રથમ કબીરે સંતોને ઉદ્દેશીને કહ્યું કે ધોખામાં રહેશો નહિ, કારણ કે ગુણમાં જેમ નિર્ગુણ છે, તેમ નિર્ગુણમાં ગુણ છે. સહુ કહે છે, એ અજરા અમર છે, અલખ છે, અકથ્ય છે, એને જાતિ, સ્વરૂપ કે વર્ણ નથી, એ ઘટઘટમાં સમાયેા છે; એ પ્રમાણે જ્ઞાનીજીએ પણ એને માટે કહ્યું છે; " એ નથી નિર્ગુણ, નથી સગુણ; એને માતા નથી, પિતા નથી; એ સ્થૂળ નથી, સૂક્ષ્મ નથી; ડાળ નથી, મૂળ નથી; અવર્ણ નથી, વર્ણ પણ નથી; જાતિ નથી, પાંતિ નથી; શરીર નથી, વેશ નથી." આ વેદના 'नेति नेति' જેવું થયું, પણ આ સંતોએ એના સમન્વયનો માર્ગ કાઢયેા છે, કારણ કે નિર્ગુણ રૂપ અગમ્ય છે. જ્ઞાનીજી કહે છે., "જોવા ખાતર મૂર્તિ ભલે જુઓ, પણ ખરેખર તો એમાંના અમૂર્ત ભાવને અનુભવો. સદ્‌ગુરુ કબીર સાહેબે એ અમૂર્ત તત્વ સાથે મન જોડવાનું મને કહ્યું હતું."

" देखत मूरत देखिए, मांही अमूरत भाव ।
'ज्ञानी' सद्‌गुरु सो कही, ताहीसु मन लाव ॥"९१॥

આત્મા-પરમાત્માનો સંબંધ અદ્વૈત પણ છે અને દ્વૈત પણ છે. એ દ્વૈતાદ્વૈત છે. જ્ઞાનીજી કહે છે કે એક કહું, તો બે છે; અને બે કહું, તો એક છે. વડના બીજની જેમ એ એકમાંથી અનેક થાય છે. (૩૫૯)

રવિસાહેબ કહે છે, "**सगुण निर्गुण घर है न्यारा, सो अस्थिर घर हमारा ।**" નિર્ગુણ બ્રહ્મ સગુણ રૂપ ધારણ કરે છે, ત્યારે તે સ્વરૂપ આપણને પ્રિય લાગે છે, પણ આપણે

ન જોઈએ કે મૂળ રૂપ નિર્ગુણ છે. આતો જલમાં કુંભ અને કુંભમાં જલ જેવું છે. શરીરરૂપી ઘટ ફૂટતાં અંદરનું જલ બહારના જલમાં મળી એકરૂપ થઈ જાય છે.

ધનરાજનો સમન્વય :

સંત કવિ ધનરાજે પોતાના પદોમાં સગુણ કૃષ્ણ અને રામના રૂપની લીલા ગાઈ છે. માત્ર એટલું જ વાંચનાર અને બીજી વાણીને અવગણનાર ભૂલમાં પડી જાય કે ધનરાજ સગુણ ભકત છે. ખરેખર તો એમની વાણીમાં પણ એજ સમન્વયની ભાવના વર્તાય છે. ભગવાન વિષ્ણુના શ્યામસુંદર સ્વરૂપનું વર્ણન કરતાં એ કહે છે;

"જલધર સ્યામ પીતાંબર, સુંદર મૂરત અનંત,
કમલનયન કમલાનન, ધનપતિ કમલાકાંત." (કડવું. ૬)

એ હરિનારાયણ દેવની લક્ષ્મી સહિત સેવા કરવાનું પણ એ કહે છે. જેનાં નામ ગોવિંદ, મુરારી તથા કૃષ્ણ છે, એવા વિષ્ણુના સાકાર રૂપનું આપણે ધ્યાન ધરીએ.

"વળી સાકારે ધાઈએ, અને ચત્રભૂજ સ્યામલ વર્ણ,
ગોવિંદ, કૃષ્ણ, મુરારી તું, ગરુઆ તારા નામ" ॥૨૭॥

સાકારની સાથે જ એમણે નિરાકાર રૂપની પણ એવીજ પ્રતિષ્ઠા કરી છે.

"જીરે અમુરતરાજા ધ્યાઈએ, અને રૂપ અરુપે જાણેા દે
વેદ મારગ અનુસરેા, ભક્તિ ભાવ મન આણેા દે" ॥સોરંગી॥

ધનરાજ કહે છે કે જે કરોડો બ્રહ્માંડને ભાંગે છે, અને ઘડે છે, એ તે કરંડિયામાં શી રીતે સમાયેા ? જેના મુખમાં ચૌદ

ભુવન છે, એને ફૂલપાતરી કયાં ચઢાવું ? (સોરંગી-૪) પરંતુ છેવટે એ કહે છે, "કૃષ્ણ, ગોવિંદ, મોરારી એ તુંજ પરબ્રહ્મ છે" દ્વારકાંનો રાજા શ્યામવર્ણ શ્રીકૃષ્ણ એજ નિરંજન, નિરાકાર, નિષ્કલંક પુરુષ છે. પોતાના 'આરતી' નામના પદમાં એનો સમન્વય જોવામાં આવે છે.

"હરિ ચતુર્ભુજ સ્યામલ વરણ, સારંગધર સોહામણું એ,
હરિ રૂડલું વૈકુંઠરાય, દુસ્કૃત્યહરણ દામોદરો એ;
હરિ નિરંજન નિરાકાર, નિકલંક પુરુષ આરાધીએ રે
હરિ ગાઈએ દ્વારકારાય, શ્યામલવરણ સોહામણો રે."

જીવણજીની સમન્વય ભાવના :

સંત જીવણજીએ વિશેષ સ્પષ્ટતાથી એ સમન્વયની ભાવનાને સમજાવતાં કહ્યું કે વૃષભાનની બેટી રાધા સગુણ છે, તો શ્રીકૃષ્ણ નિર્ગુણ છે. સંસારમાં કોઈ આકારને ભજે છે, કોઈ નિરાકારને, પણ અમારે તો રામના નામનું વ્રત છે. મૂળ બ્રહ્મ નિર્ગુણ છે, એનો આ ત્રિગુણ વિસ્તાર છે. બધા સગુણ એની સેવા કરે છે. એટલે નિશ્ચિત રૂપે એ નિરાકાર છે, પણ આકારમાં આનંદ આવે છે. યશોદા જેને પોતાની ગોદમાં ખેલાવે છે, એજ પૂર્ણ પરમાનંદ બ્રહ્મ છે. સગુણની ભક્તિમાં રામનું નામ એ નિર્ગુણ છે. જ્યારે હૃદયમાં પ્રેમસાગર લહેરાય છે, ત્યારે સગુણ-નિર્ગુણ જેવું કંઈ રહેતું નથી.

" सरगुण भक्ति में जीवणा, निरगुण रघुपति नाम ।
निरगुण-सरगुण मिटी गया, रहा प्रेमपूंज सुखधाम ॥"

રામકૃષ્ણ - અભેદ :

કબીરે કહ્યું છે; " હે સારંગધર ! મનોહર વૃંદાવનમાં જે ગાય ચરાવતો હતો, તે કૃષ્ણનો ઠાકોર તું છે, અને મારો પણ

ઠાકોર તું છે. માત્ર મારું નામ જ કબીર છે.” ધનરાજ કહે છે, “પરબ્રહ્મનાં વિષ્ણુ, ગોવિંદ, નારાયણ, રામ અને કૃષ્ણ એવાં ઘણા નામ છે.” (વડું ઘોલ) જીવણજીએ પોતાની વાણીમાં રામકૃષ્ણના આ અભેદને વધુ સ્પષ્ટ કર્યો છે. એ કહે છે, ‘રઘુપતિ અને યદુપતિ બન્ને અમારા રામ છે. એમના રામ માત્ર અયોધ્યાના રાજા જ નથી; એ ગોકુલમાં ગાયો પણ ચરાવે છે.’

“ रामनाम भज जीवणा, जे गोकुल चरावे गाय। ” (प्रमोध०)

એ રામે ગાયો જ ચરાવી નહિ; એણે કાલિનાગને પણ નાથ્યો હતો.

“ सो सांई हमारे रामजी, जो नाथ्यो कालीनाग। ”

એ જ પ્રમાણે રવિભાણ-પરંપરાના સંત રવિસાહેબ પણ રામ અને કૃષ્ણમાં અભેદ જોતાં કહે છે.

“ सियाराम-घनस्याम बसो मनमें। ”

એટલે રામે રાવણને માર્યો કે કૃષ્ણે કંસને માર્યો, એ મહત્વનું નથી, પણ એ નિરાકાર બ્રહ્મના અવતાર હતા એ મહત્વનું છે.

૫. નામ માહાત્મ્ય :

કબીર કહે છે, “હરિનું નામ મારું ધન છે, એને મેં ગાંઠે બાંધ્યું છે. એને હું વેચી ખાઈશ નહિ, કારણ કે એજ મારી ખેતીવાડી છે. નામ જ મારી સેવા છે, ને નામ પૂજા છે. તમારા સિવાય બીજાને હું ઓળખતો નથી. નામ જ મારો બાંધવ છે, અંતનો એ સહાયક છે, હું નિર્ધનનું એજ ધન છે, મારે માટે એ ગરીબની મીઠાઈ જેવું છે.” (પદ-૩૩૩) જ્ઞાનીજી કહે છે, “નામ સમાન કંઈ નથી. એક નામ વડે કેટલા પાર ઉતરી ગયા? (૩૦૦)

યજ્ઞ, યોગ, વ્રત કે નિયમ નામની બરાબર થઈ શકે નહિ-માટે અંતરના પ્રેમથી નામનું સ્મરણ કરો."

" नाम बराबर कछु नहीं, जाग्य जोग व्रत नेम ।
'ज्ञानी' सुमिरिये सदा, अन्तर लागा प्रेम ॥" २९९ ॥

ભક્ત પદ્મનાભનો પરિચય આપતાં નાભાજી પોતાની ભક્તમાલમાં કહે છે, "જેનો મહામંત્ર નામ છે, નામ જ જેની સેવા-પૂજા તથા જપ-તપ-તીર્થ છે. પ્રીતિ પણ નામ છે, અને વૈર પણ નામ છે. અજામિલની જેમ નામથી એ તમામ બંધનો ખોલી નાખે છે. જેને રામ કરતાં પણ તેનું નામ અધિક પ્રિય છે, એવા રામભક્ત હનુમાન જેવા પદ્મનાભે કબીરની કૃપાથી પરમતત્વનો પરિચય કર્યો." ધનરાજ પણ કહે છે, 'આપ્યું અવિચલ ઠામ, જેણે જપ્યું કેવલ નામ." એ કહે છે, નામનું સ્મરણ કરવાથી સંસારથી આત્મા મુક્ત થાય છે. (સાહેલી)

લોચનદાસની પરંપરાના સંત કવિ માધવદાસ કહે છે, જેણે માત્ર હરિનું નામ લીધું, એ વેદ પુરાણ ભણી ગયો છે.

" नाम लिया इन सब लिया, पढ़ गये वेदपुरान ।
बिना नाम गम ना मिले, भटक मुए इन्सान ॥
भटक मुए इन्सान, फिरे फोगट का फेरा ।
पढ़े लिखे क्या होई, राह धोके का हेरा ॥
कहत माधवदास प्रेमप्याला भर पिया ।
पढ़े सो वेद पुरान, नाम जिन मुखसे लिया ॥" १०० ॥

માધવદાસ કહે છે, "નામની શબ્દ રૂપી કટારી લઈને સંત-શૂરો ખેલે છે અને કાલવૈરીને મારે છે." એમના શિષ્ય પ્યારેદાસ કહે છે. "રાતદિન પ્રેમથી નામનો જાપ કરો. સાહેબનું અમર

નામ જ સાચું છે. બાકી દુનિયા **फना मुकाम** જેવી છે." રવિસાહેબ કહે છે, "આ ભવસાગર માંથી તરી જવા માટે નામની નૌકા છે, એના ઉપર નામની ધજા ફરકી રહી છે.

૬. રામનામ :

કબીરે નામજપ માટે શ્રીરામનું નામ સ્વીકાર્યું હતું. એમની પરંપરાના અનેક સંતોએ પણ રામનું જ નામ અપનાવ્યું છે. કબીર કહે છે કે એકલા મેં જ કહ્યું છે એમ નહિ, બ્રહ્મા અને શંકરે પણ કહ્યું છે કે તમામ ઉપદેશોનો સાર એક 'રામનામ' છે. (૨-૨) "આપણે 'રામ' કહો અને બીજા પાસે પણ 'રામ' કહેવડાવો. જેના મુખમાથી 'રામ' ન નીકળે, તેને મોઢેથી ફરી કહાવો" (૨-૨૩)

જ્ઞાનીજી કહે છે કે રામનું નામ તમામ સુકૃતનું મૂળ છે. એના સ્મરણ જેવું સંસારમાં કોઈ સાધન નથી. રામનામ એક એવો મંત્ર છે, જેનાથી તમામ અંગ નિર્મળ બની જાય છે. (૩૩) ગુરુ કબીરે જ્ઞાનીજીને આ બોધ આપ્યો હતો.

" 'ज्ञानी' गुरु उपदेश करी, भेद बताया एक ।
रामनाम निज सार है, दूजा भर्म अनेक ॥" ५ ॥

ધનરાજ કહે છે કે પરમાત્માનું "રામ" નામ નિર્મળ છે. અને વળી ત્રિભુવન તારણ અને નર્ક-નિવારણ પણ છે. (કડવું.૪) એ કહે છે, "હું જ્યાં જોઉ છું ત્યાં મને શ્રીરામ દેખાય છે. હું એને શી રીતે ઉવેખી શકું ? (ખાડણાં) રામનામની બેલડી જ આપણને પેલે પાર ઉતારશે (સોરંગી)

સંત માધવદાસ રામનામને પ્રીત કરવાનું કહે છે. સંત રવિસાહેબ કહે છે કે રામ તત્વોનો સાર, ટેક, સુખસાગર, ગરીબનવાજ, દુખભંજન છે, માટે અખંડિત મૌજ માણવા અવિદ્યા છોડી દઈને રામના નામનું ભજન કર. (પૃ. ૫૫)

૭. આત્મા-પરમાત્મા સંબંધ :

સંતોએ આત્મા અને પરમાત્મા વચ્ચે કોઈ ભેદ જોયો નથી. એ બે વચ્ચેના ઐકયને સંતોએ જુદી જુદી રીતે સમજાવ્યું છે. કબીરે પાણી અને વરાળના દૃષ્ટાંતથી સમજાવ્યું કે પાણીની વરાળ અને વરાળનું પાણી થાય છે, તેમ પરમાત્મામાંથી આત્મા અને આત્મા પાછો પરમાત્મા સ્વરૂપ થઈ જાય છે. એમનું બીજું પ્રસિદ્ધ દૃષ્ટાંત જલ અને કુંભનું છે. કુવાના પાણીમાં ઘડો છે, અને ઘડામાં જે પાણી છે, એ એકજ છે. ઘડો ફૂટી જતાં અંદર તથા બહારનું પાણી એક થઈ જાય છે. એજ દૃષ્ટાંત ધનરાજે પણ લીધું છે. "પિંડ બ્રહ્માંડ ભરી રહ્યો, જેવું જલમાં કુંભ" (હર્ષભુવન) જ્ઞાનીજી એ સંબંધને વડ અને તેના બીજ સાથે સરખાવે છે. જેવી રીતે વડમાં અનેક બીજ છે. અને બીજમાં વડ છુપાયલો છે, તેવી રીતે પરમાત્મામાં અનેક આત્માઓ અને આત્મામાં એ પરમાત્મા રહેલા છે. જ્ઞાનીને સદ્‌ગુરુ કબીરે આ વિવેક સમજાવ્યો હતો. (૬૨) જેને વિશે કયારે આવીને મળશે, એમ વિચારતા હતા; અંતરમાં જોયું તો એ ત્યાં જ વિરાજેલા છે (૧૪૮) જ્ઞાનીજીએ આત્મા-પરમાત્માને પિતા-પુત્રની ઉપમા પણ આપી છે, પુત્ર એ પિતાનુંજ અંગ છે, એનુ જ એ રૂપ છે.

" पुत्र पिता ते उपनो, पुत्र पिता को रूप ।
ऊमे अन्त विचारतां, 'ज्ञानी' तत्त अनूप ॥"७०३॥

જ્ઞાનીજીની પરંપરામાં ધનરાજે પણ પરમાત્માને આત્માના પિતા તરીકે ઓળખાવ્યા છે. "પરમ પુરુષ પરમાતમા, આતમા કેરો તાત." (કડવું-૧) ધનરાજે બીજી રીતે પણ આત્મા-પરમાત્માનો ભેદ સમજાવ્યો છે. સૂત્રાત્મક રીતે એ કહે છે, દેહ ધરે તે આત્મા, ન ધરે ત્યારે પરમાત્મા.

"દેહ ધરે તે આત્મા બોલીએ,દેહ વિના પરમાત્મા એ."(વેદપુરાણ) પદ્મનાભ – પરંપરાના સંત માધવદાસે અનેક દૃષ્ટાંતોથી આત્મા પરમાત્માના સંબંધને અભિવ્યક્ત કર્યો છે. જેમ ભ્રમર કળીમાં છુપાયેા છે, તેમ પરમાત્મા આત્મામાં છુપાયેા છે. સમંદરના પાણીમાં છિપાણી, છિપાણીમાં મોતી અને એ મોતીમાં પાછું સ્વાતિનું પાણી આમ પાણીમાં મોતી અને મોતીમાં જેમ પાણી રહેલું છે, તેમ આત્મામાં પરમાત્મા અને પરમાત્મામાં આત્મા છૂપાયલેા છે. ભૂમિમાં વૃક્ષ છે, વૃક્ષમાં બીજ છે, અને એ બીજમાં વૃક્ષ છુપાયલું છે. ચકમકમાં આગ, મેંદીમાં લાલી તથા જેમ તલમાં તેલ છુપાયલું છે, તેમ તારામાં હું અને મારામાં તૂ છુપાયલા છીએ-

" भ्रमर कलियों में छिपायो ॥ टेक ॥
जल बिच छिप, छिप बिच मोती,
स्वाति जाके मुक्ता में समायो ॥ १ ॥
वृक्ष भूमि में, बीज वृक्ष में,
वृक्ष जाके बीज में छुपायो ॥ २ ॥
चकमक में आग मेंहदी में लाली,
तेल कैसे तिलमें सरजायो ॥ ३ ॥
तू ही हो मुझ में, मैं तुझमें,
दोनों में 'माधवदास' दरसायो ॥" ४ ॥

જીવણજી કહે છે, "મારા ગુરૂએ ગુપ્ત વાત પ્રગટ કરી મને સમજાવ્યું હતું કે ભગવાન રામજ ઘટઘટમાં વસે છે." (૧૦૭) અને લાલીમાં લાલી મળી જાય છે ત્યારે સુંદર રંગ જામે છે.

સંતોએ પણ દાંપત્યભાવની ભક્તિ કરી છે. એમાં પરમાત્મા પ્રિયતમ છે, અને આત્મા પ્રેમિકા છે. સંત કબીરથી શરૂ કરી આ સંપ્રદાયના સંત જ્ઞાનીજી, ધનરાજ, પ્યારેદાસ, ભાણ સાહેબ, રવિસાહેબ તથા જીવણજીએ પણ આત્મા–પરમાત્મા સંબંધને દાંપત્ય ભાવે વ્યકત કર્યો છે. કબીરે કહ્યું કે રામ મારા પતિ છે અને હું એમની પત્ની છું, એ મોટા છે ને હું એમની નાની વહુ છું.

"राम मोरे पियु, मैं राम की बहुरिया।
राम बड़े मैं छूटक लहुरिया॥"

કબીર કહે છે, "तू मेरो पुरुष, हों तेरी नारी।" "હું અબલા 'પિયુ' 'પિયુ' પુકારું છું. નિર્ગુણ રામ મારા પતિ છે, એ સ્નેહી નિર્ગુણ રામ વિના હું કોઈને જોતી નથી." એજ ભાવ જ્ઞાનીજીએ પોતાની વાણીમાં વ્યકત કર્યો છે. એ કહે છે, "પ્રિયતમ રામ સાથે જેને લગની લાગી ગઇ, એ પતિવ્રતાને વિધાતા પણ શું કરવાનો હતો?" (૬૦૬) જેના મનમાં પ્રેમ છે, તેને આડું કંઈ આવી શકતું નથી. કારણ કે એ જેને સ્નેહ કરે છે તે તો એની અંદર જ વસેલો છે. (૫૮૩) "ખુણામાં બેસીને છાની છાની વાત ન કરો, ચોકમાં બેસીને ગાઓ, રામ તો પ્રગટ છે" (૬૦૦)

ધનરાજ આત્મા-પરમાત્માના પ્રેમવિરહને વર્ણવતાં કહે છે, "પાણી વિના જેલ માછલી ટળવળે છે, તેમ પરમાત્મા વિના આત્મા ટળવળે છે. (વેદ પુરાણ) પરમાત્માના પ્રભાવ પર ગોકુળની ગોવાળણોની સાથે તેત્રીસ કરોડ દેવ પણ મોહ્યા હતા. (પદ-૭૫) પ્યારેદાસજી કહે છે, 'જે પોતાનું માથું ઉતારી દે, એવા શૂરાને પ્રિયતમ મળે છે, વિષયોમાં પ્રેમ હોવાથી કામી માથું ઉતારી શકતો નથી. પ્રિયતમના વિરહનું વર્ણન કરતાં કહે છે કે રાત્રિ-દિવસ આંસુ વહાવતાં વીતે , વિરહની પીડા ખુરી છે, પ્રિયતમ! તમે ક્યારે આવી મળશો." વિરહનો બીજો એક દોહો નીચે પ્રમાણે છે.

"अष्ट प्रहर नैना बहे, बिसर गये सुख चैन।
सैया! तुम्हारे दरश बिना, "प्यारे" बहावत नैन॥"

ભાણ સાહેબ પણ કહે છે, "સતગુરુ સાહેબ સાંઈ કર્યા, ને પ્રેમજ્યોત પ્રકાશી." રવિસાહેબનું પાતિવ્રત અચલ છે. એ કહે છે, કે હું પ્રિયતમની પતિવ્રતા પત્ની છું, બહાર જતી નથી, ચરખો ફેરવું છું ને પ્રિયતમને પ્રસન્ન રાખું છું.

"मैं पतिव्रता नार पियुकी, बाहर कबहु न जाऊँ।
चरखा फेरूँ पियु को हेरुँ, आन पुरुष नहीं चाहूँ॥"

સંત જીવણજીએ પણ પોતાની રચનાઓમાં ગોપીભાવ વ્યકત કર્યો છે. પરંતુ 'દાસીજીવણ' ના નામથી જે પદો પ્રચલિત છે, તે આજ સંપ્રદાયના એક બીજા ભક્ત જીવણદાસનાં છે, જે હમેશાં 'દાસીજીવણ' નામથી લખતા હતા. જીવણજી પણ વૃંદાવનની કુંજોમાં ગોવાળણે જે પ્રેમરસ પીધો હતો, તે પીવાનો ઉપદેશ આપે છે. (સંતઅંગ) અને એ ગોવાળણને સંજય, શુકદેવ અને વ્યાસ કરતાં ઊંચે સ્થાને ગણે છે. (પ્રેમઅંગ-૩૪) ગોપી પ્રેમનું અંકુશ લઈ નિગમના દાંત તોડે છે. (સંતઅંગ-

૪૯) ગોપીના પ્રેમભાવનું વર્ણન કરતાં પ્રિયવિરહની ચર્ચા પણ જીવણજીએ કરી છે. રામકબીરના મિલન વિના શરીર વિરહમાં બળે છે. મિલન થશે, ત્યારે મન ધીરજ ધરશે.

" विरहा बारी 'जीवणा' आतुर हाल शरीर ।
रामकबीरा जब मिले, तब पावे मन धीर ॥ "

૮. આતમરામ

આત્મા અને પરમાત્મા વચ્ચે કોઇ ભેદ નથી, બન્ને એકજ છે. એટલે સંતોએ આત્મા અને પરમાત્મા (રામ) ને જોડી એનેજ 'આતમરામ' કહ્યો. કબીર એટલેજ કહે છે કે–જેને તું શોધે છે તે કાબા કે કાશીમાં નથી, તારી પાસે છે. " **तेरा सांई तुझमें** " **खालिक** અને **खलक** પણ એક છે. એ બધા ઘટોમાં સમાયલો છે. (પદ–૫) જેવી રીતે મૃગની નાભિમાં કસ્તુરી રહેલી છે, છતાં મૃગને તેની ખબર નથી, એવી રીતે શરીરમાં પ્રિયતમ વસે છે, પણ દુનિયાને તેની ખબર નથી. કબીરજી તથા જ્ઞાનીજીની વાણીમાં આ તથ્યને આ રૂપકમાં સમજાવ્યું છે.

કબીર–" **कस्तुरी कुंडल बसै, मृग ढूंढै वनमांही ।**
पेसे घटमें पिव है, दुनिया जाने नाहीं ॥"कस्तूरीमृग॥
જ્ઞાની–" **ज्यों नाभी बसे कुरंग के कस्तूरीकी बास ।**
यों 'ज्ञानी' घट घट राम है,
पेखे कोई निजदास ॥४५४॥

જ્ઞાનીજી કહે છે, સદ્‌ગુરુની કૃપાથી 'આતમરામ' પ્રાપ્ત થયા. સંત માધવદાસ કહે છે, 'પોતે પારસરૂપ પોતાનામાં રહી રહ્યા છે.' એમના ગુરુ સંત સમર્થદાસે કહ્યું હતું "પરબ્રહ્મ

તારી પાસે જ છે. મૂર્ખ ! તું એને બહાર કયાં શોધે છે ? એ તારા શ્વાસમાં ખેલ ખેલે છે. એ નૂરના દીદાર વિના પ્રેમના પરિણામમાં ભૂલો પડયો છે. અવધૂત સમર્થદાસ પોકાર કરીને કહે છે કે તું હજી આંખો ખોલતો નથી.” માધવદાસજીએ કહ્યું કે એ પૂરણ પરમાનંદ બધા ઘટમાં બોલી રહ્યા છે.

ધનરાજ કહે છે, પરમાત્મા તારી નિકટ છે, એ કમલ-વાસીની સમાન બીજું કોઈ નથી. આત્માના જ્ઞાનથી એ વાત સમજાય છે. (હર્ષભુવન) પ્યારેદાસજી કહે છે, ‘એ તો ભીતર રહ્યો છે, અને તું બાવરો થઈ એને બહાર શોધે છે. પ્યારેદાસે તો એને મેળવી લીધો છે એટલે એ એને શોધવા શા માટે જાય ?” ભાણસાહેબ કહે છે; “આતમરામ કંઈ જૂદો નથી. ભ્રાંતિ અને ભ્રમણાને ભાંગીને આ અનંત કરોડ પૃથ્વીના જીવમાં શિવ સમાયો છે, એવા આતમરામને ઓળખો.” રવિસાહેબ કહે છે, “રામને અંદર શોધો. બહાર કયાં દોડો છો ? એ બહાર નહિ મળે, અંદર હરિને મેળવો. “મોરાર સાહેબ કહે છે, હું સુરત જોતો નથી, આત્માનો આદેશ સાંભળું છું.” જીવણજી કહે છે; “ઘટ ઘટમાં વ્યાપક રામ એવા છે જેને હાથ કે મસ્તક હોતાં નથી.”

મૂર્તિપૂજા :

આ સંપ્રદાયની પરંપરા મૂર્તિપૂજાની નથી. જો કે કબીર-વડમાં કબીર સાહેબ જેવા મૂર્તિના પ્રબળ વિરોધીની મૂર્તિની સ્થાપના થઈ છે ખરી. કબીરપંથમાં મૂર્તિ કે અવતારનો જેટલો પ્રબળ વિરોધ છે, એટલો વિરોધ આ સંપ્રદાયમાં નથી તેમાં અવતાર ને તો સંપ્રદાયે સ્વીકારી લીધા છે. કબીરને રામના અને જ્ઞાનીજીને ગોરખના અવતાર માનવામાં આવે છે.

મૂર્તિના વિષયમાં બે પ્રકારના મત જોવા મળે છે. જૂની વિચારધારાને વળગી રહેનાર મૂર્તિનો વિરોધ કરે છે. તેઓ સ્વસ્તિક જેવા આકારનો પણ વિરોધ કરે છે, જ્યારે બીજા લોકો મૂર્તિપૂજનો એક ઉપયોગી સાધન તરીકે બચાવ કરે છે, આ જોતાં આ વિષયમાં થોડા ઊંડા ઊતરી પરંપરાના સંતોના વિચાર જોવા જોઈએ.

આ સંપ્રદાયના આદ્ય પ્રવર્તક જ્ઞાનીજી છે. એમના સદ્‌ગુરુ કબીર સાહેબના ઉપદેશ પ્રમાણે જ્ઞાનીજીએ સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. એ કબીર સાહેબે મૂર્તિનો વિરોધ એટલા માટે કર્યો હતો કે સાધારણ જનસમાજ મૂર્તિને જ ઈશ્વર માની બેઠો હતો. એ સાધનને સાધ્ય માની બેઠો હતો, તેથી એનો વિકાસ અટકી ગયો હતો, અને દંભી અને ઢોંગી લોકો મૂર્તિપૂજા દ્વારા એમનો ગેરલાભ ઉઠાવતા હતા. સમાજ મૂર્તિની પૂજાના કર્મકાંડમાં અટવાઈ ગયો હતો. તેથી એને મુક્ત કરવા કબીરે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો.

લોકો દેવ, મંદિર, તીર્થ અને પવિત્ર જળ (ગંગાજળ) વિશે જે જૂની માન્યતાઓ ધરાવતા હતા, એમને કબીરે નવું ક્રાંતદર્શન કરાવ્યું હતું. એમના એ વિચારો એમના ગુરુ સ્વામી રામાનંદથી જૂદા પડતા હતા. દ્વારકાની યાત્રામાં સ્વામીજીએ રૈદાસને પૂછ્યું કે દ્વારકા મોટી કે મથુરા? ત્યારે રૈદાસે કહ્યું કે મોટી તો મથુરા. જ્યારે કબીરને પુછ્યું ત્યારે એમણે સ્પષ્ટ કહ્યું કે ગુરુજી! દેવ, દેહરાં, તીર્થ અને જળ વિશેના મારા વિચારો આપનાથી કયાં છૂપા છે?

"देव देहरा तीरथ पानी। तुम ते बुध कहां है छानी॥"

જે દરેક મનુષ્યમાં રામનાં દર્શન કરતા હોય, જેનો રામ જ આતમરામ હોય, એ રામને મૂર્તિમાં બાંધે ખરો?

એ તો કહે છે, કે જો પથ્થરની પૂજા કરવાથી હરિ મળતા હોય, તો શાલિગ્રામનો નાનો પથ્થરની પૂજા કરવાને બદલે હું મોટા પહાડની પૂજા કરવા તૈયાર છું; પણ તેમ થતું નથી. એનાથી તો ઘરની ઘંટીનો પથ્થર સારો, કે એ અનાજ દળવાના કામમાં તો આવે છે.

કેટલાક લોકો કહે છે, કે ઈશ્વર સર્વત્ર છે, તો શું મૂર્તિમાં નથી? મૂર્તિમાં હોય તો પછી એની પૂજામાં વાંધો શું? નારાયણ નામના એક સંત કવિએ એનો જવાબ સુંદર રીતે આપ્યો છે. એ કહે છે, "હે ભગવાન! હું તને કેવી રીતે પ્રસન્ન કરું? તું નિરાકાર છે, તારે માથું નથી, પછી હું હાર ક્યાં પહેરાવું? ચંદન ક્યાં કરું? મૂર્તિમાં તું છે, તો શું તું ફૂલોમાં નથી? તો પછી મૂર્તિ પર પૂજા માટે ફૂલોને ચઢાવવાનો અર્થ તો એ થાય કે હું તારા ઉપર તને જ મૂકી રહ્યો છું.

"तू है फूलों में भी, तू है मूर्तियों में भी।
भला भगवान पर भगवान कैसे चढ़ाऊं मैं?"

સંપ્રદાયમાં નિર્ગુણ પરબ્રહ્મની આરાધના રામનામથી કરવામાં આવે છે. પરંતુ સંતો ઈશ્વર સગુણ છે કે નિર્ગુણ, સાકાર છે કે નિરાકાર, એની ચર્ચામાં પડ્યા નથી. એમણે સમન્વયાત્મક વલણ અપનાવી કહ્યું છે કે એ સગુણ નથી અને માત્ર નિર્ગુણ પણ નથી. ઈશ્વર તો એ બન્નેથી પર છે. સંતો પણ એ મતવાદથી પર રહે છે. એનું એક દૃષ્ટાંત સુરતના નિર્વાણ સાહેબે પુરું પાડ્યું છે. એ પહેલાં રામાનંદી હતા. કબીર સાહેબ જ્યારે કબીરવડમાં નિવાસ કરતા હતા, ત્યારે એમણે સુરત પધારવા નિમંત્રણ આપ્યું હતું. કબીર સાહેબ એક રાત નિર્વાણ અખાડામાં રહ્યા. એમના ગયા પછી અખાડાના સાધુઓએ

નિર્વાણ સાહેબને પૂછ્યું કે આપણે સગુણ સમના ભક્ત છતાં તમે નિર્ગુણિયા કબીરને આટલું બધું માન કેમ આપ્યું? ત્યારે એમણે કહ્યું કે તમે એમને બરાબર ઓળખતા નથી. એ તો યુગોનો યોગી અને અવધૂત છે. સંતોમાં કોઈ ભેદભાવને સ્થાન નથી. તમેજ જૂઓ કે એમના ગુરુ સ્વામી રામાનંદ સગુણ રામભક્ત છે.

સંતોએ સમન્વય કર્યો છે. ઈશ્વરને 'નેતિ, નેતિ' કહી છોડી દીધો નથી. ઈશ્વર નિરાકાર છે, પણ સાકાર રૂપ ધાર કરી શકે છે અને ભક્તોને માટે એ એમ કરે છે. કબીરે જેને 'નિરંજન' કહ્યો હતો, અને જ એ 'રામ' કહે છે. એટલે જ એ રામ દશરથ પહેલાં જનમ્યા હતા.

કબીરે સંતોને ચેતવણી આપતાં કહ્યું હતું કે ધોખામાં રહેશો નહિ, કારણ કે જેમ ગુણમાં નિર્ગુણ છે તેમ નિર્ગુણમાં ગુણ પણ. એ અજરામર, એ ઘટઘટમાં સમાયલો છે. જ્ઞાનીજી પણ કહે છે કે મને મારા ગુરુ (કબીર) એ મૂર્તિમાં જે અમૂર્ત ભાવ રહેલો છે તેની સાથે પ્રીત કરવાનું કહ્યું છે. એ કહે છે; "એક કહું તો બે થાય છે, અને બે કહું તો એક રહે છે. વડના બીજની જેમ એ એકમાંથી અનેક થાય છે."

ભક્ત કવિ ધનરાજ ઈશ્વરના સગુણ અને નિર્ગુણ રૂપનું વર્ણન કરે છે. અને છેવટે કહે છે; "કૃષ્ણ, ગોવિંદ, મોરારી એ તું જ પરબ્રહ્મ છે. દ્વારકાનો રાજા શ્યામવર્ણ શ્રીકૃષ્ણ એજ નિરંજન, નિરાકાર, નિષ્કલંક પુરુષ છે." 'આરતી' પદમાં એમણે ચતુર્ભુજ, શ્યામવર્ણ દ્વારકાના રાજા શ્રીકૃષ્ણને જ નિરંજન, નિરાકાર પુરુષ તરીકે ઓળખાવ્યા છે.

શ્રી જીવણજી મહારાજ પણ એનો સમન્વય કરતાં કહે છે, કે પરબ્રહ્મ સગુણ નથી અને નિર્ગુણ પણ નથી. સગુણની

ભક્તિમાં રઘુપતિ રામનું નામ નિર્ગુણ છે. છેવટે તો સગુણ-નિર્ગુણ મટી જાય છે, અને સુખોનું ધામ એવો એ પ્રેમનો પુંજ રહી જાય છે. તેવી જ રીતે રામ અને કૃષ્ણમાં પણ કોઈ ભેદ નથી. જેણે કાલીનાગ નાથ્યો હતો, એ શ્રીરામ અમારા સાંઈ છે, એમ જીવણજીએ કહ્યું છે.

આમ સંતોએ આ વિવાદને લગભગ નિર્મૂળ કરી નાખ્યો છે. મૂર્તિ એ સાધન છે, જ્યારે સાધ્ય તો પરબ્રહ્મ છે. એ પરબ્રહ્મની ભક્તિ કરવાની છે. કબીરે એને જ રામનું નામ આપ્યું હતું. જ્ઞાનીજી કહે છે, બીજા યુગોમાં પૂજાથી પ્રભુ પ્રસન્ન થતા હશે, પણ કલિકાલમાં તો એક 'રામનામ'નો જ આધાર છે.

૯. ભાકૃત સંપ્રદાયનો પ્રાણ :

સંપ્રદાયનો મુખ્ય આધાર કે એનું પ્રમુખ બળ ભક્તિ છે. કબીરની પહેલાં પણ પરબ્રહ્મની સાત્વિકી ભક્તિની પરંપરા હતી. કબીરે એમાં પોતાની કીર્તન ભક્તિનો પ્રવાહ મેળવી દીધો. એમાં રામના નામને રામથી પણ વિશેષ મહત્વ આપવામાં આવે છે. નામ એ જ લક્ષ્ય છે, તેમ જ ઈશ્વર પ્રાપ્તિનું સાધન પણ એ જ છે. રામ કે કૃષ્ણના સ્વરૂપની ભક્તિ કરવામાં આવે છે, પરંતુ એ સ્વરૂપ પરબ્રહ્મનું જ મનાય છે. એનાં નામ અને રૂપ જૂદાં જૂદાં છે. એથી એને 'નામરૂપની ભક્તિ' પણ કહેવામાં આવે છે. ભગવાનનું મૂળ સ્વરૂપ જે છે તે જ આદિ, મધ્ય અને અંતમાં રહે છે. પરબ્રહ્મ જ્યારે નામરૂપ ધારણ કરે છે, ત્યારે ગુરુગમ વિના એ ઓળખાતું નથી. નિરાકાર સાકાર બને છે, પણ છેવટે તો જેમને તેમ નિરાકાર જ બની રહે છે. આકાર ધારણ કરે છે, એને આપણે અવતાર કહીએ છીએ. એ અવતારના નામ અને એના રૂપની ભક્તિને નામરૂપની ભક્તિ કહે છે. આ સંપ્રદાયમાં મૂળ રામનું નામ લેવાતું અને એ નામની ભક્તિ

કરવામાં આવતી હતી. જ્ઞાનીજીની રચનાઓમાં અવતારની લીલાનું વર્ણન નથી. પરંતુ ધીરે ધીરે આ સાધનની ઉપયોગિતા જણાતાં નામરૂપની ભક્તિ શરૂ થઈ. રામ અને કૃષ્ણમાં કોઈ ભેદ નથી, એટલે રામ સાથે કૃષ્ણની લીલાઓ પણ ગવાવા લાગી.

સંત જીવણજીએ કહ્યું છે, "હરિ જેવો છે, તેવો જ આદિ, મધ્ય અને અંતમાં રહે છે. ભક્તોને વશ થઈ એણે ગોપવેશ ધારણ કર્યો હતો. સ્વયં કબીરજી પણ પ્રેમરૂપ હતા. એમનાં નામ અને રૂપ હવે મટી ગયાં છે, પણ મૂળ પરમાત્માનું જે પ્રેમસ્વરૂપ હતું, એ છે જ અને એમાં પોતે ગરક થઈ ગયા છે.

" **प्रेमरूप कबीरजी, जीवण गयो गरकाय ।**
नामरूप दोनों मिटे, अकथ कह्यो न जाय ॥" **प्रेम अंग ॥**

આ સંપ્રદાયનું નામ '**रामकबीर**' પડ્યું, એમાં પણ આ **નામરૂપ**નો સંકેત છે, કારણ કે એમાં રામનું નામ અને કબીરનું રૂપ મળી એ **નામરૂપ**ની ભક્તિ થાય છે.

સંપ્રદાયની ભક્તિમાં નવે પ્રકારની ભક્તિનો સમાવેશ થઈ જાય છે. ભક્તિના અનન્યભાવને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. એના દાંપત્યભાવમાં પાતિવ્રત્યને મહત્વ અપાયું છે. કબીરજી, જ્ઞાનીજી તથા જીવણજીએ પોતાની સાખીઓમાં પાતિવ્રત્ય પર પણ ઘણી સાખીઓ લખી છે. જ્ઞાનીજી કહે છે, "**राम बिना जाने नहीं, यों पतिव्रता की प्रीत**' જીવણજી કહે છે, દશરથપુત્ર રામ અમારા સાંઈ છે, એને છોડી બીજાને ભજે તે બેપીર છે. દાંપત્ય પ્રેમમાં પતિવ્રતાનો ધર્મ હોવાથી એ કહે છે,

" **पतिव्रता पर जीवणा, मैं वारू तन-मन-प्राण ।**
पियुकी पत सदा रहे, सो निरभय गत निशान ॥ पतिव्रता ॥

આ ભક્તિ નિષ્કામ ભક્તિ છે. ધનરાજ કહે છે, એ હિંડોળા પર પરબ્રહ્મ હીંચે છે.

"જ્ઞાન-વૈરાગ તોરણ કર્યાં અને સ્તંભ શંકર બ્રહ્મા।"
નિષ્કર્મ ભક્તિ હિંડોલડો,
હિંડોલા રે હીંચે હીંચે હરિ પરબ્રહ્મ" ।। હિંડોળા ।।

એને 'નારદી ભક્તિ' પણ કહી છે. કબીરની વાણીમાં એ ઉલ્લેખ છે.

"ભક્તિ નારદી, મગન શરીરા।
ઇહિ વિધિ ભવ તરી, કહે કબિરા॥"

આ સંપ્રદાયમાં દીનતા, ગરીબી અને બંદગી (ભજન) પર સૌથી વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. કબીર દ્વારા કમાલને જે બે વાતનો ઉપદેશ અપાયાનો દોહો પ્રસિદ્ધ છે તેમાં સાહેબની બંદગી સાથે ભૂખ્યાને અન્નપ્રદાનનો ઉલ્લેખ છે. કબીર, એના શિષ્ય પદ્મનાભ તથા પદ્મનાભના શિષ્ય લોચનદાસ ત્રણે સંતોએ એ તત્વોનું સમર્થન કર્યું છે. પદ્મનાભે આ સંપ્રદાયની જે ટેક શિષ્ય લોચનદાસને લખાવી હતી, તેનો ઉલ્લેખ પણ છે.

કબીર–"નિર્ગુણ સારા બહિ જાયગા,
જાકે ધણી નહીં કોઈ।
દીન, ગરીબી બંદગી,
કરતા હોઈ સુ હોઈ॥૪૧-૧૧॥

પદ્મનાભ–"પદ્મનાભ લિખાઇયા, સંપ્રદાયકી ટેક।
પરમારથ અરુ બંદગી,
લોચન! યહી વિવેક॥" લોચનદાસ॥

લોચનદાસ–"લોચન કહે પુકારકે, રખો સાહબસે પ્રીત।
દયા, ગરીબી બંદગી, જૈહો ભવજલ જીત॥

સંપ્રદાયમાં એવુંજ મહત્વ દાસત્વને અપાયું છે. કબીરે પોતાને દાસનો પણ દાસ ને પગ નીચેનું ઘાસ કહ્યો હતો. વળી પોતાને રામનો મોતીઓ કુતરો કહ્યો હતો, અને જ્ઞાનીજીએ પોતાને બાજીગરનો વાંદરો ગણ્યો હતો.

" बाजीगर का बंदरा, जेवडी हरि के हाथ ॥"४९३॥

સંપ્રદાયમાં જે રામનું નામ સ્વીકારાયું હતું, એ સદ્‌ગુરુ કબીરે જ્ઞાનીજીને જે બતાવ્યું હતું, તે હતું. એ રામ દશરથપુત્ર રામ નહિ, પણ પરબ્રહ્મનું એક નામ હતું. કબીર સાહેબે રામનામનો જે મર્મ સમજાવ્યો હતો, એનું વિવરણ શ્રી વિચારદાસ શાસ્ત્રીએ બીજકની ટીકામાં આ પ્રમાણે આપ્યું છે.

" કબીરના રામ પુરાણ-પ્રતિપાદિત રામ નહિ હતા, એ નક્કી છે. એ દશરથને ત્યાં જન્મ્યા ન હતા, એમણે લંકાના રાવણને માર્યો ન હતો. એ ગોવાળો સાથે ઘૂમ્યા ન હતા કે એમણે ગોવર્ધન તોળ્યો નથી. એમણે બલિને છેતર્યો નથી. વરાહરૂપ ધર્યું નથી. એણે વિષ્ણુના વરાહ, મત્સ્ય કે કશ્યપ કોઈ અવતાર લીધા નથી. નરનારાયણના રૂપમાં બદ્રિકાશ્રમમાં ધ્યાન લગાવવા એ બેઠા નથી. પરશુરામના રૂપમાં પૃથ્વીને નક્ષત્રી કરી નથી. જગન્નાથપુરીમાં બુદ્ધ રૂપે એ જન્મ્યા નથી. આ બધો ઉપરી વ્યવહાર છે. સંસારમાં વ્યાપેલા રામ અધિક, અપાર અને અગમ્ય છે."

રામકબીર સંપ્રદાયમાં અવતારના વિચારને આવકાર છે. જગતના ઉદ્ધાર અર્થે પરબ્રહ્મ અવતાર ધારણ કરે છે. એને શ્રીકૃષ્ણના વચન-संभवामि युगे युगे નો આધાર છે. સંતકબીર અને રામકબીર વચ્ચે પ્રમુખ વૈચારિક અંતર આ પ્રશ્ન પર પડ્યું છે. કબીરપંથી અવતારનો સખ્ત વિરોધ કરે છે, જ્યારે

આ પંથના અનુયાયીઓ એનો વિરોધ કરતા નથી. ધનરાજ લખે છે;

"જરે રામચંદ્ર અવતાર જ લીધો, કીધાં વસુધા કાજ દે।
સીતા કારણ રાવણ માર્યો, આપ્યું વિભીષણ રાજ દે।।" સોરંગી।।

તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો અવતાર ગણવા કે ન ગણવામાં કોઈ ભેદ ઉપસ્થિત થતો નથી. કબીરના આતમરામને સહુએ સ્વીકાર્યો છે. એ આત્મા પરમાત્માનું જ રૂપ હોય તો અમુક જ નહિ, તમામ આત્માઓ પરબ્રહ્મનું પ્રતિનિધિત્વ કરે છે. એટલે અમુક સંત અમુક ભગવાનનો અવતાર હતા, એમ કહેવું કેટલું વિચિત્ર લાગે છે! જો કબીરને રામના અને પદ્મનાભને વિષ્ણુના અવતાર ગણીએ તો વિષ્ણુ રામના શિષ્ય થયા. પણ રામ પણ વિષ્ણુના અવતાર હોય તો વિષ્ણુ જ વિષ્ણુના શિષ્ય થયા. પણ પરમાત્મા તો એક જ છે, એનું શું?

૧૦. મિથ્યાચાર વિરોધ :

સમાજ જ્યારે આચારોમાં એવો ડૂબી ગયો હતો કે એને સાધનને બદલે સાધ્ય માનવા લાગ્યો, ત્યારે કબીરે હિન્દુ અને મુસલમાનોના મિથ્યા આચારોનો વિરોધ કર્યો. સમજ્યા વિના લોકો જે આચારો પાળતા હતા, એની પોકળતા એમણે ઊઘાડી પાડી. હિન્દૂ પંડિત કે મુસલમાન મૌલવી નારાજ થાય કે રોષે ભરાય તેની પરવા કર્યા વિના કહ્યું; "તારા હાથમાં માળાના મળકા ફરે છે, મોઢામાં જીભ ફરે છે, અને સાથે તારું મન પણ ચારે દિશામાં દોડે છે, એ હરિસ્મરણ નથી. તું રોજા રાખે છે, નમાજ પઢે છે અને બાંગ પુકારે છે, તારા હૃદયમાં કપટ હોય અને તું કાબે હજ પણ કરી આવે, તો પણ તને 'સાંઈ' મળશે નહિ." (૨૬૪) "જો તું મર્મ ન સમજે, તો પછી તિલક

કરવાથી કે માળા જપવાથી શું થશે ? શ્વેત સ્વાંગ રાખો, ગળામાં માળા પહેરો અને કાળાં કર્મો કરતા હો, તો એનો અર્થ શો ?(૧૩૭) પ્રતીતિ વિનાજ તમે પાન તોડો છો, જ્ઞાન વિના દેવળ પર જઈ માથું ફોડો છો. જો નગ્ન ફરવાથી યોગી બની મુક્તિ મળતી હોય, તો વનના હરણોએ કયારની મુક્તિ મેળવી લીધી હોત." (૧૩૨)

સાધુઓમાં કેટલાક જટા વધારે છે, જ્યારે કેટલાક સમૂળ વાળ કઢાવી નાખે છે. કબીરે કહ્યું હતું કે વાળે તમારું શું બગાડયું છે, કે એને સેંકડો વાર કપાવી નાખો છો ? એના કરતાં જેમાં અનેક વિકાર સમાયલા છે, તે મનને શા માટે મુંડતા નથી ? એજ ભાવને કબીરના શિષ્ય પદ્મનાભની પરંપરના એક શિષ્ય સંત કવિ માધવદાસે એજ રૂપમાં વ્યક્ત કર્યો છે.

કબીર– 'केशो कहा बिगारिया, जो मुंडे शतबार।
मनको कहाँ न मुँडिये,
जामें विकार अपार॥ भेष–१२॥

માધવદાસ– 'माथा मुछ मुँडायके, काया झाकमझोर।
मन पाजी नहीं मुँडियो, जामें बहुरी खोट॥"४२'॥

કબીર સાહેબે તો સ્પષ્ટ કહી દીધું હતું, કે શુધ્ધિ માટે કરેલો ચોકો જૂઠો છે, ગોબર (છાણ) જૂઠું છે. જે વિકાર છોડી હરિને ભજે છે, તે શુધ્ધ છે.

"चौका झूठा, गोबर झूठा, झूठी का ठीकारा।
कहे कबीर तेई जन सुचे, जे हरि भजी तजहि विकारा॥"२'११॥

જ્ઞાનીજીએ કબીરની કર્મકાંડ વિરોધી વિચારધારાને સ્વીકારી હતી, પરંતુ એમની વાણીમાં વિરોધની બહુ વાતો જોવા મળતી

નથી. એમણે એ સ્પષ્ટ કર્યું છે, કે સદ્‌ગુરુ કબીરે મને સમજાવ્યું હતું કે બીજા ધર્મો 'આચાર-ધર્મો' રહી ગયા છે, એક 'રામનામ' જ સત્ય છે. (૬૫) ધનરાજે પણ સત્સંગ રૂપી ગંગાનું સેવન કરવાનું તથા સહસ્રનામ રૂપી ગોપીચંદન કે તુલસી ચઢાવવાનું કહ્યું છે. (ગીતું) કર્મના વન સળગાવીને અઠ્ઠાવીસ નર્કના કુંડને હું ભાંગી નાખીશ. (શોકલોવન) જીવણજી કહે છે; "મને સદ્‌ગુરુએ કહ્યું હતું કે-કર્મથી મુક્ત થવાનો ઉપદેશ કબીર સાહેબે આપ્યો હતો, તે પ્રમાણે મેં કુહાડાથી કર્મોને કાપી નાખ્યાં છે. (૧૧૨) જે પંથો જપ, તપ, તીર્થ અને દાન કરવાના બ્રહ્મજ્ઞાનને ઉપદેશે છે, તે સહુ બુડી ગયા. તુલસી અને તિલકના આધારે તરી જવાતું, તે યુગ જૂદો હતો. આ કલિયુગમાં નામસ્મરણ વિના કહીં ઠેકાણું પડશે નહિ. મુંડ મુંડાવાથી કે કેશ વધારવાથી કંઈ વળવાનું નથી. સદ્‌ગુરુના ઉપદેશ વિના અભિમાન મટશે નહિ. (૨૪) માળા અને તિલક કરીને તું મનમાં સાધુ હોવાનું અભિમાન કરે છે, પણ ગુરુસેવા વિના એ ઊંટના પગ જેવું છે." (૧૫૭)

ભાણ સાહેબ કહે છે; "અમે જપ, તપ, તીર્થ કે યોગ કરતા નથી અમે ભક્તિરસ પીધો છે. ષટ્‌દર્શનની શોધ કરીને પાછા જેવા હતા તેવા ઘેર આવી ગયા." રવિ સાહેબ કહે છે, "શ્રાદ્ધ કરતાં કરતાં વર્ષો વીતી ગયાં. કોઈ પાછું વળીને જોતું નથી. પાખંડીઓ જ લીલાં-પીળાં ટીલાં અંગ પર છાપે છે."

જીવણજીની પરંપરાના એક સંત સ્યામદાસે પોતાના 'જ્ઞાન મહિમા' માં સંપ્રદાયમાં તીર્થ, વ્રત, શ્રાદ્ધ, હોમ, કર્મ, ધર્મ, પુણ્યપાપ તથા જેનો જેનો નિષેધ છે, તે નીચેની પંક્તિઓમાં વ્યક્ત કર્યો છે.

" तीरथ व्रत नहीं, आन आराधा,
होम कनागत, नाहीं सराधा ॥ ९ ॥
करमधरम नहीं पुनपापा,
सुरसति को लागे न सरापा ॥ १० ॥
छापा, तिलक और माला रोजै,
नरनारी भगत ए छाजै ॥ ११ ॥
जस, अपजस को डर नहीं माने,
नंदो वंदो जो मनमानै ॥" १२॥

(૧) પાખંડ વિરોધ :

સર્વપ્રથમ કબીરસાહેબે પાખંડીઓની પોલ ખુલ્લી પાડી. એમણે કહ્યું કે દિવસમાં રોજા રાખે છે, અને રાત્રે ગાયની હત્યા કરે છે, એ કંઈ ખુદાની બંદગી નથી. લાંબી ચોટલી રાખી આસન મારી તું જપ કરે છે, પણ તારા હૃદયમાં જે કપટની કાતર છે, તે પણ સાહેબના ધ્યાનમાં છે. એમણે કહ્યું કે તનના યોગી તો ઘણા મળે છે, મનના યોગી વિરલા હોય છે. મનના યોગીને જ બધું સહજ પ્રાપ્ત થાય છે.

સંત માધવદાસે કહ્યું છે કે સમાજમાં પાપી અને પાખંડી ઘણા છે, શોધતાંય કોઈ સંત મળતા નથી. જ્યાં જુઓ ત્યાં લોભી, ધુતારા અને ચોર જ જણાય છે. (૨૪-૧૭)

" पापी-पाखंडी अति, शोधे मिले न संत ।
लोभी-धुतारे दिसते, तस्कर चोरी चत ॥" २०॥

રવિ સાહેબે તો કહ્યું કે-ગુરુ લબાડ અને તેનો ચેલો લાલચુ છે. ખુણામાં બેસીને ખોટી વિદ્યા ભણાવે છે. આવા લોકો ભેગા મળી પ્રપંચ-પંથ ચલાવે છે.

" ગુરુ ઢબાડ ચેલા લાલચુ, લુખા કરત હૈ લેખા।
ખૂણે બેસી ખોટી વિદ્યા, આપે જઈ ઉપદેશા ॥
પ્રપંચ પંથ ચલાવતા, વચ્ચે પાડે ક્લેશા ।
'રવિદાસ' ભાણ પ્રસાદથી, પક રહ્યા અલેખા ॥ "

(૨) પંડિત-મુલ્લા વિરોધ :

મુલ્લા-પંડિતોએ પોતાની આજીવિકા માટે કર્મકાંડને અને પુસ્તકના જ્ઞાનને ખૂબ મહત્વ આપ્યું છે. પરંતુ કબીરે એમના એ કોરા જ્ઞાનનો ભાંડો ફોડી નાખ્યો. એમણે કહ્યું કે પોથી પઢવાથી કોઈ પંડિત થતું નથી. હૃદયથી જે હરિને પ્રેમ કરતાં શીખે છે, તે ખરો પંડિત છે. પંડિતો તો જૂઠા વાદવિવાદ કર્યા કરે છે. (પદ-૪૦) કાઝી પણ ગ્રંથનાં વખાણ કરે છે. એને ભણતાં કેટલાય દિવસ વીતી ગયા, પણ સુગતિ પ્રાપ્ત થઈ નહિ.. કબીર સાહેબ એટલા માટે જ કહે છે;

" છાંડિ કતેબ રામ કહિ કાજી, ખૂન કરત હો ભારી ।
પકરી ટેક કબીર ભક્તિ કી કાજી રહે ઝખ મારી ॥"૫૯॥

કબીર સાહેબનો પંડિત-મુલ્લાની ગતિવિધિનો વિરોધ એમના શિષ્યોની વાણીમાં સહજ ઉતરી આવ્યો છે.

સંત માધવદાસ કહે છે, " બ્રાહ્મણ પોથી વાંચે છે પણ એને નિરંજનનો ભેદ મળતો નથી. મુલ્લા કુરાન પઢે છે, પણ એ હિલિલાને ઓળખતો નથી. આખી દુનિયા ભ્રમમાં ભૂલી પડેલી છે, માધવદાસ કહે છે કે તમે મક્કા, મથુરા, દ્વારકા કે રામેશ્વર જાવ, પણ તમને સત્ય મળશે નહિ." એમના શિષ્ય પ્યારેદાસ પણ ' પ્રેમગીતા 'ને જ ભણવાનું કહે છે.

" पंडित बहुरि पोथी पढ़े, और पढ़े पुरान ।
प्रेमगीता पढ़े बिना, 'प्यारे' बड़ो अज्ञान ॥ "

જીવણજી તો અતિ ઉગ્રતાથી કાઝી-બ્રાહ્મણનો વિરોધ કરતાં કહે છે; કર્મધર્મ એ ફાંસી છે, અને કાઝી અને બ્રાહ્મણ કાળ છે. (૩૫) જ્યાં પંડિત પગ મૂકે ત્યાં જમનો વાસ સમજવો, જ્યારે સંતના ચરણ પડે, ત્યાં ભગવાન રામ છે, એમ સમજવું. રવિસાહેબ પણ કહે છે કે કાઝી કુરાન વખાણે છે, પાંચ વખત નમાઝ પઢે છે, પણ રાત્રે છરી ચલાવે છે, ગુરુ વિનાની એ ગુમરાહી છે.

(૩) વેદ વિરોધ :

કબીરે વેદનો જે વિરોધ કર્યો, એ સમજવા જેવો છે. વેદ ઓટું કહે છે એમ એ કહેતા નથી, ઉલ્ટું વેદના નિર્ગુણ બ્રહ્મનો સ્વીકાર એમણે કર્યો છે. પણ વેદ અને પુરાણની વાતોમાં પડી પંડિતો જે વાદવિવાદ કરે છે, એમનો વિરોધ એ કરે છે. બીજું પુસ્તકિયા જ્ઞાનને સ્થાને એમણે અનુભૂતિના જ્ઞાનને મહત્વનું ગણ્યું છે. ઈશ્વરની કૃપા શબ્દોમાં સમજાતી નથી. અનુભવ થાય એને સમજાય. રામબાણ જેને વાગ્યાં હોય, તે એ જાણે. એટલે કબીરે પુસ્તકો છોડી પ્રેમ કરવાનું કહ્યું છે, તથા વેદ પુરાણ છોડી રામનામના તત્વને સમજવા કહે છે.

" वेद-पुराण पढ़त अस पांडे खरचांदन जैस भार ।
रामनाम तत्व समझत नाहीं, अंत पडे मुख छार ॥पद ३९॥

એમના પટ્ટશિષ્ય જ્ઞાનીજી પણ કહે છે, કે લોકો વેદ વાંચે છે અને યજ્ઞ કરે છે, પણ જેણે હરિનું સ્મરણ કર્યું છે, તેણે એ સૌ સાધન કરેલાં જ છે. ઈશ્વર પ્રાપ્તિ માટેનું મોટામાં મોટું સાધન એ હરિસ્મરણ છે. (૬૮)

ધનરાજ કહે છે, વેદ વાંચીને કર્મમાર્ગમાં તું ભૂલો પડયો છે. તેં ભક્તિનો ભેદ જાણ્યો નથી. વેદો અને પુરાણ તમે પઢયા, અને યજ્ઞ-યાગ તથા વ્રત-આચાર કર્યા, તો પણ અક્ષયપદ વિના તો તમારે ટળવળવું પડશે. (અહર્નિશ) સ્વામીએ વેદ, પુરાણ, સ્મૃતિ, ષટ્ દર્શન વિશે નિકટથી વિચારી જોયું તો એકજ સાર એ લાધ્યો કે એકજ પરબ્રહ્મ ચૈતન્ય સ્વરૂપ છે. જીવણજીએ કહ્યું કે મારા ગુરુ ગોપાલદાસજી જેમણે મને અભયપદ આપ્યું હતું. એમણે વેદરૂપી વનને કાપીને મેદાન કરી દીધું હતું. (૧૫૩) એ વેદવનમાં બધો સંસાર ભૂલો પડેલો છે. (૩૫)

(૪) મૂર્તિ વિરોધ :-

સહુ પહેલાં કબીરે મૂર્તિનો વિરોધ કર્યો હતો. લોકો મૂર્તિના પથ્થરને જ ઈશ્વર માની બેઠા હતા. એ વાત કોઈ જાણતું ન હતું કે ઈશ્વર એક પરમ શક્તિ છે, જે સૂક્ષ્મ છે, નિરાકાર છે. મૂર્તિ તો એનું પ્રતીક માત્ર છે. એટલે કબીરને મૂર્તિનો વિરોધ કરવો પડયો. જ્યારે જ્ઞાનીજીએ વધારે સ્પષ્ટ કરી કહ્યું કે મૂર્તિમાં રહેલા અમૂર્ત ભાવને ઓળખો. લોકોના ભ્રમનો વિધ્વંસ કરતાં કબીરે કહ્યું કે દુનિયા શિશ નમાવવા મંદિરમાં જાય છે, પરંતુ તારા હૃદયમંદિરમાં ઈશ્વર વસે છે, તું તેને જ શોધ. મંદિરે માથું ફોડવાની જરૂર નથી, એ અદ્‌ભુત તર્ક કરતાં કબીર કહે છે, કે પત્થરની પૂજા કરતાં જો ઈશ્વર પ્રાપ્ત થતા હોય, તો હું પર્વતની પૂજા ન કરું ? જેથી મોટું ફળ પ્રાપ્ત થાય. પણ ખરેખર તો એ વ્યર્થ છે. એનાથી તો ઘરની ઘંટીનો પત્થર સારો કે અનાજ દળવાના કામમાં આવે છે. મુલ્લા મસ્જિદમાં જઈ ઊપર ચઢી બાંગ પોકારે છે, પણ ખુદા કંઈ બહેરા નથી.

જીવણજી કહે છે; પાણી (તીર્થજળ) અને પાષાણ (મૂર્તિ) નું કોઈ મહત્વ નથી. આ તો પંડિતરૂપી શિકારીએ મારેલાં કર્મ રૂપી બાણ છે. (૬) પોતાના ગુરુ દ્વારા ઉપદેશિત મૂર્તિ અને સાકાર રૂપનો સ્પષ્ટ વિરોધ કરતાં એમણે કહ્યું હતું.

" शालीग्राम सेवूं नहीं, नहीं स्वरूप सु काम ।
सद्गुरु समझायो 'जीवणा', सीतापति को नाम "॥ ९ ॥

(૫) ભેદભાવ વિરોધ :

મનુષ્ય મનુષ્ય વચ્ચેના ભેદભાવનો કબીરે તીવ્ર વિરોધ કર્યો હતો. માનવ બધાં સરખાં છે. કબીર કહે છે, 'અમારું અને તમારું લોહી ને દૂધ જૂદાં છે? તો પછી તમે બ્રાહ્મણ શાના? અને અમે શૂદ્ર શાના? (પદ-૪૦) તું છુઆછૂતમાં બહુ માનતો હોય, તો ગર્ભવાસમાં આવ્યો ત્યારે તારી છુઆછૂત કયાં ગઈ હતી? ભાઈ! જન્મતાં પણ છૂત છે, અને મૃત્યુમાં પણ છૂત છે. હરિની નિર્મળ જ્યોતિ બધી છૂત ને દૂર કરે છે. (૪૨) કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી, સારું ય જગત એ ઊંચનીચના ભેદભાવમાં ભૂલું પડયું છે. (૧૮૧)

રવિસાહેબ કહે છે, વૃદ્ધ હોય કે યુવક હોય, ઊંચ હોય કે નીચ હોય, સહુમાં એક જ આત્મા રહેલો છે. તેવું જ હિન્દુ અને મુસલમાન પણ એક જ ઢાળાનાં જૂદાં જૂદાં બીબાં જેવા છે. કબીર કહે છે, 'જેનામાં ઈમાન છે, એ હિન્દુ પણ છે અને મુસલમાન પણ છે.' (૩૫૫)

પદ્મનાભજીના શિષ્ય લોચનદાસ સુરતમાં હતા. વિ. સં. ૧૬૦૦માં સુરતના રાજકર્તા ઈમાદુલ મુલ્કની એના વિશ્વાસઘાતી સુબેદાર ખુદાવંતખાને કતલ કરી. ઇમીની હત્યાના સમાચાર

સાંભળી એના પુત્ર ચંગીસખાને સુરત પર ચઢાઈ કરી ખુદાવંતની કતલ કરાવી. એ ચંગીસખાન સુરતના પ્રખ્યાત સંત લોચનદાસને મળવા ગયો, ત્યારે સંત લોચનદાસે હિન્દુ-મુસ્લિમ અભેદ ભાવની સ્પષ્ટ વાતો એને સંભળાવી હતી. એ એમના શબ્દમાં અહીં આપી છે.

" मंदिर और मस्जिद में गुँजत वही आवाज ।
वो साहब के नाम की, चांगा ! रखो कुछ लाज ॥
पाक जहाँना साँई की, हम आये मिजमान ।
दो फरजंद साहिबके, हिन्दू - मुसलमान ॥ "

એમની પરંપરાના માધવદાસ, સમર્થદાસ તથા પ્યારેદાસના અનેક મુસ્લિમ શિષ્યો હતા. સંત કવિ પ્યારેદાસે પણ કહ્યું છે, કે મંદિર અને મસ્જિદમાં તું જ બેઠો બેઠો મુસ્કરાય છે.

" मंदिर और मस्जिद में तूही बैठे मुस्काई ।
'प्यारे' प्यासी दीदारका, जल्वा दीखादो साँई ॥ "

(૬) શાક્ત વિરોધ :

કબીર અને એની પરંપરાએ વૈષ્ણવભક્તિનું સમર્થન અને શાક્ત-આચારોનો વિરોધ કર્યો છે, એનું પ્રમુખ કારણ શાક્તોની હિંસા પ્રવૃત્તિ છે. શાક્તોનો સંગ ન કરવાનું કબીર કહે છે એનું કારણ એ છે, કે એ લોકો પોતાનો માર્ગ બદલવા જરા પણ તૈયાર ન હતા. એટલે કબીરે કહ્યું હતું; " साकत कारी कामरी धोये होय न सेतु । " એમણે કહ્યું હતું, "બ્રાહ્મણ પણ જો શાક્ત હોય તો એને મળશો નહિ, અને ભંગી પણ જો વૈષ્ણવ હોય તો જાણે શ્રીકૃષ્ણ મળ્યા હોય, એમ ગળે મળી એને ભેટો. (साधमहिमा)

એજ પરંપરામાં જીવણજીએ પણ કહ્યું કે શાકતો સાથે હેત કરીને બોલો નહિ. એની સાથે રાગ શું કે અનુરાગ શું ? જેને હરિનો સોહાગ છો, એવા સંતો સાથે સંગ કરો. (૨) શાકત સ્ત્રીનો સંગ ન કરવો. એ ભૂતોમાં ભટકે છે, અને ભજનમાં ભંગ પાડે છે.

(૭) આપા – વિરોધ :

આપા એટલે અભિમાન, હું પણું કે અહમ્. સંતોએ એનો ત્યાગ કરવાનું કહ્યું છે. એ સિવાય ઈશ્વર પ્રાપ્તિ થતી નથી. હૃદયરૂપી મ્યાનમાં એક જ તલવાર રહે, 'હું'ની કે 'તું'ની. કબીર કહે છે, "**आपा मेटया हरि मिले ।**" અભિમાન જાય ત્યારે હરિ મળે. માયા છોડી તો શું થયું ? અભિમાન છોડો તો ખરું, માન મોટા મોટા મુનિવરોને પણ ખાઈ જાય છે. (૧૦૬) જેનું અભિમાન છૂટી ગયું, એ ભકત ભગવાન જેવો છે.

"कहे कबीर जिनि गया अभिमाना,
सो भक्ता भगवंत समाना ॥" (પદ–૧૩૭)

જ્ઞાનીજી કહે છે. અભિમાન જંગલની દેન છે, હું પણું એ મનુષ્યનો મોટો અહંકાર છે, એ તામસી ગુણ છે. (૫૩૦) જીવણજી પણ કહે છે, આ સંસાર ચાર ખાણ છે. અભિમાન છૂટયા વગર એમાંથી મુક્ત થવાતું નથી.

આ સંપ્રદાયમાં સ્ત્રીઓની નિંદા કે વિરોધ નથી. ભક્તિ કરવામાં ગાર્હસ્થ્ય ધર્મ આડે આવતો નથી. કારણ કે આખો સમાજ ભકત છે. એના વિરકત સંતો પણ કાષાય વસ્ત્ર ધારતા નથી.

સંદર્ભ – ગ્રંથ :


૧. उदाधर्म पंचरत्नमाला-प्र यदुनाथजी, रामकबीर मंदिर, पुनियाद-
૨. કબીર ગ્રંથાવલી – સં. શ્યામસુન્દરદાસ.
૩. 'જ્ઞાનીજી કી સાખી'-હસ્તલિખિત ગ્રન્થ-(લેખક કે પાસ)
૪. નાભાદાસ કી ભક્તમાલ-(છપ્પય-૬૮)
૫. માધવદાસ કી કુંડલિયા (હસ્તપ્રત) (લેખક કે પાસ)
૬. સંત માધવદાસ – માણેકલાલ રાણા
૭. સંત પ્યારેદાસજી – માણેકલાલ રાણા
૮. સંત ભાણ સાહેબ– માણેકલાલ રાણા.
૯. સંત રવિસાહેબ – માણેકલાલ રાણા (પાન-૩૧)
૧૦. સંત મોરાર સાહેબ – માણેકલાલ રાણા




ભરૂચ, કબીરપરાનાં કબીરસાહેબનાં પગલાં



પાટણ – પદ્મવાડીમાંની
જીવણજીની છત્રી (કયારો)



કબીરસાહેબ કબીરવડમાં આવ્યાના
સંવત ૧૪૬૫નો શિલાલેખ



પાટણ – પદ્મવાડીમાંની
કબીરજી કમાલજીની છત્રી
(કયારો)

પ્રકરણ–૪ ગુજરાતના કબીર–શિષ્યો

૧. સંત જ્ઞાનીજી :

આ સંપ્રદાયના પ્રમુખ પ્રવર્તક કબીર સાહેબના શિરોમણિ શિષ્ય સંત કવિ જ્ઞાનીજી હતા. પોતાની પૂર્વાવસ્થામાં એ જેસલમેરના ભટ્ટી રાજા મોતીસિંહના રાજકુમાર હતા. એમનું સ્થાન ઝગડીઆ પાસે મોટાસાંજા ગામમાં આજે પણ છે, જ્યાં એમની સમાધિ છે, તથા એમના કેટલાક હસ્તલિખિત ગ્રંથો પણ છે. આ સ્થાન કબીરવડની સામે નર્મદાના દક્ષિણ તટે આવેલું છે.

જ્ઞાનીજીનું પૂર્વાવસ્થાનું નામ ચતુરસિંહ હતું. એમનો જન્મ રાજમાતા હેમકુંવર બાપુબાની કુખે સંવત ૧૪૫૧ની પોષ સુદ એકાદશીને દિવસે થયો હતો. એમની એક સાખીમાં ભટ્ટી કુલનો તથા જેસલમેરનો ઉલ્લેખ છે.

" જેસલમેર સે ઉતરે ભટ્ટી કુલ રાજપૂત ।
ગુર્જર ધર પાવન કરી, 'જ્ઞાની' જ્ઞાન અવધૂત ॥"

જોષીએ કહ્યું હતું કે ચતુરસિંહના લલાટે રાજતિલક નહિ, પણ ધર્મતિલક છે. કહે છે, કે એમણે પ્રથમ ઉચ્ચાર 'રામ' શબ્દનો કર્યો હતો. નાનપણથી જ એ રામની ભક્તિ કરતા હતા. રામના મંદિરમાં બેસી ધ્યાનમાં ઉતરી જતા હતા. વિદ્યાનંદ મહારાજ એમને સંસ્કૃત તથા ફારસીનો અભ્યાસ કરાવતા હતા. ઘોડેસ્વારી કરતાં એમને ભાષાના અભ્યાસમાં અધિક રસ હતો. અગિયાર વર્ષની વયે એ યજુર્વેદની ઋચાઓનું ફારસીમાં

ભાષાંતર કરી સમજાવી શકતા. જંગલમાં શિકાર કરવાને બદલે એ રાની પશુઓ સાથે પ્રેમ કરતા. એમ કહેવાય છે કે એક વખત એક વાઘને મહેલમાં લાવી એમણે માખણ-મિસ્ત્રી અવડાવી હતી.

નાનપણથી એ કાવ્યરચના કરતા હતા. એમની રચનાઓ આસપાસમાં પ્રસિદ્ધ થઈ હતી. રાજકવિ બ્રિજલાલજી એમને એ દિશામાં પ્રોત્સાહન આપતા હતા. એમની પંદરમી જન્મગાંઠને દિવસે બ્રિજલાલજી પોતાનું પ્રશસ્તિગીત સંભળાવવા આવ્યા, તો ખબર પડી કે ચતુરસિંહ પાંચ દિવસથી સમાધિસ્થ હતા.

સંવત ૧૪૬૭માં જયપુરની રાજકન્યા ગંગાકુંવરબા સાથે એમનો વિવાહ નક્કી થયો. લગ્નનું મુહુર્ત વસંતપંચમી નક્કી થયું. રાજકુમારે લગ્નની વેદીમાંથી ત્યાગ કર્યો, એ માટે એક સાખી કહેવામાં આવે છે.

" लग्न मंडप छोड के, लगन लगाई राम से ।
किरपा की किरतार ने, मेट भई कबीर से ॥ "

રાજકુમાર ભાગીને સ્વામી રામાનંદના શિષ્ય ખોજીજીને મળ્યા. ત્યાંથી ખોજીજી સાથે એ સ્વામીજી પાસે અયોધ્યા ગયા. એમ કહેવાય છે, કે સ્વામી રામાનંદે ચતુરસિંહને 'જ્ઞાની' નામ પ્રદાન કર્યું હતું. જો કે જ્ઞાનીજીએ પોતાની વાણીમાં ગુરુ(કબીર)એ નામ આપ્યાનું કહ્યું છે;

" 'ज्ञानी' गुरु कृपा करी, दिया मोही निज नाँव" ॥३०॥

સ્વામી રામાનંદ પાસે એમણે છ માસ રહી યોગાભ્યાસ કર્યો. ત્યાર પછી આઠ વર્ષ દેશાટન કર્યું. એ દરમિયાન એ પદરચના કરતાં પણ શિખી ગયા હતા. શ્રી ખોજીજી અને સ્વામીજીની સૂચનાથી રાજકુમારે દક્ષિણમાં નર્મદા તટ પ્રતિ પ્રયાણ કર્યું. નર્મદા તટે શુકલતીર્થ પાસે આજે જ્યાં કબીરવડ છે ત્યાં તત્વાજીવાને ત્યાં કબીર સાહેબે નિવાસ કર્યો હતો. એમ કહેવામાં આવે છે કે મૂત્રના રેલામાં વડના ટેટાને તણાતા જોઈ ખોજીજી હસ્યા, તે જોઈ જ્ઞાનીજીએ એનું કારણ પુછ્યું, ત્યારે ખોજીજીએ કહ્યું, કે મેં અનેક વડને એમાં તણાતા જોયા. એનું રહસ્ય સમજવા માટે ખોજીજીએ કહ્યું કે તમે નર્મદાતટે કબીર સાહેબ પાસે જાવ, એ તમને રહસ્ય સમજાવશે. તે પ્રમાણે જ્ઞાનીજી કબીરવડમાં આવ્યા અને ત્યાં એમને કબીર સાહેબે આત્મજ્ઞાન આપ્યું. એમણે કહ્યું કે જેવી રીતે વડના ટેટામાં રહેલાં દરેક બીજ એક એક વડ છે, તેવી રીતે દરેક મનુષ્યનો આત્મા પરમાત્માનું જ સ્વરૂપ છે. પોતાની શંકાનું કબીર સાહેબ દ્વારા આમ સમાધાન થતાં જ્ઞાનીજીએ એમનું શિષ્યત્વ સ્વીકાર્યું. એ વાતનો ઉલ્લેખ જ્ઞાનીજીએ પોતાની વાણીમાં પણ કર્યો છે.

बटक बीजकी मांडमें अटक भयो मन थीर।
'जनज्ञानी'का संसा मिटा, सद्‌गुरु मिले कबीर॥

દીક્ષા પહેલાં એમણે આઠ વર્ષ દેશાટન કર્યાની કે બાર વર્ષ ધ્યાનયોગ કર્યાની વાત બંધબેસતી નથી, કારણ કે સોળ વર્ષની ઉમરે જ્ઞાનીજી સ્વામી રામાનંદ પાસે ગયા ત્યારે સં. ૧૪૬૭ નું વર્ષ હતું. એજ વર્ષે સ્વામીજીનું નિધન થયું હતું, એટલે તે પછી સ્વામીજીએ ભારતયાત્રા કરી હોય, એ સંભવિત નથી. વળી જ્ઞાનીજીનું સાંજમાં આગમનનું વર્ષ ૧૪૬૮ કહેવામાં આવે છે, તથા કબીર સાહેબના કબીરવડમાંના

આગમનનું વર્ષ – સંવત ૧૪૬૫ ત્યાંના શિલાલેખ પર કોતરાયલું છે, એ જોતાં સં. ૧૪૬૭ માં દીક્ષા પ્રાપ્ત કરી જ્ઞાનીજીએ કથીરવડને સામે કિનારે મણિપુર (વર્તમાન સાંજપુર ગામ) માં મુકામ કર્યો હોય, એવી સંભાવના જણાય છે. મણિપુરમાં નરોતમ નામના એક વાળંદે એમના નિવાસ માટે કુટીર તૈયાર કરી હતી, એમ કહેવાય છે. એ સ્થાન આજે પણ જ્ઞાનીજીની ટેકરી તરીકે ઓળખાય છે. ત્યાં કેટલાક સમય પછી એક સાધુએ નિવાસ કર્યો હતો, એ સાધુની પરંપરા આજે ચાલુ છે.

મણિપુર એક રિયાસત હતી અને તેના તત્કાલિન રાજા તખ્તસિંહ હતા. વિ. સં. ૧૫૭૪ માં મુસલમાનોએ એ નગરનો નાશ કર્યો હતો. ત્યાર પછી સં. ૧૭૧૧માં એ જગ્યાએ 'મોટાસાંજ' ગામ વસ્યું. આજે જમીનમાંથી ગજીયા ઈંટો નીકળે છે. કયારેક તાંબા કે ચાંદીના જૂના સિક્કાઓ પણ મળે છે. એની નજીકમાંથી ઋષભદેવની તથા બીજી જૈનમૂર્તિઓ જમીનમાંથી નીકળી હતી; જે ઝગડીઆના જૈનમંદિરમાં છે. રાજા તખ્તસિંહના મંત્રીનું નામ 'ધનરાજ' હતું.

જ્ઞાનીજીની ગાદીના સ્વ. મહંત શ્રી ગોરધનદાસજી પાસેની એક જૂની પોથીમાં જ્ઞાનીજી મણિપુરમાં વિ સં. ૧૪૬૮ માં આવ્યા હતા, એવો ઉલ્લેખ છે. ત્યાંથી ધ્યાનયોગની સાધના કરવા માટે એમણે વસ્તીથી દૂર શૂલપાણીશ્વરના જંગલોમાં જઈ નિવાસ કર્યો હતો. પ્રતિ પૂર્ણિમાસીએ રાત્રે એ ભજન કરતા ત્યારે કેટલાક સંતો તથા આસપાસના ભીલો આવી બેસતા હતા.

કુંવર ચતુરસિંહના અંગરક્ષક બાબાસાહેબ જયપુરથી એમની શોધમાં નીકળ્યા હતા. ઉત્તર ભારતના તીર્થોમાં ફરતાં ફરતાં

એમને સમાચાર મળ્યા કે એ દક્ષિણમાં નર્મદાતટે ગયા છે. બાબાસાહેબ નાસિકથી સુરત થઈ ભરૂચ આવતાં એમને કુમાર શૂલપાણીશ્વરમાં હોવાની ચોક્કસ માહિતી મળી. પછી એ શૂલપાણીશ્વરમાં આવી કુંવર સાહેબને મળ્યા. અહિંથી એમણે નવગામ (નૌગામા)ના સુરસિંહ અને લક્ષ્મણસિંહ નામના બે ભાઈ ઓને સં. ૧૪૭૭ના ફાગણ સુદ ત્રીજને દિવસે કુંવર સાહેબ મળ્યાના સમાચાર લઈ જયપુર અને જેસલમેર મોકલ્યા. અને બાબાસાહેબ ત્યાર પછી મૃત્યુપર્યંત જ્ઞાનીજીની સેવામાં રહ્યા હતા.

એમ કહેવાય છે કે જ્ઞાનીજીએ બાર વર્ષ ધ્યાનયોગનો અભ્યાસ કર્યો હતો. એ જોતાં જો એ ૧૪૬૮માં જ ધ્યાન માટે શૂલપાણીશ્વરના જંગલોમાં ગયા હોય, તો ૧૪૮૦માં એ નગરમાં પાછા ફર્યા હશે. કહેવાય છે કે એમના પ્રથમ ગુરુ ખોજીજી અહીં આવ્યા હતા અને એમણે જ્ઞાનીજીને માનસિક આદેશ આપી બોલાવ્યા હતા. જ્ઞાનીજી આવ્યા, ત્યારે રાજા તખ્તસિંહે એમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આજ મોટાસાંજા ગામમાં પ્રાચીન અનર્કેશ્વરનું મંદિર આવેલું છે. નર્મદાપુરાણમાં એનો ઉલ્લેખ છે. એ મંદિરના ભોંયરામાં ખોજીજીએ નિવાસ કર્યો હતો. એમણે પણ ત્યાં જ સમાધિ લીધાનું કહેવાય છે. એમનું શરીર નર્મદાના જળમાં પધરાવવામાં આવ્યું હતું. સમાધિ પૂર્વે ખોજીજીએ જ્ઞાનીજીને સંજીવની મંત્ર તથા અક્ષય તુંબીપાત્ર આપ્યાં હતાં, મણિપુરનરેશે સંતમેળાનું આયોજન કર્યું હતું.

એ મેળામાં થોડા સમય પછી (સંભવતઃ ૧૪૮૨માં) ત્યાં જયપુર અને જેસલમેરનો રાજપરિવાર આવ્યો હતો. સાથે ગંગાકુંવરી પણ હતાં. ગંગાકુંવરી જ્ઞાનીજી સાથે રહેવા કૃત-

નિશ્ચયી હતાં પણ જ્ઞાનીજીને ગૃહસ્થાશ્રમ સ્વીકારવા સમજાવવાની હિંમત કોઈ પાસે ન હતી. સંયોગવશાત્ તે સમયે સંતશિરોમણિ કબીર સાહેબ કબીરવડમાં તત્વાજીવાને ત્યાં પધાર્યા હતા. બન્ને રાજકુટુંબોએ એમને જ્ઞાનીજીને સમજાવવા વિનંતી કરી. કબીર સાહેબે જ્ઞાનીજીને ગંગાકુંવરીનો સ્વીકાર કરવા સમજાવ્યા. ત્યાર પછી ગંગાકુંવરબાએ જ્ઞાનીજીની સાથે રહી જનસેવા કરી. કુંવર ચતુરસિંહનો વૈરાગ, તપ અને સિદ્ધિ જોતાં એમને પાછા આવવા કહેવાની કોઈ શક્યતા જ ન હતી. બન્ને રાજાઓએ તથા સ્થાનિક રાજા તખ્તસિંહે એમના નિવાસ અને નિભાવની તમામ વ્યવસ્થા કરી હતી. રાજપીપળા રાજ્ય તરફથી પણ જ્ઞાનીજીના મંદિરને સંવત ૧૪૮૨ના ચૈત્ર શુકલ પૂર્ણિમાને દિવસે પચાસ એકર ભૂમિનું દાનપત્ર લખાયાનો ઉલ્લેખ મળે છે. એ દાનપત્રનો ઉલ્લેખ જ્ઞાનીજીની પરંપરાની એક શાખા પણસવાડાથી પ્રાપ્ત થાય છે. એમને માટે મણિપુરના તત્કાલીન રાજા તખ્તસિંહે મકાન બનાવ્યું હતું.

એ સમયે ગુજરાતમાં ધાર્મિક ઝગડાઓ વધી ગયા હતા. શૈવો, વૈષ્ણવો, જૈનો તથા વિભિન્ન પંથ અને સંપ્રદાયવાદીઓ પોતપોતાના વાડા બાંધી બેઠા હતા. એકબીજાની નિંદા અને ઈર્ષ્યા કરતા હતા. શૈવો અને શાક્તો પોતાના માર્ગનાં અનુયાયીઓ વધારવા પોતાની ધર્મસભાઓ ભરતા અને એમાં બીજાઓને આવાહન કરતા. આમાં મોટે ભાગે વિતંડાવાદ થતો, કયારેક મારામારી પણ થતી. એ સમયે જૈન સાધુઓ પણ ગામડે ગામડે 'અમારી' (અહિંસા)નો પ્રચાર કરતા ફરતા હતા. એમણે સન્યાશ્રમ મેળવવા પણ પ્રયત્ન કર્યો હતો. જાતિભેદની માન્યતા પ્રબળ હતી. સૌરાષ્ટ્રમાં વામમાર્ગીઓનો પ્રભાવ વિશેષ હતો. ત્યાં એક 'કાંચલીયા સંપ્રદાય' ચાલતો હતો, જેમાં સામુહિક

વ્યભિચારને ધાર્મિક રૂપ આપવામાં આવ્યું હતું. વામમાર્ગીઓ અને શિવ-શક્તિના ઉપાસકો પણ એકબીજાના દુશ્મનો હતા. વામમાર્ગી ભૈરવગીરે એ મંદિરોમાં સૂતેલા ૨૯૯ માણસોને મારી નાખ્યા હતા; એનું ગૌરવ એ લોકો લે છે, પણ એ ભૈરવગીરના નાક, કાન કાપી આંખો ફોડી નાખનાર ક્ષત્રિયવીર બાપુસિંહનું નામ સાંભળતાં એ લોકો ધ્રૂજે પણ છે. ગુજરાતમાં બોરસદ, વડોદરા, ચાંદોદ અને શિનોરમાં શિવ અને શક્તિના ઉપાસકો વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ થયેલો, જેમાં બન્ને પક્ષના મળી કુલ ૧૪૭૭ માણસો મરાયાની હકીકત પ્રસિદ્ધ છે.

એમ કહેવામાં આવે છે કે કબીરવડના સ્થાનના મૂળ નિવાસી તત્વાજી અને જીવાજી કાશી ગયા હતા, અને ત્યાં સ્વામી રામાનંદને ગુજરાતની તત્કાલીન ધાર્મિક પરિસ્થિતિ વિશે એમણે વાત કરી હતી. એ પરથી સ્વામીજીએ કબીર સાહેબને ગુજરાત જઈ લોકોને ઉપદેશ આપવા આજ્ઞા કરી. એટલે કબીર સાહેબ ગુજરાતમાં આવ્યા હતા. શાક્તો સિવાય સહુએ કબીર સાહેબના ઉપદેશને ગ્રહણ કરી લીધો હતો. શાક્તોની હિંસા પણ પ્રમાણમાં ઓછી થઈ હતી. નિર્ગુણ રામની ભક્તિનો પ્રચાર કબીર કરતા હતા, તેથી એનો વિરોધ કરનાર ભાગ્યેજ મળતા.

કબીર સાહેબે પોતાના શિષ્ય જ્ઞાનીજી સાથે મળીને મણિપુરમાં એક સર્વધર્મસભા બોલાવી હતી. મણિપુરના રાજાએ સમ્મેલનની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળી હતી. પોષ મહિનાની એકાદશીથી પૂર્ણિમા સુધી પાંચ દિવસ એ સમ્મેલન ચાલ્યું હતું. એમ કહેવામાં આવે છે, કે એ સમ્મેલનમાં સિદ્ધપુરથી રામશંકર શાસ્ત્રી તથા નીલકંઠદાસ, સોમનાથ થી ત્રિલોચન, મમ્માદેવી (મુંબઈ) થી હાજી મલંગ, કચ્છથી યોગીનીમૈયા, ગિરનારથી મોહનપુરી, સૌરાષ્ટ્રના શિવમાર્ગી પંડિત શિવશંકર

તથા શક્તિમાર્ગી ત્રિપુરાપ્રસાદ ઉપરાંત બંગાલના કાલીપ્રસાદ, સતારાના નૃસિંહાચાર્ય તથા વિજયનગરના વિદ્યાવારિધિ કલ્હણ આવ્યા હતા. પૂર્ણિમાને દિવસે અર્બુદગિરીથી અંબાપ્રસાદ, જૈનાચાર્ય કલ્યાણસુરી, મહાસતી ભદ્રાદેવી તથા દાંતા નરેશ આવ્યા હતા. એ ઉપરાંત નિર્મોહી, નિર્વાણી તથા દિગંબર અખાડાના મહંતો તથા સાધુઓ અને અન્ય સંતો પણ આવ્યા હતા. તે સમયે સિદ્ધોએ અનેક ચમત્કારો બતાવ્યા હતા. કબીર તથા જ્ઞાની પોતાને તેડવા જાતે આવે તોજ સભામંડપમાં જવું, એવી કેટલાક સિદ્ધોએ હઠ કરી; ત્યારે ગુરુ-શિષ્ય એમને જાતે તેડવા ગયા. કબીર તથા જ્ઞાની પોતે પણ સિદ્ધ યોગી હતા. યોગીઓ જ્ઞાનીજીએ દોરેલી રેખાને ઓળંગી શકયા નહિ ત્યારે તેમને ભાન થયું કે કબીર અને જ્ઞાની એમનાથી પણ મહાન યોગી છે. ધર્મસભામાં ત્રણ દિવસ ચર્ચાઓ તથા ખંડન-મંડન થતાં રહ્યાં. કોઈ એક નિર્ણય પર સહુ આવી શકયા નહિ. છેવટે સર્વધર્મ સમન્વયાત્મક પ્રવચન કબીર સાહેબે કર્યું હતું.

જ્ઞાનીજીના સમયથી પોષ સુદ એકાદશીથી મહાશિવરાત્રિ સુધી (દોઢ માસ સુધી) એ સ્થાનમાં મેળો ભરાતો હતો. સૂરત, ભરૂચ, ડભોઈ, ખંભાત, પાટણ તથા અમદાવાદથી પોઠો ભરીને દુકાનદારો માલ લઈ આવતા અને આ પ્રદેશના લોકો વર્ષ માટેની ખરીદી એમાંથી કરતા. વગર ભાડે દુકાનો માટે જગ્યા આપવામાં આવતી. એટલું જ નહિ, દુકાનો બાંધવા માટે રાજ્ય તરફથી સાધન સામગ્રી પણ વિના મૂલ્યે અપાતી હતી. આજથી લગભગ નેવું વર્ષ પહેલાં જ્ઞાનીજીના મંદિરના મહંત હરગોવિંદદાસ રામદાસે દુકાનદારો પાસેથી દુકાનોનું ભાડું માગ્યું. વેપારીઓએ આ નવા વેરાનો વિરોધ કર્યો.

ઝગડો રાજ્ય સરકારમાં ગયો. રાજપીપળા રાજ્યના તે સમયના વહીવટકર્તા વડોદરાના ગાયકવાડે પોતાના આજ્ઞાપત્ર નંબર ૯૯૧/૫ નં. ૧૪૭, તા. ૨૮-૧-૧૮૮૭ દ્વારા મહંત હરગોવિંદદાસને દુકાનોનું ભાડું ઉઘરાવવા હકદાર ઠરાવ્યા, પરંતુ ભાડાની થોડી આવક લેવા જતાં મેળો સદંતર બંધ થઈ ગયો, એટલે યાત્રીઓની જે આવક થતી તે પણ ગઈ.

કેટલાક પ્રસંગો :

જ્ઞાનીજીના જીવન સમયના અન્ય કેટલાક પ્રસંગો જાણવા મળે છે.

(૧) કચ્છ-અંજારના એક ધનાઢ્ય લોહાણા ભક્ત રતનશીએ પુત્રપ્રાપ્તિ થતાં એક સોનાની પાલખી ભેટ આપી હતી. કહેવાય છે કે જ્ઞાનીજી પોતે કાંતેલા સુતરની ધોતી અને એક અંગરખું પહેરતા હતા. પાલખી તથા રામસીતાના સુવર્ણ મુકુટો રાજ્ય રક્ષામાં રહેતા.

(૨) જ્ઞાનીજી પાસે રોજ રોગીઓ અને અન્ય દુઃખીઓની વણઝાર આવતી. શિનોર ગામના એક પક્ષાઘાતના રોગી બ્રાહ્મણ શુકદેવને જ્ઞાનીજી પાસે લાવવામાં આવ્યો હતો. જ્ઞાનીજીની કૃપાથી પક્ષાઘાત દૂર થતાં એ જ્ઞાનીજીનો શિષ્ય બની ગયો. મનસા, વાચા અને કર્મ દ્વારા ગુરુસેવા કરવાથી માણસનો ઉદ્ધાર થાય છે, એમ શુકદેવની સામે એને જ્ઞાનીજીએ કહ્યું છે.

" **'જ્ઞાની' સોહી ઉબરા, સાક્ષી સુનો સુકદેવ** ॥" ૫૬ ॥

વ્યાસતીર્થમાં શુકદેવનું જે સ્થાન છે, ત્યાં શુકદેવે નિવાસ કર્યો હતો, એમ પણ કહેવામાં આવે છે.

(૩) જ્ઞાનીજીના ગુરુબંધુ ગોપાલદાસ વિશે કહેવાય છે, કે એ મહાવિદ્વાન હતા અને બળદ પર ગ્રંથો લાદીને કબીર સાહેબ સાથે વાદવિવાદ માટે ગયા હતા. કબીરે પોતાના શિષ્ય જ્ઞાની સાથે પહેલાં વિવાદ કરવા મોકલ્યા. ગોપાલદાસને સર્વાજીત બનવાની તમન્ના જાગી હતી. દેશભ્રમણ કરતાં કરતાં એ જ્ઞાનીજીના ધામમાં આવ્યા, ત્યારે ગોપાલપરા ગામના ઠાકોર ગુમાનસિંહના પુત્રની શર્કરાથી તુલા થતી હતી. જ્ઞાનીજીની કૃપાથી અને આશીર્વાદથી પુત્રપ્રાપ્તિ થતાં સવા વર્ષના પુત્રને શર્કરાથી તુલા કરાવવા ઠાકોર લાવ્યા હતા. ત્યાં જ્ઞાનીજી પાસે ગોપાલદાસે આવી શાસ્ત્રાર્થ અથવા વિજયપત્રની માગણી કરી. જ્ઞાનીજીએ એમના તમામ ગ્રંથો એક પલ્લામાં મુકાવી બીજામાં એક તુલસીપત્ર મુકાવ્યું, તો તુલસીપત્રવાળું પલ્લું નીચે નમ્યું. તે પાન પર 'રામકબીર' શબ્દ લખેલો હતો. જ્ઞાનીજીએ કહ્યું, 'પંડિત ! જુઓ તમારા શાસ્ત્રના તમામ ગ્રંથો કરતાં એક 'રામકબીર' શબ્દમાં વધુ શક્તિ છે.

(૪) જ્ઞાનીજી દિવસો સુધી સમાધિ અવસ્થામાં રહેતા. એમ કહેવાય છે કે એક દિવસ પ્રચંડ વર્ષામાં લીમડા પર વીજળી પડી, ત્યારે જ્ઞાનીજી એજ લીમડા નીચે સમાધિમાં બેઠા હતા. પાછળ એમનાં પત્ની ગંગાકુંવરબા ઉપર વાંકા વળી ઊભા હતાં. લીમડો આજુબાજુ બે ફાડચા થઈ પડયો. જ્ઞાનીજીએ એને ઉભો કરી એક આંબાના લાકડા સાથે બાંધી દીધો. એ પુનઃ જીવીત થઈ ગયો સં.૧૮૯૨ માં એ ઝાડ ભાંગીને તણાઈ ગયું હતું, પણ એના મૂળોમાંથી ફરી લીમડાનું વિશાળ વૃક્ષ થયેલું, તે વર્તમાન છે. એના પાનમાં કડવાશ નથી.

નર્મદા તે સમયમાં જ્ઞાનીજીના સ્થાન પાસેથી વહેતી હતી. ત્યાં સ્મશાનભૂમિ હતી. કહેવાય છે કે સંત જ્ઞાનીજીએ કેટલાક

પ્રસંગે સંજીવની શક્તિનો પ્રયોગ કર્યો હતો. પરંતુ સં.૧૪૯૧ના વર્ષ પછી નર્મદા ૧૫૦૮ સુધીમાં મંદિરથી એકાદ ગાઉ દૂર હટી ગઈ.

સંવત ૧૫૫૧ની પોષ સુદ એકાદશીને દિવસે ગંગાદેવીએ પોતાની જીવનલીલા સંકેલી લીધી. એ સમયે પણ અનેક સંતો પધાર્યા હતા; કહેવાય છે, કે એ સમયે કાશીથી કબીર સાહેબ પોતે પધારવાના હતા, પરંતુ ગોપાલદાસ (સર્વજીત પંડિત) ને આચાર્ય ગાદીની ચાદર ઓઢાડવાની હોવાથી આવી ન શક્યા, એટલે એક સાધુ સાથે શ્રીફળ અને પુષ્પ મોકલાવ્યાં હતાં.

વિ. સંવત ૧૫૫૯ ના પોષની શુકલ એકાદશીના દિવસે જીવંત સમાધિ લેવાનું જ્ઞાનીજીએ નક્કી કર્યું. દૂરદૂરથી અનેક સંત એ પ્રસંગે પધાર્યા હતા. એ પ્રસંગે અનેક લોકો પણ ભેગા થયા હતા. સૌની ઉપસ્થિતિમાં જ્ઞાનીજીએ સમાધિના ખાડામાં ઉતરી પદ્માસન વાળી 'રામકબીર'નો ઉચ્ચાર કર્યો, તેની સાથે સમાધિ માટીથી ભરી દેવામાં આવી. આ સમાધિ આજે પણ મંદિરની સામે વર્તમાન છે.

જ્ઞાનીજીના જીવનનાં કેટલાંક વર્ષો જાણવા મળે છે, તે નીચે પ્રમાણે હોવાની સંભાવના છે.

૧.	જ્ઞાનીજીનો જન્મ	વિ.સંવત ૧૪૫૧ પોષ શુકલ એકાદશી
૨.	ઋગ્વેદની ઋચાઓનું ભાષાંતર	૧૪૬૨
૩.	પ્રથમ સમાધિ અવસ્થા	૧૪૬૬
૪.	વિવાહ	૧૪૬૭ વસંત પંચમી
૫.	દીક્ષા	૧૪૬૮ (આશરે)
૬.	શૂલપાણીશ્વરમાં ધ્યાનયોગ	૧૪૬૯ થી ૧૪૮૧

૭. રાજકુમાર મળ્યાના સમાચાર મળ્યા.	૧૪૭૭ ફાગણ સુદ ત્રીજ
૮. દાનપત્રનો એક લેખ	૧૪૮૨ ચૈત્રી પૂર્ણિમા
૯. સર્વધર્મ સમ્મેલન	૧૪૮૫ (આસરે)
૧૦. ગંગાકુંવર બાનું મૃત્યુ	૧૫૫૧ પોષ શુકલ એકાદશી
૧૧. જ્ઞાનીજીની જીવંત સમાધિ	૧૫૫૯ પોષ શુકલ એકાદશી

જ્ઞાનીજીના દીક્ષા ગુરુ :

સંત જ્ઞાનીજીએ કબીર સાહેબને પોતાના ગુરુ કરી દીક્ષા પ્રાપ્ત કરી હતી, અને એમની સેવા ધૈર્ય રાખી કરી હતી. એ અંગે પહેલાં ઘણું અજ્ઞાન હતું અને જે માહિતી પ્રકાશમાં હતી, તે ઘણી ભ્રમપૂર્ણ હતી. ઉદાહરણસ્વરૂપ ગુજરાતના એક વિદ્વાન શ્રી કિસનસિંહ ચાવડાએ 'કબીર સંપ્રદાય' નામના પોતાના ગ્રંથમાં જ્ઞાનીજી વિશે લખ્યું છે, કે 'કબીરવડ પાસે જ્ઞાનીજી કરીને એક મહંત સંવત ૧૮૦૦ ની આસપાસ થઈ ગયા છે. એમણે જેસલમેરના રાજકુમાર ચતુરસિંહને દીક્ષા આપી હતી.' (પાન. ૧૪૫)

આ પંક્તિઓના લેખકે પોતાની હિન્દીમાં લખેલા મહા-નિબંધમાં જ્ઞાનીજીના જીવન પર પ્રકાશ પાડી એમની વાણી દ્વારા કેટલીક વાતોનું સમર્થન કર્યું છે, તથા કબીર સાહેબનું શિષ્યત્વ પ્રાપ્ત કર્યાના અનેક પ્રમાણો પણ પ્રસ્તુત કર્યાં છે. એટલે એનું અહિં પુનરાવર્તન નહિ કરીએ. એમની સમાધિ પછી સો વર્ષે થયેલા એમની પરંપરાના સંત જીવણજીએ પણ પોતાની વાણીમાં કહ્યું છે, કે સંત કબીરના આશીર્વાદ એમને પ્રાપ્ત થયા હતા.

"दास कबीरे जीवणा, मस्तक दीनो हाथ ॥"

દાદૂના શિષ્ય સંત રાઘોદાસે પણ પોતાની ભક્તિમાલ (સં. ૧૭૧૭) માં જ્ઞાનીજીએ કબીર સાહેબ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યાનું કહ્યું છે.

"श्री कबीर साहेब पै, ज्ञानी पायो ज्ञानको ॥" ३५५ ॥

સત્કબીર સંપ્રદાયના પ્રખર વિદ્વાન સ્વામી શ્રી બ્રહ્મદીન મુનિએ પોતાના સંસ્કૃત ગ્રંથ 'सद्गुरु कबीरचरितम्' માં લખ્યું છે કે કબીરવડ પાસે જ્ઞાનીજી કબીર સાહેબના શિષ્ય થયા હતા, એટલે જ ઉદાધર્માનુયાયી લોકોની કબીરવડ પ્રતિ વિશેષ શ્રદ્ધા છે.

" कबीरवटपार्श्वेऽभूज्ज्ञानी शिष्यो हि सद्गुरोः ।
वटस्तन्मन्यतेऽत्यन्तमुदाधर्मानुयायिभिः " ॥ १४० ॥

ખરેખર તો આ વિષયમાં કોઈ શંકાને સ્થાન હવે રહેતું જ નથી. કારણ કે જ્ઞાનીજીએ સ્વયં પોતાની વાણીમાં કબીર સાહેબનો પોતાના ગુરુ તરીકે અનેક વખત ઉલ્લેખ કરેલો છે.

" 'ज्ञानी' गुरु सेवा करी मन निश्चल धरी धीर ।
तीन लोकमें गाइये, कहै कबीर कबीर ॥ ५७ ॥
बटक बीजकी मांडमें, अटक भया मन थीर ।
'जन ज्ञानी'का शंसा मिटा, सद्गुरु मिले कबीर ॥" ६१ ॥

જ્ઞાનીજીની રચનાઓ :

જ્ઞાનીજી વિદ્વાન હતા. એમને હિન્દી, રાજસ્થાની, ફારસી, સંસ્કૃત તથા ગુજરાતી ભાષાનું જ્ઞાન હતું. બાર વર્ષની ઉમરે એમણે ઋગ્વેદની ઋચાઓનું ફારસીમાં ભાષાંતર કર્યું હતું, એમ

કહેવાય છે. એમની સાત રચનાઓ પ્રાપ્ત થાય છે. તત્વની દૃષ્ટિએ એમની વાણી કબીરમતની પરંપરામાં લખાયલી છે.

૧. **સાખી ગ્રંથ** :– આ ગ્રંથમાં પહેલાં કબીરની સાખીઓ છે, અને પછી જ્ઞાનીજીની લગભગ ૬૯૬ સાખીઓ છે. કબીરની સાખીઓની જેમ જ્ઞાનીજીની સાખીઓ પણ વિભિન્ન અંગોમાં વિભકત છે. એ અંગો આ પ્રમાણે છે.–ગુરુદેવ, સંત સુમિરણ, નામમાહાત્મ્ય, પિઉપરચા, ઉનદેશ, અવર્ણ, સતનીરવાણી, નિકલંક, દુર્લભ, શિરોમણિ, સમરથાઈ, ચિંતામણિ, સહજ, હેત, કામધેનુ, મૃગ, ભેદી, અજીગર, માયા, રાજસ, તામસ, સાત્વિક, અનહદ, વિરહ, લાગ, પ્રીત, પરમાર્થ, સ્વાર્થ વ્યભિચારિણી, પતિવ્રતા, કઠોર, પ્રમોધ, વિનતિ, કૃપા, ભેંટ, માયા તથા કાલઅંગ.

૨. **શબ્દ પારખી** :– આ ગ્રંથનું બીજું નામ **'જ્ઞાન બત્તિસી'** પણ છે. રચના **'શબ્દ પારખમણિ'** નામથી પ્રકાશિત પણ થયેલી છે. એમાં જ્ઞાનીજીએ બત્રીસ છપ્પા લખેલા છે. ગુજરાતી સાહિત્યના કવિ માંડણે જે 'પ્રબોધ બત્રિસી' લખી છે, તે જ્ઞાનીજીની જ્ઞાનબત્તિસીની પરંપરામાં લખાયેલી છે, અને એના પર જ્ઞાનીજીની વાણીનો પ્રભાવ પણ છે. બન્નેની વાણીની સમતાના કેટલાંક દૃષ્ટાંત નીચે છે.

જ્ઞાની – "जंदा सोई जिंदगी जाने" ॥ ૧૧ ॥
માંડણ – "जीते जिंदगी सोई जंदा।"
જ્ઞાની – "हिन्दू सोई जपे हरिनाम" ॥ ૧૩ ॥
માંડણ – "हिन्दू सोई धर्मको जाने।"
જ્ઞાની – "हक चले सो मुसलमाना" ॥ ૧૫ ॥
માંડણ – "चले हक सो मुसलमाना।"

જ્ઞાનીજીએ આ રચનામાં ગુરુ, યોગી, સન્યાસી, મુનિ, પંડિત, બ્રાહ્મણ, જૈન, હિન્દૂ, મુસલમાન, કાઝી, શેખ, સૈયદ, ગૃહસ્થ, સોમ, વૈરાગી તથા સ્વામી-સેવક વગેરેનાં લક્ષણોની ચર્ચા કરી છે.

૩. **રામસાર-ગ્રંથ** :- આ ગ્રંથ અપ્રકાશિત છે, અને હસ્તલિખિત રૂપમાં છે. એમાં રામનામની મહિમાનું વર્ણન છે. ગ્રંથ શિવપાર્વતી સંવાદના રૂપમાં લખવામાં આવ્યો છે. રામનું સ્વરૂપ અને આત્મા પરમાત્માના ભેદને જ્ઞાની જેવા કોઈ વિરલ સાધુ જ સમજી શકે, એમ કબીર કહે છે.

"सद्गुरु रामानंद प्रताप, हरजी अंतर प्रगट्या आप।
कहे कबीर ए भेद अगाध 'ज्ञानी' बिरला बूझे साध॥"

રામનામમાં શ્રધ્ધા રાખી મન સ્થિર કરવાનો ઉપદેશ સદ્‌ગુરુ કબીરે જ્ઞાનીને આપ્યો હતો, એવો જ્ઞાનીજીએ કરેલો ઉલ્લેખ મહત્વનો છે.

"रामनाम सु राखो मन धीरा,
ज्ञानीका सद्गुरु कहे कबीरा॥

૪. **જ્ઞાનદીપક ચંદ્રાયન** :- આ ગ્રંથ પ્રકાશિત થયેલો છે. જ્ઞાનીજીએ એમાં પ્રતિપ્રાદિત કર્યું છે, કે સ્વામી અને સેવક એક છે, ભક્ત તથા ભગવાન વચ્ચે કોઈ ભેદ નથી. સત્યુગમાં સત્યનો, ત્રેતામાં તપનો, દ્વાપરમાં પૂજાનો અને કલિયુગમાં નામનો આધાર છે. પરબ્રહ્મ એકવાર પૃથ્વી પર પ્રલય કર્યો હતો ત્યારે સંસારના સર્વ આત્માઓ પરમાત્મામાં મળી ગયા હતા. સંસાર જ્યારે નષ્ટ થઈ ગયો, ત્યારે પણ એક પરબ્રહ્મ પરમાત્મા હતા. ત્યાર પછી થયેલી સંસારની ઉત્પત્તિનું જ્ઞાનીજીએ વર્ણન કર્યું છે. સંસાર બાજીગરની બાજી છે, એક સ્વપ્ન છે. માયા છે. જે ખરેખર છે, તે આત્મા તે હું છું.

૫. **નામ મહિમા** :- આ એક દીર્ઘ કાવ્ય છે. એમાં નામ મહિમાનું વર્ણન છે, તથા નામનો આધાર લેવાથી જેમનો જેમનો ઉદ્ધાર થયો, એવા સંત કબીર, રૈદાસ, સેના, નામદેવ, ધના તથા પીપા વગેરેના નામોનો ઉલ્લેખ છે.

જ્ઞાનીજીના 'બ્રહ્મસ્તુતિ' અને જ્ઞાનપાતિ' ગ્રંથોની હસ્ત-લિખિત પોથીઓનો ઉલ્લેખ, કાશી નાગરી પ્રચારિણી સભાના ત્રિવાર્ષિક રિપોર્ટ (૧૯૩૮-૪૦ તથા ૧૯૩૨-૩૪) માં થયેલો છે.

૬. **કબીર-જ્ઞાની સંવાદ** :- કબીર-જ્ઞાની સંવાદના રૂપમાં તત્વજ્ઞાન વિશેની પ્રશ્નોત્તરી છે. એ ગ્રંથ જ્ઞાનીજીના કોઇ શિષ્યે લખ્યો હોવો જોઇએ. જ્ઞાનીજીના પ્રશ્નોના ઉત્તર રૂપે કબીરે આત્મબોધનો ઉપદેશ આપ્યો છે. બ્રહ્મ, અલખ, નિરંજન તથા પાંચ તત્વ, સ્વર્ગ વગેરે સમજાવ્યું છે.

૭. **પદ** :- જ્ઞાનીજીના કેટલાંક છૂટાં પદો પણ મળે છે.

૨. ભક્ત પદ્મનાભજી :

કબીર સાહેબના એક શિષ્ય ભક્ત પદ્મનાભના નામનો ઉલ્લેખ નાભાદાસજીએ પોતાની 'ભક્તમાળ'માં કર્યો છે.

નામ મહાનિધિ મંત્ર, નામ હી સેવા પૂજા ।
જપ તપ તીરથ નામ, નામ બીન ઔર ન દૂજા ।
નામ પ્રીતિ, નામ વૈર, નામ કહી નામી બોલૈ ।
નામ અજામીલ સાખી, નામ બંધન તે ખોલૈ ।
નામ અધિક રઘુનાથ તે, રામનિકટ હનુમત કહ્યો ।
કબીર કૃપા તે તત્વ પર, પદ્મનાભ પરચો લહ્યો ॥ ૬૭ ॥

એ પ્રમાણે નાભાદાસે પદ્મનાભને નામસ્મરણને જીવનમાં સર્વશ્રેષ્ઠ સ્થાન આપનાર ભક્ત કહ્યા છે. એટલું જ નહિ કબીરમત પ્રમાણે પદ્મનાભ મૂર્તિની સેવાપૂજા, તપ કે તીર્થયાત્રાને બદલે એક માત્ર નામસ્મરણમાં વિશ્વાસ રાખતા હતા. શ્રી રામથી પણ અધિક તેમના નામના મહત્ત્વને લીધે એમને નાભાજીએ ભક્ત હનુમાનની ઉપમા આપી છે. એવા પ્રસિદ્ધ ભક્ત પદ્મનાભને કબીરની કૃપાથી પરમતત્ત્વનો પરિચય થયો હતો, એમ કહ્યું છે. નાભાજીના આ ઉલ્લેખમાં પદ્મનાભનું સ્થળ અને એમનો સમય જણાવાયો નથી. દાદુપંથી સંત રાઘોદાસની ભક્તમાલ પણ પ્રસિદ્ધ અને પ્રામાણિક ગ્રંથ છે. એમાં પણ નાભાજીની માહિતીનું અક્ષરશઃ સમર્થન કરવામાં આવ્યું છે.

रामनाम निज मंत्र, जाप हिरदेमें राख्यौ ।
जप तप तीरथ नाम, नाँव बिन और न भाख्यौ।
चात्रिगकी सो टेर, कहो गद् गद् ह्वै वाणी ।
राममंत्र निज जाप, देई उधरे बहु प्राणी।
'जनराघो' अनशे उधरे जल, आप पियो औरन पयौ ।
कबीर कृपाको धारी उर, पद्मनाभ प्रचै भयौ ॥ १८१ ॥

બંને ભક્તમાલોની ટીકામાં કાશીના કોઢી વણિકવાળા ચમત્કારની કથા આપી છે. નાભાજીની ભક્તમાલની ટીકામાં પ્રિયદાસજીએ લખ્યું છે કે, કાશીમાં ગંગા તટે એક કોઢી વણિક કોઢથી કંટાળી આપઘાત કરવા આવેલો. એના પર પદ્મનાભજીએ ત્રણ વખત રામનું નામ કહી પાણી છાંટવાથી તે રોગમુક્ત થઈ ગયો હતો. અને એ વાત કબીર સાહેબને કહેતાં એમણે કહેલું કે એક જ વખત રામનું નામ દેતાં રોગી

રોગમુક્ત થઈ જાય, એમાં આશ્ચર્ય નથી. રાઘોદાસની ભક્ત-માલની ટીકામાં ચતુરદા નિમ્નાંકિત છંદ લખ્યો છે, જેમાં અનારસના કોઢીના ઉદ્ધારની એજ કથા છે.

'साह बनारसी कोढ हुतौ उन, लट्ट परितन बूडन चाल्यौ।
आवत हेस पदम्महि बूझत, बात कही कस खोलि न हाल्यौ।
राम कहावत तीन बिर्यां जन कोढ गयो गुरुदेव ही काल्यौ।
नाँव प्रभावन जानत नै कहु,
लैस करै सुध जो श्रुति घाल्यौ॥ १९९॥

હિન્દી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન આચાર્ય પરશુરામ ચતુર્વેદીએ પોતાના ગ્રંથ **उत्तरी भारतकी संत-परंपरा** માં પદ્મનાભ વિશે વિચાર કર્યો છે. કબીરના મૂળ શિષ્ય પદ્મ-નાભના સ્થાન અને જીવનવૃત્તાંતના તથ્યના અભાવમાં અન્ય કેટલાક પદ્મનાભોની શક્યતાઓનો એમણે વિચાર કર્યો છે. કાશીથી પદ્મનાભે પોતાના એક શિષ્ય નીલકંઠને ગુજરાતમાં મતપ્રચારાર્થે મોકલ્યો હતો. એ નીલકંઠની પરંપરા જે એમને મળી હતી, એના આધારે પદ્મનાભનો સમય એક મહંત માટે ૨૫ વર્ષના ગાદી-સમયની ગણના પ્રમાણે બંધબેસતો આવતો ન હતો. તેથી એમણે એ પરંપરાને પ્રમાણિત ગણી નહિ. જો કે એ પરંપરા સાચી હતી, પરંતુ આગળ જ્યારે પદ્મનાભની એ પરંપરાની ચર્ચા કરીશું, ત્યારે એનાં બીજાં પ્રમાણોની ચર્ચા કરીશું.

એ કાલના સાહિત્યમાં જે અન્ય પદ્મનાભોના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, તેમાંના એક ગુજરાતી સાહિત્યના પ્રબંધકાર પદ્મનાભ છે. એ કબીરના સમકાલીન ઠરી શકે એમ છે, પણ શિષ્ય નથી. એમણે સં. ૧૫૧૨માં 'કાન્હડદે પ્રબંધ' લખ્યો

હતો. એ વીરરસની રચના છે, ભક્તિનું સૂચન કયાંય નથી. ડૉ. મોહનસિંહે એમના ગ્રંથ-Kabir-his biographyમાં એમને વિશે કબીરના શિષ્ય હોવાની શકયતા વિચારી હતી. એ મૂળ વીસનગરના નાગર બ્રાહ્મણ હતા અને ઝાલોરના રાજા અખેરાજના આશ્રિત હતા.

આચાર્ય ચતુર્વેદીએ કબીરના સમકાલીન એક 'ડુંગરબાવની'ના રચયિતા પદ્મનાભની વાત કરી છે. એ રચના સં. ૧૫૪૩ની છે, પણ એ પદ્મનાભ જૈન છે. શ્રી વલ્લભાચાર્યજીના એક શિષ્ય પદ્મનાભ હતા. એ કનોજના વતની હતા અને ભાગવત કથા કરતા હતા. તેવી જ રીતે ગડતા ગાદીના સ્થાપક કૃષ્ણદાસ પયંહારીના શિષ્યોમાં પણ એક પદ્મનાભનું નામ છે.

સ્વામી તેજાનંદ રાજસ્થાનથી ગુજરાતમાં આવતા હતા ત્યારે માર્ગમાં વીસનગર પાસે એમને પદ્મનાભ નામનો એક બ્રાહ્મણ મળ્યો હતો. સૂરતના એક શાયર બંસીલાલે (સં. ૧૮૨૧-૭૦) એ પ્રસંગનું વર્ણન કરેલું છે. સ્વામી તેજાનંદના આગમનનું વર્ષ સં. ૧૬૧૨ જણાવાય છે. જો એ વર્ષ ૧૫૧૨ હોય, તો એ ગુજરાતી પ્રબંધકાર પદ્મનાભ હોવાની શકયતા રહે ખરી.

સ્વામીશ્રી યોગીરાજ ગોવત્સજીએ "વૈષ્ણવ કબીર" નામનો ગ્રંથ લખ્યો છે. પદ્મનાભના બરા વૃત્તના અભાવમાં એમણે એક કમાલ કલ્પના કરી છે. એમણે પદ્મનાભના કોઢીના ઉદ્ધારના પ્રસંગનો આધાર લઈ કમાલ સાહેબનું મૂળ નામ જ પદ્મનાભ હતું એમ કહ્યું છે. એમની રજુઆત એવી છે કે-પદ્મનાભે જ્યારે તે કોઢી વણિકને રામનામના પ્રભાવથી રોગમુકત કર્યો, ત્યારે એ ચમત્કાર જોઈ કબીર સાહેબે કહ્યું, "કમાલ છે." બસ ત્યારથી એમનું નામ 'કમાલ' પડી ગયું.

એક તો કબીર પંથમાં 'કમાલ'ના આવિર્ભાવ વિશે એક જુદી કથા ચાલે છે. ગંગામાંથી નીકળેલા યુવકના શબને જીવંત કરવાની બાદશાહ સિકંદરની સૂચનાથી કબીર સાહેબે તેને સજીવન કર્યો, ત્યારે બાદશાહે કહેલું "કમાલ હૈ" અને એ યુવકનું નામ કમાલ પડયું. એક કલ્પનાથી આ કલ્પના ખોટી પડે છે.

સંભવતઃ આજ કલ્પનાને આધારે ઉપરની કલ્પનાએ જન્મ લીધો હોય. બીજી વાત એથી પણ વધુ મહત્વની છે, તે એ કે, નાભાજીની ભક્તમાલના ટીકાકાર પ્રિયાદાસ તથા રાઘોદાસની ભક્તમાલના ટીકાકાર ચતુરદાસની કોઢીના પ્રસંગની કથા આથી ખોટી ઠરે છે. સ્વામીજીની રજુઆત મૂળ તથ્યથી તદ્દન ઉલટી છે. મૂળ કથામાં પદ્મનાભજીની ત્રણ વખત 'રામ' કહી કોઢ મટાડી દીધાની વાત સાંભળી કબીર સાહેબ આશ્ચર્ય પામતા નથી; એથી ઉલટું કહે છે, કે એ માટે ત્રણ વખત 'રામ' કહેવાની જરૂર જ નથી. બસ એક વખત 'રામ' કહેવું પૂરતું છે. આમાં રામનામની જે મહત્તાનો નિર્દેશ છે, તે સ્વામીશ્રીની કલ્પનામાં નષ્ટ થઈ જાય છે. એટલે કમાલ સાહેબ વિશેની કથાનું વિશ્લેષણ ન કરીએ તો પણ એક વાત નિશ્ચિત છે કે કમાલ અને પદ્મનાભ જુદા હતા. પાટણની પદ્મવાડીમાં બન્નેનાં જુદાં જુદાં સ્મારકો છે.

હવે બીજી વાત કરીએ: રામકબીર સંપ્રદાયમાં પણ એક પદ્મનાભજીનું નામ આવે છે. એમનું સ્થાન પાટણમાં પદ્મવાડીમાં હતું; એમના મિત્ર જેવા શિષ્ય ધનરાજે એમનો સંપૂર્ણ પરિચય આપ્યો છે. તે પ્રમાણે એ પાટણના પ્રજાપતિ જાતિના ભક્ત હતા. એમના પિતાનું નામ કરણ, માતાનું નામ લક્ષ્મી તથા પત્નીનું નામ પાતાળદે હતું.

" શારદાને તીરે જાઓ વેગે ન લાઓ વાર,
પાટણ મધે પદ્મ કહીએ જાણીએ કુંભકાર,
કરણ કારણ પિતા જેનો, લક્ષ્મી જેની માય,
પાતાળદે પટરાગણી, જઈ લાગું હરિને પાય. "

આ ઉપરાંત પણ પદ્મનાભના ચરિત્રવૃત્તના પ્રકાશિત તેમ જ હસ્તલિખિત ગ્રંથો પ્રાપ્ત થયા છે. પણ આજ પદ્મનાભ કબીર સાહેબના શિષ્ય હતા, એ પ્રમાણિત કરવું આવશ્યક છે. રામકબીર સંપ્રદાયમાં સંત કબીર સાહેબ તથા પદ્મનાભનું નામ ખૂબ આદર સાથે લેવાય છે. કોઈપણ લખાણ લખતાં પહેલાં બન્નેની જય લખવામાં આવે છે. છતાં એ પદ્મનાભ કબીર સાહેબના શિષ્ય હતા, એ પ્રમાણિત કરવાની જરૂર રહે છે.

(૧) શ્રી જીવણજી મહારાજે કબીર સાહેબ અને પદ્મનાભજીનો એક સાથે ઉલ્લેખ કર્યો છે.

" **बबा बाहेरो जीवणा, डोले सरे न काज ।**
चकये दास कबीरजी, के पद्मनाभकी राज ॥ "

ઉ. ધ. પ. ર. મા. (પૃ. ૧૨૦)

(૨) જીવણજીના શિષ્ય કૃષ્ણદાસજીએ '**જ્ઞાનમહિમા**' નામથી જીવણજીની કથા લખી છે. તેમાં કબીર અને પદ્મનાભ– બન્ને ગુરુની કૃપાનો ઉલ્લેખ છે. ધનરાજ અધ્વર્યુ પર કૃપા કરી પદ્મનાભે માથે હાથ મૂક્યો, ત્યાં કબીર સાહેબે સત્સંગ અને હરિભક્તિનો ઉપદેશ કર્યો, એવો ઉલ્લેખ છે.

કૃપા કરી માથે કર દીનો ।
નિજ ભગત અપનો કર લીનો ॥ ૩૬ ॥

તહાઁ દાસ કબીર ભયે સહાઈ
સંત સંગત હરિભગત દઢાઈ ॥ ૩૭ ॥

સદ્‌ગુરુ દાસ કબીર પરમાના ।
રઘુપતિ સતસાહેબ કરી જાના ॥ ૩૮ ॥

(૩) કૃષ્ણદાસે જો કે પદ્મનાભને ભગવાન સ્વરૂપ માન્યા છે, પરંતુ એમણે કબીરને ત્યાં કાશીમાં જઈ દીક્ષા લીધી હતી અને ત્યાર પછી કબીરની આજ્ઞાથી જ પાટણમાં આવી નિવાસ કર્યો હતો. એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

" તા પીછે હરિ કરુણા કીની ।
કબીર ગૃહે જાઇ ભગતજ લીની ॥ ૩ ॥

દાસ કબીરકી આજ્ઞા પાઈ,
પાટણ માંહી પ્રગટે આઈ ॥ ૪ ॥

શ્રી પદ્મનાભ નામ ધરાયા,
સંતનકે સુખ કારણ આયા ॥ ૫ ॥

ઉ. ધ. પ. ર. મા. (પા-૨૩૮)

(૪) રામકબીર પંથના પ્રવર્તક કબીર સાહેબના શિષ્યો જ્ઞાનીજી, તત્ત્વાજીવા તથા પદ્મનાભજી હતા. પદ્મનાભજીના શિષ્ય નીલકંઠદાસે સં. ૧૫૯૫ માં ગુરુની આજ્ઞાથી દ્વધરેજ (સૌરાષ્ટ્ર)માં આશ્રમની સ્થાપના કરી હતી. એ પરંપરા રામકબીર પંથી છે, એવો ઉલ્લેખ શ્રી મણીલાલ વૈદ્યે કલ્યાણના સંત અંક (પા.૬૨૩)માં કર્યો છે.

રામકબીર સંપ્રદાયમાં કબીરજી, જ્ઞાનીજી, પદ્મનાભજી તથા જીવણજીને અત્યંત આદર સાથે યાદ કરવામાં આવે છે. જ્ઞાનીજીના સ્થાનનો મહિમા પહેલાં સર્વાધિક હતો, એમાં સંદેહ નથી. જેમ દાદૂપંથમાં પાછળથી એના પર થાંભાઓ સાથે વ્યવસ્થા અને સંચાલન રાખી શકાયું નહિ, જેને લીધે એમાંના ઘણા સ્વતંત્ર થઈ ગયા, અને બીજા કેટલાક બીજા સંપ્રદાયોના અધિકારમાં આવી ગયા. વડોદરા પાસે દાદૂના શિષ્ય સંત જગાજીની ગાદી એનું પ્રમાણ છે. એ સ્થાન આજે રામાનંદ સંપ્રદાયના અધિકારમાં છે, અને એના પ્રકાશન "બોધપાઠ"ના પહેલા પાન પર જગાજીને રામાનંદ સંપ્રદાયના સંત બતાવ્યા છે, તેમ જ્ઞાનીજીના સ્થાનની મહત્તા જળવાઈ નથી. પદ્મનાભજીને સંપ્રદાયના ભક્તો ભગવાન વિષ્ણુના અવતાર માને છે. હવે મુશ્કેલી એ ઊભી થાય છે, ભગવાન સ્વયં જેમ કોઈના પુત્ર ન હોઈ શકે, તેમ એ કોઈના શિષ્ય પણ શી રીતે હોઈ શકે? એટલે એમને કબીરના શિષ્ય ગણવામાં એક આપત્તિ ઊભી થાય છે. પરંતુ આપણે ભૂલી જઈ એ છીએ કે આ સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી કબીરજીને રામના અવતાર માનતા હતા. રામનું નામ અને કબીરનું રૂપ એક કરી આ નામરૂપની ભક્તિનો તેમણે પ્રચાર કર્યો હતો. એટલે ભગવાન ભગવાનને શિષ્ય બનાવે તો એમાં કંઈ અનુચિત બનતું નથી. કબીરજી કહી ગયા છે કે "**इनमें आप, आप सबहिनमें आप आपसु खेले।**" શ્રી પદ્મનાભ કબીરના શિષ્ય હોવાના એટલા બધા ઉલ્લેખો અને પ્રમાણ મળે છે, કે એ સત્યને સ્વીકારતાં આપણે અચકાટ ન અનુભવવો જોઈએ. રવિસાહેબે સં. ૧૮૩૮માં લખેલ "રામગુંજાર ચિંતામણિ"માં રામાનંદથી રવિસાહેબ સુધીની પરંપરા આપી છે. તેમાં કબીરના શિષ્ય તરીકે પદ્મનાભનો ઉલ્લેખ છે.

"रामानंद का है कबीर, ताका पद्मनाभ सधीर ।
सुमिरण नामकी समाध, मेटी व्रण तनकी वाध ॥"

કોઈ પણ હિન્દુ સંત મુસલમાન ફકીરને ગુરુ કરે, એ તે જમાનામાં એક અસાધારણ ઘટના હતી. તત્ત્વાજીવાએ કબીર સાહેબને ગુરુ કર્યા, તેથી તેમની જાતિના લોકોએ એમને ન્યાત બહાર મૂકયા હતા. સંત જીવણજીના સમયમાં જ આ પ્રશ્નની ચર્ચા થતી હોવી જોઈએ. નિખાલસ હૃદયના અને સત્યવકતા સંત જીવણજીએ જૂઠો મમત કરતા એ સહુ લોકોને રોકડો પ્રત્યુત્તર આપી દીધો છે, કે આપણા સંપ્રદાયના સહુ સંતોના મૂલ સદ્‌ગુરુ એક કબીર સાહેબ જ છે.

सबके सद्‌गुरु कबीरजी, ममत करो जन कोई ।
और दुनियाकु 'जीवणा' सद्‌गुरु घरकी जोई ॥ ૨૦ ॥

સંતોના જીવન વિશે માહિતી મેળવવી ખૂબ મુશ્કેલ હોય છે, કારણ કે સંતો પોતાના વિશે ભાગ્યે જ કંઈ લખતા હોય છે. સંત કબીર જેવા પ્રસિદ્ધ સંત વિશે પણ પ્રામાણિક વૃત્ત પ્રાપ્ત થતું નથી, ત્યારે એમના આ અભણ શિષ્ય પદ્મનાભના જીવન વૃત્ત સંબંધી જે વિશ્વાસપાત્ર આધારભૂત સામગ્રી મળે છે એનો કેટલોક યશ એમના વિદ્વાન શિષ્ય ધનરાજને મળવો જોઈએ. ધનરાજે પોતાના કીર્તનોમાં 'પદ્મનાભ શ્લોક' (પદ્મનાભ ધોળ) માં પદ્મનાભનો પરિચય આપ્યો છે. વળી એમના નિધન (સં. ૧૫૬૫) પછી બે જ વર્ષે પદ્મવાડીમાં બેસી માધવદાસ દ્વારા એમનો ચરિત્રગ્રંથ લખાયો હતો. મોગલ-મરાઠાઓના અંતિમ યુદ્ધ (સં. ૧૮૧૭) ના સમયે કરવામાં આવેલી આ ગ્રંથની પ્રતિલિપિ પુનિયાદના રામકબીર મંદિરના પુસ્તકાલયમાં મેં જોઈ છે. માધવદાસના ગ્રંથના આધારે પાટણના વૈદ્ય જયેષ્ઠારામ ગોવિંદરામ જોશીએ સં. ૧૯૭૨માં પાલનપુરના

રાજભક્ત પ્રેસમાં 'પદ્મનાભ પુરાણ' નામનું પુસ્તક છપાવ્યું છે. જો કે એ પુસ્તક પણ આજે દુષ્પ્રાપ્ય જેવું બની ગયું છે.

'પદ્મપુરાણ' નામનો બીજો એક ગ્રંથ સં. ૧૯૬૯માં શ્રી મોહન ભટ્ટે લખ્યો છે. એની હસ્તલિખિત પ્રતિ પણ પુનિયાદના મંદિરમાં (ક્રમ-૮૪) છે. આ ગ્રંથની સં. ૧૮૦૮માં કરેલી એક પ્રતિલિપિ પદ્મનાભના પુત્ર માધવદાસની પુત્ર-પરંપરાના વર્તમાન મહંત શ્રી ચીમનલાલ સ્વામી (અમદાવાદ) પાસે છે. આ ગ્રંથમાં રચનાનો સમય નીચે પ્રમાણે આપ્યો છે.

"સોલ અગનોતેર સાર, કાર્તિક સુદ પુનમ ગુરુવાર
વિષ્ણુતણે પદે કરશે વાસ, કહે મોહન ભટ્ટ હરિનો દાસ ॥"

શ્રી મોહનલાલ ભટ્ટે પદ્મનાભના જન્મનું વર્ષ, તિથિ, નક્ષત્ર વગેરે આપ્યાં છે.

"સંવત ચૌદ ને અઠ્ઠાવન, મધુમાસ પાવન જાણીયે ।
શુક્લપક્ષે પંચમી, ગુરુવાર શુદ્ધ પ્રમાણીયે ॥ ૪ ॥
નવકરણ યોગ, સુકાર્ય સુંદર, નક્ષત્ર ઉત્તમ રોહિણી ।
દિન ઘટિ દ્વાદસ પ્રથમ ચઢતે, અવતર્યા ત્રિભુવન ધણી ॥ ૫ ॥

એ પ્રમાણે કોઈ એક સંત વિષ્ણુદાસે "પદ્મનાભ આખ્યાન" નામનો જે ગ્રંથ લખ્યો છે, એની હ.લિ. પ્રતિ પણ પુનિયાદમાં છે. એમાં સાત કડવાંમાં પદ્મનાભની એ જ કથા કહી છે.

આ બધા આખ્યાનોના આધારે પદ્મનાભજીના જીવનની સંક્ષિપ્ત રૂપરેખા નીચે પ્રમાણે છે.

વિ. સં. ૧૪૫૮ માં પ્રજાપતિ કરણને ત્યાં પદ્મનાભનો જન્મ થયો હતો. એમની માતાનું નામ લક્ષ્મી હતું. ભક્તિના સંસ્કાર એમને જન્મથીજ હોય એમ લાગે છે. કાશી જઈ એમણે

કબીર સાહેબ પાસે દીક્ષા લીધી હતી એવો ઉલ્લેખ કૃષ્ણદાસે કર્યો છે. કબીર સાહેબની કસણી પ્રસિદ્ધ છે. કબીર સાહેબના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજીએ ગુરુની કસોટી વિશે લખ્યું છે, એ જોવા જેવું છે. સંખ્યાબંધ શિષ્યો કરવાની વિરુદ્ધમાં હોવાથી કબીર સાહેબના ગણ્યા ગાંઠ્યા જ શિષ્યો હતા. એ સ્થિતિમાં કબીર સાહેબનું શિષ્યત્વ પ્રાપ્ત કરવું, એ એમની પ્રતિભા અને ભક્તિની શક્તિનું પરિણામ છે. સ્વયં કબીર સાહેબે પણ પોતાની શક્તિથી સંતોષ આપી રામાનંદ સ્વામીનું શિષ્યત્વ પ્રાપ્ત કર્યું હતું. કબીર સાહેબે પદ્મનાભને રામનામનો મહિમા બતાવ્યો હતો. એ રામનામના મંત્રને પદ્મનાભે પોતાના જીવનમાં ઉતારી લીધો હતો.

પોતે ગૃહસ્થી હતા. પત્ની પાતાળદેવી. એમને હરિદાસ, માધવદાસ, વિષ્ણુદાસ અને હરદેવ નામના ચાર પુત્રો અને મચકનબાઈ નામની પુત્રી થયાં હતાં. આમ સંસારમાં રહેવા છતાં એમનું હૃદય સંસારથી વિરકત હતું. "સંસારમાં સરખો રહે મન માટી પાસ" જેવું એમનું જીવન હતું.

સાધારણ રીતે સંતનું જીવન જ મહત્ત્વનું હોય છે. ભક્તોને એ જ એક આદર્શરૂપ બની રહેવું જોઈએ. તેને બદલે કેટલીક વખત એ કોના અવતાર હતા, એની ચર્ચામાં આપણે પડી જતા હોઈએ છીએ. બરી વાત તો એ છે, કે આપણે માત્ર કલ્પના જ કરવાની હોય છે. કારણ કે સંતોના પૂર્વજન્મનું આપણને તો જ્ઞાન નથી. હવે પદ્મનાભજી વિશે જોઈએ તો "શ્રી પદ્મનાભ પુરાણ" જે માધવદાસના 'પદ્મકથા' પરથી છપાવી પ્રસિદ્ધ થયું છે, તેમાં પદ્મનાભને વિષ્ણુના અને ધનરાજને શેષના અવતાર કહ્યા છે જીવણજીએ પદ્મનાભ-ધનરાજને દત્તાત્રય-યદુના અવતારો કહ્યા છે.

"देवहुतिकु जीषणा भये कपिल मुनि अवतार ।
दत्तात्रय-यदुके भये, पद्मनाभ-धनराज ॥"

જ્યારે કૃષ્ણદાસજીએ લખેલ "જ્ઞાનમહિમા" માં એમને કૃષ્ણ-સુદામાના અવતાર કહ્યા છે.

"दूजे अवतार धनराज कहाये ।
सो सुदामा पाटण आये ॥"

આ તો ભક્તિભાવની અભિવ્યક્તિ છે, એને ઐતિહાસિક તથ્યો સાથે મુલવી શકાય નહિ. તેવી જ રીતે કેટલીક ઐતિહાસિક અસંભવિતતાઓને તથ્ય તરીકે સ્વીકારી પણ શકાય નહિ. ઉદાહરણ તરીકે વૈદ્ય જ્યેષ્ઠારામ ગોવિંદરામ જોશીએ માધવદાસ રચિત "પદ્મકથા" (સં. ૧૫૬૭)ના આધારે લખી પ્રકાશિત (સં. ૧૯૭૨) કરેલ ગ્રંથના પ્રારંભમાં લખ્યું છે, "આ ગ્રંથ માધવાચાર્ય સ્વામીએ લખ્યો છે. આ માધવદાસ તો માધવાચાર્ય સ્વામી, બ્રહ્મ સંપ્રદાયમાં ભગવાનના પરમ ભક્ત-આચાર્ય-બ્રહ્મ સંપ્રદાયને ચલાવનારા થયા. બ્રહ્મ-સંપ્રદાય અતિ પ્રાચીન છે; પરંતુ માધવાચાર્ય સ્વામીએ તેનો જગતમાં વિશેષ પ્રચાર કર્યો, તેથી તે 'માધ્વી-સંપ્રદાય' કહેવાય છે. તેમણે અનેક ગ્રંથો રચેલા છે."

હવે આ માધવાચાર્ય સ્વામીનો સમય પં. દુર્ગાશંકર શાસ્ત્રીના 'વૈષ્ણવ-સંપ્રદાય' ગ્રંથને આધારે ઈ. સ. ૧૧૯૯ (સં. ૧૨૫૫) થી ઈ. સ. ૧૨૭૮ (સં. ૧૩૩૪)નો છે. સંવત ૧૩૩૪ પછી જ્યારે એ આ વિશ્વમાં જ હતા નહિ, તો પછી સં. ૧૫૬૭માં બસો વર્ષ પછી એમણે પદ્મનાભજીના જીવનનો ગ્રંથ શી રીતે લખ્યો? મૂળ ગ્રંથના માધવદાસને સ્વામી માધવાચાર્ય ઠેરવવાની શી જરૂર છે? વળી સ્વામી

માધવાચાર્ય ને જે ચાર શિષ્યો હતા, એમાં કોઈ શેખવદાસ નથી. અને એ બધાના નામને છેડે 'તીર્થ' લાગે છે, 'દાસ' નહિ, એટલે શેખવદાસ એ માધવદાસના શિષ્ય હતા. આ 'દાસ' લખવાની પ્રથા કબીરની પરંપરા છે. પદ્મનાભના એક પુત્રનું નામ માધવદાસ હતું. જેમનું સ્થાન ચંડોળા તળાવ પર 'પદ્મવાડી' તરીકે હજી છે. અને જેમની પુત્ર-પરંપરા અમદાવાદમાં છે. સંભવ છે એમણે આ મૂળ ગ્રંથ લખ્યો હોય વળી એ ગ્રંથ 'પદ્મવાડી'માં જ લખાયેલો છે.

હવે આ ગ્રંથના આધારે પણ પદ્મનાભના જીવનના કેટલાક પ્રસંગો પર પ્રકાશ પડે છે તે જોઈએ. એમાં એમને વિષ્ણુના અવતાર માન્યા છે, અને એમના માતાપિતા કર્ણ અને લક્ષ્મીને પૂર્વજન્મમાં આપેલ વચન પ્રમાણે ભગવાને જન્મ લીધો હતો, એમ કહ્યું છે એ જન્મ લેવા માટે દુર્વાસાના શાપની કથા પણ જોડવામાં આવી છે. દ્વારકામાં દુર્વાસા પધાર્યા ત્યારે માનવવાહનમાં બેસવાની ઈચ્છા થવાથી શ્રીકૃષ્ણ અને રૂક્મણી એમના રથને ખેંચતા હતા. તેમાં રૂક્મણીને પાણી પીવાની ઈચ્છા થવાથી રથ શ્રીકૃષ્ણે પકડી રાખ્યો, તેમાં હાલમડોલમ થવાથી ક્રોધિત થઈને ઋષિએ શાપ દીધો કે તમે બન્ને મૃત્યુલોકમાં શૂદ્રને ત્યાં જન્મશો. આમ આ શૂદ્રને ત્યાં જન્મવાનું કારણ પણ મળી ગયું. આ બધું છતાં આ ગ્રંથમાંથી પદ્મનાભજીના જીવનની કેટલીક ચોકકસ હકીકતો પણ મળે છે.

એમનો જન્મ સં. ૧૪૫૮ ના ચૈત્ર સુદ ૫ અને ગુરુવારે રોહિણી નક્ષત્રમાં થયો હતો. સં. ૧૪૭૦ના કારતક સુદ ૧૪ ને રવિવારે સવારે એમણે ધનરાજ સાથે મળી વાડીની રચનાનો પ્રારંભ કર્યો હતો. આ ભૂમિ એમને પાટણના સૂબાએ દાનમાં

આપી હતી. એ વિશે એક પ્રસંગ પ્રસિદ્ધ છે. સૂબો મૂસાખાન એક સરોવર ખોદાવતો હતો. આ સરોવર આજે પણ 'ખાન સરોવર' તરીકે પ્રસિદ્ધ છે. સાત દિવસ સુધી પદ્મનાભ ન ગયા. બધા જ કુંભારોને ફરજિયાત જવાનું હોવાથી એમને બોલાવ્યા. એમને સાત દિવસનું કામ એક દિવસમાં કરી નાખ્યું. કહેવાય છે કે એમના માથા પર સાત ટોપલી અદ્ધર રહેતી હતી. સુબાએ આ વાત સાંભળી. એને પાઠાનું દર્દ હતું અને કોઈ પણ ઉપાયે મટતું ન હતું. પદ્મનાભે માટીનો પાટો બાંધ્યો, તેનાથી તદ્દન સારું થઈ ગયું. આથી પ્રભાવિત થઈ સુબાએ સરસ્વતી તટની લગભગ દસ બીંઘા જમીન (સર્વે નં. ૮૭૯ અને ૮૮૨) ભેટ તરીકે આપી. ત્યાં પદ્મનાભે અને ધનરાજે મળીને સુંદર વાડી બનાવી હતી. આ વાડીના અવશેષો હજી પણ ત્યાં છે, અને એ જગ્યા હજી પણ "પદ્મવાડી" તરીકે ઓળખાય છે. ધનરાજ પાટણના હુકમરાય પંડ્યાના સુપુત્ર હતા. વિદ્વાન હતા. એમને જ્યોતિષનું સારું જ્ઞાન હતું. એ આ સુબાના કારભારી હતા. એ પણ પદ્મનાભની શક્તિથી પ્રભાવિત થયા. નોકરી છોડી દઈ એમની સાથે જઈને રહ્યા. કબીર સાહેબ પાસે એમને પણ પદ્મનાભજીએ દીક્ષા અપાવી હતી, એવો ઉલ્લેખ કૃષ્ણદાસે 'જ્ઞાનમહિમા' માં કર્યો છે.

માતા મહાકૌર અને પિતા વારીદાસની સુપુત્રી પાતાલદેવી સાથે એમણે લગ્ન કર્યું હતું. એમના ચાર પુત્રોમાંથી હરદેવને એમણે એક કંદોઈનો પુત્ર ગુજરી જવાથી ભેટ આપી દીધો હતો. એમ કહેવાય છે કે-હરદેવનો આત્મા શરીર છોડી તે છોકરાના મૃત શરીરમાં પ્રવેશ્યો હતો, અને તે પુનઃ જીવિત થયો હતો. વિષ્ણુદાસ અને મચકનબાઈ વિશે એક ચમત્કારનો પ્રસંગ જોડાયેલો છે. એક વણઝારો બાંડની પોઠો લઈ જતો હતો, તેને

એમણે પૂછ્યું કે પોઠોમાં શું છે.? વણઝારાએ કહ્યું કે ધૂળ છે. પછી જ્યારે જોયું તો અંદરથી ધૂળ નીકળી. પરંતુ ચમત્કારના આ પ્રસંગથી પદ્મનાભનું દિલ દુઃખાયું. ચમત્કારને આમ સસ્તા બનાવી દેવા એ એમને ઉચિત ન લાગ્યું અને એ બન્ને સન્તાનોને એમણે જુદા રહેવા સૂચના કરી એ લોકોએ બનાવેલી જાદવવાડી પદ્મવાડીની બાજુમાં જ આવેલી છે. એ મચકન બાઈનું લગ્ન રામદાસ સાથે કરવામાં આવ્યું હતું. માધવદાસે અમદાવાદ ચંડોલા તળાવ પર જઈ પદ્મવાડીની રચના કરી હતી. હજી તેના અવશેષ ત્યાં છે. એમની પુત્ર-પરંપરા અમદાવાદમાં છે, જેના વર્તમાન મહંત શ્રી ચીમનલાલ સ્વામી છે. પદ્મનાભના પુરોહિતનું નામ કર્મઠરામ હતું એમ લખ્યું છે.

મોટા પુત્ર હરિદાસની પરંપરા પાટણમાં છે. પદ્મનાભની ગાદીનો વહીવટ એમના અધિકારમાં છે. વાડીમાં કબીર સાહેબ પધાર્યા હશે, તે જે આંબલી નીચે બેસતા, તેને હજી પણ લોકો 'કબીરની આંબલી' તરીકે ઓળખે છે. 'ગોમતી કુંઈ' નામના કુવાની પાસે બાદશાહનો ચોરો છે. સંભવ છે પદ્મનાભજીના સમયમાં સૂબો મૂસાખાન ત્યાં જઈ બેસતો હોય.

સંતો સાથે સત્સંગ કરતાં કરતાં વિ. સં. ૧૫૬૫ માં પદ્મનાભે શરીર છોડી દીધું. પદ્મવાડીમાં એમનું સમાધિમંદિર છે. એને 'ક્યારા' કહે છે. કારણ કે રામકબીર સંપ્રદાયમાં સંતો સમાધિ લે છે, ત્યારે એમની સમાધિ પર તુલસીક્યારા બનાવવાનો રિવાજ છે. પદ્મવાડીમાં એવા ક્યારા માટીના છે. પદ્મનાભનો તુલસીક્યારો એમની સમાધિ છે.

આ રીતે પદ્મનાભ કબીરના શિષ્ય તરીકે પ્રસિદ્ધ હતા. કબીર પંથના ગ્રંથોમાં એમને કબીરના પ્રથમ શિષ્ય કહ્યા છે.

એમણે કાશી જઈ દીક્ષા લીધી હતી. આ પ્રભાવશાળી ભક્ત ગુજરાતમાં હતા, તેથી જ કદાચ કબીર સાહેબને ગુજરાતમાં આવવા પ્રેરણા મળી હોય, એમ સંભવિત લાગે છે.

રામકબીર સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી હતા, પરંતુ એના પ્રવર્તન અને પ્રચારનું કામ પદ્મનાભ અને એમના શિષ્યોએ બૂબ ખંતથી કર્યું હતું. એના પરિણામ રૂપે જ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આ સંપ્રદાયના પ્રચારનું શ્રેય પદ્મનાભની શિષ્ય-પરંપરાને ફાળે જાય છે.

પુનિયાદના પ્રસિદ્ધ સંત જીવણજી જો કે પદ્મનાભની શિષ્ય-પરંપરાના સંત નથી, છતાં એમના ભક્તમંડળમાં પદ્મનાભને ભગવાન જેવો આદર આપવામાં આવે છે. એનું એજ કારણ છે કે એ પણ જ્ઞાનીજીના ગુરુબંધુ હતા. અને બન્નેએ મળીને રામકબીર-સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. પદ્મનાભને કેટલીક જગ્યાએ 'રામકબીર' પણ કહેવામાં આવ્યા છે. એમની કોઈ રચના મળતી નથી, એ ખેદની વાત છે. પરંતુ એમના સાથી અને શિષ્ય ધનરાજે ૨૮ કીર્તનો લખ્યાં છે, જેને સંપ્રદાયના લોકો ગીતાની જેમ મહત્વ આપી પાઠ કરે છે.

૩. તત્વા-જીવા :

આ બન્ને ભાઈઓ ઔદિચ્ય ગૌડાન્તરગત બ્રાહ્મણ હતા; શુકલતીર્થ પાસે મંગલેશ્વર ગામના બ્રાહ્મણોના એ પુરોહિત હતા. એમની ખેતી પણ હતી. જે જગ્યાએ આજે કબીરવડ ઉભો છે, તે જગ્યાએ એમનું ઘર હતું. એમના આંગણામાં એક વડનું ઝાડ સુકાઈ ગયું હતું. બન્ને ભાઈઓ સંત-સેવી

હતા. એમણે પણ લીધું હતું કે જે સંતના ચરણોદકથી સુકું વૃક્ષ નવપલ્લવિત થાય, તેને પોતાના ગુરુ બનાવવા. આમ કરતાં વર્ષો વીતી ગયાં, કોઈ પણ સંતના ચરણોદકથી વૃક્ષ નવપલ્લવિત થયું નહિ. ધીરે ધીરે સંતોની શક્તિમાંથી એમની શ્રદ્ધા ઘટવા માંડી. એટલે ત્યાંથી પાંચ સાધુ કબીરસાહેબ પાસે કાશી આવ્યા, અને એમને તત્વાજીવાની ટેક અને સાધુઓની પત રાખવા વિનંતિ કરી. એ પરથી કબીર સાહેબ લગભગ સં. ૧૪૬૫માં અહિં આવ્યા, અને એમના ચરણોદકથી એ વડનું વૃક્ષ નવપલ્લવિત થયું. એ જ આજે આ કબીરવડ છે.

કબીર સાહેબના દાતણની ચીરીમાંથી કબીરવડ થયાની દંતકથા ગુજરાતમાં ફેલાયેલી છે, એ સત્યથી વેગળી છે; કારણ કે ચરણોદકની કથાને અનેક પ્રાચીન સંતોની વાણીનું સમર્થન છે. આ બન્ને ભાઈઓના નામનો ઉલ્લેખ પણ કેટલાય પ્રાચીન ગ્રંથોમાં થયેલો છે.

નાભાદાસજીએ પોતાની ભક્તમાળમાં રામાનંદી સંતો તરીકે તત્વાજીવાનો પરિચય આપ્યો છે. એ પરથી એમ લાગે છે કે કબીર સાહેબ પાસે દીક્ષા લેતાં પહેલાં એ રામાનંદી હતા. કારણ કે 'ભક્તમાલ'ની ટીકામાં પ્રિયાદાસે એમનો ઉલ્લેખ કબીરના શિષ્યો તરીકે કર્યો છે, અને કબીરના ચરણોદકથી કબીરવડની ઉત્પત્તિની કથા પણ કહી છે. સંત દાદૂના શિષ્ય રાઘવદાસે લખેલી 'ભક્તમાલ'ને પણ ખૂબ પ્રામાણિક માનવામાં આવે છે, એમાં કબીર સાહેબના નવ શિષ્યોમાં તત્વાજીવાનું નામ છે. તથા તત્વાજીવાનો પરિચય એક છપ્પામાં જૂદો આપ્યો છે, પરંતુ તેમાં નાભાજીથી વિશેષ કંઈ માહિતી આપી નથી.

'સર્વજીત પંડિતની ગોષ્ઠી' જેવા કબીર-પંથના ગ્રંથોમાં તત્વાજીવાની કથા છે. કબીરપંથી સંત ગરીબદાસે તત્વાજીવા અને કબીરવડની આ કથા આપી છે.

" 'ગરીબ' તત્વાજીવાકો મિલે, દક્ષિણ બીચ દયાલ ।
સકા ઢૂંઢ હરા હુઆ, પૈસે નજર નિહાલ ॥" ગુરુગ્રંથસાહબ

કૃષ્ણદાસના પુત્ર સ્યામદાસે કબીર સાહેબના કૃપાપાત્ર શિષ્યોમાં તત્વાજીવાનું નામ આપ્યું છે. એ ઉપરાંત કબીરપંથી વિદ્વાન શ્રી હનુમાનદાસજી તથા શ્રી મણિલાલ મહેતાએ આ કથાનું સમર્થન કર્યું છે.

પદ્મનાભજીની પરંપરામાં એક સંતકવિ માણેકદાસ થઇ ગયા. એ વિ સં. ૧૭૪૫ થી ૧૭૬૦ સુધી કબીરવડમાં રહ્યા હતા. એમણે પોતાની વાણીમાં આ પ્રસંગનું વર્ણન કર્યું છે; એમાં તત્વાજીવાની ટેક, સંતોના ચરણોદકનું સૂકા ઠૂંઠામાં સિંચન, કબીરનું આગમન તથા વટવૃક્ષના નવપલ્લવન વગેરેનો ઉલ્લેખ છે.

બાબા દીનદરવેશની 'ભક્ત બિરુદાવલી' એક ભક્તમાળ છે. એમાં એમણે કબીરની ગુજરાત-યાત્રાનું વર્ણન કર્યું છે. એમાં ગુજરાતના પાલનપુર, દ્વારકા, પાટણ, શુકલતીર્થ જેવા જે જે સ્થાનોમાં કબીર રહ્યા હતા, અને ત્યાં એમના જે જે શિષ્યો-ભક્તો થયેલા, તેનું વિસ્તૃત વર્ણન છે. એમાં એક કુંડલિયામાં કબીર સાહેબ દ્વારા તત્વાજીવાની પીડા દૂર થયાનો પ્રસંગ આપેલો છે. આ બધું જોતાં તત્વાજીવાની ઐતિહાસિકતા વિશે કોઈ સંશય રહેતો નથી.

તત્વાજીવાએ કબીર સાહેબને ગુરુ કર્યા એટલે એમને મંગલેશ્વરના બ્રાહ્મણોએ મુસલમાનને ગુરુ કરવાના અપરાધમાં ન્યાતબહાર મૂકયા. અને એમની સાથે રોટી-બેટી વ્યવહાર બંધ કર્યો, આથી બન્ને ભાઈઓને પરેશાની ઉભી થઈ. એ સ્થિતિમાં એમણે એક ભાઈને મોકલી કાશીથી કબીર સાહેબનું માર્ગદર્શન મંગાવ્યું. કબીર સાહેબે એવી સૂચના મોકલી કે— "બન્ને ભાઈ અંદર અંદર બેટાબેટીના વિવાહ કરો, પણ ભક્તિમાં શિથિલતા આવવા દેશો નહિ."

"कानाकानी भई, द्विज जाति जाति गई।
पांति न्यारी न्यारी कर दई, कोउ बेटी नहीं लेत है।
चल्यो एक काशी जहाँ बसत कबीर धीर।
जाय कही पीर, जब कौन हेत है।
दोऊ तुम भाई करो, आपसमें सगाई होय
भक्ति सरसाई न घटाई चित्त चेत है॥"

-भक्तिरसबोधिनी टीका

ગામના બ્રાહ્મણોએ જ્યારે આ વાત સાંભળી, ત્યારે સૌ હેરાન થઈ ગયા. આમ ભાઈભાઈ વચ્ચેના લગ્નની કલ્પના જ એમને માટે અસહ્ય હતી. છેવટે એમણે સમાધાન કરી એમને પુનઃ ન્યાતમાં લઈ લીધા.

તત્વાજીએ સંતવાણી લખી છે. કબીર-પંથી સંત હનુમાનદાસજીએ 'વૈરાગ પ્રકાશ' નામથી એમની રચના પ્રકાશિત કરી છે. એમાં એમણે પોતાના સદ્‌ગુરુ તરીકે કબીર સાહેબના નામનો ઉલ્લેખ કર્યો છે;

"दास कबीर गुरु भेद बताया,
तब तें जनम मरण लखि पाया"

તત્વાજી સમાનતાના સમર્થક અને અભિમાનના વિરોધી હતા. એમણે સ્નેહસંબંધો છોડી ગુરુનું શરણ લીધું હતું, એમ એમણે પોતેજ પોતાની વાણીમાં કહ્યું છે.

"तत्वा गुरु शरण ग्रही, तजि के नाता-नेह।"

કબીર સાહેબની આજ્ઞાથી છેવટે એમણે મંગલેશ્વર છોડીને બિહારના ફતુહા ગામમાં નિવાસ કર્યો હતો, ત્યાં એમની પરંપરાની બાવીસ પેઢીઓ થઈ છે. એ લોકો રામાનંદ, કબીર પછી એક માત્ર તત્વાજીવાને આદિપુરુષ ગણે છે. ત્યાંના મહંતોના નામની પાછળ 'જીવા' શબ્દ લગાડવામાં આવે છે. એ પરંપરાના ગણેશદાસજી સુધી કોઈએ મઠ કે મંદિર બાંધ્યાં નથી, કે યાચકવૃત્તિ રાખી નથી

સંદર્ભ – ગ્રંથ :

૧. ભક્તમાલ – નાભાજી (છપ્પય-૬૮,,૩૧૨)
૨. ભક્તમાલકી ટીકા – પ્રિયાદાસ
૩. રાધોદાસકી ભક્તમાલ ટીકા – ચતુરદાસ (છપ્પય-૧૮૧)
૪. Kabir-his biography-Dr. Mohansinh (P-89)
૫. ઉત્તરીભારત કી સંત-પરંપરા-પરશુરામ ચતુર્વેદી (પૃ-૨૬૭)
૬. કબીર-કસૌટી-વેંકટેશ્વર પ્રેસ, બંબઈ (સં-૨૦૧૯) (પૃ-૩૨)
૭. "સત્પુરુષ ચરિત્ર પ્રકાશ" પ્ર.દૂધરેજ-વટપત્યાશ્રમ (પૃ. ૧૦-૨૪)
૮. કબીર-પરંપરા-ડૉ. કાન્તિકુમાર ભટ્ટ (પૃ. ૧૯-૨૫)
૯. સંત તેજાનંદ-શ્રી માણેકલાલ રાણા (પૃ. ૨૬)

૧૦. વૈષ્ણવ-કબીર-સ્વામી શ્રી યોગીરાજ ગોવત્સજી (પૃ. ૨૨૭)
૧૧. ઉદ્ધારધર્મ પંચરત્નમાલા-રામકબીર મંદિર, પુનિયાદ(પૃ.૧૨૦)
૧૨. શ્રી પદ્મપુરાણ-સં. વૈદ્ય જેષ્ઠારામ ગોવિંદજી જોશી (પૃ.૪)
૧૩. પદ્મપુરાણ-(હસ્તલિખિત ગ્રંથ)-શ્રી મોહન ભટ્ટ
૧૪. પદ્મનાભ આખ્યાન (હસ્તલિખિત ગ્રંથ) લે. વિશ્નુદાસ
૧૫. વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ લે. દુર્ગાશંકર શાસ્ત્રી
૧૬. પદ્મનાભ આખ્યાન (હસ્તપ્રત) લે. માધવદાસ
૧૭. શ્રી જ્ઞાનમહિમા-લે. કૃષ્ણદાસ (ઉ. ધ. પં. ૨-માલા)
૧૮. ઉદ્ધારભજન સાગર-સં દ્વારકાદાસ પટેલ
૧૯. રામકબીર ભક્ત-ભજન સંગ્રહ-ભક્ત સમાજ, સુરત
૨૦. કવિચરિત ભાગ ૧-૨ લે. કે.કા. શાસ્ત્રી
૨૧. જીવણજીનો સમાગમ (હ.લિ.ગ્રંથ)-રામકબીર મંદિર, પુનિયાદ
૨૨. 'જીવણવાણી' પત્રિકા-વર્ષ-૧ (અંક ૧ થી ૧૦)

પ્રકરણ ૫ : સંપ્રદાયની શિષ્ય-પરંપરા

જ્ઞાનીજીની પરંપરા :

સંત જ્ઞાનીજીની નાદ અને બુંદ બન્ને પરંપરાઓ છે. જ્ઞાનદેવ અને સ્યામદેવ નામના એમના બે પુત્રો હતા. એમની મૂળ ગાદીની પરંપરા એ મોટા પુત્ર જ્ઞાનદેવની પુત્ર-પરંપરા છે. સ્યામદેવની પરંપરા અજ્ઞાત છે. દેવદાસ, ભગવાનદાસ અને શુકદેવ નામના એમના ત્રણ શિષ્યોનાં નામ મળે છે. દેવદાસની શિષ્ય-પરંપરા કબીરવડની ગાદી પર થઈ હતી. એ ગાદીએ પહેલાં કબીર સાહેબે પોતાના શિષ્ય નીરદાસને નિયુકત કર્યા હતા; પરંતુ જ્ઞાનીજીએ નીરદાસ પછી એ જગ્યાએ પોતાના શિષ્ય દેવદાસને મૂકયા હતા. સંબેડા મહાલમાં ઉદાપંથના રજીસ્ટર થયેલા એક દસ્તાવેજમાં વિષ્ણુદાસ સુધીની નીચે પ્રમાણેની પરંપરા આપેલી છે.

" નીરદાસ-દેવદાસ-મુકુંદદાસ-હરિદાસ-ગોકુળદાસ-કૃષ્ણુદાસ-જગન્નાથદાસ - રામરતનદાસ - ગોરધનદાસ-તેના રામદાસ-તેના વિષ્ણુદાસ-આવી રીતે દશ પેઢી પુરી થઈ છે." તા. ૪ જુન ૧૯૧૨ મને મળેલી બીજી માહિતી પ્રમાણે મારા મહાનિબંધ **'कबीर-परंपरा'** માં પરિશિષ્ટ-૨ માં આ પરંપરા નીચે પ્રમાણે આપેલી છે.

"કબીર શિષ્ય નીરદાસ-જ્ઞાનીજીના શિષ્ય દેવદાસ-રઘુનાથદાસ-દયાળદાસ - ભગવાનદાસ- દેવાદાસ- જગન્નાથદાસ- કમલદાસ- બાલકદાસ - રામરતનદાસ - ગોરધનદાસ- રામદાસ - વિષ્ણુદાસ- તુલસીદાસ-ગોપાલદાસ (વર્તમાન)"

જ્ઞાનીજીના બીજા શિષ્ય ભગવાનદાસની પરંપરા પણસવાડાની ગાદી પરથી નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

"જ્ઞાનીજીના સિસ ભગવાનદાસજી–તેના ગોપાલદાસજી-તેના જીવરામજી-તેના સામદાસજી–તેના સંતદાસજી તેના વેણીદાસજી –તેના સુંદરદાસજી-તેના રામદાસજી-તેના રઘનાથદાસજી–

સંભવતઃ ઉપરના સંતદાસજીએ પણસવાડાની ગાદી સ્થાપી હોવી જોઇએ. એ પરંપરામાં આગળ એક ગોરધનદાસ દુરાચારી નીકળવાથી એની જગ્યાએ મૂળ ગાદી સાંજના એક સંત જુગલદાસને નીમ્યા હતા. એમના પુત્ર શ્રી જગદીશચંદ્રજી આજે ત્યાં વર્તમાન છે.

ત્રીજા શિષ્ય શુકદેવની એક પરંપરા નીચે પ્રમાણે છે. જ્ઞાનીજી – શુકદેવ – ગોપાળદાસજી – જીવણજી – સ્યામદાસજી – દ્વારકાદાસજી – રાઘવદાસજી – વસનદાસજી – નરસિંહદાસજી – ભગવાનદાસજી – રઘુનાથદાસજી–જગન્નાથદાસજી–ચદ્રુનાથદાસજી–જગદીશચંદ્ર (વર્તમાન).

જ્ઞાનીજીના પુત્ર જ્ઞાનદેવની મૂળ ગાદીની પ્રણાલિકા નીચે પ્રમાણે છે.

જ્ઞાનીજી–જ્ઞાનદેવ–સામદેવ–રામદેવ–વાસુદેવ–નરભેરામ– અભેરામ દયારામ–રઘુનાથદાસ – રામદાસ – હરગોવિંદદાસ – ગોપાળદાસ – ગોરધનદાસ – રામકૃષ્ણદાસ – મધુસૂદનદાસ.

ઉપરની પરંપરાના વાસુદેવજીના પુત્ર દ્વારકાદાસ દ્વારા સુરતની પેઢીની સ્થાપના થઇ હોય એમ લાગે છે. કારણ કે પ્રણાલિકાની એક તદ્દન જૂની હસ્તલિખિત પ્રતમાં સુરતની ગાદીની પ્રણાલિકા નીચે પ્રમાણે આપેલી છે.

"જ્ઞાનીજીના સીસ જ્ઞાનદેવજી ।।૧।। તેના સામદેવજી ।।૨।। તેના રામદેવજી ।।૩।। તેના વાસુદેવજી ।।૪।। તેના દ્વારકાદાસજી ।।૫।। તેના હરિરામજી ।।૬।। તેના ભગતરામજી ।।૭।। તેના વીરદાસજી ।।૮।। તેના નાહાના ભાવા ।।૯।। તેના ગોકળદાસજી ।।૧૦।। તેના સામદાસજી ।।૧૧।। તેના ભગતરામજી ।।૧૨।। ગોપાલદાસજી ।।૧૩।।।। નારણદાસજી ।।૧૪।। માધવદાસજી ।।૧૫।। કરસનદાસજી ।।૧૬।। નરસિંહદાસજી ।।૧૭।। ગોરધનદાસજી ।।૧૮।। દયારામદાસજી ।।૧૯।। (વર્તમાન)

જ્ઞાનીજીની પરંપરાના સંતો :

જ્ઞાનીજીની પરંપરામાં એક જીવણજી સિવાય બીજા કોઈ પ્રતાપી સંતો થયા હોય એમ લાગતું નથી. એમના શિષ્ય શુકદેવના એક શિષ્ય ગોપાલદાસ થયા હતા. તે પ્રતાપી સંત કવિ હોય એમ લાગે છે, પણ એમને વિશે કોઈ પ્રામાણિક જાણકારી મળતી નથી. એમના એક પ્રતાપી શિષ્ય સંત જીવણજી થઈ ગયા. એમણે એમની વાણીમાં '**સદ્‌ગુરુ દાસ ગોપાલ**' કહી ગુરુ તરીકે એમનો ઉલ્લેખ કર્યો છે. એ અર્થ પ્રતિ અત્યંત નિસ્પૃહ હતા, તેથી એમને જનકવંશી કહે છે. વિ. સં. ૧૬૮૩ની આશ્વિન શુકલા તેરસને દિવસે એમણે જીવણજીને દીક્ષા આપી હતી.

સંત જીવણજી મહારાજનું ચરિત્ર

અવતાર કથા :

સંતોને વિશે એમના શિષ્યો અને ભક્તોએ પૂર્વજન્મની કલ્પના હંમેશાં કરી છે. જીવણજી વિશે પણ એવી જુદી જુદી કલ્પના કરવામાં આવી છે.

(૧) એમને કૃષ્ણના અવતાર માનવામાં આવે છે.

કૃષ્ણકથામાં લોજા ગુર્જરનો એક પ્રસંગ આવે છે. એની પુત્રી ધનાઈને શ્રીકૃષ્ણે ચૂંબન કર્યું. લોજા ગુર્જરે તેનો દોષ જોતાં એને પ્રેતયોનિ પ્રાપ્ત થઈ. ફરતાં ફરતાં મંગલેશ્વર જઈ ત્યાંના સોની કેશવદાસ ઝાડેશ્વરીઆની પત્ની રામબાઈમાં એણે પ્રવેશ કર્યો. જીવણજીએ રામબાઈને પ્રેતપ્રભાવથી સં. ૧૭૧૬માં માગસર સુદ બીજને દિને મુકત કરી હતી. તેથી એમ માનવામાં આવે છે, કે એ લોજા ગુર્જરના પ્રેતને દૂર કરનાર શ્રીકૃષ્ણ જીવણજીરૂપે જન્મ્યા હતા. સ્યામદાસે 'જ્ઞાનમહિમા'માં આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે. જીવણજીના શિષ્ય ગોપાલદાસે (છોટા) પોતાની ભેદની સાખીમાં જીવણજીને કૃષ્ણના તથા કબીરને રામના અવતાર કહ્યા છે, પણ રામ અને કૃષ્ણમાં ભેદ જોયો નથી.

"સદ્‌ગુરુ જીવણ સામલો, દાસ કબીરજી રામ
અંતર તો એ તો પડ્યો, એક રૂપ દો નામ."

(૨) કબીરના શિષ્ય પદ્મનાભજી પાટણમાં થઈ ગયા. સંપ્રદાયમાં એમને વિષ્ણુનો અવતાર માનવામાં આવે છે. એ પદ્મનાભે જીવણજીના રૂપમાં અવતાર લીધો હતો એમ સ્યામદાસે જ્ઞાનમહિમામાં લખ્યું છે.

"પદ્મનાભ પ્રગટ ભયે, સો સદ્‌ગુરુ જીવણ આય,
ચૌદ ભુવન ભાજન ઘડન, અકલ નિરંજન રાય."

જ્ઞાનમહિમામાં છેવટે એવો ઉલ્લેખ છે કે સત્યયુગમાં સત્પુરુષ તરીકે, ત્રેતામાં રામ નામે, દ્વાપરમાં શ્રીકૃષ્ણ સ્વરૂપે

જે પ્રગટ થયા હતા, એજ પરમ પુરુષ સત્સાહેબ કરુણા કરીને કહાનવ મંડલમાં જગજીવન (જીવણજી) રૂપે પ્રગટ થયા.

"सत् साहेब है परम निधाना, ताका है जगजीव ननामा ।
कहानघमंडल मांहे किया प्रवेशा, जाकी महिमा लहे न शेषा ॥"

જીવણજીનું જીવન ચરિત્ર :

જન્મ–એમની જન્મની તિથિનો ચોક્કસ ઉલ્લેખ મળતો નથી; પરંતુ એમના સ્વધામગમન પછી ત્રણ વર્ષે સં. ૧૭૪૦ માં લખાયલા નડિયાદા કૃત સમાગમમાં એક એવો ઉલ્લેખ છે કે સં. ૧૬૬૦ માં એ ગોરિયાદ આવ્યા, ત્યારે એમની ઉમર અગિયાર વર્ષની હતી. "સંવત્ ૧૬૬૦ વરખે શ્રાવણ સુદી અષ્ટમીને દિને દેશ ગુજરાત મોટી મધ્યે કહાનવ મંડલ માંહે ગાહાજ ગોરિયાદ ગામ એહવે નામે છે, તે ગામ જ માંહાં વૈષ્ણુવ જીવણદાસજી આત્માના કલ્યાણને અર્થે પધારા. તાહાં નામદેવજી કબીરનો ધરમ પ્રગટ ભાસ્યો. તે લીલા ગાવા પ્રીત ઉદે પામી. વરસ ૧૧ મે થકી ઉદે હવી."

સંખેડા તાલુકાના પતરા ગામના રઘુનાથભાઈ નરસિંહદાસના સમાગમમાં એ જ સં. ૧૬૬૦ ના શ્રાવણ સુદી આઠમનો ઉલ્લેખ છે. ગામ તાંદરજા (જી. વડોદરા) ના મોહનભાઈ મોતીભાઈના સમાગમમાં પણ ઉપરોક્ત વર્ષનું જ સમર્થન મળે છે. એ પ્રમાણે ગણતાં એમના જન્મનું વર્ષ સં. ૧૬૪૯ હશે, એમ કહી શકાય.

જન્મસ્થળ અને માતાપિતા :

જીવણજી મહારાજના જન્મસ્થળ અને એમના માતાપિતા વિશે કોઈ ચોક્કસ પ્રામાણિક માહિતી મળતી નથી. એક દોહો એ વિશે કહેવામાં આવે છે.

" काठियावाड मेरो कुटुंब भयो, मथुरा मेरो देश ।
संतो तणे मेळावडे हुं आव्यो गुर्जर देश ॥ "

આથી પણ એમનાં માતા-પિતાનાં નામ, કુટુંબ, જાતિ કે ચોકકસ ગામનો કોઈ નિર્દેશ મળતો નથી. જીવણજી અગિયાર વર્ષની ઉમરે ગોરિયાદ આવ્યા, તે પૂર્વેના એમના જીવન વિશે કશી માહિતી ઉપલબ્ધ થતી નથી, એ ખેદનો વિષય છે. એ જ પ્રમાણે જીવણજી મહારાજના સુપુત્ર શ્યામદાસજીની પરંપરા પુનિયાદમાં હોવાની માહિતી મળે છે, પરંતુ અન્ય પુત્રોની પરંપરાઓ મળતી નથી.

ગુરુ :

જીવણજીએ પોતાની વાણીમાં પોતાના ગુરુ, પોતાનું નામ અને પોતાની જાતિ વિશે એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે એમાં કોઈ સંશયને અવકાશ રહેવા દીધો નથી.

" नाम हमारो जीवणा, कणबी कुल अवतार ।
सांई हमारो रामजी, सद्गुरु दास गोपाल ॥ "

એના આધારે જીવણજી કણબી કુળના હતા. શ્રીરામ એમના આરાધ્ય હતા અને એમના ગુરુ ગોપાલદાસ હતા. સં. ૧૬૬૦ ના શ્રાવણ સુદી આઠમના દિવસે એ ગોરિયાદ આવેલા. ત્યાર પછી ૧૬૬૫ માં ગુરુનું મિલન કેસુંબલમાં થયું હતું. એ વિશે સમાગમમાં નીચે પ્રમાણેનો ઉલ્લેખ છે.

"વૈષ્ણવ ગોપાલદાસજી જનકવંશી ચોરંદા સંસ્થાન તેહ માંહે સંપ્રદા ચાર કહા છે, તેની સાખ.

"રામાનંદ રામાપત રાજે, વિશ્નુ સ્યામ ત્રિપુરારી ।
નીમબાદસી સનકાદિક કહીએ, મધવાચારજ મુખયારી ॥"

તેહ માંહે વૈષ્ણવ ગોપાલદાસજી જનકવંશી હતા, તે રામાનંદી સંપ્રદા કહેવાય છે, અનંતાનંદની પ્રણાલી મધ્યે ગોપાલજી તે જીવણદાસજીના સત્‌ગુરુ. હવે રામાનંદી સંપ્રદા મધ્યે આવો કબીરજી હવા, તેનો પડથારો આ કહીએ, તેહના નિજધરમ એ કહીએ, તે નામદેવજીનું પડથારું છે.” સંતકવિ દયાલદાસે જીવણજીની ગુરુ પ્રણાલિકા નીચે પ્રમાણે આપી છે.

“ ‘દયાલા’ સદ્‌ગુરુ દાસ કબીરજી પ્રગટે આતુર જોઈ ।
જ્ઞાનીકુ સમઝાય કે ધોખા દીના સોઈ ॥
‘દયાલા’ જ્ઞાની કે શિષ સુખજી, સુખજી કે શિષ ગોપાલ ।
ગોપાલ કે શિષ જીવણા, સો સંતન કે પ્રતિપાલ ॥ ”

સંવત ૧૬૮૩ના આસો સુદ તેરસને દિવસે શરદનિશાની પુનમના ઉત્સવ પર ચોરંદા ગોપાલજીના મંદિરે આવ્યા ત્યારે ‘મોરલી મનોહર તે અરા’ વિશે સમાગમ થયો, પછી જીવણજીએ ગોપાલજી પાસે ગુરુદીક્ષા લીધી.

યાત્રા

સૌરાષ્ટ્ર યાત્રા :

સૌરાષ્ટ્રમાં વઢવાણ પાસે દ્વધરેજ ગામમાં પદ્મનાથજીના શિષ્ય નીલકંઠદાસની પરંપરાનું સ્થાન છે. એ પરંપરામાં એક સંત ષટ્‌પ્રજ્ઞદાસ (છઠાબાવા) સં. ૧૬૬૮ થી ૧૭૮૬માં થયા. એ જીવણજીના સમકાલીન હતા. એમના ચરિત્રનો ગ્રંથ ‘શ્રી સત્‌પુરુષચરિત્ર પ્રકાશ’ શ્રી મયાદાસજીએ લખ્યો છે; એમાં (પૃષ્ટ ૪૯૧–૫૭૪) જીવણજીના આગમન તથા મિલનનું વર્ણન છે.

" जीवणदास उचित अभिधाना,
संत, महंत, धीमंत सयाना ।
सूनी षट्प्रज्ञस्वामी यश कीर्तन,
दुग्धरेज आयेसु मुदित मन ॥ "

જીવણજી મહારાજ ૫૦૦ વિરક્ત સંતો સાથે દૂધરેજ આવેલા. ત્યાંના એક ચમત્કારનો પણ ઉલ્લેખ છે કે દુધ ખુટતાં દૂગ્ધસરમાંથી દૂધ લાવી તેનો દૂધપાક બનાવેલો. જીવણજી ત્યાંથી આગળ દ્વારકાની યાત્રાએ ગયેલા છૂટા પડતી વખતે છઠાબાવાએ વડનું દાતણ રોપી તેમાં ગોપકન્યાઓ પાસે દૂધ સીંચાવેલું, એ વડ આજે પણ ત્યાં છે.

છઠ્ઠાબાવાએ જીવણજી સાથે ભક્તિના સ્વરૂપ વિશે જ્ઞાનગોષ્ઠિ કરેલી. છઠ્ઠાબાવાએ જીવણજીને ભક્તિના સ્વરૂપ વિશે પૂછ્યું હતું;

" आप समान विरक्त को, विचरन जग परकाज ।
सूनी वचन षट्प्रज्ञ के, श्री जीवन महाराज ॥१०१॥"

એના પ્રત્યુત્તરમાં જીવણજીએ સમજાવ્યું કે ભકિત બે પ્રકારની છે, સાધન રૂપા અને સાધ્ય રૂપા. જે સુખ કરનારી અને ભક્તો માટે અમૃતના ઝરા જેવી છે. આદ્વિભકિત નવ પ્રકારની છે. બીજીમાં મન દ્રવીભૂત થઈ ભક્ત ભગવાનમાં તદ્રૂપ થઈ જાય છે, એને પરભક્તિ કહે છે.

— વિંશતિમો **मयुरवः** ॥

દૂધરેજથી જીવણજી સાથે છઠાબાવા ગોંડલ ગયેલા, ત્યાંથી પાછા વળી ગયેલા. ત્યાંની મહંત-પરંપરા મૂળ જીવણજીની કહેવાય છે. એ પરંપરાના પીતાંબરદાસે ધોળેરામાં, મૂળરાજ

મહારાજે અમરેલીમાં હીરાદાસે જૂનાગઢમાં સ્થાન કર્યાં હતાં. ત્યાંથી જીવણજી મહારાજ દ્વારકાની યાત્રાએ ગયેલા.

ઉત્તરાખંડની યાત્રા :

સં. ૧૯૮૭ ના આસો સુદ દસમના દિવસે જીવણજી યાત્રાએ નીકળ્યા હતા, તેનું વર્ણન સમાગમમાં નીચે પ્રમાણે આવ્યું છે. "જીવણજી ગુરુ ગોપાલજી સાથે મળીને ચોરંદેથી માલવા ચાલા. માલવામાં એક વૈષ્ણવ ગોપાલજીનો મેલાપી હતો. જીવણજીની સલાહ છતાં ગોપાલદાસે કંઈ પણ ધન સાથે લીધું નહિ, કારણ કે એ જનક વિદેહી જેવા વિરકત હતા. માળવા વાળો ભક્ત તદ્દન સાધારણ સ્થિતિનો હોવાથી ગોપાલદાસ એકલા ત્યાં રોકાયા અને જીવણજી આગળ ચાલ્યા. જંગલમાં ચાર દિવસ અન્ન પ્રાપ્ત નહિ થતાં બેડાની ભીંજ ખાધી, તેથી એક દિવસ અચેત રહ્યા, ત્યાંથી જગન્નાથજીની યાત્રાએ નીકળ્યા. જીવણજી ભેટો નહિ થવાથી એના વિરહમાં ચોથા દિવસે ગોપાલજીએ ઉજ્જૈનમાં દેહત્યાગ કર્યો હતો."

જીવણજીએ જગન્નાથથી અયોધ્યા આવી મૂળ અયોધ્યા (ફૈજાબા) નાં દર્શન કર્યાં. ત્યાંથી નીમક્ષાર ક્ષેત્રમાં ચાર દિવસ રોકાઈ બદ્રીનાથ ગયા. ત્યાંથી સોળ યોજન દૂર દંતનગર રોકાઈ પછી કૈલાશ પર્વત પર ચઢ્યા. કહે છે કે ત્યાંથી ચારે દિશામાં જોતાં ગુજરાત સિવાય અન્ય સ્થળોએ જવાળાઓ દેખાઈ હતી. તેથી પાછા ઊતરી કાશી આવ્યા. ત્યાં રોકાઈ પછી મગહરમાં આવા કબીરજીના મુગટ (સમાધિ પરની છત્રી)ના દર્શને ગયા. દર્શન કરી પાછા કબીર ચોરે આવ્યા ત્યાંથી મથુરાં જતાં રસ્તામાં અરેલીમાં વાસો કર્યો, ત્યારે ત્યાંના નારણદાસ અત્રીએ પ્રશ્ન પૂછ્યો હતો કે કોઈ કપટથી તિલક-તુલસી ધારણ કરે, તો તે

પરમેશ્વર પામે ખરો ? એના પ્રત્યુત્તરમાં જીવણજીએ પીપાજીનું દૃષ્ટાંત આપી કહ્યું કે પરમેશ્વર મળે. ગોકુળમાં ચાર દિવસ રોકાઈ વૃંદાવન આવ્યા. ત્યાં એક વૈષ્ણવ સાથે ગોષ્ઠિ થઈ. ત્યાંથી બારવન, કદંબનું વૃક્ષ જોઈ બંસીવટ આવ્યા. મથુરાથી નીકળતાં રસ્તે એક ગામમાં એક રામાનંદી ભક્તની પત્ની રાધાવલ્લભી સંપ્રદાયની હતી, તે બન્ને મળ્યાં. સ્ત્રી કોઈ રામાનંદી સંતને પ્રણામ કરતી ન હતી. ભક્તને એવો સંદેશ મળ્યો હતો કે કોઈ રામાનંદી સંત આવશે, એ તારી સ્ત્રીનો સંદેહ દૂર કરશે.

જીવણજી ત્યાં ગયા ત્યારે તે ભક્તે એમને પોતાને ત્યાં પધરાવ્યા. તે સ્ત્રી સાથે જીવણજીને ગોષ્ઠિ થઈ છેવટે તેણે જીવણજીને પ્રણામ કરી ગુરુ તરીકે સ્વીકાર કર્યો.

આમ આ રામાનંદી વૈષ્ણવને મળ્યા પછી માલવા–ખેડીએ મોટા ગોપાલદાસજી ને ત્યાં આવ્યા. તેમની સાથે પછી ચંદેરી ગયા. ચંદેરીમાં નાના ગોપાલદાસ તથા સંતદાસ પર કૃપા કરી જીવણજીની કૃપાથી નાના ગોપાલદાસની વાણી ખૂલી અને સાખી બોલ્યા.

> " ચંદેરીએ વાસોવસુ, જીવણ પ્રગટે આય,
> સીતાપતિ રઘુનાથકો, દીનો નામ બતાય,
> તકિયા તાનું બાહેરા, જહાં સીતાપતિ કે સંત,
> સદ્‌ગુરુ મિલા ગોપાલકુ, તબ પાયા નામ અનંત."

જીવણજીના ઉપદેશથી સત્સંગ અને હરિભક્તિ વિનાના જપ, તપ, તીર્થ, પૂજા-પાત્રિ બધું વ્યર્થ છે, એમ સમજાયું, એ તથ્યનો ઉલ્લેખ નિમાકિત સાખીમાં ગોપાલદાસે કર્યો છે.

" जपतप तीरथ जीवणा, पूजा पाती प्रेम ।
संत संगत हरिभक्ति विन, उर न दूजो नेम ॥ "

આ રીતે ગોપાલદાસ અને સંતદાસને માલા અને તિલક આપી દીક્ષા આપી.

દેવદાસને ત્યાં સાકાર-નિરાકારનો સમાગમ થયો, તેમાં 'જરૂર પડતાં નિરાકાર સાકારરૂપ ધારણ કરે છે,' એના સમર્થનમાં જીવણજીએ ભગવાનના નરસિંહરૂપનું દૃષ્ટાંત આપ્યું. માળવામાં દેવદાસ, રામદાસ, હરિદાસ તથા કલ્યાણદાસ એમ ચાર શિષ્યોને દીક્ષા આપી હતી.

માળવાથી વડસર થઈ ને સમિયાલા ગયા, ત્યાં ઉત્સવમાં ધન્યાવીથી આવેલ ગોપાલદાસનો ભેટો થયો, ગોપાલદાસ સાથે હરદાસ (નડિયાદ) આવ્યા હતા. તે નામદેવ-કબીરનો ધરમ પાળતા હતા, તેને વડસરમાં માલાતિલક આપ્યાં. ઉત્સવ પૂરો થયા પછી જીવણજી શાહપુરા પાછા આવ્યા. જીવણજી ઘણા વર્ષો શાહપુરાના સ્થાનમાં રહ્યા હોય, એમ લાગે છે, કારણ કે સમાગમનો મોટો ભાગ શાહપુરાના સમાગમથી ભરેલો છે.

સ્વધામ-ગમન :

સંત જીવણજીએ પોતાનો દેહ સં. ૧૭૩૭ ના ભાદ્રપદની સુદ પાંચમને દિવસે પુનિયાદમાં છોડયો હતો; એનું વિસ્તૃત વર્ણન જીવણજીના પૌત્ર દ્વારકાંદાસજીના શિષ્ય સંતકવિ નાનાદાસે કરેલું છે, જેનો ઉલ્લેખ ઉદાધર્મ પંચરત્ન માલા (પાન ૩૨૭) માં છે.

" સકલ સંત મળી બેઠા છે, તહાં કથા-કીરતન થાય છે. સ્વધામથી જીવણજીને લેવા પાછલા પહોરે બે વૈષ્ણવ આવ્યા.

જીવણજીએ પૂછ્યું; "શું ત્યાં કબીરજી છે?" વૈષ્ણવોએ 'હા' કહેવાથી જીવણજીને ઘણો આનંદ થયો, તે સમયે એમણે છ માસ પછી આવવાનો વાયદો કર્યો.

છ માસમાં પાંચ દિવસ બાકી રહ્યા, ત્યારે સર્વ ભક્તમંડળને તેડાવ્યું. રાત્રિ દિવસનું ભજનકીર્તન અખંડિત ચાલતું હતું. પાંચ દિવસ લીલા-ઉત્સવ થયો, તે સમયે લાલદાસ, ગોપાલદાસ, હરિદાસ (નડીયાદા) અને રૂપાભક્તે ટહેલ નાખી હતી.

મંડપમાં જીવણજીએ સહુને આશીર્વાદ આપ્યા કે નામદેવ-કબીર તમારી રક્ષા કરશે, ત્યાર પછી સ્યામદાસને તિલક કરી માળા પહેરાવી ઉત્તરાધિકારી નિયુક્ત કર્યા, અને ઉપદેશ આપતાં કહ્યું કે સહુના સદ્‌ગુરુ કબીરજી છે. હરિ હરિજનના હૃદયમાં વસેલો છે. એક સર્જનહાર જ સૌનો માલિક છે. એ એક એવું સ્થાન છે, જ્યાં જપ અને તપ, ગુણ કે અવગુણ, પુણ્ય કે પાપનો કોઇ ભેદ નથી. જેને રૂપ કે આકાર નથી, એવા રામનું નામ લો."

સ્યામદાસને કહ્યું કે શાહપરાની વાડી મોટા ગોપાલદાસની છે, ત્યાં આ શરીરનું દહન કરજો અને ઉપર તુલસી કયારો બનાવજો, અને કીર્તન કરતા કરતા ઘેર આવજો.

સહુને પ્રસાદ જમાડ્યો, પછી 'રામકબીર' કહ્યા પછી હરિકીર્તનની રમઝટ ચાલતી હતી ત્યારે સ્વધામ પધાર્યા. જીવણજીના હરિચરણ થયાની તિથિ વિશે આ સાખી પ્રસિદ્ધ છે.

"संवत सत्तर से सात वीस, सुद पंचमी भादुर मास ।
तादिन जीवणदासजी लियो स्वधाम निवास ॥"

આ વિશે એક બીજો ઉલ્લેખ પણ જાણવામાં આવ્યો છે.

પુનિયાદની ગાદી પર જે હસ્તપ્રત છે, તે હરિદાસ નડિયાદની છે, તેમાં જીવણજી મહારાજ સ્વધામ પધાર્યા તે વિશે નીચે પ્રમાણેનો ઉલ્લેખ મળે છે;

"સંવત ૧૭૩૭ ના વરખે માગસર સુદ—૬ને ભીલુપુર માંહે વૈષ્ણવ ભગવાનદાસ ધનબાઈને મંદિર વૈષ્ણવ જીવણદાસજી પોહોંચ્યા છે. રાત ઘડી ૪ ચાર પહેલી ગઈ હુતી તારે સરવ આવ્યું, તે સુ આવે જે જુના વઇષ્ણુવ ચાલા, સાથ સઘલો તાહાં પધાર્યો. વાટ જોયે છે તારે ભગવાનદાસે પુછું જેઓ વિચાર કરો છો, તારે વઇષ્ણવજી બોલા જે સાથ સઘલો ચાલો. પછમ ધરતીએ ચાલવું છે. જૂના વઇષ્ણુવ વાટ જોયે છે. તે માટે આથમણું જાવું છે. તેહની અવધ વઇષ્ણુવને કરી જે માસ ૬ છની અવધ કરી જે આવું છું તે સપનાંતરનો જોગ પુનિયાદમાં પૂરણ થશે, તે સો થયું, જે પુનિયાદમાં સામદાસજીને મંદર પહોડ્યા હુતા. તારે વઇષ્ણુવ જીવણદાસજી પોહોઢા હુતા. સંવત ૧૭૩૭ વરખે જેષ્ટ સુદ ૨ દીને આવા.

જન્માષ્ટમીનો ઓછવ માહારે છે તેહને માસ ૨ દિન ૨૧નું છેટું છે તાહાં લગે માહારી વાટ જોજો, તે ઓછવ કરીને હું આવું છું." હવે ઉદ્ધવધર્મ પંચરત્નમાલામાં છપાયેલા સમાગમ-માંની હકીકત આનાથી જૂદી છે. એમાં નિર્વાણની મીતિ સંવત ૧૭૩૭ ના ભાદરવા સુદ પંચમી છે.

ઉપરોક્ત ઉલ્લેખમાં જન્માષ્ટમીને બે માસ એકવીસ દિવસની વાર છે, તથા એ ઓછવ (ઉત્સવ) કરીને આવવાનો જીવણજી મહારાજે કહ્યાનો ઉલ્લેખ . જ્યારે એમના નિધનની તીથિનો કોઇ ઉલ્લેખ નથી. એટલે આપણે માત્ર કલ્પના કરવાની રહે, જ્યારે બીજી તરફ એક ચોક્કસ તીથિની સાખી

મળે છે. એ સ્થિતિમાં નિશ્ચિતતાને છોડી અનિશ્ચિતતાને સ્વીકારવી કે કેમ એ પ્રશ્ન છે. શ્રી જીવણજી મહારાજે એમાં શ્રીકૃષ્ણની જન્માષ્ટમીનો ઉત્સવ કરીને આવવાનું કહ્યું હતું, એટલું મહત્ત્વનું છે.

સંત કૃષ્ણદાસ :

કૃષ્ણદાસની 'પરિચરિ' એમના પુત્ર સ્યામદાસે લખી છે. એટલે એમના જીવનની કેટલીક ચોક્કસ વિગતો અને વર્ષો જાણવા મળે છે. એ પરિચરિના આધારે એમનો જન્મ વિ. સં. ૧૭૦૦ની કાર્તિક શુકલા દ્વિતિયાને ગુરૂવારે થયો હતો. અમદાવાદના કાત્યાયની ગોત્રના ભટ્ટ-મેવાડા દામોદર મહારાજને ત્યાં તેજબાઈ માતાને પેટે એમનો જન્મ થયો હતો. સં. ૧૭૨૧ સુધીમાં સર્વવિદ્યા સંપાદન કરી ઈડર રાજ્યમાં પિતા સાથે આવીને એ રહ્યા હતા. એ કાત્યાયની ગોત્રની માધ્યંદિની શાખાના બ્રાહ્મણ હતા. પોતે બહુ સારા જ્યોતિષી હતા એમના પિતા દામોદર દવે પણ શાસ્ત્રોના અભ્યાસી હતા. કૃષ્ણદાસ અગિયાર વર્ષના થયા, ત્યારે પિતાનું મૃત્યુ (સં. ૧૭૧૧) થયું હતું. બીજે વર્ષે ૧૭૧૨માં ઈડર રાજ્ય પર મુસ્લિમોનું આક્રમણ થયું. તેમાં લોકો ઘરબાર છોડી નાસી ગયા. કૃષ્ણદાસ પણ ઈડર છોડી હીંદોવર મોસાળ આવીને રહ્યા. ત્યાં એમણે કોઈ પંડિત પાસે વેદશાસ્ત્ર અને જ્યોતિષનો અભ્યાસ કર્યો હતો; એમણે આયુર્વેદનો અભ્યાસ પણ કર્યો હતો, અને પોતે ઘણા સારા વૈદ્ય હતા.

કૃષ્ણદાસ ગણપતિને પોતાના ઇષ્ટદેવ માનતા હતા કહેવાય છે કે ગણપતિએ જ એમને જીવણજી મહારાજ પાસે દીક્ષા લેવા મોકલ્યા હતા અને ગણપતિજી પણ સાથે ગયા હતા, પુનિયાદની

બાગોળે જે ગણપતિનું મંદિર છે, તે એ પ્રસંગની સ્મૃતિ છે; ત્યાં એમને જીવણજીના શિષ્ય નારણદાસ મળ્યા; પછી જીવણજી સાથે એમને વાદવિવાદ થયો, એમાં રામકૃષ્ણની અભેદ ભાવની ભક્તિનો એમણે સ્વીકાર કર્યો અને વિ. સં. ૧૭૨૪ની શરદ પૂર્ણિમાને દિવસે એમણે જીવણજી પાસે દીક્ષા લીધી. એ સમયે 'રામકબીર' નામનો અર્થ સમજાવતાં જીવણજીએ કહ્યું હતું કે કબીર આદિપુરુષનું જ રૂપ છે, એ પોતે જ રામ-કૃષ્ણ જેવા હોવાથી સંપ્રદાયનું નામ 'રામકબીર' આપ્યું છે. વળી સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી મહારાજ પણ કબીરના જ શિષ્ય હતા. ૧૭૧૧ માં બાકરોલના બ્રાહ્મણ કુળના સાકરમા સાથે કૃષ્ણદાસનું લગ્ન થયું હતું તથા ૧૭૨૪માં પુત્ર સ્યામદાસનો જન્મ થયો હતો.

ધનદાસ :

ગુજરાતી સાહિત્યમાં ભક્તગીતા અથવા અર્જુન ગીતાના રચયિતા ધનાભગતને સહુ જાણે છે. એ ધંધૂકાના વતની હતા, એમ શ્રી કૃષ્ણલાલ ઝવેરીએ લખ્યું છે. બૃ. કા. દો. માં એમનો સમય સં. ૧૭૮૩ આપ્યો છે. અર્જુનગીતાની વિ સં. ૧૭૨૯ ની હસ્તપ્રતના આધારે શ્રી. કે. કા. શાસ્ત્રીએ એમને સં. ૧૭૦૦ ની આસપાસ જીવીત માન્યા છે. આ ભક્તગીતાનો ઉલ્લેખ માત્ર બૃ. કા દો. માં જ કરવામાં આવ્યો છે, બીજે ક્યાંય નથી એના આધારે શ્રી શાસ્ત્રીજીનો મત એવો છે, કે બ-ને ગીતા એક જ છે; એ ધનાભગત વિશે આથી વિશેષ કોઈ જાણકારી મળતી નથી.

વિ. સં. ૧૭૨૪ માં પુનિયાદમાં જીવણજી પાસે દીક્ષા લઈ પાછા વળતાં કૃષ્ણદાસે આગલોડમાં ભકત ધનદાસને

સંપ્રદાય સ્વીકાર કરાવ્યો. આ ધનાભગતની દીક્ષાનું વર્ષ પણ એ જ સં. ૧૭૨૪ હોવું જોઈએ. સં. ૧૭૨૯ માં જો એમણે ભકતગીતા લખી હોય, તો એ સંભવિત છે. એટલે સમયની દૃષ્ટિએ આ ગીતાના રચયિતા આ સંપ્રદાયના શિષ્ય ધનાભગત હોય, એવી સંભાવના જણાય છે, જો કે એમાં વધુ શોધની આવશ્યકતા છે ખરી, પરંતુ જે કેટલુંક સામ્ય અને સંભવિતતાના કારણે જણાય છે, તે આ પ્રમાણે છે.

આ અર્જુન ગીતાનું નામ ભકત ગીતા આપવામાં આવ્યું છે, એ સૂચક છે. કૃષ્ણદાસના શિષ્ય ધનદાસ ભકત પાટીદાર હતા. અને જીવણજીની જાતિના કડવા પાટીદાર હતા, એમણે પોતે કહ્યાનો ઉલ્લેખ છે.

" **निशदिन रहूँ शिरनामी, कणबी कडवो जाणो स्वामी** । "

પોતે ભકત પાટીદાર હોવાથી પોતે લખેલી ગીતાને 'ભકત ગીતા' નામ એમણે આપ્યું હોય, એવી શકયતા છે.

ધનાભગતે અર્જુનગીતામાં આત્માને પરબ્રહ્મ અને મનને અર્જુનની ઉપમા આપી છે, એમાં સંપ્રદાયના આતમરામનું દર્શન થાય છે. વળી આ સંપ્રદાયમાં રામ-કૃષ્ણની અભેદ ભાવની ભકિત કરવામાં આવે છે. આવી અભેદભાવની ભકિત અન્ય કોઈપણ સગુણ કે નિર્ગુણ પંથમાં નથી. સગુણપંથ પોતાના આરાધ્ય રામ કે કૃષ્ણની અનન્ય ભકિત કરે છે, જ્યારે નિર્ગુણ પંથોમાં અવતારની લીલા ગવાતી નથી. આ સ્થિતિમાં અર્જુનગીતામાં પરબ્રહ્મ પોતાના રામાવતારની લીલાનું વર્ણન, અવતારકાર્યનું વર્ણન કરતાં રામનું વનગમન, રાવણ સંહાર, વિભિષણ પર કૃપા તથા શબરીનાં બોર જેવા અનેક પ્રસંગોનું વર્ણન જોતાં સ્વાભાવિક એ પ્રશ્ન થાય કે કૃષ્ણ-અર્જુન સંવાદમાં

રામાવતારના પ્રસંગો શી રીતે આવી શકે ? પરંતુ એમાં આ રામકબીર સંપ્રદાયની રામકૃષ્ણની અભેદ ભક્તિની વિશેષતા જ જણાય છે. એ રીતે જોતાં અર્જુનગીતાનો રચયિતા આ ધનદાસ હોય, એવી પ્રતીતિ થાય છે.

આ ધનદાસ પહેલાં દેવીભક્ત હતો, પણ કૃષ્ણદાસના ઉપદેશથી દેવીની ભક્તિ છોડી રામકૃષ્ણની અભેદ ભક્તિ શરૂ કરી હતી. કૃષ્ણદાસ એને પાછા જીવણજી પાસે લઈ ગયા હતા અને ત્યાં એમની પાસે દીક્ષા અપાવી હતી. કૃષ્ણદાસની પરિચરીમાં એ વાતનો ઉલ્લેખ સ્યામદાસે નીચે પ્રમાણે કરેલો છે.

"तब जीवण तीनकु दीक्षा दीनी, सच बात सबही कीनी ।
सब संतको दंडवत् कीनो, धनो परमानंद रस भीनो ॥"

પદ્મનાભના શિષ્યો :

પદ્મનાભના ત્રણ શિષ્યોની માહિતિ પ્રાપ્ત થાય છે. ધનરાજ, નીલકંઠદાસ અને લોચનદાસ એમાંના એક નીલકંઠનો ઉલ્લેખ હિન્દી સાહિત્યમાં આચાર્ય ચતુર્વેદીએ કર્યો હતો. આ સંપ્રદાયમાં જાણીતા છે, પણ સાહિત્યના ક્ષેત્રમાં એ અને લોચનદાસ અજ્ઞાત હતા. આ પંક્તિઓના લેખકે પદ્મનાભના એ બન્ને શિષ્યો-ધનરાજ તથા લોચનદાસની માહિતી પોતાના મહાનિબંધમાં સર્વપ્રથમ આપી હતી.

આ સંપ્રદાયના મૂખ્ય પ્રવર્તક જ્ઞાનીજી હતા, પરંતુ એમના ગુરુબંધુ હોવાથી પદ્મનાભે પણ રામકબીર સંપ્રદાયનો પ્રચાર સમય ગુજરાતમાં કરવા માટે પોતાના એક શિષ્ય નીલકંઠદાસને સૌરાષ્ટ્રમાં મોકલ્યા હતા. એમણે વઢવાણ પાસે

દૂધરેજમાં વિ. સં. ૧૫૯૫ માં આશ્રમની સ્થાપના કરી હતી. ધનરાજે એમની સાથે પાટણમાં રહી ઉત્તર ગુજરાતમાં મતનો પ્રચાર કર્યો હતો. ત્રીજા શિષ્ય લોચનદાસે ગુરુઆજ્ઞાથી દક્ષિણ ગુજરાતના સુરત નગરમાં આશ્રમની સ્થાપના કરી હતી. વિ. સં. ૧૬૦૦ ની આસપાસ લોચનદાસની સુરતમાં હોવાની સંભાવના જોતાં એમણે પણ આજ સમયે આશ્રમની સ્થાપના કરી હોય, એમ લાગે છે.

ધનરાજની કોઈ શિષ્ય-પરંપરા જ્ઞાત થઈ નથી. એ પાટણની પદ્મવાડીમાં પદ્મનાભની સાથે રહ્યા હતા. નીલકંઠની શિષ્ય-પરંપરામાં એમના પછી રઘુનાથદાસ પછી યાદવદાસ અને તે પછી ષષ્ટમદાસ (છઠ્ઠા બાવા) થયા. ષષ્ટમદાસના બે શિષ્યો-લબ્ધરામદાસ અને ભાણુસાહેબ હતા. ભાણુસાહેબે શેખડીમાં જુદી ગાદી સ્થાપી. જ્યારે મૂળ ગાદી પર લબ્ધરામદાસની પરંપરા ચાલુ છે.

સુરતની લોચનદાસની પરંપરામાં મહાપ્રતાપી સંતો થઈ ગયા. લોચનદાસ પછી સમર્થદાસ અને તે પછી સંત માધવદાસ થયા. એમના શિષ્ય પ્યારેદાસજીએ એક ભંગી સેવક હરિદાસને પોતાની ગાદી પર બેસાડ્યા. એની સેવા જોઈ પ્યારેદાસ એને જોગા (યોગી) હરિ કહેતા. પ્યારેદાસે સમાધિ લીધા પછી આશ્રમના બીજા સાધુઓ અને બ્રાહ્મણોએ મળીને આશ્રમને નષ્ટ કરી નાખ્યો. જોગાજીને માર્યા, બીજે દિવસે તાપીની રેલમાં બધું તણાઈ ગયું.

પંડિત ધનરાજ અધ્વર્યુ :

ધનરાજ પદ્મનાભના શિષ્ય હતા, પરંતુ વિદ્વાન અને ઉંમરમાં થોડા વધુ હોવાના કારણે પદ્મનાભે એમને મિત્ર

માન્યા હતા, જોકે ધનરાજ પદ્મનાભને ખૂબ આદર આપતા હતા. કારણકે પોતે એમને ભગવાન વિશ્નુનો અવતાર માનતા હતા. આ ધનરાજે તત્ત્વજ્ઞાનના ગહનવિષયને પોતાના પદોમાં સરળ રીતે રજુ કર્યો છે. એ ધનરાજે જે પદો લખ્યાં છે એ ગુજરાતી સાહિત્યના સર્વપ્રથમ લખાયલાં પદો છે, તેથી પણ એનું મહત્વ છે. વિદ્વદ્વર્ય શ્રી કે. કા. શાસ્ત્રીએ ગુજરાત વિદ્યાસભાની હસ્તલિખિત પોથી (નં. ૩૪૬) ના આધારે ધનરાજનું કવિ તરીકે મૂલ્યાંકન કરેલું છે. એ હસ્તપ્રત ખંડિત હોવી જોઈએ, કારણેકે એમાં ધનરાજનાં ૨૦ પદો જ છે. 'અહિર્નિશિરાસ'ના અંતમાં કવિના નામનો ઉલ્લેખ છે.

"इति श्री पंडित धनराज विरचितो अहर्निशिरास समाप्त।"

ધનરાજને શાસ્ત્રીજીએ ગુજરાતી સાહિત્યનો પ્રથમ પદકાર કહ્યો હતો, પરંતુ એના જીવન વિશે અત્યાર સુધી કોઈ માહિતી પ્રકાશમાં આવી ન હતી. આ પંકિતઓના લેખકે પોતાના હિન્દી મહાનિબંધ 'कबीर - परंपरा' માં સર્વપ્રથમ એનો પરિચય આપ્યો હતો. ત્યારપછી સં. ૨૦૩૩ ના 'સ્વાધ્યાય' ના અક્ષય-તૃતીઆ અંકમાં "ગુજરાતીનો સંત કવિ પંડિત ધનરાજ અધ્વર્યું અને તેનાં પદ" નામનો એક શોધ-નિબંધ લખ્યો હતો, જેમાં કવિના જીવનની માહિતિ સાથે રામકબીર સંપ્રદાયના 'અધ્યારુજી' એજ ગુજરાતી સાહિત્યના પ્રથમ પદકાર ધનરાજ છે, એ પ્રમાણિત કરવામાં આવ્યું હતું.

વિદ્યાસભાની પોથીમાં જે વીસ પદો છે, તેનાં નામ આ પ્રમાણે છે. "ખાંડણું (૧), ગિરુઆ ગણપતિ (રાસ) ચતુરવદનનું રાસ; વેદપુરાણ વાણી, ભમાકુલી, ઘોડલી, હેલિ, વિનતિ, શોકભાવના, સાહેલડી, વૃદ્ધકારિકા, લઘુકારિકે, બીડું,

ઉમાહડું, હિંડલું, હર્ષભાવના, પદ્મનાભશ્લોક, સારંગી. ખાંડણાં" જૈનેતર કવિઓમાં ભાગ્યેજ જોવા મળતા દોહા, સોરઠા, ચૌપાઈ વગેરે છંદોમાં આ પદો રચાયાં છે. જૈનોની ધાર્મિક સ્તવનોની રસિક પદ્ધતિ ધનરાજે અપનાવી છે. પાટણમાં જૈનોનો પ્રભાવ સર્વાધિક હતો. ત્યાં અનેક જૈન કવિઓ હોવાથી આ પ્રકારનો પ્રભાવ સ્વાભાવિક છે. આ પદો વૈરાગ પ્રધાન છે, એમાં સંસારની અસારતા, ઉત્પત્તિ, જીવનું સ્વરુપ, તથા જીવોના ધર્મનું વર્ણન છે.

વિદ્યાસભાની પોથીમાં 'ચતુર્વદનરાસ'ના અંતમાં ધનરાજના નામ પૂર્વે 'પંડિત' શબ્દ લખાયલો છે. "રાસ કીધું પંડિત ધનરાજે" એના આધારે શાસ્ત્રીજીએ 'પંડિત' શબ્દને ધનરાજની ઉપાધિ નહિ, પણ અટક માન્યો છે. ભજનસંગ્રહોમાં 'રાસ કીધું પંડે ધનરાજે' લખેલું છે. પરંતુ રામકબીર સંપ્રદાયના ભક્તોમાં એ અધ્યારુજી નામે પ્રસિદ્ધ છે, એ પરથી એમ લાગે છે કે પંડિત શબ્દ એમની ઉપાધિ અને 'અધ્વર્યુ' શબ્દ એમની અટક હોય.

સંપ્રદાયમાં પ્રચલિત અને ભજનસંગ્રહોમાં પ્રકાશિત અધ્યારુજીનાં પદોમાં એના રચયિતા તરીકે ધનરાજનું નામ છે સંપ્રદાયના સંત જીવણજીએ ધનરાજનો ઉલ્લેખ અધ્યારુ તરીકે કરેલો છે. કૃષ્ણદાસે સં. ૧૭૫૦માં લખેલા 'જ્ઞાનમહિમા' પણ 'ધનરાજ અધ્યારુ' તરીકેનો ઉલ્લેખ છે.

"जात कुंभार के जन्मज भैया,
धनराज अध्यारु आप मिलैया।"

આ ઉપરથી એ વિશે શંકા રહેતી નથી કે ધનરાજ પંડ્યા અને અધ્યારુજી એક જ વ્યક્તિ છે.

ધનરાજ પદ્મનાભની ભક્તિથી પ્રભાવિત થઈ પોતાની નોકરી છોડી, એમની સેવામાં રહ્યા હતા. પદ્મનાભ પાટણના એક પ્રજાપતિને ત્યાં જન્મ્યા હોવાથી અને નાનપણથી જ એમને ભક્તિનો રંગ લાગેલો હોવાથી એમણે શાળાનું અક્ષર જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, એમ લાગતું નથી. જ્યારે ધનરાજનું પંડિતનું બીરુદ એમની વિદ્વત્તાનું સૂચક લાગે છે, એટલું જ નહિ, એમના પદ્યોમાં રહેલા તત્ત્વજ્ઞાનને જોતાં એ વિદ્વાન હશે, એમ લાગ્યા વિના રહેતું નથી. આ સ્થિતિમાં ધનરાજને પદ્મનાભે મિત્રસમ ગણ્યા હોય, એ સંભવિત જણાય છે. પદ્મનાભના ચરિત્ર-ગ્રંથોમાં પદ્મનાભ વાડી બનાવવાની ઇચ્છા મિત્ર ધનરાજને કહે છે, અને એની સમ્મતિ મળતાં હાથમાં તાલી આપી, એ એમની મિત્રતાનું સૂચક છે. સંત દાદૂના શિષ્ય જગાજીની ભક્તમાળમાં એ બંનેના નામનો એક સાથે ઉલ્લેખ છે, સંત જીવણજી એ પણ બન્નેનો સ્વામી સેવક તરીકે ઉલ્લેખ કર્યો છે.

"आपे आप लीधा ओलखी, पद्मनाभ-धनराज ।
स्वामीसेवक मली जीवणा कियो भक्तनो काज ॥"

પદ્મનાભનો સમય (વ. સં. ૧૪૫૮-૧૫૬૫) નિશ્ચિત છે. એમાં કોઇ શંકાનું કારણ નથી. ધનરાજ સમકાલીન હોવાથી એમનો સમય પણ એ જ થાય છે. સિદ્ધરાજનો સમય વિક્રમની બારમી સદીનો ઉત્તરાર્ધ હોવાથી ધનરાજ અને સિદ્ધરાજ વચ્ચે બસો વર્ષથી વધુ અંતર હોવાથી એને સિદ્ધરાજના દિવાન ગણી શકાય નહિ, એ જોતાં નીચેનો દોહો દોષપૂર્ણ જણાય છે.

"अध्यारु पाटण भये, सिद्धराज के दिवान ।
पद्मनाम त्यां प्रीत में, छोड दिया सब मान ॥"

એ ઉપરાંત પણ પદ્મનાભના ચરિત્રગ્રંથોમાં પાટણના મુસ્લિમ સૂબા ખાનમહમદ (જાફરખાન)નો ઉલ્લેખ છે, જેણે બંધાવેલું ખાન સરોવર હજી પણ પાટણમાં છે. એ સૂબાના તંત્રમાં ધનરાજ કોઈ અધિકારી હતા. સંભવ છે, કદાચ મુખ્ય કારભારી પણ હોય.

પદ્મનાભ અને અધ્યારુજીની મિલન-કથાનું વિસ્તૃતવર્ણન પદ્મનાભના ચરિત્રગ્રંથોમાં કરેલું છે. સૂબો જાફરખાન તળાવ ખોદાવતો હતો. સૂબાના અધિકારી તરીકે ધનરાજ દેખરેખ રાખતા હતા. ઉંમર ઓછી હોવા છતાં પદ્મનાભ ભક્તિની મસ્તીમાં રહેતા હતા, એમની જાતિના બીજા બધા કુંભારોને ફરજીયાત માટી ખોદવા જવું પડતું. સાત દિવસ સુધી એ ગયા નહિ. એટલે એમને બોલાવી મંગાવ્યા, ત્યારે સાત દિવસનું કામ એમણે એક જ દિવસમાં કરી નાખ્યું. કહેવાય છે કે માથા પર માટીની ભરેલી સાત ટોપલીઓ અદ્ધર રહેતી હતી. આ ચમત્કાર જોઈ અધિકારીઓએ સુબાને વાત કરી. સુબાને પાઠાનું દર્દ હતું. તે કોઈ પણ દવાથી મટતું ન હતું. બે જ દિવસના માટીના પ્રયોગથી પદ્મનાભે એ મટાડી દીધું. એનાથી પ્રભાવિત થઈ સુબાએ પદ્મનાભને સરસ્વતીના તટ પરની જે ભૂમિ આપી હતી, એ પર સં. ૧૪૭૦ માં પદ્મનાભ તથા ધનરાજે મળી એક વાડી બનાવી હતી. એ વાડીના અવશેષો આજે પણ છે. પદ્મનાભની શક્તિથી પ્રભાવિત થઈ ધનરાજે નોકરી છોડી દીધી. અને પદ્મનાભની સેવામાં રહ્યા. વાડી તૈયાર થયા પછી એ નગર છોડી વાડીમાં પદ્મનાભ સાથે રહ્યા હતા.

સંપ્રદાયમાં એ વાડીનું ઘણું મહત્ત્વ છે. પદ્મનાભને ધનરાજ વિષ્ણુના અવતાર માનતા હોવાથી એમણે વાડીને દ્વારકા અને કાશીથી કરોડ ઘણી મોટી કહી છે.

"દ્વારિકાં કાશી કોટિ શિરોમણિ, જ્યાત વાડીતણી કયમ કહું એ, નિરંજનપદ થકી અવતર્યા પરિગ્રહ્મ, પાટણ પ્રજાપતિ શ્રી પદ્મનાભ." ધનરાજે એ વાડીનો રાસ પણ લખ્યો છે. એમાં એને વૈકુંઠ અને કૈલાશથી પણ ઊંચી બતાવી છે.

"વૈકુંઠ છાંડી આવીઆ, પાટણ વાડી માંય,
વાડી તે વન રળીયામણું. દિસંતુ કૈલાશ."

ધનરાજે એક ખૂબ મહત્ત્વનું કામ એ કર્યું છે કે એમણે કર્ણીરના આ અજ્ઞાત શિષ્યનો સ્પષ્ટ પરિચય આપ્યો છે. પોતે 'પદ્મનાભશ્લોક' (ધોળ) નામના પદમાં લખે છે;

"શારદા ને તીરે જાયો, વેગે મિલાયો વાર ।
પાટણ મધ્યે પદ્મ કહીએ, જાણીએ કુંભકાર ॥ ૭ ॥
કરણ કારણ પિતા જેહનો લખમણ જેહની માય ।
પાતાલ દે પટરાગણી, જઇ લાગું હરિને પાય ॥ ૮ ॥

શ્રી મોહન ભટ્ટ વિરચિત 'પદ્મનાભ આખ્યાન' (સં. ૧૬૬૯) માં ધનરાજ અને પદ્મનાભ ભેગા મળી સં. ૧૪૭૦ ના કાર્તિક સુદ ૧૪ને રવિવારે પહેલા પહોરે શુભ લગ્ન નક્ષત્ર ઉત્તરાભાદ્રામાં વાડીનું મુહૂર્ત કરે છે, તેનું વિસ્તૃત વર્ણન છે.

"ધનરાજ ભક્તિ ભલી કરે, મન તનુ મૂકી માન ॥ ૧૧ ॥
એક સમે શ્રી પદ્મનાભ બોલ્યા, વિપ્ર સૂનો ધનરાજ ।
એક મન માંહારે ઉપન્યું, તે કહું તુજને આજ ॥ ૧૨ ॥
આપણ પુર રહામી સુંદર સરસ્વતી છે ઈહાં ।
વાટિકા એક વિશાલ, આપણ મલી રચિયે તિહાં ॥ ૧૩ ॥
ધનરાજ એવું શાંભળી, પછી બોલીયા મુખે સોય ।
સ્વામી સેન કરો વેગે કરી, જે મન ઇચ્છા હોય ॥ ૧૪ ॥
ધનરાજ વચને હર્ષ પામ્યા; દીધી તાલી હાથ ।

સરસ્વતીને તટે ગયા, તે મલી બન્ને સાથ ॥ ૧૫ ॥

વિશ્નુદાસ કૃત 'પદ્મનાભ આખ્યાન' સાત કડવાંમાં છે, એના કડવા–૩ (રાગ–સામેરી) માં ધનરાજને શેષ અને પદ્મનાભને વિશ્નુનો અવતાર કહ્યા છે.

"ધનરાજ તે શેષનાગનો, અવતાર નિશ્ચે હોય" ॥ ૬ ॥

આમ સમગ્ર રીતે જોતાં ધનરાજ જાતિના બ્રાહ્મણ હતા. પાટણના હુકમરાય પંડ્યાના વિદ્વાન પુત્ર હતા. સુબાની સેવામાં મોટા અધિકારી હતા. પદ્મનાભના પ્રભાવથી નોકરી છોડી શિષ્યત્વ ગ્રહણ કર્યું. તથા પદ્મનાભ સાથે મળી વાડીની રચના કરી નગર છોડી ત્યાં જઈ રહ્યા હતા.

ધનરાજે અઠ્ઠાવીસ પદોની રચના કરી છે. ઉદ્ધારજન સાગર, ઉદ્ધા ધર્મપંચરત્નમાલા, રામકબીર ભકતભજન સંગ્રહ, ત્રિકમતારણ સંગ્રહ શ્રી પદ્મનાભ–અબ્ધાયુજીના કીર્તન તથા જીવણજીનો સમાગમ વગેરે ગ્રંથોમાં ધનરાજનાં અઠ્ઠાવીસ પદો જ છે. એનો ક્રમ સહુમાં જુદો પડે છે કારણ કે ક્રમ મહત્ત્વનો નથી, પદો મહત્ત્વનાં છે. લગ્ન, મૃત્યુ તથા જીવનના બીજા પ્રસંગોએ પણ એમાંનાં જુદાં જુદાં પદો ગવાય છે. જીવણજીના સમાગમ (સં. ૧૬૬૯–૧૭૩૭) માં લખાયલો ક્રમ જૂનો હોઈ એને મહત્ત્વ આપવું જોઈએ. એ ક્રમ આ પ્રમાણે છે.

"ગરુઆ ગણપતનો રાસ–વિનતિ–બ્રહ્મા રુલિ–હેલી–સાહેલી–ઘોડલી વાણી–આરતી–બીડું–કડવાં–વડી કારજ–લોઢી–કારજ–હર્ષ ભોવન–શોક ભોવન–વેદ પુરાણ–સોરંગી–પૃથ્વી વિવાહ–વડું–ઘોલ–પદમ ઘોલ–વાડીનો રાસ–લઘુરાસ–ચતુરવદનનો રાસ–અહર્નિશનો રાસ–સંત સોહાગો–પસાવલો–બાડણું–હિંડોલા–ઉમાવલો."

એમ કહેવામાં આવે છે કે પદ્મનાભને ધનરાજે જે ક્રમમાં પદો કહ્યાં હતાં, આ એ જ ક્રમ છે. વિદ્યાસભાની પ્રતમાં આમાંનાં

આ પદો–કડવું, પૃથ્વી ધોળ, વડું ધોળ, સંત સોહાગો, વાડીનો રાસ, લઘુરાસ, પસાવલો તથા આરતી–નથી.

ઉદાસંપ્રદાયના પ્રવર્તક જીવણજી મહારાજે આ પદોની અઠ્ઠાવીસની સંખ્યાનું કારણ એ કહ્યું છે, કે એમાં ૪ વેદ, ૧૮ પુરાણ તથા ૬ શાસ્ત્ર મળી અઠ્ઠાવીસ ગ્રંથોનો સાર છે. એ પરંપરાના એક ભકત ત્રિકમદાસે એક કુંડલિયામાં ગુરુના મતનું સમર્થન કર્યું છે.

"ચાર વેદ છ શાસ્ત્રને પુરાણ અઢાર પઠંત,
વીસ આઠ સંગ્રહ કરો, 'જીવણ' સત્ય કહંત,"

આ બધા ભજનસંગ્રહોમાં પદોનો ક્રમ થોડો જુદો હોય કે થોડો ફેર હોય. એ સિવાય બીજું કોઈ અંતર નથી. વિદ્યાસભાની હસ્તપ્રત સાથે થોડો પાઠફેર જ માત્ર છે, જેમકે વિદ્યાસભાની પ્રત–

"પરબ્રહ્મ અવિગત એહ! તેહ પહિલું પરમાત્મા હેલિ" ॥૧॥

ભજન સંગ્રહ–

"હેલિ રે, પરબ્રહ્મ અવિગત જેહ,તેહ પહેલો પરમાત્મા એહ" ॥૧॥

'હેલિ' પદની બે પંક્તિઓ "નિશ્ચિત છે અવિનાશ" અને "આદિ એકલ મલ" હસ્તપ્રત અને ભજનસંગ્રહોમાં ઉલટાસૂલટી છે. તેવી જ રીતે એ પદની 'સેવી સુરિનર નાગ' અને "સનકાદિક મુનિયોગ" વાળી પંક્તિઓ પણ ઉલટાસૂલટી લખાયલી છે. એ જ રીતે "જનમમરણ નહિ એહ" અને "તૃપતુ વિણ આધાર" વાળી પંક્તિઓ પણ બન્નેમાં ઉલટાસૂલટી છે. એમાં એક મહત્ત્વની વાત એ છે કે–

"હેલિ રે કીરત કીજે જેહ, બલગુણ સ્તવીએ હરિતણાં એ" ॥૨॥

વાળી પંક્તિ વિદ્યાસભાની હસ્તપ્રતમાં નથી. એ પરથી એમ માનવાને કારણ રહે છે કે વિદ્યાસભાની હસ્તપ્રત બીજી

કોઈ જૂની હસ્તપ્રતને આધારે લખાઈ છે, અને એમાં આ ભૂલો લહીઆએ કરી હશે. હસ્તપ્રતના 'અહર્નિશિરાસ'ની છેલ્લી પંક્તિનો 'દુર્બલ' શબ્દ 'દુર્લભ' હોવો જોઈએ. ભજન-સંગ્રહોનાંપદોની ભાષામાં સતત ગવાતાં રહેવાના કારણે કેટલોક ફેરફાર થયો હોવાનો સંભવ છે. કેટલાક શબ્દોના આધુનિક રૂપ આવી ગયાં છે, જેમકે તૃપતુ-તૃપ્ત, સબુહ-સર્વ, મુગતા-મુકતા, છિ-છે, ચ્યારિ ખાણિ-ચાર ખાણ, ભાગુ-ભાગ્યો.

ગુજરાત વિદ્યાસભા તથા પ્રાચ્ય વિદ્યામંદિર (વડોદરા)ની હસ્તપ્રતો સિવાય પણ ગુજરાતમાં ધનરાજનાં પદોની અનેક હસ્તપ્રતો છે. એકલી પુનિયાદની ગાદીમાં કેટલીક હસ્તપ્રતો છે; એ તપાસી કોઈ વિદ્વાન પાસે આ પદોનો પાઠ શુદ્ધ કરાવાય, એ ઇચ્છનીય છે. એ પદોના વિવેચન માટે પણ આ સંપ્રદાયની ભૂમિકા સમજવાની જરૂર છે. પુનિયાદ ગાદીના સ્વ. મહંત શ્રી યદુનાથજીએ એ પદોનું વિવેચન લખેલું છે એમના મુખપત્ર 'જીવણવાણી'ના અંક ૧, ૨, ૩, ૬, ૮ તથા ૯ માં 'વાણી' તથા 'ગુરુઆ ગણપતિનો રાસ' પદોનું વિવેચન આપ્યું હતું. ધનરાજનું એક પદ 'પદ્મધોળ' એ પદ્મનાભ વિશે છે, તથા 'વાડીનો રાસ' એ પાટણની પદ્મવાડી વિશે છે, એ સંદર્ભ જાણ્યા વિના એ પદોનું હાર્દ સમજી શકાય નહિ, ગુજરાતમાં કબીર-પરંપરાના સંતકવિઓએ પોતાની રચના હિન્દીમાં કરેલી છે, ત્યારે ધનરાજે અભણ કુંભારો અને અન્ય ભકતો સમજી શકે એ માટે, ગુજરાતીમાં પદો લખ્યાં છે, એ એની વિશેષતા છે.

લોચનદાસી પરંપરા :

લોચનદાસની સંત-પરંપરા આજ સુધી અજ્ઞાત હતી, પરંતુ એ પરંપરાના સંત સમર્થદાસ અને માધવદાસ એમની સંતવાણીના આધારે પ્રસિદ્ધિ પામ્યા હતા, પરંતુ લોચનદાસની

પરંપરા અજ્ઞાત હોવાથી અને સુરતની જ એક બીજી નિર્વાણુ-સાહેબની પરંપરા પ્રસિદ્ધ હોવાથી આ બન્ને સંતોને એ પરંપરામાં ગણવામાં આવતા હતા.

નિર્વાણુસાહેબની પરંપરા મૂળ રામાનંદી હતી, અને આજે પણ એ ગાદી પર ચાર ધામ સંપ્રદાયના મહંતશ્રી પરશુરામજીનો અધિકાર છે. એ નિર્વાણુ સાહેબનું કબીરસાહેબ સાથે મિલન થયું હતું, એનું વિગતપૂર્ણ વર્ણન સુરતના એક બ્રાહ્મણ કવિ દુલારામે (સં. ૧૮૩૦–૭૦) કર્યું હતું.

" महाराज निर्वाण से भेट्या दास कबीर।
स्थूल दो एक प्राण थे, अभेद संत शरीर॥
अटल नाता संतका यचनहित गुरुपीर।
प्रेमे आये निर्वाणघर, साहब संत कबीर॥"

સંત નિર્વાણુ પહેલાં 'નિર્વાણ મહારાજ' તરીકે ઓળખાતા હતા, કબીર સાહેબના સમાગમ પછી એ 'નિર્વાણુસાહેબ' તરીકે ઓળખાયા હતા. એમની આજ સુધીની પરંપરા આ પ્રમાણે છે.

નિર્વાણુસાહેબ–સદાનંદ–હીરાદાસ – દયાલદાસ – જીવણદાસ–જગન્નાથદાસ – રંગદાસ – રાઘોદાસ – કેવલદાસ – રામકિસનદાસ–રઘુનંદનદાસ–કુબેરદાસ–બલરામદાસ – જાનકીદાસ –પરશુરામદાસ.

સહુપહેલાં શ્રી જનક દવે એ માધવદાસ અને પ્યારેદાસને નિર્વાણુ-પરંપરામાં બતાવ્યા હતા. વળી નિર્વાણુ સાહેબની પરંપરાને 'હીરાદાસી પરંપરા' કહી હતી, એના આધારે આચાર્ય પરશુરામ ચતુર્વેદીએ પણ એ ભૂલનું પુનરાવર્તન કર્યું હતું. ડો. રામકુમાર ગુપ્તાએ પણ પોતાના મહાનિબંધમાં આ સંતોને નિર્વાણુની પરંપરામાં ગણવાની ભૂલ કરી હતી. આ પંક્તિઓના લેખકે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૧૯૭૩–૭૪ ના જર્નલમાં પ્રકાશિત પોતાના લેખ "सूरत में कबीर की शिष्य-परंपरा"માં

આ ભ્રમ પર પ્રકાશ પાડ્યો હતો. નિર્વાણ–પરંપરાના ત્રીજા સંત હીરાદાસે આ સંપ્રદાયની દીક્ષા લીધી હોય, એમ લાગે છે. એમના પછીના બધા સંતો 'દાસ'ની ઉપાધિથી વિભુષિત છે.

લોચનદાસ અને એમની પરંપરાના સંતો :

સંત લોચનદાસ :

એ ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણ હતા. ગૃહત્યાગ કરીને નાની વયે એ દેશ ભ્રમણ માટે નીકળી પડ્યા હતા. ભ્રમણ કરતાં એ કાશી ગયા હતા. એ પદ્મનાભને મળ્યા અને એમના શિષ્ય બન્યા હતા. એમની જ પરંપરાની ચોથી પેઢીના સંત પ્યારેદાસજીએ એમનું ચરિત્ર લખ્યું હતું. ઘર છોડી કાશી જઈ એમણે પદ્મનાભનું શિષ્યત્વ ગ્રહણ કર્યું હતું, તેનો ઉલ્લેખ નિમ્નાંકિત પંક્તિઓમાં થયેલો છે.

"बम्मन वैरागी हुए, छोड़ चले भृगुपुर।
तीर्थ बहाना पायके लोचन हरि से हजुर॥
काशी नग्रमें मेटिया पद्मनाम गुरु–पीर।
सद् गुरु शब्द घायल हुए, बेधे सकल शरीर॥"

લોચનદાસ પ્રભુની શોધમાં નીકળ્યા હતા, એને પદ્મનાભજીએ કહ્યું હતું કે લોચન! તું શા માટે શોધે છે, તું જેને શોધે છે, એ તારા સાંઈ તારામાં જ વસેલો છે. "लोचन! ज्यों खोजत फिरै, तुझ में है तेरा सांई।" પદ્મનાભે લોચનદાસને ઉપદેશ આપતાં પરમાર્થ અને પ્રાર્થના કરવાનું કહ્યું હતું.

"पद्मनाभ लिखाइया, संप्रदायकी टेक।
परमारथ और बंदगी, लोचन यही विवेक॥"

એ સમયે પદ્મનાભ કાશીમાં કબીર સાહેબ પાસે રહેતા હતા. એમની પાસે દીક્ષા પ્રાપ્ત કરી લોચનદાસ થોડો સમય મણિકર્ણિકા ઘાટ પર રહ્યા; પછી ગુરુની આજ્ઞા થતાં દક્ષિણ ગુજરાતમાં સુરત આવી અશ્વિનીકુમારના ઘાટ પર આશ્રમની સ્થાપના કરી.

સુરતના તે સમયના સૂબેદાર ખ્વાજા સફરે–સુલેમાનીએ એમની પરીક્ષા કરી હતી. વિ. સં. ૧૫૬૯ માં સુરતમાં ઈમાદુલ–મુલ્ક–રુમીનો અધિકાર હતો. સૂબેદાર ખુદાવંતખાને એની હત્યા કરી. રુમીના પુત્ર ચંગીસખાને ભરૂચથી આવી ખુદાવંતખાનની હત્યા કરીને પિતાના ખૂનનો બદલો લીધો. ત્યાર પછી એ સંત લોચનદાસના દર્શન કરવા ગયો ત્યારે સંતે એને હિન્દુ અને મુસલમાન વચ્ચે ભેદ નહિ રાખવાનો ઉપદેશ આપ્યો.

" मंदिर और मस्जिदमें गुंजत वही आवाज।
वो साहेबके नामकी, चांगा ! रखो कुछ लाज।
पाक जहाना सांईकी, हम आये मिजनान।
दो फरजंद साहिब के, हिन्दू-मुसलमान।
कुफ्र राहमें मत डूबो, हक चलो पतशाह।
कयामत साहिब मान दे, आइये चांगाशाह॥ "

ચંગીસખાન એમનાથી ઘણો પ્રભાવિત થયા હતા. એમણે સંતને કંઈ માગવા કહ્યું, પણ લોચનદાસે કંઈ ન માગ્યું. વિ. સં. ૧૬૧૬ માં એમણે જીવન્ત સમાધિ લઈ લીધી. એ પહેલાં એમણે સમર્થદાસને પોતાના ઉત્તરાધિકારી નિયુક્ત કર્યા હતા.

લોચનદાસે પોતાના શિષ્યોને આપેલા ઉપદેશમાં કહ્યું છે કે સાહેબ પ્રતિ પ્રેમ રાખો, ગરીબો અને દુઃખીઓ તરફ દયા

રાખી સાદાઈનું જીવન જીવો અને ઈશ્વરની બંદગી કરો, એટલે ભવસાગર ને જીતી જશો.

" લોચન કહે પુકારકે, રખો સાહબ સે પ્રીત ।
દયા-ગરીબી-બંદગી, જૈહો ભવજલ જીત ॥ "

હિન્દી ભાષામાં એમણે કેટલીક રચનાઓ કરી હશે, પણ એમાંની બહુ ઓછી આજે પ્રાપ્ત થઈ શકે છે.

એમના અનેક શિષ્યો હતા. એમાંના મોટાભાગના નિમ્ન જાતિના યા પતીત હતા. એમાં હિમારામ, પંજુદાસ, નથ્થુદાસ અકલદાસ, નેન્નદાસ, તેજુદાસ, મહિપાલ, તથા દુલારી પ્રમુખ હતા.

સંત સમર્થદાસ :

સમર્થદાસ પોતાની પૂર્વાવસ્થામાં સિદ્ધપુરના બંકાજી નામના એક વણિક યુવક હતા અને પાટણના સુબાને ત્યાં સિપાહીગીરી કરતા હતા. બંકાજી અત્યંત સ્વરૂપવાન અને ગુણવાન યુવક હતા. સુબાની યુવાન પુત્રી હુર્રા એમના પર આસક્ત થઈ એણે બંકાજીને કહ્યું કે તમને જોયા વિના મને ચેન પડતું નથી.

" બંકાજીકો દેખકે હુર્રા હુઈ બેચૈન ।
બાંકી સુરત દેખે બિના, કબહુ ન પાવૈ ચૈન ॥ "

પોતાના અન્નદાતાની પુત્રી સાથે આ રીતે પ્રેમ કરવો, એને નકમહરામી સમજી બંકાજીએ હુર્રાને સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ તેમ કરતાં તેણે આત્મહત્યા કરવાની ધમકી આપી. આ ઉલઝનમાંથી છૂટવા બંકાજી પાટણ છોડી ચાલી નીકળ્યા. ફરતાં ફરતાં સૂરત આવ્યા. સંત લોચનદાસના દર્શનથી એમને શાંતિ મળી. લોચનદાસે એની વિરકિત જોઇ 'સમર્થદાસ' નામ આપી દીક્ષા આપી.

" सूरत नग्रमें आपके, पाया परम सोहाग ।
लोचन सद्गुरु मेटिया, जगे पुरवके भाग ॥ "

સમર્થદાસે વિ. સં. ૧૬૨૦ માં તો માધવદાસને ઉત્તરાધિકારી નીમી પોતે જીવન્ત સમાધિ લઈ લીધી હતી.

એમના ઘણા શિષ્યો હતા. એમાં માધવદાસ, વિમલદાસ, જુહારીદાસ અને પિથ્થલદાસ પ્રમુખ હતા. એ ઉપરાંત આશ્રમમાં રહેતા બીજા શિષ્યો–અગમદાસ. અભયદાસ; કિરણદાસ, સુગમદાસ, તથા છૈલાદાસ વગેરે હતા.

સમર્થદાસ કવિ પણ હતા. હિન્દીમાં એમણે સંતવાણી લખી છે, જેમાંથી થોડી એક પ્રાપ્ત થાય છે.

જે હુર્રીને પાટણમાં એ છોડી આવ્યા હતા, તે એમને શોધતી સુરત આવી હતી. પ્રિયતમને અવધૂતના વેશમાં જોઈ એણે કહ્યું;

" बांका ! तेरे इश्कमें लियो जोगन वेश ।
प्यारी तेरे दीदारकी, दर दर फिरे दरवेश ॥
खोजत खोजत आयरी, पियरा तिहारे देश ।
" हुर्रा " बिरहिनको मिले, पियरा अवधूवेश ॥ "

સમર્થદાસે હુર્રીને સંસારની અસારતા અને નામસ્મરણનો ઉપદેશ આપ્યો. હુર્રીએ કહ્યું કે હું તો આપનાં ચરણોમાં આવી છું, જે આદેશ આપશો, તેનું પાલન કરીશ. ત્યાર પછી એ સમર્થદાસની આજ્ઞાથી નર્મદા નદીના તટ પર કુટીર બનાવી ત્યાં રહી હરિસ્મરણમાં દિવસો વ્યતીત કરવા લાગી. એમ એ બ્યાની સંત બની એક વાર બંકાજી (સમર્થદાસ)ના દર્શને ગઈ, ત્યારે એણે કહ્યું હતું કે તમારી દયા ન હોત તો મારી શી સ્થિતિ થાત !

" मुरशिद पाकदीदार से, हुरा हो गई न्याल ।
समर्थ ! तुम्हारी रहम विना, मेरा कौन हवाल ॥ "

આ હુરીએ પણ હિન્દીમાં કેટલાંક પદો લખ્યાં છે.

સંત માધવદાસ :

માધવદાસના પિતા કરવતસિંહ અને માતા હીરલદેવીએ મેવાડ છોડી ગુજરાતમાં સુરત આવી નિવાસ કર્યો હતો. કોઈ મહાત્માના આશીર્વાદથી આ પુત્રનો જન્મ થયો હોવાથી એનું નામ પણ તેજ મહાત્માએ પાડયું હતું. બચપણમાં માધવમાં કેટલીક અસાધારણતાઓએ દેખા દીધી હતી. એક વખત એક નાગ સાથે એ રમતો હતો. જરા મોટો થતાં પોતાની સોનાની વીંટી એક ભિખારીને એણે આપી દીધી. પિતા સાથે આગમ-નિગમની વાતો કરતો એને ઉર્દૂ શીખવનાર મૌલવીએ કહી દીધું કે આ છોકરો તો મને ભણાવે એવો છે.

યુવાન માધવને સુરતના એક જેઠાશાહની સજના નામની પુત્રી સાથે પ્રેમ થઈ ગયો. શેઠે પુત્રીનું લગ્ન જ્ઞાતિના બીજા યુવક સાથે કરી દીધું. એ લોકો સજના ને લઈ જઈ રહ્યા હતા, ત્યારે માર્ગમાં માધવે લઈ જનારની હત્યા કરી, પણ જ્યારે સજના ને લેવા ગયો, ત્યારે સર્પદંશથી સજનાનું મૃત્યુ થયું હતું. આ આઘાતથી માધવ સંસારથી વિરકત થઈ ગયા. સૂરતમાં જ્યાં ત્યાં ભટકતા ફરતા હતા. એક દિવસ સમર્થદાસના આશ્રમમાં ગયા. સમર્થદાસના ઉપદેશથી એમની વ્યગ્રતા દૂર થઈ. મન શાંત થતાં એમણે સમર્થદાસજી પાસે દીક્ષા લઈ લીધી. સં. ૧૬૨૦ માં ગુરુએ સમાધિ લીધા પછી એ ગાદીના અધિકારી થયા હતા. ગુરુ એને 'મસ્તમાધવ' કહેતા

" जगमें 'मस्त' कहायेंगे, माधव मेरम लाग ॥ "

માધવદાસ ઉચ્ચ કોટિના કવિ પણ હતા. પોતાના એક પદમાં એમણે ગુરુરૂપમાં સમર્થદાસનો ઉલ્લેખ કર્યો છે.

"'समर्थ' साहिब पायो, मैंने 'समर्थ' साहिब पायो॥"
अरसपरस पहचान भई, परभवकी प्रीत निरधारो।
"माधवदास" भये मतवाला, मिल गये 'बावन बाहेरो'॥"

માધવદાસનો જન્મ સં. ૧૬૦૧ ની કાર્તિકી પૂર્ણિમાને દિને થયો હતો. સં. ૧૬૨૦ થી એમને શિરે ગાદીની વ્યવસ્થાની જવાબદારી આવી. સં. ૧૬૫૨ ના આષાઢની અમાવસને દિવસે એમણે જીવન્ત સમાધિ લઈ લીધી.

'संवत् सोलहसे बावना, सुरतरि तापी तीर।
आषाढ कृष्णा पूर्णिमा, माधव तज्यो शरीर॥"

બત્રીસ વર્ષના અધિકારમાં માધવદાસે ૨૪ વર્ષ તીર્થયાત્રા અને દેશાટનમાં વ્યતીત કર્યાં હતાં. એ સ્વભાવથી જ વિરક્ત હતા. સં. ૧૬૨૨ માં એ પ્રથમ તીર્થાટન માટે નીકળ્યા હતા. સર્વત્ર એ નિર્ગુણ રામની ભક્તિનો પ્રચાર કરતા હતા. જ્યારે એ પાટણમાં હતા, ત્યારે ત્યાંના સૂબા શેરખાનની પુત્રવધૂ એમના પર આસક્ત થઈ હતી. એ માટે એમને અનેક કષ્ટ આપવામાં આવ્યાં હતાં. એ દિલ્લી પણ ગયા હતા; ત્યાં એમને બીરબલ અને કવિ ગંગ સાથે સમાગમ થયો હતો. પ્રથમ તીર્થાટનમાં ડાકોરના સુમન ભટ્ટ, ભાવજી, બોધાજી તથા સમ્મદ શેખ એમના શિષ્યો થયા હતા.

"सुमन भट्ट और भावजी, बोधा, सम्मद शेख।
माधव-सद्गुरु संगमें, लीन्हो अवधू भेख॥"

બાર વર્ષે ૧૬૩૪માં સુરત પાછા આવ્યા, ત્યારે સુરત પર અકબરનો અધિકાર થઈ ગયો હતો. માધવદાસ મિથ્યાચારોનો વિરોધ કરતા હતા. હિન્દુ આચારોની સાથે મુસ્લિમ આચારોનો

પણ વિરોધ કરતા, તેથી કાઝી અને મૌલવીઓએ સૂબા અલિજખાનને ફરિયાદ કરી, તેથી તેણે એમના પર સખ્તાઈ કરવા માંડી, પણ રામ-રહીમની એકતાનો એમને ઉપદેશ શાંભળ્યો ત્યારે એમનો સેવક બની ગયો.

" **भजहव दिखावे सांईको, सबकी एक निगाह ।**
राम कहो, रहीम कहो, वो शाहनके शाह ॥ "

સં. ૧૬૩૭ માં ફરીથી તીર્થાટન માટે ગયા હતા, અને સાત વર્ષે ૧૬૪૪ માં પાછા આવ્યા. ત્રીજી યાત્રા ૧૬૪૬ માં શરૂ કરી પાંચ વર્ષે ૧૬૫૧માં પાછા આવ્યા. આ વખતે એ મુલતાન સુધી ગયા હતા.

તીર્થાટનમાંથી પાછા આવી જ્યારે માધવદાસ આશ્રમમાં રહેતા, ત્યારે ભજન-કીર્તનની ધૂમ મચી જતી. રાત્રે સંતોનો અલખ દરબાર ભરાતો, એમાં નિર્વાણ-અખાડાના ત્રીજા મહંત હીરાદાસજી પણ પધારતા. કેશવદાસ, વિરહાનંદ, છેલારામ વગેરે સાધુઓ હતા. તન્ના નામનો એક ભીલ માધવદાસના પ્રભાવથી સંત બની ગયો હતો. છેલ્લી યાત્રામાંથી પાછા આવી એક વર્ષ રહી સં. ૧૬૫૨ માં તો એમણે જીવંત સમાધિ લઈ લીધી હતી.

માધવદાસ સારા કવિ હતા. એમણે ૧૬૫૧ માં ૨૧ અંગોમાં ૪૮૧ કુંડલિયાની રચના હિન્દીમાં કરી હતી. એ ઉપરાંત અનેક પદ અને બીજા છંદોની રચના પણ કરી હતી.

સંત પ્યારેદાસ :

એમનો જન્મ કાશીમાં સં. ૧૬૨૫ માં એક વણિકને ઘેર થયો હતો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં કાશીની એક વીરમતિ નામની વારાંગનાના પ્રેમમાં પડી ગયા. સંત માધવદાસના પરિચયમાં આવતાં એમણે એને ચેતવી દીધો, તેથી વિરકત થઈ એ એમનો

શિષ્ય બની ગયો. માધવદાસના એ પદની કેટલીક પંક્તિઓ આપી છે.

" प्यारे ! जी-न पापमें खोया ॥ टेक ॥
विषय कीटमें पामर राच्यो, विरथा जगत विगोया।
'माधवदास' बहु बेर जगायो, अंधे जाग, न जोया॥

જ્યારે માધવદાસે સમાધિ લીધી ત્યારે પ્યારેદાસની ઉંમર ૨૭ વર્ષની હતી. છતાં માધવદાસે એમને તીર્થયાત્રા પર મોકલી સમાધિ લીધી હતી. જ્યારે દાસે આવીને જોયું કે ગુરુએ સમાધિ લઈ લીધી છે ત્યારે એ બેહોશ થઈ ગયા હતા. રડી રડીને આંખો પણ બરાબ થઈ ગઈ હતી.

એમના સમયમાં સૂરતમાં પહેલાં ઈનાયતખાન સૂબેદાર હતો. એણે પ્યારેદાસને સતાવવા પ્રયત્ન કર્યો હતો. આશ્રમની ગાયો હંકાવી જવાના કે કોઈ પાસે એમની હત્યા કરાવવા પ્રયત્નો એણે કર્યા હતા, પણ નિષ્ફળ ગયા. એમને ફસાવવા મુલ્લાઓએ અમદાવાદથી 'રેહાના' નામની વારાંગનાને બોલાવી હતી. એને જોતાં જ એના મનની વાત પ્યારે દાસજીએ કહી દીધી. એ સંતથી પ્રભાવિત થઈ ગઈ. અમદાવાદ જઈ એણે સુબેદારને પત્ર લખ્યો કે 'એ સાચા સંત છે, સતાવશો, તો તમારા બુરા હાલ થશે.'

એમના સમયમાં શિવાજીએ બે વખત સુરતને લૂંટ્યુ. હતું-શિવાજીનો સખત હુકમ હતો કે આશ્રમની રક્ષા કરવી તેથી બીજી વખત કેટલાક હિન્દુ અને મુસલમાન ધનિકો પોતાનું ધન આશ્રમની ભૂમિમાં દાટી આવ્યા હતા, જે લૂંટ પછી પાછા લઈ ગયેલા.

વિ. સં. ૧૬૮૭ માં શાહજહાંના શાસન સમયે ભયંકર દુકાળ પડ્યો હતો. રોટલાના ટૂકડા માટે લોક ગુલામ બનવા

તૈયાર હતા, પણ કોઈ ખરીદનાર ન હતું. તે સમયે આ આશ્રમમાં સદાવ્રત ચાલતું હતું. આખો દિવસ આશ્રમના સાધુઓ રોટલા ઘડતા ને વહેંચતા, સૂબેદાર મોજૂલ મુલ્કે આશ્રમનો અન્નભંડાર લૂંટી લીધો, તો પણ અન્નક્ષેત્ર ચાલુ રહ્યું હતું.

ખરવાસાના તેજાનંદ સ્વામી સાથે પ્યારેદાસને અનેક વખત સત્સંગ થતો હતો.

પ્યારેદાસના દેહની કાંતિ અત્યંત કમનીય હતી. સુરતની કેટલીય સ્ત્રીઓ એમને જોતાં જ મોહિત થઈ જતી હતી. નગરશેઠની કન્યા ચંદ્રાવતીને એમના તરફ નિર્મળ પ્રેમ હતો. એની ઇચ્છા અન્યત્ર લગ્ન કરવાની ન હતી. જ્યારે લગ્ન અનિવાર્ય બન્યું, ત્યારે સંતના ચરણમાં એણે દેહત્યાગ કરી દીધો. પ્યારેદાસે એને વિશે લખ્યું છે, કે એ ખરી હઠયોગીની હતી

"चंदा–बड़ी हठ योगिनी, खड़ी प्रेमके मंच ।
प्रेमे हरिवर पा गई, हम ही ठाढे प्रपंच ॥"

પ્યારેદાસ ૧૧૯ વર્ષ જીવ્યા હતા; પછી એમણે ૧૭૪૫ માં સમાધિ લીધી. નિર્વાણ સાહેબની પરંપરાના ચોથા મહંત દયાળદાસ, પાંચમા જીવણદાસ અને છઠ્ઠા નરહરિદાસ સાથે એમને સત્સંગ થયો હતો.

એમના ઘણા શિષ્યો હતા. એમાં કુપદસ્વામી, રહમતખાન, સોહનદાસ, માણેકદાસ, કુરંગસ્વામી અને બંકાદાસ પ્રમુખ હતા. કુપદ સુરતના એક શ્રીમંતનો પુત્ર હતો. રહમતખાન સુરતના નવાબ એનમેલખાનનો ભાઈ હતો, અને જાતિનો પઠાણ હતો. સોહનદાસ કડીઓ હતો. ગુરુ માધવદાસની સમાધિની દુરસ્તી માટે આવ્યો હતો. ત્યાં વૈરાગનો રંગ લાગી ગયો. કુરંગસ્વામી ઉજ્જૈનની યાત્રામાં પ્યારેદાસને મળ્યા હતા.

સમાધિ લેતા પહેલાં એમણે એક અદ્‌ભૂત નિર્ણય લીધો હતો. આશ્રમના એક ભંગી હરિઆને પોતાનો ઉત્તરાધિકારી નીમ્યો. કોઈ કંઈ બોલી શકયું નહિ. આશ્રમની સેવામાં એનો યોગ જોઈ પ્યારેદાસજીએ એનું નામ 'યોગીહરિ' પાડયું, જે જોગાહરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યું.

પ્યારેદાસ ઘણા સારા કવિ હતા. હિન્દીમાં એમણે ઘણું લખ્યું છે, તેમાં એમના ગુરુ માધવદાસ, સમર્થદાસ અને લોચનદાસનાં ચરિત્રો લખ્યાં છે, એ ખૂબ મહત્વનાં છે. એ ૯૩ વર્ષ સુધી તો ગાદીના મહંત રહ્યા હતા. શાહજહાં, જહાંગીર અને ઔરંગઝેબ સુધીની મોગલ સલ્તનતનું શાસન એમણે જોયું હતું.

એમના શિષ્યોમાં ઘણા હિન્દી ભાષામાં ઘણી સુંદર રચનાઓ કરી ગયા છે જેને તેમાંની કેટલીક આજે પ્રાપ્ત થાય છે. એમનો શિષ્ય માણેકદાસ એમની સમાધિ પછી સમાધિ પછી કણીરવડમાં જઈ ત્યાં રહ્યો હતો. એણે તત્વાજીવાની કથા તથા કણીરસાહેબદ્વારા વડના નવપલ્લવન પર સરસ કુંડલિયા લખ્યા છે. આ સંતાના ઘણા ખરા શિષ્યોનાં ચરિત્રો પણ પ્રાપ્ત થાય છે.

જોગાહરિ :

લોચનદાસની સૂરતની સંત – પરંપરાના છેલ્લા મહંત જોગાહરિ ભંગીજાતિના સંત હતા. પ્યારેદાસે તાપીની રેલમાં એક માણસને તણાતો જોઈ શિષ્યોની મદદથી બચાવી લીધો હતો, એ હરિઓ જાતિનો ભંગી હતો. પુનઃજીવન મળ્યા પછી એ આશ્રમમાં રહી ગૌશાળા અને આશ્રમની સફાઈનું કામ કરતો હતો. અન્ય શિષ્યોનો સાંસારિક પદાર્થો પ્રતિ અનુરાગ

તથા જાતિભેદની વૃત્તિ જોઈ આકર્મયોગી હરિને પોતાનો ઉત્તરાધિકારી બનાવવાનો વિચાર પ્યારેદાસજીએ કર્યો હતો. સમાધિ લીધા પછી જોગાહરિની સ્થિતિ શી થશે, એની કલ્પના ગુરુ પ્યારેદાસ તથા જોગાજીને હતી. એથી એને સાવધાન કરતાં ગુરુએ કહ્યું હતું; "જ્યારે એ સ્થિતિ આવે ત્યારે સંતવાણીના કિંમતી ગ્રંથો લઈ સ્થાન છોડી જતા રહેવું. કારણ કે તાપીની રેલમાં આખો આશ્રમ નષ્ટ થઈ જશે."

પ્યારેદાસની સમાધિ પછી તરત જ આશ્રમમાં ઉપદ્રવ શરૂ થઈ ગયો, સૌ કોઈ એમની અવગણના અને અપમાન કરવા લાગ્યા. જોગાજી સહુ સાથે અત્યંત નમ્રતાથી વર્તતા, છતાં એક દિવસે સંધ્યાકાળે આસપાસના બ્રાહ્મણો અને આશ્રમના સાધુઓએ મળી આશ્રમને લૂંટી લીધો. તોડફોડ કરી તથા આશ્રમની ગાયો લઈ ગયા. જોગાજી મારથી બેહોશ થઈ ગયા હતા. મોડી રાતે ભાનમાં આવતાં ગુરુની સૂચના યાદ આવી, આશ્રમમાંથી સંતવાણીના ગ્રંથો એકઠા કરી પોટલું બાંધી મળસ્કે નીકળી પડ્યા.

સુરતથી નીકળી એ માંડવી તાલુકાનાં 'બહુધાન' ગામે ગયા. માંડવીના રાજાએ ખૂબ માનથી એમને રાખ્યા. એ ગયા એને ત્રીજે દિવસે તાપીમાં એટલી મોટી રેલ આવી કે આખો આશ્રમ તણાઈ ગયો. કંઈજ બચ્યું નહિ.

બોધાનથી કેટલાક સમયે સુરત પાછા આવી જોગાજીએ સંતવાણીની એ પોથીઓ નિર્વાણ અખાડાના તત્કાલીન મહંત શ્રી જગન્નાથદાસને સોંપી હતી. ત્યાર પછી એ નર્મદાની પરિક્રમાએ જતા રહ્યા. આજે ઉપલબ્ધ એ સંતવાણીના બધા શ્રેયાધિકારી જોબાહરિ હતા.

નીલકંઠદાસની પરંપરા :

હિન્દી સાહિત્યના પ્રકાંડ પંડિત આચાર્ય પરશુરામ ચતુર્વેદીએ પોતાના ગ્રંથ 'ઉત્તરીભારત કી સંત-પરંપરા'માં લખ્યું છે કે કાશીમાં પોતાની સાધના પૂરી કર્યા પછી પદ્મનાભે નીલકંઠને દીક્ષા આપી હતી. એ નીલકંઠે ગુજરાતમાં આવી રઘુનાથને શિષ્ય બનાવી રામકબીર-સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. એમના શિષ્ય યાદવદાસના શિષ્ય ષષ્ટમદાસનો સમય (કલ્યાણનો સંત અંક) સં. ૧૬૬૮-૧૭૮૬ છે. આચાર્યશ્રીએ દરેક સંતનો ગાદી પર રહેવાનો સરાસરી સમય ૨૫ વર્ષ ગણીને જોયું, તો એમને આ પરંપરા બંધબેસતી લાગી નહિ. તેમાં વળી મોરાર સાહેબના શિષ્ય દલુરામદાસની એક પરંપરામાં નીલકંઠદાસને કબીરના એક શિષ્ય ધીરદાસ દ્વારા દીક્ષિત બતાવ્યા છે, તે જોઈ એમણે પદ્મનાભની આ પરંપરામાં શંકા વ્યક્ત કરી હતી. આ પંક્તિઓના લેખકે પોતાના મહાનિબંધ **कबीर-परंपरा** માં એ શંકાનું સમાધાન કર્યું છે. પૂનાથી પ્રકાશિત 'રવિભાણ સંપ્રદાયની વાણી'માં દલુરામની એ વંશાવળી પ્રકાશિત થઈ છે. ડૉ. રામકુમાર ગુપ્તે પણ એ શંકાનો ઉલ્લેખ પોતાના મહાનિબંધ "**हिन्दी साहित्य को गुजरात के संतकवियों की देन**"માં કર્યો છે. જો કે એમણે રવિભાણ-પરંપરાને પદ્મનાભની પરંપરા ગણી હતી ખરી; પરંતુ શંકાના સમાધાન માટે કોઈ પ્રમાણ કે કારણ આપ્યું નહીં. વળી એ એકલી જ પરંપરાને એમણે સંપૂર્ણ રામકબીર સંપ્રદાય માની લીધો હતો (પાન ૬૨)

એજ દલુરામ સાહેબની એક બીજી વંશાવળી અહિં રજૂ કરવી ઉચિત ગણાશે, જેમાં સ્વામી રામાનંદથી માંડીને ભાણસાહેબ સુધીની પરંપરા છે.

" રસ રામ લોલીન ના આન આશ,
ભયે રામપૂર્વ, કબીર સુદાસ ।
શિષ્ય નામ તાકા પહમનામ કહીજે,
મનકર્મ વૈરાગ અંગ બદીજે ॥ ૧૪ ॥

તનય નામ તા નીલકંઠ, કહાવે,
બુદ્ધિવંત મહંત સો સંત ગાવે ।
શિષ્ય નામ તાકે કહે રુઘનાથ,
પ્રિય પ્રેમ પુરી હરિસ્યામ સાથ ॥ ૧૫ ॥

તનય નામ સુજાદવદાસ તાહી
સંક વાક્શીલ હરિ ધીર શાહી ।
શિષ્ય નામ ષષ્ટ્ જગતવિદિતં,
પ્રકાશ રસ ભક્તિવંશ અદિતં ॥ ૧૬ ॥

તનય નામ તાસ ઉજાગર ભાણ,
પ્રણીજે પ્રમાણે, વદિજે સુવાણ ।
કહુ ભાણકે વંશ ઉભય પ્રકાશ,
ભયે નાદબુંદ સુજોગી સુભાષ ॥ ૧૭ ॥

— કબીર બ્રહ્મપ્રકાશ (પૃ ૧૪૧)

આ પરંપરાનાં બીજાં પ્રમાણો છે, એનો ઉલ્લેખ આગળ ભાણુ-પરંપરાના સમર્થનમાં કરીશું.

નીલકંઠદાસ :

એ ઉત્તમ જ્ઞાની અને પરમાર્થવૃત્તિવાળા હતા. કાશીમાં પદ્મનાભ પાસે દીક્ષા લઈ ગુરુ આજ્ઞા પ્રમાણે એ ગુજરાતમાં રામકબીર મતનો પ્રચાર કરવા આવ્યા હતા. એમણે અનેક યાત્રાઓ કરી હતી. ધરાસુ ગામનો એક નિવાસી પવર્તી ગૌડ

બ્રાહ્મણ જાતિના રઘુનાથરામે એમની સામે સંસાર છોડી સાધુ થવાની ઇચ્છા વ્યકત કરી. તેને સાથે લઈ એમણે પુષ્કરક્ષેત્રની યાત્રા કરી, પાછા સિદ્ધપુર આવ્યા. સિદ્ધપુરમાં ઉપદેશ આપી રઘુનાથને દીક્ષા આપી. ત્યાંથી ગુરુ-શિષ્ય દ્વારકાંની યાત્રાએ નીકળ્યા. માર્ગમાં ઝિલકા સરોવર, ઝંઝાવાટમાં નલેશ્વરનું મંદિર, સુંદર બાણગંગા તથા વારાહીતીર્થમાં રાજેશ્વરીના મંદિરમાં નિવાસ કર્યો હતો. માર્ગમાં ચારણભાઇઓને ઉપદેશ કરતા કરતા એ દ્વારિકા ગયા. પાછા વળતાં સુદ્દામાપુરી, માધવપુર થઈ પ્રભાસ ગયા. ત્યાંથી પાછા ફરી ફરીથી ઉત્તરાખંડની યાત્રાએ ગયા. ત્યાંથી પાછા વળી ગુરુની ઇચ્છાથી ગુરુશિષ્યે મળી દ્વધરેજમાં વિ. સં. ૧૫૯૫ માં દુગ્ધસર પાસે એક આશ્રમની સ્થાપના કરી. એ સ્થાન આજે પણ ત્યાં છે. ત્યાર પછી થોડા સમયે નીલકંઠદાસે કાશી જઈ સમાધિ લઈ લીધી.

પાટણની પદ્મવાડીમાં પદ્મનાભના સ્થાનની પાસે જ એક સ્થાન છે, એને 'નકલંક ભગવાન'નું સ્થાન કહે છે, એ સ્થાન આ શિષ્ય નીલકંઠનું હોવાની શકયતા છે. જો કે આજે આ વાત ભકતોને કલ્પિત લાગે, પરંતુ 'પદ્મનાભ'નું 'પદ્મનાથ' થાય, તો 'નીલકંઠ'નું નકલંક થવાની ઘણી સંભાવના છે. આ કલ્પનાને સૌથી મોટું સમર્થન એક પુરાણી રસમથી મળે છે. દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાએ મેળો ભરાય છે અને રાત્રે રવાડી (ફૂલેકું) નીકળે છે, ત્યારે પદ્મનાભની જ્યોતની સાથે એક વ્યકિત નીલકંઠની જ્યોતને પણ લઇને ચાલે છે, ત્યારે નીલકંઠની જ્યોત લેનાર વ્યક્તિ પદ્મનાભની જ્યોતને પીઠ બતાવતો નથી. અને ઉલ્ટે પગે ચાલે છે એનો કોઇ ખુલાશો કોઇ આપી શકતું નથી. જો એ નકલંકી ભગવાન હોય, તો તે શા માટે બીજા

કોઈને આટલું માન આપે? અને 'કલ્કી' શબ્દનું છે એનું 'નકલંકી' થાય નહિ, એટલે એ 'નીલકંટ'નું 'નકલંક' થયું હોય. ગુરુ પ્રત્યે આદરની ભાવનાથી પીઠ બતાવાતી નથી, એમ અને. એ જ્યોત ખત્રી લોક ઉપાડે છે તેથી સંભવ છે, નીલકંઠ ખત્રી જાતિના હોય.

મેળાના સાત દિવસોમાં એક દિવસ એ નીલકંઠનો હોય છે.

રઘુનાથદાસ :

રઘુનાથદાસે ગુરુ સાથે અનેક યાત્રાઓ કરી હતી, ત્યારપછી આશ્રમ સ્થાપી દૂધરેજમાં એ સ્થિર થયા. છતાં ઘણીવખત સૌરાષ્ટ્રની યાત્રા કરતા. સૌરાષ્ટ્રની યાત્રામાં ઘણા ઝાલા રજપૂતો એમના ભક્ત થયા હતા. ઝંઝૂવાટના ત્રિવેદી મોઢ બ્રાહ્મણ યાદવરામ એમને સિદ્ધપુરમાં મળ્યા હતા અને દીક્ષાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ગુરુએ યાત્રાથી પાછા વળતાં એમના ગામમાં જઈ એમને દીક્ષા આપી હતી. ત્યાંથી ભ્રમણ કરતાં મંદ્રાચલ પર્વતની પાસે ભોગાવા નદીને કિનારે ગુફા બનાવી ગુરુ તથા શિષ્યે તેમાં રહી ધ્યાનયોગ કર્યો હતો. એ ગુફા આજે પણ ત્યાં છે.

એમણે આશ્રમમાં બધી વ્યવસ્થા કરી. આસપાસના અનેક ચારણ એમના ભક્ત થયા. એ ખૂબ શક્તિશાળી અને ચમત્કારી હતા. એમ કહેવાય છે કે ગુરુપૂર્ણિમાના ઉત્સવમાં એક વખત દૂધ ખૂટ્યું, ત્યારે બાજુના દુગ્ધસરમાંથી ઉછીનું લઈ પાછું બીજે દિવસે દૂધ મંગાવી એ તળાવમાં પધરાવી દીધું. ત્યારથી એને દુગ્ધસર કહે છે. યાદવદાસ સાથે એ કાશી ગયા હતા ત્યારે ઉત્તર કાશીમાં એમનો સ્વર્ગવાસ થયો હતો.

યાદવદાસ :

એ મૂળ ઝીંઝૂવાડાના નિવાસી હતા. બાલક હતા, ત્યારથી સંસારથી વિરક્ત રહેતા હતા. એમને યોગ્ય સમજીને રઘુનાથદાસે દીક્ષા આપી હતી. ગુરુની સમાધિ પછી એ કેટલોક સમય નલેશ્વરમાં રહ્યા હતા. ઝીંઝૂવાડાના રાજકુમાર આંબાજી તથા સામન્તસિંહે એમના આશ્રમની નિકટમાં મૃગનો શિકાર કર્યો, તેથી એમના હૃદયને ઘણું દુઃખ થયું. એમણે રાજકુમારોને ઉપદેશ આપ્યો. એમના ઉપદેશથી કુમાર સામંતસિંહ વિરક્ત થઈ ગયા, અને યાદવદાસ પાસે દીક્ષા મેળવી એમના શિષ્ય થયા.

જ્યારે સમાધિ લેવાની ઇચ્છા થઈ ત્યારે દ્વધરેજથી ઝીંઝૂવાડા આવ્યા અને ત્યાં માદરેવતનમાં એમણે સમાધિ લીધી. મિલકા નદીના પશ્ચિમ કિનારે એમની સમાધિ આજે પણ છે, એ સમાધિ 'ગુરુસમાધિ' ના નામથી ઓળખાય છે.

ષષ્ટમૂદાસ (છઠ્ઠાબાવા)

એમના નામ પરથી એ છઠ્ઠા બાવાના નામથી પ્રખ્યાત હતા. અને કબીરની પરંપરાની પણ છઠ્ઠી પેઢીના સંત હતા. એમનો જન્મ સંવત ૧૬૬૮ માં અને નિધન સં. ૧૭૮૬ માં થયું હતું. ઝાલાવાડથી આવેલા કેસર મકવાણાની પેઢીના પ્રસિદ્ધ હરપાલદેવની સોલમી પેઢીના રાવ રણમલજી પાટડીની ગાદીએ આવ્યા, એના બીજા પુત્રને ઝીંઝુવાડાની ચોવીસી મળી. એના કુમાર કુંભાજીના પુત્ર યોગરાજને છ સંતાન હતાં પાંચ ભાઇ અને એક બહેન એમાં તિલાયત સામંતસિંહ તે જ ષષ્ટમૂદાસ થયા હતા.

આંબાજી અને સામંતસિંહ બન્નેએ સં. ૧૬૮૬ ના ભાદરવા સુદી પાંચમે દીક્ષા લીધી. ગુરુએ આંબાજીને અમરદાસ અને સામંતસિંહને ષટ્‌પ્રજ્ઞદાસ નામ આપ્યું. ગુરુએ શિષ્યોની ઇચ્છાનુસાર નિર્ગુણ બ્રહ્મનો ઉપદેશ આપી રામતત્ત્વનો અર્થ સમજાવી રામમંત્રની મહત્તા સંભળાવી ભગવાન રામમાં આસ્થા દૃઢ કરી. એમના એક ભાઈ અજાજી વિશે એમ કહેવાય છે, કે ગુરુના નિષેધ છતાં શિકાર ખેલતો હોવાથી એને ગાદી ખોવી પડી હતી.

સ્વામી ષટ્‌પ્રજ્ઞદાસજી સં. ૧૬૯૦ માં ભારતની યાત્રા પૂરી કરી પાછા દૂધરેજમાં આવ્યા હતા. સ્વામીજીએ આંગણામાં વડની એક ડાળી રોપી હતી. અહિર કન્યાઓ એમને માટે દૂધ લાવતી, તે એ એમાં સિંચાવી દેતા. ફાગણ વદ પ્રતિપદાને દિવસે એ ડાળીમાં અંકૂર ફૂટયો હોવાથી પ્રતિ વર્ષે એ દિવસે મોટો ઉત્સવ ઉજવાય છે, અને વડ પર નવી ધજા ચઢાવવામાં આવે છે. રામને વટનાથ કહી એમણે સ્થાપના કરી હતી.

વિ. સં. ૧૭૮૬ માં એમણે સમાધિ લીધી હતી.

વારાહીના સંત ભાણસાહેબે દૂધરેજ આવી એમની પાસે દીક્ષા લીધી હતી. રામકબીર સંપ્રદાયની પુનિયાદ ગાદીના સંત જીવણજી (સં. ૧૬૪૯–૧૭૩૭) દૂધરેજ આવ્યા હતા, અને એમની સાથે છઠ્ઠા આવા ગોંડલ ગયા હતા.

ચાણસ્માના રાયકા દેસાઈ લાધા, કંકાવટીના રુડારામ અને રણધીર આવળી ગામની યશોદા તથા હીરાબાઈ, લેંસાણના રામદાસ અને દૂધરેજના ધનજી (ધ્યાનદાસ) અને કાનજી (કનૈયાદાસ) એમના શિષ્યો હતા. છઠ્ઠાબાવાના ભાઈ અમરદાસના બે શિષ્યો લક્ષ્મીદાસ અને વેલુજીવીદાસ હતા. બન્નેએ પદરચના કરી છે.

આ પરંપરાના સંતોનાં ચરિત્રો છઢાભાવાના શિષ્ય લબ્ધરામજીના શિષ્ય રત્નદાસજીએ મેળવ્યાં હતાં, અને તે ગુરુ-પરંપરામાં ગંગારામદાસે શ્રવણ કરેલાં, એમણે એ ચરિત્રો અને પ્રસંગો ગોવિંદરામ અને એમના શિષ્ય રઘુવરદાસને સંભળાવેલાં, એ પ્રમાણે રઘુવરદાસે તે લખ્યાં છે.

છઢાભાવાના શિષ્યોમાં બે પ્રમુખ શિષ્ય છે, એક ભાણુસાહેબ અને બીજા લબ્ધરામ, એ લબ્ધરામ ચારણ જાતિના સંત હતા, છઢાભાવાએ એમને પોતાના ઉત્તરાધિકારી તરીકે દ્વારકાની ગાદી પર સ્થાપ્યા હતા. જ્યારે ભાણુસાહેબે વારાહીમાં પોતાનું સ્થાન રાખ્યું હતું. ત્યાર પછી રવિસાહેબ થયા, ત્યારે શેખડીમાં ગાદીની સ્થાપના કરી

લબ્ધરામદાસની પરંપરા દ્વારકાની ગાદી પર ચાલી હતી. એમના પછીની પરંપરા નીચે પ્રમાણે છે, માયારામે સંસ્કૃતમાં એ ગુરુઓનું વર્ણન કર્યું છે. લબ્ધરામદાસ – રત્નદાસ – માનદાસ – કૃષ્ણદાસ – ઉદ્ધવદાસ – ગોકુલદાસ – મેઘીદાસ – જમનાદાસ – ગંગારામદાસ – ગોવિંદરામ – રઘુવરદાસ – જીવરામદાસ. (सत्पुरुष चरित्रप्रकाश पृष्ठ १० थी २४)

આ રીતે ભાણુસાહેબની પરંપરા એ મૂળ પદ્મનાભની જ રામકબીરી પરંપરા છે. આ પરંપરાના સંત ભાણુસાહેબ અને રવિસાહેબ ખૂબ પ્રતાપી સંતો હતા, રવિસાહેબના ૧૯ (ઓગણીસી) અને ભાણુસાહેબના ૪૦ (चालीसी) ખાસ શિષ્યો હતા. આ શિષ્યો સાથે ઠાઠથી સંતો યાત્રા કરતા અને સંપ્રદાયનો પ્રકાર કરતા. એમનો મંત્ર પણ 'રામકબીર' જ છે. પણ આ સંતોના પ્રતાપને લીધે આગળના શિષ્યો અને ભક્તો એ એમના નામથી સંપ્રદાયને ઓળખવા માંડ્યો. એ રવિસાહેબ પછી બન્યું તેથી સંપ્રદાયને 'રવિભાણ સંપ્રદાય'ના નામે પ્રસિદ્ધિ મળી.

આ પરંપરાના સંતોએ સવિશેષ સૌરાષ્ટ્ર અને કચ્છમાં રામકબીર સંપ્રદાયનો પ્રચાર કર્યો. એમના નામ આગળના 'સાહેબ' શબ્દને આધારે ગુજરાતી સાહિત્યના ઇતિહાસના વિદ્વાન લેખક શ્રી અનંતરાય રાવળે એમને કબીરપંથી ગણી લીધા છે, પણ એ બન્ને સંતો રામકબીર સંપ્રદાયના છે. ગુજરાતમાં રામકબીર અને સત્કબીર સંપ્રદાયોના ભેદના અજ્ઞાનને લીધે આમ બનવા પામ્યું હતું.

સંદર્ભગ્રંથ :

૧. 'સંત જીવણજીનો સમાગમ'—હરિદાસ નડિયાદા (હ. લિ. પ્રતિ)

૨. 'સમાગમ'—રઘુનાથભાઈ નરસિંદાસ, ગામ પતરા

૩. સમાગમ—મોહનભાઈ મોતીભાઈ, ગામ તાંદરજી

૪. 'જ્ઞાનમહિમા'—શ્યામદાસ, ૩-ધ. મં. ૨-મા.

૫. ઉદાધર્મ પંચરત્નમાલા—રામકબીર મંદિર, પુનિયાદ

૬. સંતકવિ દયાલદાસની વાણી—હ લિ. ગ્રંથ, રામકબીર મંદિર, પુનિયાદ

૭. 'સત્પુરુષ ચરિત્ર પ્રકાશ'—પ્ર. વટપત્યાશ્રમ, દૂધરેજ

૮. કવિચરિત—શ્રી. કે. કા. શાસ્ત્રી

૯. 'સ્વાધ્યાય'—અંક ૩ વર્ષ ૨૦૩૩, પ્ર. પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા

૧૦. 'સંત માધવદાસ'—શ્રી માણેકલાલ રાણા

૧૧. સંત પ્યારેદાસ—શ્રી માણેકલાલ રાણા

૧૨. કબીર બ્રહ્મ પ્રકાશ—બે. તપસ્વીજી

૧૩. દક્ષિણ ગુજરાત યુનિ. જર્નલ ૧૯૭૩-૭૪ (Vol. ૨ અને ૩) (પૃ. ૨૪)

૧૪. कबीर-परंपरा—डॉ. कान्तिकुमार भट्ट

૧૫. રજી. દસ્તાવેજ નં. ૧૧૦૫ સંખેડા મહાલ, તા. ૨૬-૫-૧૯૧૨

પ્રકરણ : ૬ ઉદા-સંપ્રદાય

નામકરણ :

ઉદાધર્મ અથવા ઉદા સંપ્રદાય એ રામકબીર સંપ્રદાયને જીવણજીએ આપેલું નવું નામ છે. જીવણજીએ એ નામ કેમ આપ્યું, અને એનો અર્થ શું થાય એ માટે વિભિન્ન મત છે. જીવણવાણી (વર્ષ ૩ અંક ૧)માં એનો અર્થ સમજાવતાં લખ્યું છે, કે "ઉદા શબ્દ ઉદ્ ધાતુ પરથી બનેલો છે. એનો અર્થ ઉદય, સ્થાન, કક્ષા, મંત્ર, ઉપર અથવા સમુદ્રમાંથી બહાર એવો થાય છે. એથી એમ સૂચવવામાં આવે છે કે જીવણજી મહારાજે ઉદાભક્તો ભગવાનથી પણ ઊંચા છે, એમ કહેવા પાછળ કોઇ અતિશયોક્તિ કરી નથી."

ઉદા જાત હનુમાનની છે. હનુમાનજી એક છલાંગમાં સાગરને ઠેકીને લંકામાં ઊતર્યા હતા, તેવી રીતે ઉદાભક્ત કર્મકાંડના સાધન વિના સીધા પ્રભુ પાસે પહોંચી જાય છે. કર્મકાંડના પ્રણેતા બ્રાહ્મણો હોવાથી કર્મકાંડ સાથે બ્રાહ્મણોનો વિરોધ પણ થાય છે. ઉદાભક્તોની ભક્તિ અનન્ય ભક્તિ છે. જીવણજીએ ઉદાધર્મના ત્રણ પ્રમુખ તત્ત્વો અનન્ય ભક્તિ, સીતારામનું સ્મરણ તથા સત્સંગનો ઉલ્લેખ કર્યો છે.

"ઉદીત ધર્મ ઉદાતણો, નહિ આનદેવ પ્રસંગ,
સ્મરણ સીતારામ કો, વલી સંતસંગત નિસંગ."

અનન્યભક્તિને જીવણજીએ એટલું બધું મહત્ત્વ આપ્યું છે કે એમણે ભક્તોને 'અન્યદેવને માથે ખાસડું તથા અન્યદેવના સેવકને મોઢે લાત' એમ કહ્યું છે માત્ર રામનું જ નામ લેવા એમણે આદેશ આપ્યો છે જો કે શ્રી કૃષ્ણનું નામ પણ લઇ શકાય છે કારણ કે રામ અને કૃષ્ણમાં ભેદભાવ નથી.

" જમના તીરે જાદવો, સરયૂ તીરે રઘુવીર ।
સદગુરુ સમજ્ઞાયો જીવણા, દોનોં એક શરીર ॥ "

યમુનાતીરે જે યાદવ શ્રી કૃષ્ણ થયા અને સરયુ નદીના તટે જે રામચંદ્ર થયા એ બન્ને વચ્ચે કોઇ ભેદ નથી, એક જ છે, એમ જીવણજીને એમના ગુરુએ સમજાવ્યું હતું. પરંતુ આ અભેદ રામ અને કૃષ્ણ પૂરતો જ મર્યાદિત છે બીજા કોઇ દેવ કે દેવી સાથે અભેદ ગણાય નહિ, તેનું નામ લેવામાં અનન્યતાનો ભંગ થાય છે.

વૈષ્ણવોના કર્મકાંડને આમાં વિરોધ છે. મૂર્તિ અને કર્મકાંડના વિરોધ પૂરતો જ વૈષ્ણવધર્મથી ભેદ છે. જીવણજીએ તીરથ વ્રતના સ્પષ્ટ વિરોધનો નિર્દેશ કર્યો છે. " તીરથ વરત સબ પરહરે, 'ઉદા,' તાકો નામ," જપ, તપ, તીર્થ, યાત્રા, દાન અને વેદપૂજા જેવા આચારોને ઉદાઓ કૂદી ગયા છે, અને હરિને મળ્યા છે, એમ જીવણજીએ કહ્યું છે :

" ઉદા કુદા જીવણા, જપ, તપ, તીરથ, દાન,
વેદ મારગ પીછે રહ્યું, જઈ મલ્યા હરિનામ."

સંસારમાં રહેવા છતાં વિરક્તિ રાખવાના કબીરના ઉપદેશને એ લોકો વળગી રહ્યા છે, જીવણજી કહે છે.

" કબીર ખરી કસોટી રામકી ખોટા ટકે ન કોય,
રામ કસોટી તે સહે, જે જીવત-મૃતંગ હોય."

નામસ્મરણનું મહત્ત્વ :

હરિનામનું સ્મરણ એ સંપ્રદાયનું મહત્ત્વનું અંગ છે, સંપ્રદાયના તમામ સંતોએ નામનો મહિમા ગાયો છે. શ્રી ધનરાજ અદ્વર્યુએ ચતુર્વદનના રાસમાં ગાયું છે કે— " નામ તણો મહિમા જેણે લીધો, નિશ્ચલવાસ પરમપદ કીધો, પીધો પરમાનંદો હરિ હરિ."

રામ કરતાં રામના નામની મહત્તા વિશેષ છે એમ કહેવામાં આવે છે કે સેતુબંધ વખતે હનુમાનજી 'રામ' કહી જે પત્થર મૂકતા, તે તરતા, જ્યારે રામ જે પત્થર મૂકતા તે સમુદ્રમાં ડૂબી જતા, એ જોઈ હનુમાનજી કહે છે કે પ્રભુ! તમારે નામે તો પત્થરો પણ તરી જાય છે, માટે તમારા કરતાં તમારા નામનું મહત્ત્વ વધુ છે. તુલસીદાસે પણ રામાયણમાં લખ્યું છે,

" मोरे मन प्रभु अस विश्वासा,
राम ते अधिक रामकर दासा ॥ "

નામની મહત્તા કબીરથી ચાલી આવે છે. પદ્મનાભ રામ-નામનો જાપ કરતા હતા. એથી એમને એવી સિદ્ધિ વરી હતી કે ત્રણ વખત રામના નામની અંજલિ છાંડી એમણે એક ફોઢીને રોગ મુક્ત કર્યો હતો, ત્યારે કબીરસાહેબે કહ્યું હતું કે રામનું નામ તો એક જ વખત દેવાથી ગમે તે થઈ શકે.

નામરૂપની ભક્તિનો ભેદ :

સંત જીવણજી કબીર અને જ્ઞાનીજીની પરંપરાના સંત હતા. પરંતુ ગુરુ ગોપાળદાસ પછીની સંતોની વિચારધારા પર વૈષ્ણવ સંપ્રદાયની અસરો જોવામાં આવે છે. જીવણજી મૂર્તિમાં માનતા નથી, પણ ઈશ્વરનાં નામ અને રૂપની ભક્તિ કરવામાં માને છે ખરા. એ નામરૂપની ભક્તિ એટલે રામકૃષ્ણની લીલાના ગુણ ગાવામાં એ માને છે. એ છતાં એમાં ભેદ જોતા નથી. રામ અને કૃષ્ણ વચ્ચે એમને કોઈ ભેદ નથી. જેણે ગોકુળમાં ગાયો ચરાવી હતી, એણે જ રાવણને પણ માર્યો હતો, એમ કહે છે.

સંત કવિ નાનાદાસ જીવણજીના પૌત્ર દ્વારકાંદાસજીના શિષ્ય હતા. એમણે જીવણજીની વાણીને આધારે નામરૂપની આ ભક્તિનો ભેદ સમજાવ્યો છે. જે નીચે પ્રમાણે છે. સદ્‌ગુરુ જીવણદાસજીએ જે નામરૂપનો મેલ કરી આપ્યો છે, તે લખ્યો છે. તેની સાખી—

साद सलुणी जीवणा, जामें रूप और नाम ।
संत समागम जीवणा, सागर सूताको धाम ॥

ટીકા—સાગરની સૂતા તે લક્ષ્મી, તેનું ધામ તે શ્રીકૃષ્ણ - તે કથીરજીના પરમેશ્વર - મોરલીધરજી તે ખરા.

साखी— "कबीर मोर मुगुट पंकज नैनां, कुंडल मुकराकार ।
सो मूरत मेरे नैननवसो, चित्तमें करो बहार ॥ १ ॥
कबीर सांई हमारा रामजी, जाका दशरथ बाप ।
दुनिया कु दोझख दिया, हमकु अपना जाप ॥ २ ॥
सांई हमारा रामजी, ज्याका भरत शत्रुघ्न भ्रात ।
संकरषण सग्य जानकी जीवण पजुग तात ॥ ३ ॥
सजण हमारी जीवण सो सद्‌गुण दिया बताय ।
मोर मुगट मुख मोरली, वृंदावन चारी गाय ॥ ४ ॥
व्यास जाके किये तीन गुन तत्व और चौवीस ।
ता मोहन कु गोवालनी, फूल सोहावी सीस ॥ ५ ॥
व्यास मोर मुगुट सिस धूंधची वनमाला करचोर ।
वृंदावन के कुंजमें, जय जय जुगलकिशोर ॥ ६ ॥
प मेल ते नामनो हाविरूप नो मेल ते कियो
त्रिगुण रहित गुण में बसि, सो सद्‌गुरु दिया बताय ।
निर्गुण ब्रह्म वेदे कह्यो, सो व्रजकुल चारी गाय ॥ ७ ॥

ટીકા—ત્રિગુણ રહિત તે પરમેશ્વર પણ ગુણના નામ બિછે એક નામ તે અવરુ ગુણ તે અવર કેમ થયા ? રાજસ નિસરષ્ટ કરવાનો ભાવ, તામસ ગુણ નિસરષ્ટ સંકેલવાનો ભાવ, સાત્વિક ગુણ નિસરષ્ટ પોષવાનો ભાવ. ઈણી ભાવિ કરી નિઅવરગુણ થયા. વૈષ્ણવજનનિ કાંઈ કરતા ભાવ નહિ, માટે વૈષ્નવ તે ગોવિંદના ગુણ તેની સાખ.

कबीर केती लहर समुंदकी कित उपजी कित जाय।
बलिहारी उस दास की, उलटा मांही समाय।
[इणि मेली वैष्णवनि, गोविंदना गुण कहिया]
साख—" निर्गुण ब्रह्म थी जीवणा त्रिगुण भयो विस्तार।
सकल गुण सेवा करी, तहाँ आप रह्या निरधार ॥ ८ ॥

ટીકા—નિર્ગુણ બ્રહ્મ તે શ્રીકૃષ્ણ, તે થકી ગુણ હવા. રાજસ, તમસ સાત્વિક અને સકલ ગુણ સેવા કરી, તે તે વૈષ્ણવજન, તાહાં આપ રહ્યા નિરધાર તે શ્રીકૃષ્ણ, એ નામરૂપનો મેલ તેની સાખ;

" राम सरूपी नामहि, नाम सरूपी संत।
कलिकालमें जीवणा भजवे कु दो मत ॥ १ ॥
प्रेमरूप कबीरजी, आनम रघुपति नाम।
जग तखेकु जीवणा, कलि कियो विसराम ॥ २ ॥

ટીકા—આવો કબીરજી તે પ્રેમનું પુતળું, હાલિ-ચાલિ તે કૃપાનાથ વકી જો આતમા હોઇ તો શરીર ઉઠી ઉભું થાય. જો શરીર નહિ, તો આતમા નિર્ધાર કોણ ? તે માટે વૈષ્ણવજન તે રૂપ, શ્રીકૃષ્ણ તે નામ સાખી—

" दो अक्षरके अंतरि, राम कबीरा एक।
सो समझ नहीं जीवणा, सद्गुरु कह्यो विवेक" ॥

રામનું સ્વરૂપ તે નામ, નામનું સરૂપ તે સીતા, એ નામરૂપનો આતમાને મેલ નથી, તે માટે એ જીવ કહેવાય છે તેની સાખી—

"जा ठोर थी जीन उपनो, रलिमल ताहाँ समाय।
नामरूप बिन जीवणा, जुग ठग बाजी खाय ॥ १ ॥
कबीर भो मन अटक्यो सांभरी, गडो रूप भींजाय।
चिली पडी विकसे नहीं, मानो दुबरी गाय ॥ २ ॥

ટીકા—મૃત્યુકા ભાગ તે વૈષ્ણવજન જલભાગ તે શ્રીકૃષ્ણ, તે ચેલાનો મેલ, અનેગાઇયેનો ભાગ તે આતમા, એ રસાયણમાંથી ચસકી શકતો નથી, ત્યાં સાખી—

"गड्यो गअंद में न जीवणा, जहाँ सामसखा रणधीर।
दोहरी-तहोरी-चोहोरी पडी प्रेम जंजीर ॥ ३ ॥
ए निरमे खाट कबीरकी, सब संतन लीनी बांट।
ताकि कछु नहीं जीवणा, ताकि मनमें आंट ॥ ४ ॥

ટીકા—આંટનું રૂપ તે કીધું. બાલા કબીરજીથી કૃપાનાથ વેગલા જાણવા નહિ. વેગલા જાણે તે આંધ્ય સાખી—

"रामकबीरा एक हि चीने बिरला कोई।
अंतर त्राटी कपटकी, ताथि देसि दोई ॥ १ ॥
रामकबीरा एक हि केहेत सूनन को दोय।
एक करी सो जाणसी जाकु सद्गुरु मिलिया होय ॥ २ ॥
रामकबीरा होई रह्या कलियुग में प्रकाश।
सर्वसुख कारणे, नाम धरियो दास ॥ ३ ॥
कृष्ण कबीरा अवतरा, भगत हेत भरुआरा।
ये जुगल जोडी भज जीवणा, जे पद्मनाभ अवतारा ॥ ४ ॥

પાટણ પદ્મો અવતરો, જે ગોકુલનો કહાન ।
સુખસાગર સદા જીવણા, જે દિયો સુદામા દાન ॥ ૫ ॥
બેવહૂતિ કુ જીવણા, ભયે કપિલમુનિ અવતાર ।
દત્તાત્રય જદુ કો ભયે, પદ્મનાભ-ધનરાજ ॥ ૬ ॥
આપ આપ લિયા ઓલસી, પદ્મનાભ-ધનરાજ ।
સ્વામી સેવક મિલી જીવણા, કિયો ભક્તનકો રાજા ॥ ૭ ॥

ટીકા—પદ્મનાભજીનું રૂપ અને કબીરજીનું રૂપ તે એક તે ઇણિમેલિ

તેની સાખી—

" કબીર સ્વામી-સેવક જહાઁ નહીં, જહાઁ નહીં જપ ઔર જાપ ।
ગુણ અવગુણકી ગમ નહીં, તાહાઁ નહીં પુન્ય ઔર પાપ ॥ ૮ ॥

એ રૂપનો મેલ તેની વિગત, સ્વામીને સ્વામીનો ભાવ વરતે નહિ, તેનું રૂપ તે એક, તાહાં સાખ—

રૂપ રેખ કછુ વપુ નહીં, પેસે રઘુપતિરાય ।
પ્રસે હરિજન જીવણા, જે નામ નિરમલ જશ ગાય ॥ ૯ ॥

એ રૂપનો મેલ, ગુરુવાણીનું રૂપ તે કબીર, પદ્મનાભ તે પરમાત્માનું રૂપ. આત્માનું રૂપ તે અધ્યારુજી. તે માટે આત્મા-પરમાત્મા નિર્ગુણ વાણીનું ગૂંજ. પાટણવાડીમાંહી સમાગમ થયો. કીરતન અઠાવીસ થયાં. તેહનું જીવન વૈષ્ણવ જીવણદાસજી એ પ્રશ્ન શ્રીમુખ કહ્યું, તે લખ્યું છે, તાહાં સાખ—

કબીર સબ રગતતાના બાવતન, બ્રહે બજાવે નિત્ય ।
ઔર નો કોઈ સૂન સકે, કે સાંઈયાઁ કા ચિત્ત ॥ ૧૦ ॥

એ ગોષ્ઠ ત્રણ જણાની અધ્યારુજીની. તે માટે અધ્યારુજી તે કન્યા, પદ્મનાભ તે વર, તારી એ વરકન્યાને પરણાવી, તે આચાર જ તે કબીરજી એ ત્રણ જણાની ગોષ્ઠ—

સંતજન સમંધિ નહીં તે માંહી પ્રભા કીહ્નો,
સહસ્રનામ ગોપીચંદન તુલસી, એ ત્રિવેણીસંગમ નિત્ય ઝીલીયેા, સતસંગત, ગંગાએ સેવીયેા—

कबीर संत नदी, जल रामरस, तहाँ परवार्या अंग ।
कबीरा निर्मल जहाँ हवा, संतजना के संग ॥ ११ ॥

દોહેા—"સરસ્વતી સંજોગ આવી, તેા લાવેા સામલેા,
રાધા-વિલાસ, રખે મન રાખી આમલેા."

સાખી : **नाम हमारो जीवणा कणबी कुल अवतार ।**
सांई हमारा रामजी, सदगुरु दास गोपाल ॥ १२ ॥
सदगुरु दास गोपालजी, जनकवंश अवतार ।
रघुपति बतायो जीवणा, वृषभानसूता शणगार ॥१३॥
कृष्ण कबीरो जो तजे तो फूल न उगे सूर ।
जन कु ए व्रत जीवणा, जाके मोढे नूर ॥ १४ ॥
धरणी घर आकाश घर, अकल गति अविनाश ।
सीतापति रघुनाथ के जुग जुग जीवणदास ॥ १५ ॥
अनहद सबद जहाँ उनमनी सदा प्रेम प्रकाश ।
सीतापति के रूप पर बलि बलि जीवणदास ॥ १६ ॥

આચાર્ય :

જે કંઠી બાંધે છે, તેને 'પરથારાવાળા' કહે છે એમને સુરત બાજુના લોકો મોટે ભાગે 'બાવાજી' કહે છે. પ્રમુખ જગ્યાએ આચાર્ય હોય છે. નાના ગામોમાં પરથારા હોય છે. કેટલીક વખત એ લોકો પણ કંઠી બાંધી લે છે. આચાર્ય વિવાહ કરતા નથી. આ આચાર્યો કબીરપંથી મહંતોની જેમ ટોપી કે ભગવાં વસ્ત્રો પહેરતા નથી, પણ ગૃહસ્થો જેવાં વસ્ત્રો પહેરે છે.

પહેલાં ગુરુનો એવો પ્રભાવ હતો, કે તે સમાજની કોઇ પણ વ્યક્તિનો દંડ કરી શકતા હતા. એક ભાઈ હરિવલ્લભને બીડી પીવા માટે દંડ થયાનો દાખલો છે. લગ્નની કંકોત્રી બાવાજી મોકલે છે. સૌરાષ્ટ્રમાં પણ આ સંપ્રદાયમાં 'બાવાજી' કહેવાનો રિવાજ છે, જ્યારે કાનમવિભાગમાં 'સ્વામી મહારાજ' કહે છે.

કંઠી :

આ સંપ્રદાયનો પ્રત્યેક બાળક જન્મથી જ સંપ્રદાયનો ભક્ત છે. સવા મહિનાનો થતાં જ એને સંપ્રદાયની કંઠી બાંધી દેવામાં આવે છે. કંઠી બાંધનાર નીચેની સાખી બોલે છે.

"કંઠી બંદી છોડ કી લીજૈ શરણ તુમાર ।
દાસ નિમિત્ત કછુ ભયો, તુમ જાનો કિરતાર ॥
કંઠી તિલક ધાર કે ગ્રહો 'રામ કબીર' આધાર ।
દાસ-ગરીબી ગ્રહી રહો, ઉત્તરો ભવ જલ પાર ॥"

કંઠી સમયે 'વાણી'નું કીર્તન ગવાય છે. પ્રસાદ વહેંચાય છે. ગુરુ હોય તો તે માળા ધરાવે છે, પરથારાવાળા તુલસીનું પાન ધરાવે છે. સાંજે પરથાળાવાળાને ત્યાં 'આરતી'નું કીર્તન ગવાય છે. બિછાનું કરી બે હાથ જોડી માથું અને કમર નમાવી સાખીઓ બોલવામાં આવે છે. પછી 'રામકબીર' બોલી, 'પરચરી' બોલી સૌ વિખરાય છે. સવારે 'મંગળ આરતી' તથા પ્રભાતિયાં ગવાય છે. ભક્તે કેટલાક સ્પર્શાસ્પર્શના સામાન્ય નિયમ પાળવાના હોય છે. કોઇ અન્ય જાતિના માણસનું બનાવેલું ભોજન ન જમવું, વપરાયલાં વાસણને ન અડકવું, હાથપગ ધોઇને જમવા બેસવું, ભોજન બગાડવું નહિ, એવા કેટલાક નિયમો છે.

ઉપાસનાનું સ્વરૂપ :

આ સંપ્રદાય પર કબીર જ્ઞાનીજી તથા પદ્મનાભનો પ્રભાવ છે. ઈશ્વર એક છે, એ પરબ્રહ્મ છે, એને જ એ 'રામકબીર' કહે છે. ઉપાસનાનો માર્ગ નામસ્મરણ છે. ધનરાજે પોતાના ચતુરવદનના રાસમાં એનું સમર્થન કરતાં લખ્યું છે; "નામતણો મહિમા જેણે લીધો, નિશ્ચલવાસ પરમપદ કીધો, પીધો પરમાનંદો."

રામ સત્પુરુષ છે. કબીર રામના અવતાર છે. તેથી 'રામકબીર' કહે છે. હરિ ગુરુ અને સંતો વચ્ચે ભેદ નથી માટે હરિ-ગુરુ-સંતની અભેદ ભાવે સેવા કરવી. રામ અને કૃષ્ણમાં પણ ભેદ નથી. ગોકુળમાં જેણે ગાયો ચરાવી એ જ રામ છે. અમૂર્ત પરબ્રહ્મના એ અવતાર છે. ઈશ્વર એક હોય, તો તેની જુદી જુદી મૂર્તિ શી રીતે થાય ? માટે મૂર્તિ નથી મૂર્તિ નથી માટે હીંડોલામાં ઝુલાવાતી નથી પણ હીંડોલા ગવાય છે. આરતી થતી નથી, પણ ગવાય છે ખરી, પરબ્રહ્મ તો સગુણ-નિર્ગુણથી પર છે. પણ એ સ્વરૂપ ધરી લીલા કરે છે, તેથી રામ અને કૃષ્ણની લીલા ગવાય છે.

જીવંત સમાધિ :

આચાર્ય ક્ષિતિમોહન સેન આ સંપ્રદાયના મહંતો કચ્છના મહંતો જેવી જીવંત સમાધિ લે છે, એમ લખે છે. કચ્છના જે સંતોએ જીવંત સમાધિ લીધી હતી. તે પણ આ જ સંપ્રદાયના હતા. પદ્મનાભ-પરંપરાના અનેક સંતોએ જીવંત સમાધિ લીધાના ઉલ્લેખો મળે છે. અને તે ઠેઠ રવિ તથા ભાણ સાહેબ સુધી તેથી આગળ ખીમ અને મોરાર સાહેબની જીવંત સમાધિનાં પ્રમાણો મળે છે. એ એક ઐતિહાસિક હકીકત છે.

રવિસાહેબ સમાધિ લેવા પોતાના શિષ્ય મોરારને ત્યાં જામખંભાલિયા જવા નીકળ્યા હતા. રસ્તે ભાન જતું રહ્યું હતું, પરંતુ ખંભાલિયા પહોંચ્યા પછી હોશમાં આવી ૧૮૬૦માં જીવંત સમાધિ લીધી, ત્યારે મોરાર સાહેબે કહ્યું હતું.

" सद् गुरु मोरे आइया मंगल वाजे ही द्वार ।
अबोल हुई हरि सो गये, वो नहीं माने मोरार ॥ "

વડ અને તુલસીનું મહત્ત્વ :

વડ અને તુલસીના વૃક્ષને આ સંપ્રદાયમાં ઘણું મહત્ત્વ અપાયું છે. આમ તો કબીર સાહેબના ચરણોદક દ્વારા નવપલ્લવિત થયેલો કબીરવડ આ સમાજ માટે અત્યંત આદરણીય છે. આ કબીરવડની પરંપરામાં દૂધરેજમાં મહંતશ્રી વટપ્રજ્ઞદાસે વડની સ્થાપના કરી હતી. અહિર કન્યાઓ એને રોજ દૂધથી અભિષેક કરતી, આજે એ ઘેઘૂર વડ બન્યો છે. અને આશ્રમ 'વટપત્યાશ્રમ' તરીકે ઓળખાય છે.

આ સંપ્રદાયની ગાદીનાં સ્થાનોમાં વાડીની રચના અવશ્ય હોય છે. પાટણમાં પદ્મનાભની 'પદ્મવાડી' આજે પણ છે. સંપ્રદાયમાં એ વાડીનું ઘણું મહત્ત્વ છે. પદ્મનાભે ધનરાજ સાથે મળીને એ વાડીની રચના કરી હતી, મુંબઈમાં પણ 'કબીરવાડી' છે. તેવી જ વાડીઓ કાનપુરમાં શાહપરા, પુનિયાદ વગેરે સ્થળે છે. એક સ્થળ તો એ વાડી પરથી 'પણસવાડા' તરીકે ઓળખાય છે.

એ વાડીઓમાં સંતોની સમાધિઓ પર તુલસીક્યારા હોય છે. એવાં તુલસીક્યારાઓ જ્ઞાનીજીની સમાધિ પર, પુનિયાદની વાડીમાં, શેરખીના મંદિર પાછળની વાડીમાં, દરાદરામાં તથા બીજે અનેક સ્થળે છે. પાટણની વાડીમાં માટીના

ક્યારા હતા. એ તુલસીક્યારા હતા, એ ભુલાઈ ગયું છે અને લોકો એને માત્ર 'ક્યારા' જ કહે છે. એ કોઈની સમાધિ પર હતા, એ વાત પણ ભુલાઈ ગઈ છે. પણ ધનરાજે એમાં તુલસી વાવી હતી. તુલસીનો ઉલ્લેખ કબીરવાણીમાં પણ છે.

" आसपास तुलसीका बिरवा, मांही द्वारिकां गांऊ रे।
तहाँ मेरो ठाकुर रामराय है, मगत कबींरा नाऊं रे॥

દ્વારકાંની આસપાસ તુલસીનાં ઝૂંડ વિશે બીજે ક્યાંય ઉલ્લેખ થયો હોય એમ જાણ્યું નથી. જ્યારે 'પદ્મવાડી'માં ઝૂંડનાં ઝૂંડ હતાં. પદ્મનાભને વિશ્વનો અવતાર માનનાર લોકોએ જીયાને 'દ્વારકા' અને અંદરના એક કૂવાને 'ગોમતીકૂપ' કહેતા. આ ઉલ્લેખ આ જીયાને કેટલો બંધ બેસતો છે? આજે પણ તે જગ્યાએ એ કૂવો છે, અને આજે પણ એને 'ગોમતીકૂપ' કહે છે, મેળાને દિવસે લોકો એ પવિત્ર જળથી સ્નાન કરે છે.

નિષેધ :

દરેક સંપ્રદાયમાં વિધિ અને નિષેધ હોય છે. એમાં ગુરુનું દૃષ્ટિબિંદુ સમજવું ખૂબ જરૂરી હોય છે. નહિ તો વગર સમજે જેમ ભક્તિનું મહત્ત્વ નથી તેમ વિરોધનું મહત્ત્વ પણ નથી. ઉદાહરણ સ્વરૂપ આ સંપ્રદાયના કબીર-જ્ઞાની તથા જીવણજી જેવા સંતોએ શાક્તોનો વિરોધ કરી એમની સાથે સંબંધ નહિ રાખવા ઉપદેશ કર્યો હતો.

" सलील साकुतां ब्राह्मणा, सो खड़े मेलामेल।
ओ बने नहीं जीवणा, एरंडिया फूलेल॥"

જીવણજીની આ ભાવના કબીરની પરંપરિત ભાવના છે; એનું કારણ શાક્તોની હિંસાવૃત્તિ હતી. શાકતો શક્તિની પૂજા કરતા, તેથી નહિ પણ હિંસા કરી પ્રાણીઓની બલિ ચઢાવતા, એનો વિરોધ છે. કારણ કે એમ તો શૈવો શિવની પૂજા કરતા હતા. પણ કબીરે તેમનો આવો વિરોધ કર્યો નથી. એટલે આપણે એ વાત સમજવી જોઈએ કે શાક્તોનો વિરોધ એમની હિંસાને લીધે હતો. એવોજ એ યજ્ઞ બલિનો વિરોધ ભગવાનબુદ્ધે પણ કર્યો હતો. કબીરે એવી હિંસા માટે મુસલમાનોની ટીકા પણ કરી છે કે દિવસમાં રોજા રાખે અને રાત્રે ગાયની કતલ કરે, એ કંઇ પ્રાર્થના નથી અને એનાથી ખુદા ખુશ થતા નથી.

એજ પ્રમાણે બ્રાહ્મણોનો વિરોધ એમના કર્મકાંડને લીધે હતો. કબીર કર્મકાંડનો વિરોધ કરે છે, તેથી કર્મકાંડના અને સ્પર્શાસ્પર્શના સમર્થક બ્રાહ્મણનો વિરોધ કરે છે. બ્રાહ્મણ ત્યારે જાતિભેદનો સમર્થક પણ હતો. કારણ એની જાતિ શ્રેષ્ઠ ગણાતી હતી. એટલે આપણો મૂળ વિરોધ કર્મકાંડ, સ્પર્શાસ્પર્શની તથા જાતિભેદની ભાવના પ્રત્યે હોવો જોઈએ. એ કર્મકાંડ ખાતર કબીરે કાઝી-મુલ્લાનો પણ વિરોધ કર્યો હતો. એટલે આ સંપ્રદાયની જે મૂળ વિશેષતા છે તે એ છે કે એમાં લગ્ન, મૃત્યુ, શ્રાદ્ધ તથા યજ્ઞાદિનાં કર્મકાંડ નથી, હોમહવન નથી. ઉદ્ધારધર્મભજન સાગર (પા. ૯) માં નિષેધની જે સૂચિ છે, તે આ પ્રમાણે છે; "તપ નહિ, તીર્થ નહિ, વ્રત નહિ, યોગ નહિ, યજ્ઞ નહિ, ધ્યાન નહિ. મૌન નહિ, અર્ઘ્ય નહિ, અધ્યાપન નહિ, હોમ નહિ, આરાધના નહિ, શ્રાદ્ધ નહિ, બ્રાહ્મણ નહિ, ગ્રહશાંતિ નહિ, વિધિ નહિ, કર્મકાંડ નહિ અને ગ્રહ-જાપ નહિ."

આ સંપ્રદાયમાં જીવણજીએ જુદાં જુદાં દેવદેવીઓ પૂજા કરવાને બદલે જે ગોકુલમાં ગાય ચરાવે છે એ રામનામનું

ભજન કરવાનું કહ્યું હતું, એટલે એમને રામકૃષ્ણ વચ્ચે પણ કોઈ ભેદ ન હતો. અનન્યભક્તિમાં જે દેવની ભક્તિ કરતા હોય, તેથી જુદા બીજા દેવની ભક્તિ થાય નહિ; પણ આ સમાજમાં રામ સાથે કૃષ્ણની લીલા પણ ગવાય છે એનું કારણ એ જ છે કે એ બન્ને વચ્ચે કોઈ ભેદ નથી. આમ તો ઈશ્વર એક હોવાથી કોઈ પણ દેવ કે દેવી વચ્ચે જુદાઈ નથી. **सर्वदेव नमस्कारम् केशवं प्रति गच्छति** । માટે દેવ કે દેવીના નામની ખેંચતાણ ખોટી છે.

દરેક સંપ્રદાયમાં પોતાનું વિશિષ્ટ પ્રકારનું તિલક અને માળા યા કંઠી હોય છે તેમ આ સંપ્રદાયમાં પણ છે. પરંતુ સંતોએ પોતાના અનુયાયીઓને ચેતવી દીધા છે કે આ માળા વગેરે વેશ તો સાબરનાં શિંગડાં જેવો છે, એમ શ્રી જીવણજી મહારાજ કહી ગયા છે. ભૂતકાળમાં દ્વાપરયુગમાં તિલક તુલસીના આધારે લોકો તરી જતા હશે, પણ કલિયુગમાં તો એક માત્ર નામનો જ આધાર છે.

" तुलसी तिलक भरोंसे तरे, ते जुग तो कोई ओर ।
अब कलजुग कहे सून 'जीवणा' मेरे 'नाम' विना नहीं ठोर ॥"

માળા એ સાધન છે. એનાથી જપનો એક ક્રમ સચવાય છે. કેટલા જપ થયા, તેનું જ્ઞાન રહે છે, પણ એ સાધ્ય નથી; સાધ્ય હરિનું કોઈ પણ 'નામ' છે. એ નામ પણ પરમશક્તિનું એક પ્રતીક માત્ર છે, એટલે કોઈ પણ નામ તમને એ પરમ-શક્તિ પાસે પહોંચાડે છે. એ પરમતત્ત્વ જ આપણું સાધ્ય હોવું જોઈએ. આપણે ભૂલમાં એને બદલે જો માળાને સાધ્ય સમજી બેસીએ, તો આપણે રસ્તો ભૂલ્યા છીએ. કબીર સાહેબે માળાનો વિરોધ નથી કર્યો. પણ ચેતવણી આપતાં કહ્યું છે કે

"હાથમાં માળા ફરે, મુખમાં જીભ 'રામ' 'રામ' બોલે, અને મન તારું ચારે દિશામાં દોડે, તો એ સ્મરણ નથી. એવા મણકા ફેરવતાં તો તારા યુગ વીતી જશે, પણ તારું મન બદલાય નહિ, તો હાથના મણકા ફેંકી તું મનના મણકા ફેરવ."

ઉદાસંપ્રદાયના ભજનસંગ્રહો :

આ સંપ્રદાયમાં ભજનોને ઘણું મહત્ત્વ છે, એ ભજનો પસંદ કરવામાં પહેલાંનાં લોકોએ કોઈ ભેદભાવ રાખ્યો નથી. કબીર, સૂર, તુલસી, મીરાં તથા નરસિંહ મહેતાનાં પદો સવિશેષ પસંદ થયેલાં છે, એ ઉપરાંત પણ ગુજરાતના અનેક ભક્ત કવિઓનાં સગુણ અને નિર્ગુણ ભક્તિનાં પદો સંગૃહિત થયેલાં છે. પરંતુ આજે વ્યવહારમાં સુરતમાં 'રામકબીર ભક્ત-ભજન સંગ્રહ' અને પુનિયાદમાં **'उदा धर्म पंचरत्न माला'** નામના સંગ્રહોને સ્વીકારવામાં આવે છે

'રામકબીર ભક્તભજન સંગ્રહ'ની પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૧૪માં સુરતના બેગમપુરા, ખાંગડશેરી વાળા રામકબીર મંદિરે પ્રકાશિત કરી. એમાં ૮૫૭ પદો સંગૃહિત છે. એમાં જ્ઞાનગોદડી, શબ્દપારખી, ગોડી, આરતી તથા બેઠકનાં પદો છે. અધ્યારુજીનાં ૨૮ કીર્તનો પણ છે, ધોળ અને મંગલનાં પદો સાથે અંતિમ સમયે ગાવાનાં પદો છે, આ પદો કાનડો, કલ્યાણ, સોહિણી, કાફી, કાલેરા, બિહાગ, સોરઠો, કેદારો, ધનાશ્રી, પંચમ, મેવાડો, દેવગાંધાર, બિલાવલ, ટોડી સારંગ, આશાવરી, વસંત તથા મારુ રાગમાં ગવાય છે.

उदाधर्मपंचरत्नमालानું પ્રથમ પ્રકાશન પુનિયાદ ગાદીના સ્વામી શ્રી જગન્નાથ રુઘનાથદાસ દ્વારા થયું હતું. એની બીજી

આવૃત્તિ સ્વામી શ્રી યદુનાથજી દ્વારા અને ત્રીજી આવૃત્તિ સં. ૨૦૨૪માં સ્વામી શ્રી જગદીશચંદ્રજી દ્વારા પ્રકાશિત થઈ. આમાં ૧૦૪૨ પદો છે. એમાં કબીરનાં ૧૬૩ અને નરસીંના ૨૧૩ પદ છે. કબીરનાં કેટલાંક ગુજરાતી પદો પણ છે. અધ્યારુજીનાં કીર્તન, ઉપરાંત જ્ઞાનમહિમા તથા કૃષ્ણ પરિચરિ છે. જન્મસમાનાં તથા અંત સમાનાં પદો પણ છે. તથા અનેક રોગોનાં સમાસમાનાં પદો છે.

ઉદાધર્મની પ્રચાર-પત્રિકાઓ :

૧. કબીરવાણી—તંત્રીશ્રી, ચંપકલાલ ધી. ભક્ત, સ્યાદલા
(જિ. સૂરત)
૨. જીવણવાણી—તંત્રીશ્રી જગમોહનભાઈ શા. ભક્ત,
ભગવાનપુરા (જિ. વડોદરા)
૩. ભક્તવાણી—તંત્રીશ્રી ઈશ્વરભાઈ ભક્ત, અમેરિકા.
૪. રામકબીરવાણી—તંત્રીશ્રી જગજીવનભાઈ રો. ભક્ત,
કરજણ (વડોદરા)

ઉદા-સંપ્રદાયના સંત-કવિઓ :

સંત કવિ જીવણજી :—આ શાખાના મૂળ સંસ્થાપક જીવણજી મહારાજ કવિ પણ હતા. હિન્દી ભાષામાં એમણે ૧૦૩૩ સાખીઓ જુદાં જુદાં અંગોમાં લખી છે. ગુજરાતીમાં એમણે ૧૭૨ દોહા લખ્યા છે. ભક્તમાલની પ્રિયાદાસની ટીકા પર સંભવત: એમણે લખેલું માહાત્મ્ય મળે છે. એમની પદ-રચના પણ હોવી જોઈએ, પરંતુ તે પ્રાપ્ત થતી નથી.

સંત કવિ નહાનાદાસ :

સંપ્રદાયમાં એમને 'નાના પારેખ' તરીકે ઓળખે છે, પરંતુ ગુજરાતી સાહિત્યમાં એ 'નાનાદાસ' ના નામથી જાણીતા

છે. બૃહદ્ કાવ્યદોહનમાં એમનાં પદો સંકલિત થયેલાં છે. એમ કહેવાય છે કે એ જીવણજી મહારાજના પૌત્ર દ્વારકાંદાસના શિષ્ય હતા. એમનો જન્મ દરાપરા (તા. પાદરા) માં પાટીદાર જ્ઞાતિમાં થયો હતો. એ ગામની એક સ્ત્રીભક્તને ભગવાનની ઝાંખી થઈ, તે એમણે રસ્તે જતાં જોઈ હતી, એટલે એ પણ ભક્તિમાર્ગ તરફ વળ્યા હતા અને દ્વારકાંદાસના શિષ્ય બન્યા હતા. હિન્દી ભાષામાં એમણે ૨૪૯ સાખી અને ૨૬ પદ લખ્યાં છે, તથા ગુજરાતીમાં પણ ૧૧ પદ, માનસિક પૂજા તથા જીવણજી મહારાજના સ્વધામ-ગમન સમયનું વર્ણન લખ્યું છે.

સંત કવિ દયાળદાસ :

સંત કવિ હાનાદાસના પરિવારમાં એ રતનજી ભાણજીના પુત્ર થાય છે. વડોદરાના દાળીયા કુટુંબના મૈયાભાઈના મંગાભાઈ તેના ભાણજી, તેના રતનજી, તેના પુત્ર તે દયાળદાસ સ્યામદાસ અને કેશવદાસ નામના એમના બે ભાઈ હતા. એમની પુત્ર-પરંપરામાં લાલદાસ-તેના વૃંદાવનદાસ-તેના દ્વારકાંદાસ-તેના ઝવેરભાઈ-તેના મણિલાલ અને ઈશ્વરભાઈ એ બન્ને ભાઈ ઓના પરિવાર છે. એમણે હિન્દીમાં ૩૦૯ સાખી, ૫૪ પદ તથા ૨ કવિત લખ્યાં છે, તદુપરાંત એમણે જીવણજીની ગુરુ-પ્રણાલિકા તથા વ્રજમાહાત્મ્ય પણ લખ્યાં છે.

પુનિયાદ ગાદીની પ્રણાલિકા :

જીવણજી પછી પુનિયાદની ગાદી પર એમના પુત્ર સ્યામદાસજી ગુરુપદે આવ્યા. જીવણજીને સ્યામદાસ, નારણદાસ, અક્ષયદાસ, વસંતદાસ તથા ગોવિંદદાસ નામના પાંચ પુત્રો હતા. એમાંના ગોવિંદદાસ અને વસંતદાસ તાંજલદા અને નાના અમાદરા ગામમાં રહી ભક્તિનો પ્રચાર કરતા હતા. તે ગામની ભાગોળે

એમનું સ્મારક તુલસી ક્યારો છે. અક્ષયદાસ (હરખજી) વિશે માહિતિ મળતી નથી.

સ્યામદાસ જ્ઞાની હતા. એમને ખેતીનું જ્ઞાન પણ સારું હતું. લોકોની સેવા કરતા. પાનબાઈ સાથે એમનું લગ્ન થયેલું. વૈદકનું જ્ઞાન હોવાથી રોગીઓને દવાઓ આપતા. એમ કહેવાય છે કે રાધાજીએ એમને દર્શન આપી 'સ્યામભોગ' બનાવવા કહેલું, એમને દ્વારકાંદાસ, રામદાસ અને ગોકુળદાસ નામના ત્રણ પુત્રો હતા. એમના પછી એમના મોટા પુત્ર દ્વારકાંદાસ ગાદીએ આવ્યા.

દ્વારકાંદાસનું લગ્ન કૂલબા સાથે થયેલું. એમને પણ બે પુત્રો અને એક પુત્રી સ્યામબાઈ હતાં. એમના પછી એમના મોટા પુત્ર રાઘવદાસજી ગુરુપદે આવ્યા. સંતકવિ નાનાદાસ દ્વારકાંદાસજીના શિષ્ય હતા. રાઘવદાસ જ્ઞાનગુણનો ભંડાર હતા. સંતકવિ દયાલદાસ અને રાઘવદાસજીના શિષ્ય હતા.

રાઘવદાસના સમયમાં ભકતસમાજમાંથી ઘણા યાત્રાસંઘો નીકળ્યા હતા, એમ કહેવાય છે, કે મારવાડયાત્રા સમયે એક ઠાકોર ગુમાનસિંહે સંઘને લૂંટવા પ્રયત્ન કર્યો, ત્યારે એણે રામ-લક્ષ્મણને એની રક્ષા કરતા જોયા હતા. પછી એણે દીક્ષા લઈ લીધી આજે એના વંશજો ઝુલાણામાં છે. બીજો ચમત્કારનો પ્રસંગ જગન્નાથપુરીમાં બનેલો, ત્યાં પોતે અલગ હાંડો ચઢાવેલો, એનો પ્રસાદ જગન્નાથજીએ સ્વીકારેલો, તેના પ્રમાણરૂપે હાંડામાં તુલસીનું પાન પડેલું. કહેવાય છે કે એ પછી આ ભકતોનો અલગ હાંડો ચઢે છે, તેનો ઉલ્લેખ મંદિરમાં તામ્રપત્રમાં છે. એમને સુંદર બા, એનજી બા તથા દ્રૂધી બા નામની ત્રણ પત્નીઓ હતી. સુંદરબાથી એમને બે પુત્રો વિશ્નુદાસ

અને વિઠ્ઠલદાસ તથા પુત્રી રાધાબાઈ થયેલાં. એમના પછી વિશ્રનુદાસ ગુરુપદે આવ્યા.

વિશ્રનુદાસને વસંતદાસ અથવા વૈષ્ણવદાસ પણ કહ્યા છે. એ પરોપકારી સંત હતા. કુંવારી માતા બનવાની સ્થિતિમાં કૂવે પડી આત્મહત્યા કરવા ગયેલી બ્રાહ્મણ કન્યા વાસંતીને એમણે બચાવેલી. તથા એના એ પુત્રને કાશીમાં શિક્ષણની વ્યવસ્થા કરેલી જે અનંત શાસ્ત્રીના નામથી કાશીમાં પ્રસિદ્ધ થયેલો. વસંતદાસના નાના ભાઈ વિઠ્ઠલદાસે હાંસાપૂરામાં જુદી ગાદી સ્થાપેલી, જે હાલ બોડેલી (તા. સંખેડા)માં છે.

એમના પછી એમના પુત્ર નરસિંહદાસ ગુરુપદે આવેલા. ગાયકવાડનો વિશોજીરાવ નામનો સૂબો તપાસાર્થે આવેલો ત્યારે એમ કહેવાય છે કે નરસિંહદાસની ગેરહાજરીમાં કોઈ અનામી પુરુષે એને જવાબ આપેલા. તેના સ્પર્શથી સૂબાનો ક્રોધ દૂર થયેલો. જે આસન પર તે અનામી પુરુષ બેઠેલા તે આસન આજે ગાદી પર છે અને તેની પૂજા થાય છે. ગાદી પૂજનનો પ્રારંભ ત્યારપછી થયો. વસંતદાસના વખતમાં એક મોટો ધર્મ-મેળો ૧૮૫૬માં ભરાયેલો. સાત દિવસ એ મહોત્સવ ચાલેલો. પાવાગઢના પૂજારીના મૃત પુત્રને સજીવન કરી ત્યાં થતો પશુવધ એમણે બંધ કરાવેલો, એમ કહેવાય છે.

નરસિંહદાસ પછી એમના પુત્ર ભગવાનદાસ ગુરુ ગાદીએ આવ્યા. એમની પાસે સુવર્ણસિદ્ધિ હતી, એમ કહેવાય છે. કોઈ કાયસ્થવણિકને જીવ બચાવવા એ બતાવેલી. મહારાજા સયાજીરાવે એ સિદ્ધિની માગણી કરેલી અને તેની ના પાડતાં ભગવાનદાસને કેદ કરેલા, ત્યાંથી છૂટી એ પાવાગઢ ગયેલા. એક અધિકારી ગણપતરાવને દરમ્યાનગીરી કરી મુક્ત કરાવેલા.

અનંત શાસ્ત્રીએ એમની સમ્મતિથી માતૃઋણ અદા કરવા વાડીમાં ઘાણું બંધાવેલું.

એમના પછી રઘુનાથદાસ ગુરુ ગાદીએ આવ્યા. એમના સમયમાં ચીભડાંની ચોરીનો એક પ્રસંગ બન્યો હતો. સામાન્ય રીતે કોઈ પણ વસ્તુ ભોગ લગાવ્યા વિના કોઈ ખાતું નહિ. બેતરમાં થયેલાં ચીભડાંનો ભગવાનને ભોગ ધરાવવાનો હતો, એની આગલી રાતેજ કોઈ ચોરી ગયું. તપાસ કરતાં ભાણા નામના ભકત નીકળ્યા. એમ કહેવાય છે કે ભાણાને બીજે દિવસે વાઘે ઘાયલ કર્યો હતો. રઘુનાથદાસનાં વિધવા પત્ની ફૂલબાએ બે વખત યાત્રાના સંઘો કાઢ્યા હતા, એમ કહેવામાં આવે છે.

રઘુનાથદાસ જ્યારે સ્વધામ પધાર્યા ત્યારે એમના પુત્ર જગન્નાથજીની ઉમર માત્ર પાંચ વર્ષની હતી. જગન્નાથજીના સમયમાં પણ પુનિયાદમાં સં. ૧૯૩૧માં ધર્મપરિષદ ભરાઈ હતી. એમણે સંપ્રદાયનાં ભજનોનો સંગ્રહ 'ઉદ્ધાધર્મ પંચરત્નમાળા' નામથી પ્રકાશિત કરેલો, જગન્નાથજીના સ્વધામગમન સમયે એમના પુત્ર યદુનાથજીની ઉમર માત્ર સાત વર્ષની હતી. એમણે ભકતસમાજમાં રામધુન મહોત્સવ કરી નામભકિતનો પ્રચાર કરેલો, એ ધર્મનાં વિભિન્ન તત્ત્વો પર ઊંડાણથી ચર્ચા કરતા. એમના સમયમાં 'ઉદ્ધાધર્મપંચરત્નમાળા'ની બે આવૃત્તિઓ છપાઈ.

વર્તમાન ગાદીપતિ શ્રી જગદીશચંદ્રજી છે. એમણે સંસ્કૃત સાથે એમ એ. થઈ કાયદાનો અભ્યાસ પણ કરેલો છે, ભકત-સમાજમાં ધર્મનું સ્વરૂપ સમજાય. એ માટે એમણે 'જીવણવાણી' નામનું મુખપત્ર શરૂ કર્યું છે.

જીવણજી મહારાજના એક શિષ્ય કૃષ્ણદાસે વિજાપુર તાલુકાના આગલોડ ગામે ગાદીની સ્થાપના કરી હતી, એ જગ્યા જીર્ણાવસ્થામાં છે. એ પરંપરાના સંત વૃંદાવનભાઈ જોષી એ ગાદીને સરદારપુર લાવેલા એમ કહેવાય છે.

તેવી જ રીતે સુરતમાં જીવણજીના શિષ્ય સોની કેશવદાસ ઝાડેશ્વરીઆએ ગાદીની સ્થાપના કરી હતી. એના પૌત્ર નરસિંહદાસે ગાદી છોડી પછી એ ગાદી પર શિષ્ય-પરંપરાનો પ્રારંભ થયો, એમ કહેવામાં આવે છે. પ્રાચીન હ. લિ. પ્રતિને આધારે જે પરંપરા પ્રાપ્ત થાય છે, તે દ્વારકાંદાસથી પ્રારંભ થાય છે.

કબીરપરા, ભરૂચમાં ગોપાલદાસની એક પરંપરા મળે છે. પરંપરાના સંત દ્વારકાંદાસના શિષ્ય નાનાદાસે (નાખા પારેખ) દ્વારપરામાં સ્થાન બનાવ્યું હતું. સંતદાસે પણસવાડામાં ગાદી સ્થાપી હતી, પરંતુ એ પરંપરાના એક મહંત ગોરધનદાસ દુરાચારી નીકળતાથી એની જગ્યાએ ગુરુગાદી સાંઝાથી જુગલદાસની નિયુક્તિ થઇ હતી. સંતદાસના પુત્ર વિશ્નુદાસે પાછી આપવામાં સ્થાન બનાવ્યું હતું.

ભક્તસમાજ :

રામકબીર-સંપ્રદાય જ્ઞાનીજીના સમયમાં સમસ્ત ગુજરાતમાં પ્રચાર પામ્યો હતો. અને આજે પણ કચ્છ અને સૌરાષ્ટ્રમાં વિવિધ જાતિઓમાં એનો પ્રચાર છે. દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં એ પાટીદારોમાં સવિશેષ પ્રવર્તે છે, અહિં સંપ્રદાયના

નોંધ : જીવણજીના પૌત્ર દ્વારકાંદાસના શિષ્યો સંતકવિ દયાળદાસની લખેલી 'ગુરુ પ્રણાલિકા'નો આધાર લેવામાં આવ્યો છે.

અનુયાયીઓને 'ભક્ત' કહેવામાં આવતા હોવાથી એ લોકો ભક્ત પાટીદાર તરીકે ઓળખાય છે. રહેણી કરણી તથા આચાર વિચારની શુદ્ધતા તથા મર્યાદાને લીધે બીજા પાટીદારોથી એ જુદા પડે છે અને આ પ્રદેશમાં તો આ સંપ્રદાય એ માત્ર ભક્ત સમાજનો જ સંપ્રદાય હોય એમ લાગે છે. એમને ઉદ્ધાભક્તો પણ કહેવામાં આવે છે.

ગુજરાતમાં પાટીદારોની લેઉઆ, કડવા, આંજણા, ચોધરી વગેરે જાતિઓ છે. કાનમ તથા **વાંકલ** પ્રદેશના આ પાટીદારો લેઉઆ છે. એમનો મુખ્ય ધંધો ખેતી છે. પરિવાર મોટો થતાં અને જમીનો ટૂંકી પડતાં જ્યાં જમીન મળે, ત્યાં એ લોકો સ્થળાંતર કરી જાય છે, સૂરત જિલ્લાના લેઉઆ પાટીદારો લગભગ ૬૫૦ થી ૪૦૦ વર્ષ પહેલાં ચરોતરમાંથી સ્થળાંતર કરી દક્ષિણમાં ગયેલા છે. સ્થળાંતરનું કારણ પણ એ જ હતું. ત્યાં ટીંબા, દીગસ, સામપોરા, સરભોણ, નીઝાર, તેલ ડી, ધામણ, સરઈ વગેરે ગામોમાં નિવાસ કર્યો હતો.

શ્રી જીવણજી મહારાજ એ જ જ્ઞાતિના હોવાથી એમાં સંપ્રદાયનો પ્રચાર સવિશેષ થયો. એ પહેલાં આ લોકો પણ દિવાસો, નાગપંચમી, શીતળાસપ્તમી જેવા તહેવારો ઊજવતા અને દેવ દેવીઓની પૂજા કરતા. જીવણજી મહારાજના પ્રભાવથી એ બધું છોડી આચારશુદ્ધિ અને ભજનકીર્તન તરફ એ સૌ વળ્યા હતા.

ધરમપુર, વાંસદા, રાજપીપલા છોટાઉદેપુર તથા ઈડર રાજ્યનાં જંગલો કાપી ત્યાં જમીનો ખેડી એમણે વસવાટ કર્યો હતો. રાજપીપલાના એ પ્રદેશને હજી પણ 'નવી વસાહત'

તરીકે લોકો એ ળખે છે. સુરતના રામકબીર મંદિરમાં તા. ૧૮-૮-૬૩ ના રોજ મળેલી એ સમાજની સભાએ એનો વધુ વિકાસ કરવાનો ઠરાવ કર્યો હતો.

આચારશુદ્ધિ :

આ સમાજની આચાર શુદ્ધિ માટે બેમત નથી વિદ્વાનોએ પણ એની નોંધ લીધી છે. આચાર્ય ક્ષિતિમોહન સેને એમની સંકુચિતતા અને સ્પર્શાસ્પર્શની ટીકા કરી છે, પણ એમના સુચિતાવાદની સરાહના કરી છે. કબીરપંથના વિદ્વાન સ્વ. શ્રી બ્રહ્મમુનીજી મુનિએ પોતાના સંસ્કૃત ગ્રંથ **सद्गुरु श्री कबीर चरितम्** (પાન ૨૫૪) માં લખ્યું છે કે રામકબીરવાળાઓમાં આચારશુદ્ધિ અને સત્યપરાયણતા હોય છે.

સામાન્ય વ્યવહારમાં આ લોકો પ્રામાણિક અને નીતિમાન હોય છે. શિષ્ટાચાર પણ પાળે છે. નમ્રતા એમનો વિશેષ ગુણ છે. દુર્જનોનો સંગ કરતા નથી. શરાબને તો અડતા પણ નથી. કબીર સાહેબના કેટલાક આદેશોને એમણે પોતાના જીવનમાં ઉતાર્યા છે. બીડી જેવા સર્વ સાધારણ વ્યસનનો પણ આ લોકોમાં સામાજિક બહિસ્કાર હતો, અને પીનારાને દંડ પણ કરવામાં આવ્યો હોય એવા દાખલા બન્યા છે. હજી પણ આ નિયમભંગના અપવાદોજ જોવા મળે છે.

એમનામાં કોઈ સંઘર્ષ કે મતભેદનો પ્રસંગ બને, તો કોર્ટમાં જવાને બદલે સ્થાનિક લવાદો દ્વારા ઉકેલ લાવવાની સામાન્ય પ્રથા છે. અને 'રામકબીર' શબ્દથી ઘણી ગૂંચો ઊકલી જાય છે.

આ લોકો જીવનમાં ખડતલ, પરિશ્રમી અને સાહસિક છે. અનેક જગ્યાએ એમણે જંગલમાં મંગલ બનાવી દીધું છે. આ બધી વસાહતો એમની સાહસિકતાનો પુરાવો છે. જૂના માણસો વિદેશગમનને ભ્રષ્ટાચાર ગણતા હતા, પરંતુ હવે આ સમાજના હજારો લોકો વિદેશમાં છે. આ પ્રવૃત્તિ સુરત તરફના લોકોમાં સવિશેષ છે.

એમનું જીવન સાદું છે. સુરત તરફ બારડોલી–સત્યાગ્રહની અને ગાંધીજીની અસર છે. મોટા ભાગે ખાદી પહેરે છે. સાદાઈ અને ગરીબીને કબીર સાહેબે એમને દીક્ષાની ગળથુથીમાં પાઈ હતી, એમ જણાય છે.

પરમારથ અને બંદગી :

સતકબીર સંપ્રદાય (કબીરપંથ)માં ઘાસનું તણખલું દીક્ષા સમયે આપવામાં આવે છે, એ કબીરે ' **पाँव तलेकी घास** ' કહેલું. તેની નમ્રતા અને ગરીબાઈનું સૂચક છે. આ સંપ્રદાયમાં પણ બંદગી અને ગરીબી પ્રત્યેની હમદર્દીનો ઉપદેશ છે. તુલસીદાસે જેમ કહ્યું હતું કે બીજાના કલ્યાણ જેવો કોઈ ધર્મ નથી. " **परहित सरिस धरम नहीं माई।** ' તેમ કબીરે કમાલને જે બે વાત શિખવી હતી, તેમાં પણ સાહેબની બંદગી અને ભૂખ્યાં ને ભોજનનો ઉપદેશ હતો. કબીર સાહેબનો બંદગી અને પરમાર્થનો ઉપદેશ એમના શિષ્ય પદ્મનાભે પોતાના શિષ્ય લોચનદાસને પણ આપ્યો હતો. લોચનદાસે પોતાની વાણીમાં એનો ઉલ્લેખ કર્યો છે.

" **पद्मनाभ लिखाइया संप्रदाय की टेक ।**
परमारथ अरु बंदगी ' लोचन ' यही विवेक ॥ "

સંત લોચનદાસે પોતાના શિષ્યોને પણ એ જ પ્રેમ, દયા અને બંદગીનો ઉપદેશ આપ્યો હતો.

" लोचन कहे पुकार के रखो साहबसे प्रीत ।
दया गरीबी बंदगी, जैहो भनजल जीत ॥ "

આજે પણ સંપ્રદાયમાં કંઠી દીક્ષા વખતે બોલાતી સાખીમાં સેવા અને ગરીબીનો જ ઉપદેશ અપાય છે.

" कंठी तिलक धारके गहो 'रामकबीर' आधार।
दास-गरीबी गही रहो उतरो भवजल पार ॥ "

ઉદાધર્મપંચરત્નમાલા (પા ૧૫)

કબીરની જેમ એ લોકો પરિશ્રમની સાથે ભજન કરે છે. સામાન્ય રીતે સવારે વહેલા ઊઠે છે. નિત્યપ્રતિ સવાર સાંજ પ્રાર્થના કરે છે. આરતી ગવાય છે. આરતી ફેરવાતી નથી કારણ કે સામે મૂર્તિ નથી, અંતરના આતમરામની આરતી ગાય છે. ઘણાખરા ધનરાજનાં પદોનો પાઠ પણ કરે છે 'રામકબીર' શબ્દનો પાઠ પણ કેટલાક કરે છે. સત્સંગ અને સંકીર્તન એમના દૈનિક જીવનમાં અને સામાજિક જીવનમાં વણાઈ ગયાં છે. ઉત્સવોમાં પણ કીર્તન ને સર્વાધિક મહત્ત્વ અપાય છે.

સામૂહિક ભક્તિ :

ગૃહસ્થ ધર્મના પાલન સાથે એ લોકો ભક્તિ કરે છે. ઈશ્વરની પ્રાપ્તિ માટે ગૃહસ્થીને પણ ત્યાગીના જેટલો જ અધિકાર છે. સમાજથી દૂર રહી સમાજ પાસે માગી ભેટ ભરી પ્રાર્થના કરવાને બદલે સમાજમાં રહી પરિશ્રમ કરી કોઈને ઉપયોગી થઈ શકાય એ રીતે જીવી ભક્તિ કરવામાં વધુ કસોટી રહેલી છે. 'સંસારમાં સરખો રહે મન મારી પાસે'ની જેમ જલકમલવત્ રહેવું એ જ મહત્ત્વનું છે.

આ લોકો ચુસ્ત નિરામિષભોજી છે. કર્મે અને વિચારે અહિંસક છે. અતિથિસત્કાર માટે પ્રસિદ્ધ છે. સંતસાધુને અન્નદાન કરે છે. સૌરાષ્ટ્રનાં સ્થાનોમાં અન્નદાનની વ્યવસ્થા હોય છે. ગૃહસ્થીઓ આતિથ્ય કરી કૃતકૃત્યતા અનુભવે છે. સૌરાષ્ટ્રમાં એને રામરોટી કહે છે. પહેલાં સંતો રોટી માગી લાવી સાધુઓને જમાડતા. હવે ઘણી જગ્યાએ અન્નક્ષેત્રો ખૂલી ગયાં છે. એવા અનેક દાખલા છે કે દુષ્કાળનાં સમયમાં એ આશ્રમોમાં સાધુઓ દિવસ બધો રોટલા ઘડતા ને ભૂખ્યાને જમાડતા હતા.

જીવનમાં સમદૃષ્ટિ રાખવાનો પણ પ્રયત્ન સંપ્રદાયમાં જણાય છે. બીજા સમાજમાં લગ્ન સમયે આનંદ અને મૃત્યુ સમયે શોક મનાય છે ત્યારે આ સમાજમાં બન્ને સમયે ભજનો ગવાય છે. મૃત્યુ પાછળ રડવા કે કૂટવાની પ્રથા નથી. તેને બદલે આત્મા અને શરીરના વિવાહ સંબંધનાં ગીતો ગવાય છે.

ડૉ કે. એમ. કાપડીઆએ આ પાટીદારોના સમાજજીવનનો અભ્યાસ કર્યો હતો, અને એવું તારણ કાઢયું હતું કે આ ભક્ત પાટીદારો જાતિભેદના ચુસ્ત હિમાયતીઓ છે, તથા બીજાનું અડકેલું ખાતા નથી, એનું કારણ હિન્દુઓની પરંપરાગત જાતિભેદની ભાવના છે. સિદ્ધાંતની સમજ વિના પણ ઘણા હિન્દુઓ આજે એ ભેદભાવને માનતા નથી. પણ વૈષ્ણવ પ્રભાવને લીધે એ સ્પર્શાસ્પર્શની ભાવના હજી આ લોકોમાં જળવાઈ રહી છે.

રાષ્ટ્રીયતા :

૧૯૩૦ અને ૧૯૪૨ની લડતમાં સુરતના ભક્તસમાજે સક્રિય ભાગ લીધો હતો. તે પહેલાં ૧૯૨૦માં તિલક આંદોલનમાં તથા ૧૯૨૮માં બારડોલી-સત્યાગ્રહમાં એમણે મદદ કરી હતી.

મીઠાના સત્યાગ્રહ તથા દાંડીકૂચમાં આ સમાજના કેટલાક ભાઈઓએ ભાગ લીધો હતો. દાંડીકૂચના સ્વયંસેવકોની વ્યવસ્થા ધામણના આ સમાજના યુવકમંડળે કરી હતી. અનેક યુવક ત્યારે જેલમાં ગયેલા અને એમને છ માસથી દોઢ વર્ષ સુધીની સજા થઈ હતી.

૧૯૪૨ના આંદોલનમાં સુરત જિલ્લાના મલેકપોર; અંભેટી પથરાડીઆ, સ્યાદલા, બાજીપરા, મઢી, દેગામા વગેરેના અનેક માણસોને હિજરત કરવી પડી હતી. આ રાષ્ટ્રીયતાના પ્રભાવથી આ સમાજના સુરત વિભાગના આગેવાનોએ ઠરાવ (નં. ૧૦) નવસારીનો ભક્તાશ્રમ સર્વજ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે કોઈ પણ ભેદભાવ વિના ખુલ્લો જાહેર કર્યો. ગાંધીજીના પ્રભાવથી અહિંસક સત્યાગ્રહો કર્યા, તથા સ્વાતંત્ર્યપ્રાપ્તિ અર્થે એકતા અને શ્રદ્ધા-પૂર્વક ભક્ત પાટીદારોએ બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. આમાં આ સમાજની અહિંસાની શ્રદ્ધાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એ લડત તો પૂરી થઈ ગઈ. પણ સુરતના ભક્ત-સમાજમાં એનાં બીજ પ્રસ્ફુટિત થયેલાં આજે દેખાય છે. સમાજનો મોટો ભાગ ખાદી અને ગાંધી ટોપી પહેરે છે. એમાંના ઘણાએ જેલ ભોગવી છે. કેટલાક ભૂગર્ભમાં પણ જતા રહ્યા હતા. એ લડતમાં કેટલાક આગેવાનો પ્રકાશમાં આવ્યા હતા. આ લડત મહારાષ્ટ્રના વારકરી સંતોએ આપેલી લડત જેવી હતી.

કેટલાક વિદ્યાર્થીઆશ્રમો રાષ્ટ્રીયતાના પ્રતીક જેવા બની ગયા હતા, ત્યાં આંદોલનની છૂપી તૈયારીઓ ચાલતી હતી. અને કેટલીક જગ્યાએ સરકારે આશ્રમને જપ્ત પણ કર્યા હતા. કાનમમાં પણ કાસમપુર, કંડારી, સરગી જેવા ગામના ભક્તોએ

સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. સરગીના એક ભક્ત ડોકટરને 'સ્વાતંત્ર્યસેના'ની તરીકે સરકાર તરફથી પેન્શન મળે છે.

શિક્ષણ :

સ્પર્શાસ્પર્શની પ્રબળ ભાવનાને લીધે પહેલાં અંગ્રેજી શિક્ષણનો વિરોધ થયો હતો ખરો, પણ હવે એ સ્થિતિ રહી નથી. હવે અનેક યુવક યુવતીઓને તેનાં માબાપ વિદેશ પણ મોકલે છે. કાનમમાં પણ પરિવર્તન આવ્યું છે. ત્યાંની પુનિયાદની ગાદીના મહંત શ્રી જગદીશચંદ્ર મહારાજ પોતે બી. એ., એલ. એલ. બી. થયેલા છે.

સુરતની વસાહતોમાં ૨૪-૧૨-૧૮૯૨ માં ધામણ ગામે બે શિક્ષક સાથેની ચાર ધોરણની એક શાળા હતી. તેના શિક્ષકને ૧૫ થી ૨૦ પગાર મળતો. શાળા માત્ર બપોર પછી બે થી પાંચ સુધી ચાલતી. રેતી શીશીનું સમયમાપક યંત્ર હતું, પણ ત્યારે શિક્ષકનો ગામમાં મોભો હતો.

૧૯૧૨ માં પ્રથમ ચાર ધોરણની કન્યાશાળા થઇ. ૧૯૪૦માં તે સાત ધોરણની અને મિશ્રશાળા થઈ. ત્યાર બાદ ૧૯૪૨માં નવસારીની માધ્યમિક શાળાઓમાં કન્યાની ભરતી શરૂ થઈ. આમ ૧૯૪૨ પછી એક સામૂહિક પ્રગતિ થઈ.

દસેક વર્ષ પહેલાં સુરતના શ્રી ભુલાભાઇ ભક્તે એ પ્રદેશના ૩૩૨ પરિવારોની કરેલી મોજણીમાં ૯ માણસ અભણ, ૬૩ ચોથા ધોરણ સુધી ૧૮૪ સાતમા ધોરણ સુધી અને ૭૪ એસ. એસ. સી. પાસ હતાં બે જણે કૉલેજ સુધી અભ્યાસ કર્યો હતો. એ પ્રમાણે બીજાં છ પરગણાંનાં ૬૭ ગામોનાં ૬૫૫ કુટુંબની મોજણીમાં ૧૪ નિરક્ષર ૯૩ ચોથા ધોરણ સુધીના

૩૯૯ સાતમા ધોરણ સુધીના અને ૧૪૩ એસ. એસ. સી. પાસ છે. ૬ જણે કૉલેજ પાસ કરેલી છે. આ મોજણી ઇ. સ. ૧૯૬૬માં કરવામાં આવી હતી. ત્યાર પછી સમાજે શિક્ષણના ક્ષેત્રમાં ઘણી પ્રગતિ કરી છે. એમાં કોઈ શંકા નથી.

પુનિયાદ ગાદીના આચાર્યશ્રી યદુનાથજી મહારાજે વિદ્યાભ્યાસ માટે એક ઋષિકુળ આશ્રમની સ્થાપના કરાવી હતી.

આર્થિક સ્થિતિ :

સમાજના ઘણા ભાઇઓની આર્થિક સ્થિતિ પહેલાં સારી ન હતી. ટૂંકી ખેતી હોવાથી જાતે મજૂરી કરવી પડતી પરંતુ સમાજમાં કરકસર અને બચતની જાગરુકતા હોવાથી તથા વ્યસનોનો તદ્દન અભાવ હોવાથી એ લોકો ધીમે ધીમે આગળ આવતા ગયા. સમાજમાં લગ્નોના ખોટા ખર્ચા નથી તથા દહેજ પ્રથા બિલકુલ નથી. જેથી આ ખેડૂતો પોતાની જે મૂંડી બચતી તેમાંથી વધુ જમીન વસાવતા ઉત્પાદનનાં સાધનો વધારતા. સમય પ્રમાણે એમણે યાંત્રિક સાધનોની મદદ લેવાનું પણ શરૂ કરી દીધું. દૃઢ ઇચ્છા શક્તિ સાહસવૃત્તિ, પરિશ્રમ અને ઇશ્વરમાં શ્રદ્ધા હોવાથી આ સમાજના ભાઇઓની આર્થિક સ્થિતિ સુધરી છે. પરંતું ઈ. સ. ૧૯૬૬ માં સુરતના શ્રી ભુલાભાઇ ભક્તે ૪૭ ગામોના ૩૩૨ પરિવારોની કરેલી મોજણીનાં આંકડા નીચે પ્રમાણે છે.

વાંસદા, નવીવસાહત, સરભોણ અને વાઘોડ પરગણાનાં ગામોના ૩૩૨ પરિવારોમાં ૧૭૮ કુટુંબ માત્ર ખેતી પર ૫૬ કુટુંબ ખેતી સાથે નોકરી પર ૩૦ કુટુંબ ખેતી સાથે અન્ય ધંધા પર આધાર રાખે છે. ૪૧ કુટુંબો ખેતી પર છે, અને પરદેશ ગયાં છે. ૨૮ કુટુંબ ખેતી સિવાયનો વ્યવસાય કરે છે,

જ્યારે એક પણ વ્યક્તિ એવી નથી, જે માત્ર નોકરી કે માત્ર ધંધો કરતો હોય.

એ જ રીતે બીજાં છ પરગણાંનાં ૬૭ ગામોના ૬૫૫ કુટુંબની તા. ૧૩ જાન્યુઆરી ૧૯૬૬ ના રોજ કરવામાં આવેલી મોજણીમાં ૩૩૧ પરિવાર માત્ર ખેતી પર ૧૦૫ પરિવાર ખેતી સાથે નોકરી પર તથા ૪૦ ખેતી સાથે ધંધા પર આધાર રાખે છે. ૧૧૯ પરિવારની ખેતી છે છતાં વિદેશ ગયેલા છે. માત્ર નોકરી પર આધાર રાખનાર કોઈ નથી. ૬ પરિવાર માત્ર ધંધો કરે છે, ૫૪ પરિવારો અન્ય કાર્યમાં રોકાયલા છે.

સામાજિક – પરંપરાઓ :

લગ્ન :—પહેલાં ઘણી જાતિઓના સમાજમાં એકતા અને નિયમોનાં બંધનો મજબૂત હતાં, તેમ આ સમાજમાં પણ વ્યવસ્થા એવી હતી કે લગ્ન-પ્રસંગે દળવા-ખાંડવા કે બીજાં કામોમાં સગાંવહાલાં ઉપરાંત સમસ્ત ગામ સહકાર આપતું. રસોઇ પણ જાતે કરતા આજે પણ એ પ્રથા છે. પરંતુ કેટલાંક બંધન ૧૯૬૦ પછી સુરત તરફ જરા ઢીલાં પડ્યાં બરાં.

અન્ય પાટીદારોથી આ ભક્તસમાજ પોતાના આચાર-વિચારોની ભિન્નતાને લીધે જુદો પડ્યો. ધીમે ધીમે રોટી સાથે બેટીનો વ્યવહાર પણ બંધ થતો ગયો. છતાં વિવાહમાં પિતૃપક્ષે છઠ્ઠી કે સાતમી પેઢી અને માતૃપક્ષે પાંચમી પેઢી સુધી વિવાહ-સંબંધ થઈ શકતો નથી.

હવે ઘરમાં નવા શિક્ષણના પ્રભાવથી મર્યાદા ઓછી થતી ગઇ. પહેલાં તો સ્ત્રીઓને માથે ઓઢવું પડતું, ત્રણચાર બાળકોના માતા-પિતા પણ પોતાના વડિલોની ઉપસ્થિતિમાં એક બીજા

સાથે વાત કરે નહિ આ મર્યાદાઓ હિન્દુ પરિવારની પરંપરિત મર્યાદાઓ હતી.

કન્યાનો પિતા અથવા કુટુંબનો કોઈ મુખ્ય માણસ છોકરાને ઘેર જઈ છોકરાના હાથમાં નાળિયર અને બે રૂપીઆ આપી ચંદનનું તિલક કરે, છોકરો દરેકને 'રામકબીર' કહે, ત્યાર પછી ગોળધાણા વહેંચાય પછી ભોજન થાય. લગ્નપત્રિકા મોકલવાનો રિવાજ પણ બરો.

સ્ત્રીઓ દ્વારા વર અને કન્યાને પીઠી ચોળાય છે. પીઠી માટે બેસતાં પહેલાં છોકરો છોકરી સહુને 'રામકબીર' કહે છે. પીઠી ચોળતી વેળા 'વાણી'નું કીર્તન ગવાય છે. લગ્નની વિધિ વખતે 'સંતસોહાગો' ગાયા પછી પૃથ્વી ઘોળની આદ-૫ ગાય છે. એ જ પદ્યમાં જ્યારે 'તહાં લાડી અંતરપટ રહીએ, વર લગ્ન સમે કન્યાકર ગ્રહીએ' આવે ત્યારે વરકન્યાનો હસ્તમેળાપ થાય અને બેસનો અંતરપટ ધરાય. આદ-૬ વખતે હસ્તમેળાપ છોડી અંતરપટ દૂર થાય. પછી કંસારની વિધિ તથા મંગલફેરા વખતે આદ-૭ ગવાતી રહે. લગ્નમાં હોમ, હવન કે ચોરી હોતી નથી.

મંડપમાં સ્ત્રીઓ પદો-ભજનો ગાય છે. દિવસમાં ત્રણ વખત વાળંદ દ્વારા બોરાક લેવા નિમંત્રણ મોકલાય છે. વરરાજા પોતાના મંડપમાં ગાદી પર બેસે છે તે સમયે અમુક નિશ્ચિત પદો ગવાય છે. વરઘોડો નીકળે છે. તેમાં પણ ઢોલીની પાછળ ભક્તસમાજના લોકો કાંસામૃદંગ સાથે ભજનો ગાતાં ગાતાં ચાલે છે. અહેનો દ્વારા ઘોડાને વધાવવો તથા લગામ છોડવા માંટે દાપુ આપવાનો રિવાજ છે.

કન્યાના ગામની ભાગોળે પાથરણા પર જાન બેસે છે. વાળંદ દ્વારા જાનને ભોજનનું નિમંત્રણ આવે છે. વરરાજા તથા

એના મામા સિવાય સૌ જમવા જાય છે. પાછા વળતાં વરરાજા માટે ભોજન લેતાં આવે છે પછી સામૈયું થાય છે. ત્રણ લોટામાં મીઠું, ગોળ તથા શુદ્ધ જલ હોય છે. વેવાઈને ભેટ્યા પછી 'રામકબીર' કહી મીઠાનું પાણી પાઈ પછી બીજું પાણી આપે છે. રસ્તે ઢોલી રમે છે. ત્યાર પછી સ્ત્રીઓ 'કલવો' લઈ આવે છે. એમાં ઘઉંનો લોટ, ઘી તથા પાપડ હોય છે. જતાં જતાં સ્ત્રીઓ 'આદ્ય નામનું કીર્તન ગાય છે. અહિં વરપક્ષી તરફથી આ સ્ત્રીઓને દરેકને સાત સાત સોપારી વહેચે છે. વરઘોડામાં લોકો કાંસામૃદંગ સાથે ભજનો ગાતાં ગાતાં ચાલે છે. કન્યાને માંડવે પહોંચી અંદર બેસીને પણ ભજનો ગવાય છે.

કન્યાની માતા વરને નાક પર તિલક કરી વધાવે છે. પછી વરરાજા માંચી પર ગોદડું નાખી બેસે છે. બ્રાહ્મણ ગોર હોતા નથી. ભક્તસમાજના જ બે ભાઈઓ ગોર તરીકેનું કાર્ય કરે છે. વરકન્યાના છેડા ગાંઠવામાં આવે છે. જીવણજી મહારાજની જય બોલાવી પછી ભક્તો 'સંતસોહાગો' કીર્તન ગાય છે. ગોર 'જીરે કંસાર લાવો.' વાળું કીર્તન ગાય એટલે કન્યાની માતા વરકન્યાને કંસાર જમાડે છે, સાસુનો પાલવ પકડવો, સાળા દ્વારા વરનો પગ દબાવવો જેવી રૂઢિઓ પ્રચલિત છે. મંગલફેરા પણ ફેરવવામાં આવે છે. એ દરમિયાન એક ગોર કીર્તન ગાય છે, જેને બીજા ગોર ઝીલે છે. ત્યાર પછી વરકન્યાને વધાવવાં, કન્યાદાન આપવું વગેરે બીજી જાતિઓમાં પ્રચલિત વિધિઓ આમાં પણ છે. ઘરમાં જતાં ઘર કન્યાનાં સગાંઓ સામસામા અબીલ ગુલાલ નાખે. બીજે દિવસે વર તરફથી પલ્લું આવે છે. કન્યાને શોધી વરની મા તેને શણગારે છે. પહેલાં કેડે બેસાડી જાનીવાસે લઈ જતાં હતાં. બપોરે માંડવામાં વધાવવા બોલાવી વહેંચણ કરે છે. વર અને કન્યા પહેલાં ગુરુને પગે લાગી ભેટ

મૂકે છે. વરકન્યાને વળાવતી વખતે પણ ભજનો ગવાય છે ઘેર ગોળધાણા વહેંચાય છે. બહેનો બારણું રોકે તેને દાપું અપાય છે. કન્યાનું મુખ જોવા માટે સાસુ કન્યાને સોનાની વીંટી આપે છે.

મૃત્યુ સમયની વિધિ :

મૃત્યુ પહેલાં હરિસ્મરણ કરવામાં આવે છે, જ્યારે અંત-સમય લાગે ત્યારે ધનરાજ અધ્વર્યુનું 'લોઢી કારજ' કીર્તન ગવાય છે. પછી 'વાણી' ગવાય છે. મૃતશરીરને સ્નાન કરાવી નવાં વસ્ત્ર પહેરાવી પલાંઠી વાળી બેસાડવામાં આવે છે. હાથમાં નાળિયર મૂકી ઘીનો દીવો કરાય છે. શબને દહનક્રિયા માટે પાસેના ગામના ભક્તોને પણ બોલાવવામાં આવે છે. મૃત-દેહના મુખદર્શનને ખૂબ મહત્ત્વ અપાય છે. મૃત્યુના પ્રસંગને પણ લગ્નની જેમ ઉત્સવ ગણવામાં આવે છે. કાંસાં અને મૃદંગ સાથે ભજન થાય છે એને 'ઓચ્છવ' (ઉત્સવ) કહે છે.

સ્ત્રીઓ પણ શબ પાસે બેસી ઉદ્ધાપંચરત્નમાલાનાં ભજનો ગાય છે. સમય સમય પ્રમાણેના રાગનાં ભજનો ગવાય છે. પુરુષો પણ સમાસમાના રાગનાં ભજન ગાય છે. શબને ડોલીમાં બેસાડી 'વાણી'નું કીર્તન ગાતાં ગાતાં લઈ જાય છે. સ્ત્રીઓ ભાગોળ સુધી ભજનો ગાતી ગાતી જાય છે, પછી માત્ર પુરુષો ભજનોનો ઉત્સવ કરતાં કરતાં પાછળ જાય છે. ત્યાં પરથારા-વાળો શબના મુખમાં તુલસીનું પાન મૂકે છે. ગુરુ હાજર હોય તો તે આ વિધિ કરે છે, પછી પુત્ર કે કોઈ સગા દ્વારા ચિતાને અગ્નિ મૂકવામાં આવે છે પછી 'કડવું' કીર્તન ગવાય છે. પછી પાછા આવે છે.

સ્ત્રીઓ પાછાં ફરતાં 'પદ્મધોળ' ગાય છે. પાછા ફર્યા પછી તિલક ધારણ કરી સુખડીનો પ્રસાદ વહેંચાય તે લે છે. પછી સહુને સાધારણ રસોઈ જમાડવામાં આવ છે.

મૃત્યુ ને 'હરિધારણ' કહેવામાં આવે છે સગાં–સ્નેહી–ઓને 'કાણ કરવા' નહિ પણ રામરામ કરવા પધારશો, એમ લખાય છે. પછી સહુ સાથમાં આવી સમા પ્રમાણેના રાગનું કીર્તન ગાય છે, તે સહુને સુખડીનો પ્રસાદ અને સાદું ભોજન આપવામાં આવે છે. ભોજન સમયે 'આદ' ગવાય છે. મરણ પાછળનો ખર્ચ મરજિયાત છે. સામાન્ય રીતે સવારે ખીચડી અને સાંજે પાકું ભોજન અપાતું હોય છે.

ઉત્સવ :

વિશેષે કરીને જન્માષ્ટમી અને રામનવમીના ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. શ્રી જીવણજી મહારાજ ભેગા મળી ગોવિંદગુણ ગાવાની સૂચના અંતિમ સમયે આપતા ગયા છે. તે દિવસે નિમંત્રણની રાહ જોવાતી નથી. આ ઉત્સવ પુનિયાદમાં ગુરુગાદીમાં થાય છે. રામનવમીને દિવસે ૧૨ વાગે સમો થાય છે, ત્યારે ઉત્સવ, કીર્તન ગરબા, ભજન વગેરે થાય છે. સવારે ખીચડી અને સાંજે પાંકું જમણ આપવામાં આવે છે. એનો તમામ ખર્ચ ગુરુગાદી થી અપાય છે. 'ભક્તસમાજ પરિવાર' સહિત ઉત્સવમાં ભાગ લે છે. જન્માષ્ટમીને દિવસે રાત્રે બાર વાગે ઉત્સવ થાય છે. લોકો ઇચ્છા પ્રમાણે ભેટ મૂકે છે. ગાદી સામે લાંબા થઈ નમસ્કાર કરે છે.

ભોજન ભલે બે કે ત્રણ હજાર માણસ માટે બનાવવાનું હોય, પણ રસોઇઆ બોલાવાતા નથી. ભક્તસમાજના પુરુષો અને સ્ત્રીઓ જાતે કામ કરે છે. જેને જે આવડે તે બનાવવા લાગી જાય. એમાં આગેવાન જે સૂચન કે આજ્ઞા કરે તેની અવગણના કોઇથી થાય નહિ. ઘરને ગરીબ હોય કે અમીર હોય, રાંધવાનું કામ કરવું પડે.

જમતી વખતે વચ્ચે ગુરુજીને પાટલા પર બેસાડવામાં આવે છે. રસોડામાંથી થાળ પીરસી લાવી પાટલા પર મૂકે છે. ગુરુજી તે પર તુલસીની માળા મૂકે પછી ભોગ ધરાવી રામકબીર કહે પછી પંગત પીરસાય છે. પીરસણ વખતે પણ 'આદ્ય' નામનું કીર્તન ગવાય છે. પછી જીવણજી મહારાજની જય બોલાય ત્યારે સૌ જમે છે. જમનાર દરેક જણ પાણી માટે પોતાનું જુદું વાસણ રાખતા નથી. પાણી પીરસાય ત્યારે એકજ પ્યાલામાંથી સૌ ઊંચેથી રેડી પીએ છે.

શ્રી જીવણજી મહારાજનો નિર્વાણદિન ખૂબ ઉત્સાહથી ઉજવાય છે. ઉત્સવોને ઘણું મહત્ત્વ અપાય છે. અને એમાં ભાગ લેવા મોટાભાગના લોકો ગાદીના સ્થાનકે જાય છે. આમાં ઉત્સવ (ઓચ્છવ) જે ક્રિયાને કહે છે, તે રાત્રિનું ભજન કીર્તન છે. ભગવાનની ભક્તિનાં પદો, ભજનો અને ગરબાઓ ગવાય છે. સ્ત્રીઓ પણ એમાં ઉલટથી ભાગ લે છે. કાંસાં અને મૃદંગ સાથે સમા સમાની રાગ રાગીણીનાં પદો ગવાતાં હોવાથી એક ભક્તિમય વાતાવરણ ખડું થાય છે. આ ઉત્સવોની ઉજવણીમાં વૈષ્ણવ પ્રભાવ વરતાય છે.

પાટીદાર જ્ઞાતિમાં દહેજની પ્રથા એટલી તો ફાલીફૂલી છે કે ગરીબ માણસને બેત્રણ પુત્રી હોય, તો તેને પોતાની માલમિલ્કત તથા જમીન પણ વેચી દેવી પડે. કેટલાક સુખી માણસો પણ એમાં દેવાદાર બની જાય છે. ત્યારે આ સમાજમાં કાયદાના બંધન વિના પણ દહેજ પ્રથાને તિલાંજલિ આપવામાં આવી છે. એ બરેબર પ્રશંસનીય છે. બીજી મહત્ત્વની વાત રડવાકૂટવાના રિવાજની છે. બીજા પાટીદારોમાં આ પ્રથા હજી પણ પાળવામાં આવે છે. ત્યારે આ ભક્ત સમાજમાં મરણોત્તર કોઈ ક્રિયા નથી તેમ જ રડવાકૂટવાનો કોઇ રિવાજ નથી.

સમય એટલો ઝડપથી બદલાઈ રહ્યો છે અને વ્યક્તિ સ્વાતંત્ર્યની ભાવના એટલી પ્રબળતાથી આકાર લઈ રહી છે, કે સંસારમાં કોઈ પણ સમાજની વ્યવસ્થા ટકવી મુશ્કેલ થઈ ગઈ છે. સમાજે પણ સમયના પરિવર્તનને પરખીને પોતાની જડતા અંબેરી નાખવી પડશે. એમ નહિ કરીએ, તો યુવકો સામાજિક ક્રાંતિના આવેશમાં અઘટિત પણ કરી બેસશે. "કળીરવાણી"ના ૩૩ મા અંકમાં નાના અમાદ્દરાના એ યુવકનો સામાજિક કુરિવાજો પરનો લેખ ઉપરની વાતનું સમર્થન કરે છે. એમાં એમણે બાળલગ્નો, લગ્ન અને મૃત્યુ પછીના મોટા જમણ વ્યવહારો, તથા વહેંચણની પ્રથાઓ છોડી દેવા અનુરોધ કર્યો છે. લગ્નમાં યુવક યુવતિને પોતાની પસંદગીની છૂટ મળવી જોઈએ, એમ પણ કહ્યું છે.

સમાજને વહેતા પાણી જેવો રાખવો જોઈએ, જેથી એ સ્વચ્છ અને શુદ્ધ રહે. એને બંધ પાણીની જેમ ગંધાઇ જવા દેવો, ઉચિત નથી, નહિ તો અંદર લીલના થર જામી જશે. સમાજની રૂઢિઓ એ ધર્મની કેડીઓ નથી. એ બદલાય એથી ધર્મમાં પરિવર્તન આવતું નથી ધર્મ તો માત્ર કીર્તન ભક્તિ અને રામનું નામસ્મરણ છે. એ આ સંપ્રદાયનું કરોડરજ્જુ છે. નામસ્મરણ એ વ્યક્તિગત આરાધના છે, જ્યારે કીર્તન સામુહિક આરાધના છે.

ઉદાસંપ્રદાયના મેળા :

સંપ્રદાયમાં મેળા અને ઉત્સવોનું ઘણું મહત્ત્વ છે. મેળામાં ઉત્સવ તો હોય છે, પણ કેટલાક લોકો 'માનતા' ઉતારે છે. ગોળ કે સાકરથી બાળકોનું તોલ કરી તેનું દાન કરે છે, યા મંદિરમાં આપી દે છે. બાળકોનું ચૌલકર્મ પણ તે સમયે થતું

હોય છે. શુકલતીર્થ તથા પાટણમાં કાર્તિકી પૂર્ણિમાને દિવસે મોટા મેળા ભરાય છે. પોષ સુદ એકાદશીએ જ્ઞાનીજીના સ્થાન-મોટાસાંજામાં તથા સુરતના નિર્વાણ અખાડામાં જ્ઞાનીજીના નિર્વાણ દિનનો મેળો ભરાય છે. સમયના પ્રવાહમાં એ ક્ષીણ થઈ ગયો. પણ એક જમાનામાં એક મહિના સુધી મેળો રહેતો હતો.

૧. શુકલતીર્થનો મેળો :

ભરૂચ પાસે શુકલતીર્થ તથા કબીરવડમાં કાર્તિકી પૂર્ણિમાને દિવસે મોટો મેળો ભરાય છે. એકાદશીથી પૂર્ણિમા સુધી પાંચ દિવસ આ મેળો ચાલે છે. એ દિવસો દરમિયાન લગભગ એકાદ લાખ મનુષ્ય એમાં સમ્મિલિત થાય છે. એમાં અનેક સંત્ત-મહંતો આવે છે. સુરતના ભક્ત સમાજ ઉપરાંત અન્ય અનેક જાતિના મનુષ્યો એમાં આવે છે.

૨. જ્ઞાનીજીનો મેળો :

ઝગડીઆ પાસે મોટાસાંજા ગામમાં પોષ મહિનાની સુદ એકાદશીથી આ મેળો ભરાતો હતો. અને એક મહિનો ચાલતો હતો. સૂરત, ખંભાત, ભરૂચ અને અમદાવાદથી વેપારીઓ આવી દુકાનો માંડતા. વાસણ તથા વસ્ત્ર જેવી આખા વર્ષની જરૂરીઆતની ખરીદી આ પ્રદેશના લોકો આ મેળામાંથી કરતા હતા. પરંતુ લગભગ પચાસેક વર્ષથી એ મેળો બંધ થઈ ગયો. તપાસ કરતાં એનું કારણ એવું જાણવા મળે છે, આજથી લગભગ નેવું વર્ષ પર જ્ઞાનીજીના મંદિરના મહંત હરગોવિંદદાસ રામદાસે દુકાનદારો પાસે દુકાનોનું ભાડું માંગ્યું. વેપારીઓએ આ નવી પ્રથાનો વિરોધ કર્યો. પરંતુ રાજ્યસરકારે એના

આજ્ઞાપત્ર નં. ૬૯૧/૫ નં. ૧૪૭ તા. ૨૮-૧-૧૮૮૭ દ્વારા મહંત હરગોવિંદદાસ રામદાસને દુકાનોનું ભાડું ઉઘરાવવા માટે હકદાર ઠરાવ્યા. એનું પરિણામ એ આવ્યું કે-ધીરે ધીરે દુકાનદારો આવતા બંધ થયા. અને એ ભવ્યમેળાનો આમ કરુણ અંત આવ્યો. સં. ૧૯૬૧ થી દુકાનોનાં ભાડાં લેવાવા માંડ્યા, અને સં. ૧૯૭૬ પછી એ મેળો સદંતર બંધ થઈ ગયો. કબીર સાહેબ મહાન શિષ્ય જ્ઞાનીજીએ પોષ સુદી એકાદશીએ જીવન્ત સમાધિ લીધી હતી, તેથી એ મેળો એ દિવસે ભરાતો હતો. સંખેડા મહાલમાં સં. ૧૯૬૮ ના જેઠ સુદ ૧૦ ના રોજ થયેલા એક સદાવ્રતના દસ્તાવેજમાં જ્ઞાનીજીની જગ્યામાં પોષ સુદ-૧૧ ના મેળામાં અભ્યાગતને અન્ન વસ્ત્ર અને મંદિરમાં રાજભોગની સામગ્રી આપવાનો ઉલ્લેખ છે.

સુરતમાં નિર્વાણસાહેબના અખાડામાં પ્રતિ વર્ષ એ જ દિવસે પોષ સુદી એકાદશીને દિવસે હજી પણ મેળો ભરાય છે. એ મેળાને 'જ્ઞાનીજીનો મેળો' કહેવામાં આવે છે. નિર્વાણ સાહેબે પણ પોષ સુદ એકાદશીને દિવસે સમાધિ લીધી હતી. એટલે આ મેળો જ્ઞાનીજીની યાદમાં ભરાય છે કે નિર્વાણ સાહેબની યાદમાં એ એક પ્રશ્ન છે. પરંતુ જ્ઞાનીજીએ સમાધિ સં. ૧૫૫૯ માં સમાધિ લીધી જ્યારે નિર્વાણ સાહેબે સં. ૧૫૭૦ માં લીધી અને એ મેળાને હજી પણ 'જ્ઞાનીજીનો મેળો' કહેવાતો હોવાથી જ્ઞાનીજીની સમાધિ પછી એનો પ્રારંભ થયો હશે, એમ લાગે છે. સુરતના એક અજ્ઞાત સંતકવિ દુલારામે સુરતના એ 'જ્ઞાનીજીના મેળા' નું સુંદર વર્ણન કર્યું છે. જ્ઞાનીજીના એ મેળામાં નિર્વાણના માહાત્મ્યનો ઉલ્લેખ કરતાં એમણે લખ્યું છે.

"ज्ञानीजी का मेला बड़ा, महातम बड़ो निरवाण।
पोष शुकल एकादशी, पाया पद निरवाण॥"

નિર્વાણ સાહેબના અખાડામાં જે ગોદડી છે, તેને પણ "જ્ઞાનીજીની ગોદડી" તરીકે ઓળખે છે. અને મેળાને દિવસે એ ગોદડીને ઉચ્ચાસન પર ખૂબ સજાવીને દર્શન માટે મૂકવામાં આવે છે. માલણ ફૂલોની ચાદર ગૂંથી એનો શૃંગાર કરતી હતી. કહે છે, જ્યારે અખાડાની વ્યવસ્થામાં ગરબડ ઊભી થઇ, ત્યારે મૂળ ગોદડી જે ટૂકડા ટૂકડાને તાર તાર થઈ ગઈ હતી, તે ટૂકડાઓ કેટલાક લોકો લઇ ગયા, અને તેમણે તેને પોતાની તિજોરીઓમાં મૂક્યા છે, એ લોકો સંપત્તિવાન થઈ ગયા છે. આજે જે ગોદડી છે, તે ત્યાર પછી બનાવેલી છે.

મેળામાં રાત્રે અલબદરબાર ભરાતો, એમાં દેશને ખૂણેખૂણેથી સાધુ, સંતો અને યોગીઓ આવતા. ભજનાનંદની ધૂમ મચી રહેતી. એકાદશી હોવાથી તે દિવસે દૂધ અને સાકરનો પ્રસાદ વહેંચાતો. હજારો માણસો આવતા પણ ગુરુકૃપાથી દૂધ કદી ખૂંટતું નહિ. મેળામાં પહેલાં હિન્દુ અને મુસલમાનો આવતા. સમગ્ર સુરતનગર મેળો જોવા ઉમટતું. મુસલમાનો નિર્વાણ સાહેબને 'સાહેબ' યા 'પીર' કહેતા. પહેલાં સુરતનો નવાબ પણ મેળામાં આવતો હતો. નિર્વાણ સાહેબની સમાધિ પર પહેલી ચાદર એના હાથે ઓઢાવાતી ત્યાર પછી લોકો પોતેપોતાની માનતાઓ ચઢાવતા હતા.

"पहले चदरियाँ नवाब की, चढ़त साँई निर्वाण ।
पीछे साधु अरु मेदनी, मन्नत लगावे आन ॥
वो दिन साहब पीर थे, अब तो पलटे जमान ।
'दुला' कुफ्र में डूब गये, तब से हो गई हान ॥"

આ મેળાની મૂળ જાહોજલાલી તો દુલારામના સમય (સં. ૧૮૩૦-૭૦) માંજ ખલાસ થઈ ગઇ હશે, એમ આ પરથી લાગે છે.

પદ્મનાભનો મેળો :

ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણમાં દક્ષિણ તરફ એક વાડી જેવી જગ્યા છે, એને 'પદ્મવાડી' કહે છે. કબીર સાહેબના શિષ્ય પદ્મનાભજી અહિં નિવાસ કરતા હતા. અને વાડીની રચના એમણે ધનરાજની મદદથી કરી હતી. વૃક્ષોનાં ઝૂંડનાં ઝૂંડ હજી પણ ત્યાં છે. જૂના વિશાળ દરવાજાના અવશેષ પણ ત્યાં છે. સરસ્વતી નદી પહેલાં એની પાસેથી વહેતી હતી, તે હવે દૂર હટી ગઇ છે. એની નિકટમાં જ ખાનસરોવર આવેલું છે. જે પાટણના એક સૂબા મુસાખાને બંધાવ્યું હતું.

કાર્તિક માસની કૃષ્ણ પંચમી પદ્મનાભજીનો નિર્વાણ દિન છે. કાર્તિકની શુક્લ ચૌદસથી મેળાનો પ્રારંભ થાય છે, અને સાત દિવસ સુધી રહે છે. કૃષ્ણ પંચમીએ મોટો ઉત્સવ મનાય છે. વાડીમાંથી જ્યોત લઈ મોટું સરઘસ નીકળી ગામમાં જાય છે એને 'રવાડી' કહે છે. એમાં એક 'નકલંક' ભગવાનની જ્યોત પણ હોય છે. એ 'નકલંક' ભગવાનનું સ્થાન પદ્મનાભ સ્થાનની નિકટમાં જ આવેલું છે, એની પૂજા સથવારા કડીઆ કરે છે, પરંતુ રવાડી (જ્યોત) તો પ્રજાપતિ લોકો જ ઉપાડે છે. પદ્મવાડીમાંની એક જ્યોત ખત્રી જાતિના લોકો ઉપાડે છે એ વિષયમાં કાંઈ વિસંવાદ જેવું ચાલે છે.

મેળામાં નાની મોટી પાલના તથા કાંઠાના ભક્તો પણ આવે છે. એ ઉપરાંત પદ્મનાભજીની પ્રજાપતિ જાતિના ઘણા લોકો આવે છે. પદ્મનાભજીના ફયારાનું સ્થાન એમની પરંપરાના વર્તમાન મહંત શ્રી વિઠ્ઠલદાસજીના અધિકારમાં છે.

પદ્મવાડીમાં પદ્મનાભના સ્થાનની નિકટમાં સંતકબીર તથા કમાલની છત્રીઓ છે, એવી જ એક છત્રી સંત જીવણજીની પણ છે.

કીર્તનસ્થળ :

ગામડાંઓમાં ભેગા મળી કીર્તન કરવાની જગ્યાને 'નામદેવ-કબીરનો પરથારો' કહે છે. ગામમાં જ્યાં સંતો મુકામ કરે છે, જ્યાં ભજનકીર્તન થાય છે, ત્યાં ઘરમાં એક અલગ જગ્યાએ ગાદી કરી તે પર 'ભજન-સંગ્રહ'ના ગ્રંથને મૂકવામાં આવે છે, તે જગ્યાને 'પરથારો' કહે છે; અને જેના ઘરમાં એ હોય છે, તેને 'પરથારાવાળા' કહે છે.

ઉદા સંપ્રદાયમાં હજી સુધી કયાંય મંદિર બંધાયું નથી. એ પરંપરા પહેલાંની છે. તત્ત્વા અને જીવાની પરંપરાએ ફતુહામાં આમ મંદિર બાંધ્યું ન હતું. ઘરમાં ભજનની જગ્યા હોય છે. દાદૂ પંથીઓ એને 'ભજનસ્થલ' કહે છે. કબીરવડમાં કબીરની મૂર્તિ છે, તેથી તે જગ્યાને મંદિર કહે છે, તે પણ શિખરબદ્ધ મંદિર નથી.

સંપ્રદાયના લગભગ દરેક ગામમાં આવા પરથારા હોય છે, ત્યાં ભજનકીર્તન થાય છે અને ઉત્સવો ઉજવાય છે. મોટા સાજા, પુનિયાદ, સુરત તથા સરદારપુરમાં પ્રમુખ ગાદીઓ છે. કેટલાક ખાસ ઉત્સવો ત્યાં ઉજવાય છે.

સંદર્ભગ્રંથ :

૧. **उदाधर्म पंचरत्न माला**—પ્ર. રામકબીર મંદિર, પુનિયાદ
૨. **ज्ञानीजी का साखीग्रंथ**—હ. લિ. પ્રતિ—
૩. **कबीर ग्रंथावली**—ડા. શ્યામસુન્દરદાસ (પદ-૭૬)
૪. રામકબીર ભક્ત ભજનસંગ્રહ પ્ર. રામકબીર મંદિર, સુરત
૫. The Sociology of culture in India
Dr. K. M. Kapadia
૬. **नाना पारेखकी रचनाएँ**—હ.લિ ગ્રંથ (નં.૨૬)
રામકબીર મંદિર, પુનિયાદ
૭. રજી. દસ્તાવેજ નં. ૧૧૦૫ સંખેડા મહાલ, તા. ૬-૫-૧૯૧૨
૮. 'સંત નિર્વાણ સાહેબ'—શ્રી માણેકલાલ રાણા

પ્રકરણ : ૭ રવિ – ભાણ સંપ્રદાય

શંકા અને સમાધાન :

રવિભાણ સંપ્રદાય વિશે આપણે ત્યાં સારું એવું અજ્ઞાન પ્રવર્તે છે. કોઈ એને કબીર–પંથ માને છે, કોઈ કબીરપંથની શાખા માને છે, કોઈ એની પૂર્વ–પરંપરા નહિ જાણવાથી રવિ કે ભાણસાહેબે સ્થાપેલો સ્વતંત્ર સંપ્રદાય કહે છે. વિદ્વાનોએ પણ એની પૂર્વ–પરંપરાને શંકાથી જોઈ છે. કબીરના પ્રથમ શિષ્ય પદ્મનાભની એ પરંપરાને આ પંક્તિઓના લેખકે પોતાના મહાનિબંધમાં સર્વપ્રથમ પ્રમાણિત કરી હતી.

આ પરંપરાના સંતો પોતાના નામ સાથે 'સાહેબ' શબ્દ જોડતા હોવાથી શ્રી અનંતરાય રાવળે એમને 'કબીરપંથી' ગણ્યા હતા, કારણ કે–સાહિત્યના ક્ષેત્રમાં રામકબીર સંપ્રદાય અજ્ઞાત છે. 'કબીર સંપ્રદાય' નામના ગ્રંથના વિદ્વાન લેખક શ્રી કિસનસિંહ ચાવડાએ સૌરાષ્ટ્રમાં પ્રવર્તીત રવિદાસી–પંથનો ઉલ્લેખ કબીરપંથની શાખા તરીકે કર્યો છે. સૌરાષ્ટ્રમાં એક રૈદાસીપંથ પણ ચાલે છે, જે સ્વામી રામાનંદના શિષ્ય સંતરૈદાસના નામથી ચાલે છે, એનો પ્રચાર સવિશેષ હરિજનોમાં છે. મુંબઇ ગેઝેટીઅરે (ગ્રંથ–૯, ભાગ. ૧. પા. ૫૪૭) પણ આ વિષયની ઊંડી તપાસ કર્યા વિના જ આ સંપ્રદાયને રવિસાહેબ કે ભાણસાહેબ દ્વારા ઇ. સ. ૧૭૫૦ માં ચાલેલો એમ લખ્યું છે. હિન્દી સાહિત્યના વિદ્વાન આચાર્ય પરશુરામ ચતુર્વેદીએ સમયનો મેળ મળતો ન હોવાથી અને મોરાર સાહેબના એક શિષ્ય દલુરામની એક જુદી પરંપરા મળી હોવાથી એમણે પદ્મનાભની જ આ પરંપરા છે, એ વિશે શંકા ઉઠાવી હતી.

આ તમામ ભ્રમ અને શંકાના સમાધાનમાં અહીં કેટલાંક પ્રમાણો પ્રસ્તુત કર્યાં છે, જે પદ્મનાભની આ પરંપરાને પ્રમાણિત કરે છે.

૧. ષષ્ટમદાસ દ્વધરેજની ગાદીના પદ્મનાભના શિષ્ય નીલકંઠથી ચોથા મહંત હતા. "ભાણ લીલામૃત" (પા. ૫૧)માં એવો ઉલ્લેખ છે, કે ભાણ સાહેબે એમની પાસે દીક્ષા લીધી હતી. દીક્ષા લીધા પછી એમને 'સાહેબ' નું બિરુદ મળ્યું હતું.

"साहब की करुणा जो पाई।
अबसे तुम 'साहब' कहलाई॥"

૨. ભાણ સાહેબે રવિસાહેબને દીક્ષા આપી ઉત્તરાધિકારી બનાવ્યા, ત્યારે કહ્યું હતું; રવિ! હું હવે નિજધામ જાઉં છું. તમે કબીરભેષનો પ્રચાર કરજો. રામકબીર સાહેબને વંદન કરી કબીર ટોપી ધારણ કરજો. રામનામનો ઉપદેશ દેજો." મોરાર સાહેબને દીક્ષા આપતાં રવિસાહેબે એ જ ઉપદેશ આપ્યો.—"સંત ભાણસાહેબ" – (પાન-૧૦૬)

૩. દલુરામની આ પરંપરાની વંશાવલી પણ છે. જે આગળ આપી છે. એમાં પણ સ્વામીરામાનંદથી કબીર પદ્મનાભની પરંપરાના અંતમાં ભાણસાહેબનું નામ છે.—"કબીર બ્રહ્મ પ્રકાશ" – (પાન-૧૪૧)

૪. ભાણસાહેબના જ પુત્ર ખીમસાહેબે 'ખીમચિંતામણિ' નામનો એક ગ્રંથ લખ્યો છે. એમાં પોતાની પૂર્વ-પરંપરા આપી છે, જે કબીર પદ્મનાભ, નીલકંઠ વગેરેથી ઠેઠ ભાણ અને ખીમ સુધીની છે.

"सतगुरु संत कबीर है किरतार।
ताका पद्मनाभ अवतार ॥
ताका नीलकंठ भरपूर।
ताका रघूराम निर्मल नूर ॥
तहाँ जदुराम जगदीश।
ताका छठा (षष्टम्) पूरण प्रीत ॥
ताका भाणसाहब सोय।
ताका रविराम-रवीम दोय ॥"

૫. 'ભાણુપરિચર' ભાણુસાહેબના શિષ્ય રવિસાહેબે લખી છે. તેની નકલ રાપરના મહંત અમરદાસે કરેલી, તે આજે ખંભાલિયાની ગાદીના સ્થાનમાં છે. એમાં પણ સ્વામી ષષ્ટમદાસ પાસે ઉપદેશ ગ્રહણ કરી પોતાને ત્યાં પાછા ફરવાની આજ્ઞા ભાણુસાહેબ માગે છે, એવો ઉલ્લેખ છે.

"युं बहुदिन रहे स्वामी पासा,
तब स्वामी से कहे भाणदासा।
अब मैं पायो पूरन उपदेशा,
देहु आज्ञा अब जाहु निजदेशा ॥"

भाण परिचरी - विश्राम - ३ चौपाई - ३३

૬. 'બોધચિંતામણિ' રવિસાહેબે સંવત ૧૮૧૧ની મહા સુદી પાંચમને દિવસે ગુજરાતીમાં લખી છે. એમાં પણ એમણે નીલકંઠથી ભાણુ સુધીની પરંપરા આપી છે.

"પૂરણ બ્રહ્મ કહાવે પોતે,
જાતિમ સદ્‌ગુરુ મળિયા જોતે।
ઉત્તરાખંડથી ઉતર્યા સંત,
નીલકંઠદાસ નામ મહંત ॥૩૭॥

તેના શિષ્ય તે દાસ રઘુનાથ,
જેણે હરજી કીધા હાથ।
તેના શિષ્ય તે જાદવદાસ,
ઘટ મેં રામે કર્યો પ્રકાશ ॥૩૮॥
ષષ્ટમદાસ તે તેના શિષ્ય,
ઘટમેં જાહેર લખ્યા જગદીશ।
તેના શિષ્ય ઉજાગર ભાણુ,
પુરુષ અલિંગી પ્રગટ પ્રમાણ" ॥૩૯॥

૭. રામગુંજાર ચિંતામણિ પણ રવિસાહેબે સં. ૧૮૩૮ના જેઠ સુદી એકાદશીએ હિન્દીમાં લખી છે, એમાં પણ સ્વામી રામાનંદથી માંડીને ભાણસાહેબ સુધીની પરંપરા આપેલી છે.

" आद अक्षर की है वस्त,
सोई प्रगटी सद्गुरु दृष्ट।
रामानंद का है कबीर,
ताका पद्मनाभ सधीर ॥ ४० ॥
सुमिरण नाम की समाध,
मेटी व्रण तन की बाध।
ताका शिष्य है नीलकंठ,
जाकी आश करे वैकुंठ ॥ ४१ ॥
ताके रघुस्वामी असंग,
ताका जादवदास अलंग।
ताका शिष्य षष्टमदास,
एक नाम विना नहीं आश ॥ ४२ ॥

ताका शिष्य उजागर भाण,
जाघर नामवस्त निषाण ।
लहा निजमूल सद्गुरु बेन,
कहाँ कुछ मनवचन नहीं चैन ॥ ४३ ॥ "

—कबीर ब्रह्म प्रकाश (पृ. १४०)

૮. " **बारमासी** " નામની એક ગુજરાતીમાં રચના રવિસાહેબે સં. ૧૮૦૯ની માઘ શુકલા એકાદશીને દિવસે કરેલી, તેમાં આ પરંપરાના શિષ્યોનો પરિચયાત્મક ઉલ્લેખ છે.

" ઓતરાખંડથી ઉતર્યા, નિરગુણ નીલકંઠદાસ ।
આસન ધૂણિ ગગનમાં, મહાસિદ્ધ શુદ્ધનિહાસ ।।૧૨।।
નામ ઉપાસી નિરમલા, ઉન્મુનિ એ આનંદ ।
તેના શિષ્ય રઘુનાથજી, ટાળ્યા એકાદસ ફંદ ।। ૧૩ ।।
તેના શિષ્ય જાદવદાસજી, મહા જાહેર જોગેન્દ્ર ।
અખંડ મંડલ ધૂન ગરજના, સદા રહે બ્રહ્મરંદ્ર ।। ૧૪ ।।
શુદ્ધ સનેહી રામસુ, રહે નિરંતર નેહ ।
તેના શિષ્ય ષ્ટમદાસજી, હરદમ હરિ સુ બ્રેહ ।। ૧૫ ।।
એક ભરૂંસો ભજનનો, બાંય ગ્રહી ટેક તલવાર ।
તેના શિષ્ય ભાણદાસજી, પછમના એ હાર ।। ૧૬ ।।
વારાહી શહેર મધ્ય નિપન્યા, પ્રગટ્યા પૂરણ બ્રહ્મ ।
પરચા દીધા રે જગતમાં, અનંત છોડાવ્યા ક્રમ " ।। ૧૭ ।।

૯. ટંકારીના બત્રી જીવાભગતની લખેલી '**અમરવેલ**'માં ભાણુસાહેબની આ પરંપરા છે. 'ભાણુસાહેબ' (પાન-૬૬)

૧૦. રવિસાહેબે પોતાની વાણીમાં અનેક વખત પોતે અને ભાણુસાહેબ કબીરની પરંપરામાં છે, એમ જણાવ્યું છે.

"सत है भाण कबीर रवि। आगे पीछे पिछान॥"

"रविदास उहाँ पहोंचियाँ, ज्यां रामानंद-कबीर॥"

૧૧. આ પરંપરાના ખીમસાહેબ, લાલસાહેબ તથા મોરારસાહેબ જેવા સંતોએ પણ ભાણુસાહેબના નામ સાથે કબીરનું નામ મૂકયું છે કારણ કે સંપ્રદાયમાં ભાણુને કબીરનો અવતાર ગણે છે.

ખીમ—સન્મૂખ દરિયા, સુતર ભરીયા, અધર તખત નિશાના,
ભાણુ-કબીર રવિ ખીમદાસ, મગન ભયા
ગુલતાના-સંતવાણી

લાલસાહેબ-"લાલ કહે મૈં કછુ નહિ જાનૂં,
રવિભાણુ-કબીર ગાય" પ. પ. સં. (પા. ૩૩૬)

મોરાર સાહેબ-"રમતા રવિ ગુરુ-રામકબીરા,
પલપલમાં પાયે પડના,
રવિભાણુ મોરારની વાણી (પા. ૬૨)

૧૨. ગુજરાતના સંતસાહિત્યના લેખક શ્રી કાલિદાસ મહારાજ, શ્રી દેવેન્દ્ર પંડિત, શ્રી માણેકલાલ રાણા તથા શ્રી અનવર આગેવાન જેવા વિદ્વાનોએ આ પરંપરાને રામકબીર પરંપરા ગણી છે.

આ પરંપરામાં હજી પણ 'રામકબીર'નો જ મંત્ર આપવામાં આવે છે. આ પરંપરાના સંતો-ભાણુસાહેબ અને રવિસાહેબ એટલા પ્રભાવશાળી હતા, કે એમની પરંપરાના પાછળના મહંતોએ સંપ્રદાયને એમનું નામ આપી દીધું. એમના

પ્રભાવને કારણે અને એમની ગુરુગાદીનો પ્રભાવ ઓછો થતાં. એમની ગાદીનું જેમ જેમ મહત્ત્વ વધતું ગયું, તેમ તેમ ગુરુગાદી સાથેનો સંબંધ ઘસાતો ગયો. અને છેવટે એવી સ્થિતિ થઈ, કે સામાન્ય લોકોને એ સંબંધનો ખ્યાલ પણ રહ્યો નહિ. પરંતુ ઉપરનાં પ્રમાણો જોતાં કબીરની પરંપરા સાથેનો એટલે પદ્મનાભ દ્વારા સૌરાષ્ટ્રમાં પ્રચારિત રામકબીર-સંપ્રદાય સાથેનો રવિભાણ સંપ્રદાયનો સંબંધ સ્વીકાર્યા સિવાય ચાલે એમ નથી.

'આપણી લોકસંસ્કૃતિ'ના વિદ્વાન લેખક શ્રી જયમલ્લ પરમારે ભાણસાહેબને સૌરાષ્ટ્રમાં કબીરપંથના આદિ પ્રવર્તક ગણ્યા છે, એનું કારણ પદ્મનાભ અને ભાણસાહેબની વચ્ચેનો અસો વર્ષનો ઇતિહાસ અજ્ઞાત હતો. હકીકતમાં તો પદ્મનાભે રામકબીર સંપ્રદાયના પ્રચારાર્થે સૌરાષ્ટ્રમાં વઢવાણ પાસે દૂધરેજમાં વિ. સં. ૧૫૯૫ માં ધર્મનું સ્થાન બનાવ્યું હતું. અને ત્યારથી રામકબીર સંપ્રદાયનો પ્રચાર ત્યાંની કેટલીક જાતિના લોકોમાં હતો. શ્રી પરમારે પણ એ વાતનો સ્વીકાર કર્યો છે, કે ભાણસાહેબ રામકબીર પંથના સંત હતા. એમણે એ વાતનો સ્વીકાર પણ કર્યો છે કે એ કબીરપંથી કેવી રીતે થયા. તે અજ્ઞાત છે, એમણે એક સાંભળેલી વાતનો ઉલ્લેખ કર્યો કે ભાણસાહેબે કોઈ 'આંબાછઠ્ઠા' નામના કોઈ ચારણને ગુરુ કર્યા હતા. હકીકતમાં એ આંબાછઠ્ઠા એજ 'ષષ્ટમદાસ' છે. એમના પછી એ ગાદી લબ્ધરામદાસ નામના ચારણ સંતના અધિકારમાં આવવાથી અને એના અનુયાયીઓ મોટેભાગે ચારણો હોવાથી ષષ્ટમદાસને પણ ચારણ ધારી લીધા છે, પરંતુ ખરી રીતે એ રજપુત હતા.

આચાર્ય ચતુર્વેદીએ કેટલીક ગાદીઓના મહંતોના સમયની સરેરાશ કાઢી, તે ૧૪ થી ૪૩ વર્ષ સુધીની હતી.

એની પાછી સરેરાશ લીધી અને ૨૫ વર્ષને સામાન્ય ગાદી સમય ગણ્યો તેને આધારે આ પરંપરા તપાસી એટલે એનો મેળ બેઠો નહિ. એક તો સામાન્ય રીતે પણ ગુજરાતના મહંતોની સરેરાશ કંઈક વધારે છે. વળી આમાં એટલો બધો પ્રમાણ ફેર હોય છે, કે એની રાશ કાઢવી અર્થહીન જણાય છે. આચાર્યશ્રીએ તપાસેલી પરંપરાઓમાંજ ધરતીશ્વરી સંપ્રદાયના મહંતોની રાશ ૧૪ વર્ષ આવે છે. એટલે ૨૫ વર્ષની સરેરાશ બન્નેમાંથી એકે પરંપરાને તપાસવા કામ લાગી શકે નહિ.

ગુજરાતમાં પદ્મનાભની સુરતની લોચનદાસી પરંપરાના સંત લોચનદાસનાં ૨૦ થી ૨૫ વર્ષ ગાદીકાલ, સમર્થદાસનાં ૪ માધવદાસનાં ૩૨ અને પ્યારેદાસનાં ૯૩ વર્ષ મહંત તરીકે થયાં હતાં. હવે ક્યાં સમર્થદાસનાં ૪ વર્ષ અને ક્યાં પ્યારેદાસનાં ૯૩ વર્ષ ? ભાણ પરંપરામાં ષટમ્દાસનાં લગભગ ૯૦ થી ૯૫ વર્ષ, ભાણનાં ૨૫ વર્ષ અને રવિનાં ૪૯ વર્ષ તથા મોરારનાં ૪૫ વર્ષ હતાં. જ્ઞાનીજીથી જીવણજી વચ્ચે ૧૮૦ વર્ષનો ગાળો પડે અને મહંત ત્રણ એટલે ૬૦ વર્ષ ગાદીનો સમય ગણાય. જ્ઞાનીજીનો ગાદીસમય લગભગ ૯૦ વર્ષ અને જીવણજીનો ૭૦ વર્ષ થાય છે.

આ બધી પરંપરાના સંતોના સમયના પ્રકાશમાં જોઈએ તો પદ્મનાભનો સમય ૧૪૫૮-૧૫૬૫ અને ષટમ્દાસનો સમય ૧૬૬૬-૧૭૮૬ વચ્ચે ૨૨૦ વર્ષનો ગાળો પડે છે અને ચાર મહંત થયા, એ જોતાં ૫૫ વર્ષનો ગાદી સમય કંઈ અસંભવિત ન ગણાય.

ભાણસાહેબ અને એમની પરંપરા :

ભાણસાહેબનો જન્મ વિ. સં. ૧૭૫૪ ના મહાસુદ પૂર્ણિમાને દિવસે કાનમ પ્રદેશના એક કનખિલોડ ગામમાં થયો હતો. એ

લુહાણા જ ના ઠક્કર કલ્યાણ અને માતા અંબાબાઈને ત્યાં જન્મ્યા હતા. પિતા રામકબીર સંપ્રદાયના હોવાથી અને પુત્ર અત્યંત પ્રતાપી હોવાથી પોતાને ઘેર કબીરે જન્મ લીધો છે એમ માનતા હતા. એટલે એને નાનપણથી ભાણુકબીર કહેવાનું શરૂ કર્યું હતું. અને ભાણુકબીરના જન્મનો ઉત્સવ મનાવ્યો, આથી ગામલોકોએ એમને સતાવવા માંડ્યા. છેવટે એ ગામ છોડી પોતાના મૂળવતન વારાહી જતા રહ્યા.

કેટલાક લોકો ભાણુને દત્તનો અવતાર પણ માનતા હતા. તે કાલમાં એવી માન્યતાની એક પરંપરા હતી. અને બીજું કારણ એ પણ હતું કે નાનપણમાં ભાણુસાહેબે ઘણા ચમત્કાર કર્યા હતા. રવિસાહેબે હળવદના ઠાકોર અમરસિંહને કહેલી 'ભાણુચરિત્ર પ્રકાશ' ની કથા પ્રમાણે એમણે ગામધણીના દીકરાને સજીવન કર્યો હતો. કોઈ યોગી નાનાભાણુના દર્શન કરવા આવ્યા હતા, નાનપણમાં માટીની મૂર્તિ બનાવી મંદિરમાં પધરાવી રામધૂન કરવાની રમત એ રમતા હતા. આઠ નવ વર્ષના થતાં એ બાળકો સાથે રામલીલા કરતા થયા. કહે છે કે ચમત્કારથી એ બાળકોને પ્રસાદ પણ વહેંચતા.

ભાણુસાહેબે પોતાના પિતા, મોટા ભાઈ તથા ભાભી કુંવરબાઈ ને પણ નામરૂપની ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. ભાભીને એમણે ગંગાતીર્થનાં દર્શન ઘર બેઠાં કરાવ્યાં હતાં. એમનો મોટો ભાઈ કહાનદાસ દુષ્ટ અને તાંત્રિક વિધાનો જાણકાર હતો. પણ ભાણુસાહેબની નિર્મલ ભક્તિના પ્રભાવથી છેવટે સુધરી ગયો.

ભાણુસાહેબનું લગ્ન ૧૭૮૦ ના માગશર સુદ સાતમને દિવસે વારાહીના ધનિક મેઘજી ઠક્કરની પુત્રી ભાણુબાઈ સાથે

થયું હતું. સુરત પાસેના 'બંધાર પાડા' ગામના કુંવરજી ભક્તના આમંત્રણથી ભાણુ સાહેબ ત્યાં જઈ પાછા આવતાં વડોદરામાં રોકાયા હતા, ત્યારે વડોદરામાં મુસ્લિમ સુબેદાર શેખ હુસેનુ-દ્દીનનું શાસન હતું. ભાણુસાહેબ એક સિંધરામમાં યાત્રા કરતા. એનો પુષ્ટ બળદ જરકશી ઝૂલથી શોભતો હતો. એક મુસ્લિમની એને માટે દાનત બગાડતાં એ બળદ પોતાને વેચાતો આપી દીધો છે, એવી જૂઠી ફરિયાદ કરી. મુસ્લિમ શાસન હોવાથી ભાણુસાહેબને બંદીગૃહમાં પૂરી દીધા. ત્યાં ભાણુસાહેબે એમનું પ્રસિદ્ધ ભજન—"અસુરાને મન દયા આણો, એમ ભણે લુહાણો ભાણો"—ગાયું; એનાથી તાળાં તૂટી ગયાં સુબેદારે ભેટ આપેલી જરીભરત ભરેલી શાલ આજે પણ શેરખી ધામમાં હોવાનું કહેવાય છે.

શેરખી ગામના ઠાકોર જીભાઈ પરમારના ભાઈ હરિસિંહની બે પત્નીઓને બે ધુતારા સાધુઓ ફૂતરી ભનાવી બગાડી જતા હતા, તેમને ભાણુસાહેબે બચાવી હતી. વિ. સં. ૧૭૮૫ માં એમણે શેરખીની નાગટેકરી પર પ્રથમ નિવાસ કર્યો હતો. પહેલાં ત્યાં અનેક સાપોનો નિવાસ હતો, તે એમના નિવાસ પછી દૂર થયો એ જ વર્ષના ચૈત્ર સુદી નોમ (રામનવમી) ને દિવસે ભાણુસાહેબે ત્યાં ગાદીની સ્થાપના કરી. એક વખત ઠાકોરને વડોદરામાં કેદ કર્યા હતા, ત્યારે પણ ભાણુસાહેબે પોતાના પ્રભાવથી એમને મુક્ત કર્યા હતા.

એક વખત ભૂજમાં રાવ કેશવજીએ સંતસમ્મેલન બોલાવ્યું હતું. એ પહેલાં ભાણુસાહેબે દીક્ષા લીધી ન હતી. દ્વધરેજના છઠ્ઠાબાવા (ષષ્ટમ્દાસ) ના નિમંત્રણથી એ ત્યાં ગયા અને દીક્ષા લીધી. પછી ગુરુના આદેશથી એ સંતમેળામાં ગયા. કેશવજીનો

પુત્ર લખપતરાવ સંતોમાં શ્રદ્ધા રાખતો ન હતો. એને સાનમાં લાવવા ભાણુસાહેબે ચમત્કાર બતાવ્યો હતો. ૧૭૮૬ના ચૈદ વદ અમાસના દિવસે ગુરુ છકુાબાવાના નિધન પછી લખધરામને મહંતપદે નિયુક્ત કરી ભાણુસાહેબ વારાહી ગયા. ત્યાંથી આખું કુટુંબ શેરખી જઈ રહેવા લાગ્યું.

ભાણુસાહેબે અનેક યાત્રાઓ કરી હતી. એ દરમિયાન એમના ઘણા શિષ્ય થયા હતા. રાધો જેવા લૂંટારાને એમણે ઉપદેશ આપી શિષ્ય બનાવ્યો હતો. એમની સાથે યાત્રામાં એમના ચાલીસ શિષ્યો જતા, તેથી તેને 'ભાણુ ફોજ' કહેતા. એમાં રાધનપુરના મોહભક્ત, કચ્છનો પઠાણ મોજુદ્દીન, તુલસીદાસ, ગોદડસ્વામી, હાલરનો બાદલ તથા આમોદ તાલુકાના રવિસાહેબ પ્રમુખ હતા.

એક દિવસ ભાણુસાહેબ શેરખીથી વારાહી જવા નીકળ્યા રવિસાહેબને ઉપદેશ કરી કમીજડા આવ્યા. મેપાભક્તને ખબર પડી કે ગુરુ ભાણુ હમણાં જ ગયા. એણે પાછળ દોડી પગમાં પડી કહ્યું કે અહિં રોકાઈ ન જાવ, તો રામદુહાઈ છે, તેથી ત્યાં જ રોકાઈ કમીજડા ગામની ભાગોળે વિ. સં. ૧૮૧૧ ના ચૈત્રવદ ત્રીજને ગુરુવારે એમણે જીવંતસમાધિ લીધી.

રવિસાહેબ :

રવિસાહેબનો જન્મ સં. ૧૭૮૩ની માઘપૂર્ણિમાએ ભરૂચ જિલ્લાના તણછા ગામમાં શ્રીમાળી વૈશ્ય મંછારામ અને ઇચ્છા-બાઈ ને ત્યાં થયો હતો. કુંવરજીને ત્યાં બંધારપાડામાં સંવત ૧૮૦૯ના માઘ સુદી એકાદશીને દિવસે રવિસાહેબે દીક્ષા લીધી હતી. રવિસાહેબે પોતાની વાણીમાં કુંવરજીના ઋણનો સ્વીકાર કર્યો છે.

"वंदूं कुंवरजी संतको, भाणगुरु पिछनाई।
रवि-भाण दो भेटिया, पूरब प्रेम-सगाई॥"

રામકબીર સંપ્રદાયમાં દીક્ષિત થતાં પહેલાં એ વલ્લભાચાર્યના પુષ્ટિમાર્ગના અનુયાયી હતા. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં એમના ઘણા અનુયાયીઓ હતા. સાત હજાર લોહાણા પરિવાર એમના અનુયાયી હતા.

ગુજરાતમાં એમણે ઘણું ભ્રમણ કર્યું હતું. અને જેવી રીતે ભાણના શિષ્યો–'ભાણફેાજ' કહેવાતા, તેમ રવિસાહેબના ૧૯ શિષ્યો હતા, તે 'રવિસાહેબની ઉનબીસી' કહેવાયા.

"उनबीसी रविदास की, भक्ति-ज्ञान उजियार।
पतीत उबारन आइया, प्रेमे किया भवपार॥"

આ ૧૯ શિષ્યોનાં નામોમાં આ પ્રમાણે સોળ શિષ્યોનાં નામ મળે છે. મોરારસાહેબ, ગંગસાહેબ, લાલસાહેબ, રામસ્વામી, કેશવસ્વામી, સ્યામદાસ, સુજનસિંહ, મેહાજલ, મૌનીરામ, રાજુલ, જોગીરામ, દયાળદાસ, સાંગાજી, મેરમદાસ, રૂપાલ તથા દુલનદાસ એ ઉપરાંત કેટલાય ભીલ તથા લૂંટારાઓ અને કેટલીક વારાંગનાઓનો પણ રવિસાહેબના ઉપદેશથી ઉદ્ધાર થયો હતો. ભીલસંતોમાં બાબા મૌનીરામ, ભક્ત કવિ રાજુલ, જોગીરામ તથા સાંગાજી ઉપરાંત હાડાજી, લામાભક્ત, ડીંગારામ અને તોબાજી પ્રસિદ્ધ છે. રવિસાહેબના ઉપદેશથી જે લૂંટારાઓ સુધરી જઈ ભક્ત બની ગયા, એમાં મહીકાંઠાનો કબાજી, બાહિલ, કાદર (બુકાની) તથા ગબલ કોળીનાં નામ પ્રસિદ્ધ છે. તે જ પ્રમાણે વારાંગનાઓમાં પાટણની મદયન્તી વડોદરાની હીરાબાઈ સુરતની માધવી એક રજવાડાની ભાનુમતિ તથા ઇન્દોરની લચ્છુબાઈનાં જીવન એમના ઉપદેશથી સુધરી ગયાં હતાં.

સંદેસરના પ્રીતમદાસ કવિ એમને મળતા હતા. બન્ને વચ્ચે સારો અનુરાગ હતો. પ્રીતમદાસે રવિસાહેબનાં ખૂબ વખાણ કર્યાં છે

"રવિને રૂપે રજની જાય, અંતરમાં અજવાળું થાય;
દર્શન કરતાં દુસ્કૃત્યુ ટળે, સ્હેજે સુખના સાગર મળે"

કાનમના ભક્ત કવિ ગોવિંદદાસ પણ રવિસાહેબના સંસર્ગમાં રહી સત્સંગ કરતા હતા. ડાકોરના મહંત શ્રી દ્વારિકાંદાસજી પણ રવિસાહેબ પાસે બેસી બોધ લેતા હતા, ગિરનાર યાત્રા પ્રસંગે મહાત્મા મૂળદાસનું મંગળ મિલન થયું હતું. કચ્છ-અંજારમાં જ્ઞાનગર્વી નિર્ભયરામનું મિલન થયું હતું. કહે છે. એમની નમ્રતાના પ્રભાવથી એમનો ગર્વ દૂર થયો હતો. સિંધયાત્રમાં સંતરાયલનું મિલન થયું હતું. પાછા વળતાં નડિયાદમાં સંતરામ મહારાજને મળ્યા. સંતરામ મૌન રાખતા હતા, રવિસાહેબના ઉપદેશથી એમણે મૌન છોડી ઉપદેશ આપવાની શરૂઆત કરી હતી. સૌરાષ્ટ્રના લીંબડીના પ્રસિદ્ધ ભક્ત મીઠા સાથે પણ સત્સંગ થયો હતો, એવી એક લોકવાયકા છે જે મીઠા કવિની કથાનો ઉલ્લેખ છે, તે વડોદરા પાસે છાણી ગામના હતા. પાલનપુરના સૂરી સંત સાંઈ દીનદરવેશે પોતાના એક કુંડલિયામાં રવિસાહેબને મળ્યાનો ઉલ્લેખ કર્યો છે.

"धन्य भूमि सौराष्ट्र की, पाया संत दीदार।
रवि साहब, खीमदास और मिले गंग-मोरार॥"

અંભાતના એક વખતચંદ શેઠનાં વહાણ રવિસાહેબના પ્રભાવથી અચી ગયાં હતાં, તેથી તેણે રવિસાહેબની પાદુકા પધરાવી મંદિર બાંધેલું, તે આજે પણ છે. આવા ચમત્કારના ઘણા પ્રસંગો છે.

રવિસાહેબે હિન્દી તથા જરાતીમાં ઘણા ગ્રંથો લખ્યા છે. 'ભાણુગીતા' ૨૧ કડવામાં છે. 'મનસંયમ' છે કવિત્ત, રેખ્તા અને ઝૂલણામાં ૨૮૫ છંદ તથા ૬૯ અંગોમાં ૨૪૨૦ સાખીઓ મળે છે. ભાણુ પરિચરીમાં ભાણુસાહેબનું પ્રામાણિક ચરિત્ર છે, એ ઉપરાંત બારમાસી (૧૮૦૯), બોધચિંતામણિ (૧૮૧૧) તથા રામગુંજર ચિંતામણિ (૧૮૩૮) ગ્રંથો લખ્યા છે.

વિ. સં. ૧૮૬૦ ના મહાસુદ પૂર્ણિમાના દિવસે રામસ્વામીને શેરખી ગાદીના ઉત્તરાધિકારી નિયુક્ત કરી પોતાના શિષ્ય મોરારસાહેબના સ્થાન બંભાલિયામાં સમાધિ લેવા નીકળી પડ્યા. એ ચાલી શકે, એમ ન હોવાથી પાલખીમાં શિષ્યો લઇ જતા હતા. કહે છે, રસ્તામાં એમનું પ્રાણપંખેરુ ઊડી ગયું હતું, પણ બંભાલિયા પહોંચ્યા પછી રવિસાહેબે જાતે પાલખીમાંથી ઉતરી જીવંત સમાધિ લીધી હતી.

જામનગર પાસે બંભાલિયામાં સં. ૧૮૪૨ માં મોરારસાહેબે પોતાનું સ્થાન એક ઝૂંપડી બાંધી નક્કી કર્યું. જામનગરના રાજા રણમલસિંહ એમના શિષ્ય હતા. છતાં એમના જીવતા સુધી એમણે આશ્રમમાં પાકા મકાનો બંધાવા દીધાં નહિ. સં. ૧૯૦૫ માં એમણે જીવંત-સમાધિ લીધી હતી. હિન્દી તથા ગુજરાતી ભાષામાં એમણે ઘણાં પદો લખ્યાં છે. એમણે પોતાના એક પદમાં પોતાના ગુરુ રવિસાહેબને 'રામકબીરા' કહ્યા છે.

" રમતા રવિગુરુ રામકબીરા, પલ પલમેં પાયે પડના।
રજ 'મોરાર' રવિકે ચરના, સોહમ્ અમરવર વરના॥ "

એમના શિષ્યોમાં દાસહોથી, દલુરામ. ચરણદાસ, સુંદરદાસ જીવા ભક્ત અને સાંઈ કરીમશાહ પ્રમુખ શિષ્ય હતા.

ભાણસાહેબના પુત્ર ખીમસાહેબે કચ્છવાગડમાં સમુદ્રતટે રાપરમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું. ત્યાં એમણે વિ. સં. ૧૮૫૭માં સમાધિ લીધી હતી. ત્યાંના આરવાઓમાં એ 'દરિયાપીર' નો નામથી ખૂબ પ્રસિદ્ધ હતા. દરિયાની સફરે જતા પૂર્વે નાવિકો એમના આશીર્વાદ લઈને જતા હતા. એમના શિષ્ય ત્રિકમ ગરોડાએ મોરારસાહેબ પાસે દીક્ષા લીધી હતી, એમની ગાદી ચિત્રોડમાં છે. ત્રિકમ સાહેબે પણ પદ— સાખીઓ લખી છે. ચારણ જાતિના ભીમ એમના શિષ્ય થયા હતા, તેથી એમની જાતિના સમાજે પ્રચંડ વિરોધ કર્યો, એટલે એ અંત્યજ થઈ ગયા. ભીમસાહેબના એક શિષ્ય જીવણદાસ ચમાર જાતિના સંત હતા, એ 'દાસીજીવણ' તરીકે પ્રસિદ્ધ છે, દામ્પત્ય પ્રેમનાં એમનાં પદોમાં એમણે પોતાનો ઉલ્લેખ 'દાસીજીવણ' તરીકે કર્યો છે. એ સખીભાવના ઉપાસક હતા. એમના શિષ્ય પ્રેમસાહેબ થયા. ત્યાર પછી એ ગાદી પર વિસરામસાહેબ અને પછી નથુરામસાહેબ થઈ ગયા. આ પરંપરાઓમાં નિમ્ન ગણાતી જાતિઓના અનેક સંતો હતા.

કાનમ પ્રદેશના ભાણસાહેબ, ભરૂચના રવિસાહેબ તથા થરાદ (મારવાડ) ના મોરારસાહેબે વિક્રમની અઢારમી સદીમાં સૌરાષ્ટ્રમાં રામકબીર સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. ચોરી તથા લૂંટ કરનાર અનેકોને સુધારી આ સંતોએ તેમને ભક્તિના માર્ગ પર લાવી મૂકયા હતા.

ભાણ રવિ અને મોરારની વાણીના આધારે હિન્દીના મૂર્ધન્ય વિદ્વાન આચાર્ય પરશુરામ ચતુર્વેદીએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે, કે 'આ સંપ્રદાયના સંતોની ભક્તિભાવના કબીરની 'નારદી ભક્તિ'થી જુદી નથી. એટલું કહી શકાય કે એમના ઉપર સગુણ ભક્તિનો કંઈક પ્રભાવ છે.' ભગવાનના

પ્રિય ભક્તો હરીકે નામ દેવ અને કબીરના નામનો ઉલ્લેખ ભાણુસાહેબે કર્યો છે. રામકબીર સંપ્રદાયના ભજનસ્થળને 'નામદેવ–કબીરનો પરથારો' કહેવાય છે, એ જોતાં સંપ્રદાયની વિચારધારા પર નામદેવ અને કબીરનો પ્રભાવ નિઃશંક છે.

રવિસાહેબે કબીરસાહેબને રામના અવતાર ગણ્યા છે અને કહ્યું છે કે જ્યારે હું એકાંત ચિંતન કરું છું, ત્યારે મારા હૃદયમાં રામાનંદ અને કબીર હોય છે. પોતાના ગુરુ ભાણુ તથા કબીર માટે એમણે સદ્‌ગુરુ શબ્દનો ઉપયોગ કર્યો છે. એમની પરંપરાના મોરારસાહેબ, ગંગસાહેબ તથા લાલસાહેબ ઉપરની વાતનું સમર્થન કરે છે. કબીરની વિચારધારાનાં જ દર્શન એમની વાણીમાં થાય છે.

ભાણુસાહેબે પરમતત્ત્વને સર્વવ્યાપક હોવા છતાં પરોક્ષ કહ્યું છે, જ્યારે રવિસાહેબે એને 'બાહર ભીતર, ભીતર બાહાર' કહી સર્વત્ર પ્રવર્તીત 'રમતારામ'ની સંજ્ઞા આપી છે. એ કહે છે; 'હું એને મારા હૃદયમાં સગુણ તથા નિર્ગુણ બન્ને રૂપે ધારણ કરું છું. એને 'રામ'નું નામ આપું છું.

" रविदास सद्‌गुरु राम है, और राम कोक नाम ॥ "

ગુરુ તથા ગોવિંદમાં કોઈ ભેદ નથી. જો કે એમના રામ દશરથ પુત્ર રામથી જુદા નથી, પણ એજ અવિનાશ છે.

" राम एक अविनाश जेई दशरथ तन धर्या ॥ "

આ સંતોની વાણીમાં કયારેક કૃષ્ણાવતારની લીલાઓનું વર્ણન પણ છે. પરમાત્માનું મૂળ સ્વરૂપ નિર્ગુણ છે એ સહુ સ્વીકારે છે, પણ ભક્તોને ખાતર ભગવાન રૂપ ધારણ કરે છે. એ સંતોની વાણીમાં કબીરની ભ્રમર ગૂફા ગગન મંડલ, સુરત-નિરત

વગેરે યૌગિક પ્રક્રિયાના ઉલ્લેખો પણ હોય છે. છતાં મૂળ ઝોક ભક્તિ તરફ છે.

રવિભાણ-પરંપરાના અન્યસંતો :

આ પરંપરામાં પચાસથી પણ વધારે સંતો થયા છે. તેમાં મોટાભાગના કવિઓ હતા. એમાંના બત્રીસેક સંતોનો અહીં ઉલ્લેખ થાય છે.

૧. **કલ્યાણદાસ** : એ રાધનપુર પાસેના એક ગામના રજપૂત હતા. ગુરુ ભાણસાહેબ તરફ એમને એટલો બધો પ્રેમ હતો, કે ગુરુએ સમાધિ લીધા પછી એમણે પણ દેહત્યાગ કર્યો હતો. એમણે હિન્દીભાષામાં પદરચના કરી છે.

૨. **રતનદાસ** : ભ્રમણ કરતાં કરતાં ભાણસાહેબ સૌરાષ્ટ્રમાં વાંકાનેર ગયા, ત્યારે એમના ઉપદેશથી રતનસિંહ નામનો એક રાજભક્ત રજપૂત વિરક્ત થઈ એમનો શિષ્ય થયો હતો. એ પણ કવિ હતો, અને એણે અનેક રાગોમાં હિન્દી પદો લખેલાં છે, પોતાના એક પદમાં ગુરુ ભાણ સાહેબના નામનો ઉલ્લેખ કર્યો છે.

"**सद्गुरु नैनां खोलियां, अविगत दर्शाया हो ।**
भाणसाहब का बालका, 'रतनदास' गाया हो ॥"

૩. **મોહનદાસ** : ભાણસાહેબ રાધનપુર આવ્યા ત્યારે એ એમના શિષ્ય થયા ભાણસાહેબ ઠાઠથી પોતાના ચાલીશ શિષ્યો સાથે ઘોડા પર નીકળતા; એ જોઈ નવાબને ઈર્ષ્યા થઈ અને ભાણસાહેબને કષ્ટ દેવાનો પ્રયત્ન કર્યો હતો, પણ સફળતા મળી નહિ. એમણે હિન્દીમાં ભક્તિ અને વૈરાગ્યનાં અનેક પદોની રચના કરી છે.

૪. **રાઘોદાસ** : એ મૂળ ઉત્તર ગુજરાતના સાંતલપુરનો નિવાસી હતો, તથા ચોરી કરતો હતો. એક વખત વારાહીમાં એ રજપૂતને ત્યાં બધાં ભજનમાં એકચિત્ત હતાં, ત્યારે રાઘોએ પાછળથી ઘર કોચી સુવર્ણાલંકારોની ચોરી કરી. પરંતુ નાસતાં એની આંખોનો પ્રકાશ જતો રહેવા લાગ્યો, તેથી તે પાછા વળી ભાણસાહેબનાં ચરણોમાં માથું મૂકી રડી પડયો. એનો પશ્ચાત્તાપ જોઇ ભાણસાહેબે એને ક્ષમા આપી દીધી, એમના ઉપદેશથી રાઘો સાધુ થઈ ગયો.

"राघो लंपट चोर को, मिलिया सद्गुरु भाण ।
शठ मिटाई सज्जन किया, अलख पुरुष निरवाण ॥"

૫. **બાદલ સાહેબ** : કચ્છની યાત્રામાં ભાણસાહેબે એમની અતિશય સ્ત્રી-પ્રીતિ જોઇને કહ્યું હતું કે તારો રાગ વિરાગમાં બદલાઈ જશે. પત્ની બેવફા થઈ એટલે એ સંસારથી વિરક્ત થઈ સંતધામ શેરણીમાં આવીને રહ્યા. ઉદ્ધવસ્વામીની જમાત સાથે એ તીર્થયાત્રાએ ગયા હતા. પાંચ વર્ષ પછી પાછા આવીને ભાણસાહેબની આજ્ઞાથી વિંધ્યાચલમાં ઉદ્ધવની તપાસ માટે જતા રહ્યા. એક ગૂફામાં પડેલા ઉદ્ધવની એમણે સુશ્રૂષા કરી ભાણસાહેબની દવા કરી. એથી ઉદ્ધવ રોગમુક્ત થઈ ગયા, પણ એમણે પછી જીવંત સમાધિ લઈ લીધી બાદલ પાછા આવ્યા ત્યારે અહિં ભાણસાહેબે પણ સમાધિ લઈ લીધી હતી, તેથી એ ઘણા દુઃખી થયા, અને થોડા વખતમાં દેહત્યાગ કર્યો.

"भाणसाहब गुरु शेरमा, कर गये यहां से प्रयाण ।
निष्ठुरे 'बादल' क्यों जिया, छोंड ही तेरो प्राण ॥"

૬. **તિલકદાસ** : એ હરિજન જાતિના હતા. અને કચ્છના વીરાણી ગામમાં એનો જન્મ થયો હતો. ભાણુ પરંપરાના સંત બાલકદાસ પાસે એમણે દીક્ષા લીધી હતી. ૭૫ વર્ષની ઉંમરે એ સમાધિસ્થ થયા. એમણે હિન્દીમાં સંતવાણીની રચના કરી હતી.

૭. **સ્વરૂપદાસ** : રવિસાહેબના આશીર્વાદથી એની માતાએ પ્રસવપીડાથી મુક્ત થઈને સ્વરૂપને જન્મ આપ્યો હતો. મોટો થયા પછી એ પોતે જ વિરક્ત થઈ સંતધામમાં ચાલ્યો આવ્યો હતો. રવિસાહેબ તીર્થયાત્રાએ ગયા હતા. એમની ગેરહાજરીમાં એ એમની બાણશય્યા પર સૂતા હતા. હિન્દીમાં લખેલી એમની વાણીમાં નિર્ગુણ રામની ભક્તિ અને હરિ-ગુરુ-સંતની સેવાનો ઉપદેશ છે જ્ઞાનવૈરાગ અને ભક્તિનાં એમનાં પદોમાંથી થોડાં જ મળે છે.

૮. **સજાનસિંહ** : એનો જન્મ મહીકાંઠાના ઘોડાસર તાલુકાના હલધરવાસ ગામમાં ચૌહાણ કુળમાં થયો હતો. શરાબ પીવાની ટેવને લીધે પત્ની એનાથી નારાજ રહેતી હતી. એક વખત રવિસાહેબે લૂંટારાઓથી એની રક્ષા કરી હતી. રવિસાહેબના ઉપદેશથી એના જીવનમાં પરિવર્તન આવ્યું. પોતાના ઘરને સંતોનું આશ્રયસ્થાન બનાવી બધી સંપત્તિ દાન કરી દીધી. એમ કહેવામાં આવે છે કે— એક બ્રાહ્મણને આપવા ઘરમાં કંઈ ન હતું; તો પોતાના પુત્રને વાણીઆને ત્યાં ગીરો મૂકી દાન કર્યું હતું. એમણે હિન્દીમાં કેટલાંક પદો લખ્યાં છે. પદના અંતમાં પોતાને રવિના લાલ તરીકે ઓળખાવ્યો છે.

"रविसाहब का लाल, "सुजान" हरिरस प्यासी ॥"

૯. **શ્યામદાસ** : સૌરાષ્ટ્રના ઘોડાસરના રાજા શ્યામદાસ રવિસાહેબના શિષ્ય હતા. એમને એક ગઢવીની કન્યા સુલભી સાથે લગ્ન કરવું હતું, પણ પિતાનો વિરોધ હોવાથી ગઢવી પોતાની કન્યાને લઈ દેવાસ જતો રહ્યો. શ્યામદાસ વિરક્ત જેવા રવિસાહેબ સાથે ફરવા લાગ્યા. એક વખત દ્વારકાં જતાં દેવાસ આવ્યા. ત્યાં રવિસાહેબની દરમિયાનગીરીથી એમનું લગ્ન થયું. એમના પુત્રનું નામ 'મેહાજલ' રાખ્યું હતું. અગિયાર વર્ષની વયે એ વિરક્ત થઈ રવિસાહેબના સ્થાનમાં જતો રહ્યો. શ્યામદાસે હિન્દીમાં ખૂબ સુંદર પદો લખેલાં છે.

૧૦. **મેરદાસ** : મહી કાંઠાના કટોસણ વિભાગના વરસોડા ગામની એક બ્રાહ્મણ સ્ત્રીનો એ પુત્ર હતો, એનો રોગ રવિસાહેબે દૂર કર્યો હતો. માતાના મૃત્યુ પછી એણે રવિસાહેબ પાસે જઈ દીક્ષા લીધી. પછી પોતાના ગામમાં રહી હરિભજન અને સંતસેવામાં જીવન વ્યતીત કર્યું. હિન્દીમાં એણે અનેક સુંદર પદોની રચના કરી છે.

૧૧. **રાજુલદાસ** : તીર્થયાત્રા પર નીકળેલા રવિસાહેબને ઈડર પાસે ભીમખેડિયાની પહાડીઓમાં લૂંટારાઓએ ઘેર્યા હતા. એમાંના એક રાજુલની સદ્‌બુદ્ધિ જાગી ઊઠી. એણે બીજાઓને સમજાવી રવિસાહેબને પોતાને ઘેર જઈ સેવા-પૂજા કરી. રવિસાહેબના ઉપદેશથી એનામાં પરિવર્તન આવ્યું. એણે રવિસાહેબને કહ્યું, કે જેવી રીતે અહીં અટવી (જંગલ) માં મેં તમારી રક્ષા કરી, તેવી રીતે હવે તમે ભવાટવીમાં મારી રક્ષા કરો. ત્યારપછી રાજુલે હરિસ્મરણ, ભજન અને અન્નદાન કરતાં કરતાં જીવન

બીતાવ્યું. એણે ગુરુકૃપા અને સત્સંગથી પદ રચના કરી છે. મહીકાંઠાની એક ભક્તમંડળીએ એનું 'આજ સખિ મોહે સદ્‌ગુરુ ભેટ્યા' પદ રવિસાહેબને સંભળાવ્યું હતું. ત્યારપછી રવિસાહેબે રાજુલને બોલાવી પોતાના સ્થાનમાં રાખ્યો હતો.

૧૨. **ગબલદાસ** : ખંભાત પાસે પિપલોદ ગામમાં ભાદરવા મહીનામાં કામેશ્વર મહાદેવની જગ્યામાં 'કુહુકેરો 'નો મેળો ભરાય છે. એમાં ગબલ નામનો એક લૂંટારો પણ આવ્યો હતો. એ રવિસાહેબની વાણી સાંભળવા ગયો. રવિસાહેબે કહ્યું કે તારા પાષાણહૃદયની ભીતરમાં દયાનો સાગર લહરાય છે, એક દિવસ તું દયાળુ સંત બની જઈશ. ત્યાર પછી એક દિવસ એક સગર્ભા સ્ત્રીની હત્યા કરતાં અંદરના બાળકના ટૂકડા જોઈ એનું હૃદય પીગળી ગયું. અને શયતાનમાંથી એ સંત બની ગયો. સંતોના સમાગમથી મસ્ત ભજનિક બની ગયો. હિન્દીમાં પદરચના કરતાં પણ એ શીખી ગયો. પોતાના એકપદમાં એણે પોતાનાં પાપોનો એકરાર કર્યો છે.

૧૩. **હરિલોચનદાસ** : રવિસાહેબ ગિરનારની યાત્રાએ ગયા હતા, ત્યારે એક સ્ત્રી પોતાના અંધપુત્રને રવિસાહેબનાં ચરણોમાં મૂકી જતી રહી. રવિસાહેબની કૃપાથી એને દૃષ્ટિલાભ થયો હતો, તેથી એનું નામ 'હરિલોચનદાસ' રાખવામાં આવ્યું. એણે રવિસાહેબને કહ્યું હતું:

"**अंधे को लोचन दिये, कर ग्रही लगावो पार ।**
रविसाहब गुरु शूरमां, डूबत लियो उबार ।।"

એણે ઘણાં પદોની રચના કરી હતી. તીર્થયાત્રાથી એ પાછા આવ્યા ત્યારે એટલા બદલાઈ ગયા હતા કે

કે ઓળખાયા પણ નહિ. રવિસાહેબે સમાધિ લીધી, પછી એ પાછા ગિરનાર જતા રહ્યા હતા.

૧૪. **રામસ્વામી** : મહીકાંઠાના રામજીભક્તને ત્યાં રવિસાહેબના આશીર્વાદથી રામ અને કેશવ નામના બે પુત્રો થયા. વચનાનુસાર કાનજીભક્તે રામને ગુરુચરણોમાં સમર્પિત કરી દીધો. પિતાના મૃત્યુ પછી કેશવ પણ ગુરુ પાસે જતો રહ્યો. રવિસાહેબ રામને પોતાનો ઉત્તરાધિકારી નીમ્યો. ગુરુ બહાર જાય ત્યારે સંતધામની વ્યવસ્થા એમના અધિકારમાં રહેતી. એમના એક શિષ્ય હરિરામે ડાકોરમાં અને કલ્યાણે પુરા ગામમાં પોતપોતાની જુદી ગાદી સ્થાપી હતી. બીજલ, ઘાઘા, હેમા નામના લૂંટારાઓનો એમણે ઉદ્ધાર કર્યો હતો. એમનું વ્યકિતત્વ અત્યંત મોહક હતું. એમણે કેટલાક નિયમ બનાવી સંપ્રદાયને વ્યવસ્થિત કર્યો, ચરણુ બાંયાબાઈ એમનાં શિષ્ય હતાં. સં. ૧૮૮૮ માં એમણે સમાધિ લીધી.

૧૫. **લાલસાહેબ** : મનહર ભક્ત અને લક્ષ્મી નામના લોહાણા દંપતિને લાલ, પચાણ અને આસુ નામના ત્રણ પુત્રો હતા. લાલનો જન્મ સં. ૧૭૯૭ માં થયો હતો. રવિસાહેબનાં ભજનોથી પ્રભાવિત થઈ એ એમના દર્શનાર્થે શેરથી ગયા અને ત્યાં દીક્ષા લઈ લીધી રવિસાહેબની આજ્ઞાથી એમણે એમના શિષ્ય ધર્મદાસને સાથે લઈ પાટણમાં નિવાસ કર્યો. ફસલ બચાવવાના ગાયોને પાછી વાળી લાવવાના અને એક ભક્તના પુત્રને સજીવન કરવાના ચમત્કારો એમણે કર્યાનુ કહેવાય છે. એ પ્રતાપી સંતના ઘણા શિષ્યો હતા.

શિષ્ય ધર્મદાસે ચેવલી ગામમાં નરહરિદાસને શિષ્ય અનાવી ગાદી સ્થાપી. બીજા શિષ્ય રામદાસને ગૃહસ્થધર્મ પાલનની આજ્ઞા આપી અને મીઠાદાસને પોતાની પાસે રાખ્યો. એક અન્ય શિષ્ય હિમદાસે સૌરાષ્ટ્રમાં અમરેલીમાં સ્થાન અનાવ્યું. એ ઉપરાંત પ્રેમદાસ અને લાલદાસ નામના અન્ય શિષ્યો પણ હતા. એક લૂંટારો આસોજી એમના પ્રભાવથી સુધરી ગયો. મારવાડમાં પણ એમના ઘણા અનુયાયીઓ હતા. મુરધરમાં જેણે એમના ઊંટને છુપાવી દીધું હતું તેનું છાપરું ઊડી ગયું. અને ઊંટ દેખાઇ ગયું. પોતાના પટ્ટ શિષ્ય મીઠાદાસને પોતાના ઉત્તરાધિકારી નીમી સં. ૧૮૮૯ની માઘ શુકલા એકાદશીએ એમણે પાટણમાં જીવન્ત સમાધિ લીધી હતી.

રેખતા, સવૈયા દોહા તથા ચોપાઈમાં હિન્દી અને ગુજરાતી ભાષામાં એમણે ઘણી રચનાઓ કરી છે. એમની વાણીમાં અંદીછોડ તરીકે રવિસાહેબને વિનંતી કરી છે.

"रविसाहब हिरदे बसो, किंकर कहे कर जोड़ ।
'लालदास' की विनति, सुनि हो बंदी बोड़ ॥"

એમની હિન્દી વાણી ઘણી સશકત છે. કબીર સાહેબની વાણીની પરંપરામાં નામ અને શબ્દનું મહત્ત્વ નીચેના રેખ્તામાં દર્શનીય છે.

"चेत वे चेत अचेत क्यों आंधरो,
आज अरू काल में उठ जाई ।
मोहके सोह में सार नहीं सुधकी,
अंध के धंध में जन्म जाई ॥
कालकु मारकर, कुबुधि को रोधकर,
गरम के कोट को मांग भाई ।
सबर कर, सबर कर, खोजले नामको,
यादकर शब्द को, संभाल भाई ॥

૧૬. **વચ્છરાજ** : ગુજરાતી સાહિત્યના ઈતિહાસોમાં એક કબીરમતાવલંબી વચ્છરાજનો ઉલ્લેખ આવે છે, તે વચ્છરાજ જંબુસર નિવાસી 'રસમંજરી' નામની વાર્તાઓનો લેખક વચ્છરાજ નહિ, પણ આ રવિસાહેબનો શિષ્ય અને વડોદરાનો નિવાસી વચ્છરાજ છે સ્વ. શ્રી ઈચ્છારામ દેસાઈ ને આ ભક્ત વચ્છરાજનું એક પદ મળેલું. તેને આધારે એમણે એને કબીરપંથી જાહેર કરેલો. પછી જંબુસરના લેખક વચ્છરાજની વાર્તાઓનો સંગ્રહ 'રસમંજરી' મળ્યો, એટલે સાહિત્યના ઈતિહાસના લેખકોએ આ બરા રામકબીરપંથી વચ્છરાજની માહિતિના અભાવમાં તેનેજ કબીરપંથી જાહેર કરી દીધો. ગુજરાતીના સમર્થ વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રીએ શંકા ઉઠાવી હતી કે જો એ કબીરપંથી હોય તો કયાંક તો કબીરનો કે પંથનો ઉલ્લેખ હોય, પણ તેમ નથી. એ આ કબીરમતનું પદ લખનાર કોઈ બીજો વચ્છરાજ હશે અને શાસ્ત્રીજી સાચા હતા. એ પદ લખનાર બીજો વચ્છરાજ, તે જ આ રવિસાહેબનો શિષ્ય વચ્છરાજ.

વડોદરા કોઈ સંપન્ન ક્ષત્રિય કુલમાં એમનો જન્મ થયો હતો. એની પત્ની મેના તરફ એને અતિશય અનુરાગ હતો, પત્નીના અચાનક મૃત્યુના આઘાતથી એ સંસારથી વિરક્ત થઈ ગયા અને ગૃહત્યાગ કરી તીર્થયાત્રાએ નીકળી પડયા. છ વર્ષનું તીર્થાટન કરી પાછા આવ્યા, ત્યારે વડોદરા પાસે શેરખી ધામમાં એક વિશાળ મેળાનું આયોજન થયું હતું. મેળામાં રવિસાહેબનું મિલન થયું. એમણે એમને બરેબરા નંદકિશોરના દર્શન હૃદયમાં કરવાનો ઉપદેશ આપ્યો.

' **ब्रीज खोजन बहुरि गये, अजहु चलेगी और ।**
कबहु नैन मत देखिए, नागर नंदकिशोर ॥ "

રવિસાહેબે નામસ્મરણનો ઉપદેશ આપ્યો. ધ્યાનયોગ માટે એ ફરીથી તીર્થયાત્રાએ ગયા. પાછા આવ્યા ત્યારે એટલા તો કૃશ થઈ ગયા હતા કે ખુદ રવિસાહેબ પણ ઓળખી શકયા નહિ. ભજનની ધુન ચાલતી હતી, એ ભક્તો ભેગા બેસી ગયા અને જ્યારે એક પદ ગાયું, તેના અંતમાં "**रविसाहब 'विच्छराज' को भेट्या, महारोग मिटाया ॥**" ગાયું ત્યારે રવિસાહેબે એમને ઓળખ્યા. હિન્દીમાં એમણે ઘણાં પદો લખ્યાં છે.

૧૭. **દાસ હોથી** : આ મુસ્લિમ જાતિના સંતના પૂર્વજો કચ્છની સુમરા જાતિના હિન્દુ હતા. જામનગર પાસે ખંભાલિયામાં એ આવીને વસ્યા હતા. મોરાર સાહેબના ધામમાં હોથી ગાયો ચારતો હતો, અને રાત્રે ભજનમાં બેસી ભજનો ગાતો, કયારેક મોરાર સાહેબનો ઉપદેશ પણ સાંભળી લેતો. સેવા એ જ એનો ધર્મ હતો. એનો કંઠ મધુર હતો, ગાતાં ગાતાં એની વાણી ખૂલી ગઈ, અને એ પણ પદરચના કરતો થઈ ગયો. મુસ્લિમ જમાતે એના પિતાને ચેતવણી આપી કે હોથીને ભજન ગાતો બંધ કરો, નહિ તો તમારા કુટુંબને ન્યાતબહાર મૂકી દઈશું. કુટુંબને આ આફતમાંથી મુક્ત કરવા એણે અફીણ ખાઈ લીધું અને પછી મોરાર સાહેબને મળવા દોડ્યો, પણ ધ્રોળ અને ખંભાલિયાની વચ્ચે પડી ગયો, અને ત્યાં જ એનું મૃત્યુ થયું. મોરાર સાહેબે એ જ જગ્યાએ એની સમાધિ બનાવી હતી. પોતાનાં પદોમાં એણે સમાજનાં દંભ અને પાખંડ પર પ્રહાર કર્યા છે.

૧૮. **સાંઈ કબીરશાહ** : મોરાર સાહેબ કચ્છની યાત્રાએ ગયા હતા, ત્યારે ત્યાંના આ મુસ્લિમ સંત એમના શિષ્ય થયા

હતા, એમણે હિન્દુ શાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો હતો. એમણે ઘણાં પદો હિન્દીમાં લખ્યાં છે. માર્ગી સંપ્રદાયના ભજનોમાં એમનાં ઘણાં આગમો (ભવિષ્યકથન) આજે પણ ગવાય છે.

૧૯. **ચરણદાસ :** મોરાર સાહેબે એમના એક શિષ્યને તેની ભૂલ બદલ દૂર જતા રહેવાની આજ્ઞા કરી. એને એટલી બધી અસર થઈ કે એણે હિમાલય જઈ દેહત્યાગ કર્યો. કહે છે, બીજા અવતારમાં ચરણદાસ તરીકે એણે મોરાર સાહેબના શિષ્ય બની સેવા કરી હતી, એ પણ કવિ હતો. હિન્દીમાં ઘણી રચનાઓ એણે કરી છે.

૨૦. **વારાણસી :** વડોદરાના શ્રીગૌડ બ્રાહ્મણ બેમદાસની એ પત્ની હતી. પતિના મૃત્યુથી એ ખૂબ દુઃખી રહેતી હતી. મોરાર સાહેબના ઉપદેશથી સંસારથી વિરક્ત થઈ ગઈ. સં. ૧૯૩૧ના પોષ શુક્લા દ્વિતીયાને દિવસે એણે નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. વડોદરામાં વાડી મહોલ્લામાં એનું સ્થાન છે. હિન્દીમાં એણે ઘણાં પદો લખ્યાં છે, ઘણાં પદોમાં ગુરુ મોરાર સાહેબની કૃપાના ઉલ્લેખ છે.

૨૧. **જીવણદાસ (દાસી જીવણ) :** મોરાર સાહેબના આ શિષ્ય 'દાસીજીવણ'ના નામથી પ્રસિદ્ધ છે. એમનો જન્મ સં. ૧૮૪૬માં સૌરાષ્ટ્રમાં ઘોઘાવદર ગામમાં દાફડા ચમાર જાતિમાં થયો હતો. પિતાનું નામ જગા વાલા અને માતાનું શામબાઈ હતું. પહેલાં ભજનથી દૂર રહેતા પણ મોરાર સાહેબનાં ભજનો સાંભળી લગની લાગી ગઈ. પહેલાં આશ્રમની ગાયો ચરાવતા હતા. આશ્રમમાં એમના પ્રવેશથી કેટલાક સાધુ આશ્રમ છોડી જતા રહ્યા;

પણ મોરારસાહેબ મક્કમ રહ્યા. મોરાર સાહેબને વિષ આપવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. સમાધિ લેતાં પહેલાં જીવણને ભીમસાહેબ પાસે મોકલી દીધો હતો, તેથી એણે ભીમસાહેબને ગુરુરૂપે માન્યા હતા.

ગુજરાતી તથા હિન્દીમાં એણે અનેક પદોની રચના કરી હતી. એની વાણીમાં કબીરની પરંપરાગત વિચારધારાનાં દર્શન થાય છે. એનાં દાસીભાવનાં પદો મીરાંની યાદને તાજી કરે એવાં છે સં. ૧૮૮૧માં ગિરનાર પાસે શેષાવનમાં એણે સમાધિ લઈ લીધી. એક પદની બે લીટી નીચે આપી છે.

" **मैं दासी सब संतन केरी पाऊं पियाला अंवनाशी।**
खोज खबर तू जो दिल भीतर रोम रोममें ले लगी॥ "

૨૨. **અરજણ ભગત** : દાસીજીવણના આ શિષ્ય આહિર હતા. ગુજરાતી સાહેત્યમાં અરજણ નામના બે કવિઓ થયા. આ ભકત પણ ક વ હતા. એમણે પદના અંતમાં **'दास अरजण जीव.. चरजे'** લખ્યું છે એમના એક પદ **"गुरु मोरे अगम तीरथ पर जाना।"** માં મિથ્યાચારોનો વિરોધ અને આતમરામનો ઉપદેશ છે.

૨૩. **ભક્ત ખીજલ** : એ ભીલ લૂટારો હતો. એક વખત એણે રામસ્વામીને પકડી ઝાડ સાથે બાંધી માર્યા હતા. પછી એના શરીરમાં જલન ઉપડી હતી એટલે રામસ્વામીનાં ચરણોમાં આવી ક્ષમા માંગી. રામસ્વામીએ એને હરિસ્મરણનો ઉપદેશ આપ્યો. રામદાસ સામે એણે દેહત્યાગ કર્યો હતો. એના અંતિમસંસ્કાર પણ સ્વામી રામે કર્યા હતા.

૨૪. **ખીમ સાહેબ** : સં. ૧૭૯૦ માં એમનો જન્મ થયો હતો અને સં. ૧૮૫૭માં રાપરમાં રવિસાહેબની હાજરીમાં એમણે જીવન્તસમાધિ લીધી હતી એ સમાધિ આજેપણ છે. એમણે રવિસાહેબ પાસે દીક્ષા લીધી હતી અને દરિયાકાંઠાના માછીમારોમાં રામકબીર સંપ્રદાયનો પ્રચાર કર્યો હતો. એને લોકો 'દરિયાપીર' કહેતા. એમણે હિન્દી અને ગુજરાતી મિશ્રિત ભાષામાં કેટલાંક પદો લખ્યાં છે.

૨૫. **ગંગસાહેબ** : ખીમ સાહેબના આ પુત્રે પણ રવિસાહેબ પાસે દીક્ષા લીધી હતી. બાલપણથી જ ભજન અને સત્સંગમાં એમને પ્રેમ હતો. એ રવિસાહેબ પાસે રહેતા હતા. રવિસાહેબે એમને ધ્યાનયોગ શીખવ્યો હતો. એમણે રવિ અને ખીમના પ્રભાવનો સ્વીકાર પોતાની વાણીમાં કર્યો છે.

" **हिरदे अमीरस सिंचिया प्रगट रविगुरु भूप।**
गोद बिठाके खीम ने, दियो अवधूको रूप॥"

જ્યારે એ વારાહીમાં હતા ત્યારે સમાધિ વખતે કોઈ દુશ્મને પગ પર અગ્નિ મૂકી દીધો હતો. તેથી તેટલો ભાગ બળી ગયો. એથી દુઃખી થઈ વારાહી છોડી શેરખી જતા રહ્યા. ભાવનગરના રાજા વિજયસિંહ અને જોગીદાસ ખુમાણના પિતા એમના શિષ્ય હતા. હમીર જાડેજા અને લાલદાસ એમના શિષ્યો હતા. એમના એક વિદ્વાન શિષ્ય પંડિત દામોદરે 'આમરણ' માં સ્થાન બનાવ્યું હતું. સં. ૧૮૮૩ માં મોરારસાહેબની હાજરીમાં એમણે જીવન્ત સમાધિ લીધી હતી. કેશવદાસના પુત્ર સુંદરદાસને એમણે પોતાના ઉત્તરાધિકારી નીમ્યા હતા. એ પણ કવિ હતા.

૨૬. **ત્રિકમ સાહેબ** : ગુજરાતમાં કેટલાક ત્રિકમ ભગત થયા છે. આ સંત ત્રિકમસાહેબ તરીકે પ્રસિદ્ધ છે. કચ્છવાગડના રામવાવ ગામમાં ઢેઢગરોડા જાતિમાં એમનો જન્મ થયો હતો. ખીમસાહેબે એમનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો, એ શપરના લોહાણા ભક્તોને ગમ્યું ન હતું. ગુરુ આજ્ઞાથી એમણે ચિત્રોડમાં ગાદીની સ્થાપના કરી હતી. નાવમાં એમને નહિ બેસાડવાથી ચાદર પાણી પર નાખી એમણે નદીપાર કર્યાના ચમત્કારની કથાથી એમની ઘણી પ્રસિદ્ધિ થઈ હતી. એમની સમાધિ રાપરમાં ગુરુની સમાધિ સાથે છે. એ પણ કવિ હતા.

૨૭ **ભીમસાહેબ** : એ પરજિયા ચારણ જાતિના હમીરદાન કછોલાના પુત્ર હતા. નાનપણથી ભજન ગાવાની ટેવ અને શોખ હોવાથી એક દિવસ હરિજનવાસમાં ત્રિકમ ભગતને ત્યાં ભજન ગાવા ગયા. ભીમસાહેબ ભજન સાંભળી એ બદલાઈ ગયા. ત્રિકમ સાહેબ પાસે દીક્ષા માગી પોતે અછૂત હોવાથી પહેલાં તો ના પાડી, પણ ભીમની લગન જોઈ દીક્ષા આપી. કાગનોરા પહાડીની ગૂફામાં બેસીને ગુરુશિષ્યે સત્સંગ કર્યો, અને સંતવાણીની રચના કરી. કહેવાય છે કે એક વખત દુકાળમાં ભીમસાહેબની આરાધનાથી સં. ૧૮૪૮ના શ્રાવણ શુક્લા પ્રતિપદાને દિવસે વર્ષા થઈ હતી. એમણે પોતાનાં પદોમાં નામજપ, રામનામ તથા નિર્ગુણ ભક્તિનો ઉપદેશ કર્યો હતો.

૨૮. **મેઘો ખાચર** : એ પહેલાં લૂંટારો હતો. ખીમસાહેબના દર્શને જતા એક દંપતીને એણે રોકયું સ્ત્રીએ એને ખીમ સાહેબના દર્શનનું મહત્ત્વ કહ્યું, તેથી છેવટે એ પણ ગયો

અને ખીમના ઉપદેશથી એક વંદનીય સંત બની ગયો. એને વિશે પ્રસિદ્ધ છે.

" मेघा रखाचर खीम सद्गुरुका बालका।
मांगी भवजल जीत, जोर नहीं कालका ॥ "

૨૯. **ભક્તિરામ** : કાનમ પ્રદેશના એક રાવલ ભક્તને ઘેર ખીમસાહેબના આશીર્વાદથી એક પુત્ર થયેલો, તેનું નામ ભક્તિરામ પાડયું. કહે છે એને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન હતું. કેટલોક સમય એ મહારાષ્ટ્રમાં રહ્યા હતા, ત્યાંથી પાછા આવી ગુરુની આજ્ઞા લઈ હિમગીરી જતા રહ્યા, પછી કદી પાછા આવ્યા નહિ. હિન્દીમાં એમણે કેટલાંક પદોની રચના કરી હતી.

૩૦. **હરજીવનદાસ** : એ જાતિએ વણઆર હતા. ખીમસાહેબનાં ભજનોથી પ્રભાવિત થઈ એ ખીમસાહેબના દર્શને રાપર ગયા. ત્યાં હૈબત માછીએ પોતાની ડૂબતી નાવના બચી જવાના ચમત્કારની કથા કહી એથી પ્રભાવિત થઈ એ ખીમસાહેબના શિષ્ય થઈ ગયા. એમણે હિન્દીભાષામાં કેટલીક પદરચના કરી છે.

૩૧. **એાખા** : એનો જન્મ ઉત્તર ગુજરાતના વડનગરમાં એક નાગર કુળમાં થયો હતો. એક વૃદ્ધ સાથે એનું લગ્ન કરવામાં આવ્યું હતું. વૃદ્ધના મૃત્યુ પછી એના વિષમાંધ દીયરે એને ભ્રષ્ટ કરી કૂવામાં પડી. આત્મહત્યા કરતાં લાલસાહેબે એને બચાવી ગર્ભવતી હોવાથી એને સંતમંડળી સાથે યાત્રાએ મોકલી દીધી. માર્ગમાં આપરા ગામમાં એણે પુત્રને જન્મ આપ્યો ગામવાળાઓએ એને માટે ઝૂંપડી બાંધી રહેવાની વ્યવસ્થા કરી આપી એ સ્થાન સંતોનું તીર્થસ્થાન બની ગયું. એાખા કવિયત્રી હતી.

હિન્દીમાં એણે પદરચના કરી છે, તેમાં પોતાને 'લાલ સાહબ ચરણકી દાસી' કહી છે

૩૨. **મદયન્તી** : એ પાટણની પ્રસિદ્ધ વેશ્યા હતી. સચિનનો એક દુર્લભરામ નામનો સાધુવેશધારી બ્રાહ્મણ એને એક બહુમૂલ્ય શાલ આપી ગયો હતો. પોતે કુમાર્ગમાં પિતાનું સર્વ ધન ગુમાવ્યા પછી સંતમેળામાં રવિસાહેબ પાસેથી આ શાલ એણે દાનમાં માંગી લીધી હતી. એક વખત એ શાલ ઓઢીને મદયન્તી રવિસાહેબના શિષ્ય લાલસાહેબના દર્શન માટે ગઈ. ગુરુની શાલ ઓળખી લાલસાહેબે કહ્યું કે તારે ગુરુની શાલની મર્યાદા પાળવી જોઈએ. બીજે દિવસથી મદયન્તીએ પોતાના જીવનને બદલી નાખ્યું. શેરખી જઈ રવિસાહેબના દર્શન કર્યાં પછી પોતાનું ઘર સાધુસંતો માટે ખુલ્લું મૂકી દીધું. એક દિવસ ભજન કરતાં કરતાં સહુની વચમાં એણે દેહ છોડી દીધો.

૩૩. **લાલદાસ** : પૂર્વાવસ્થામાં એ કચ્છના રાજ્યના એક કર્મચારી હતા, રાજદ્રોહના અપરાધમાં એને પ્રાણદંડની સજા થઈ હતી. એ નાસીને ગંગસાહેબના આશ્રમમાં છુપાઈ ગયા. સંસારત્યાગનું વચન આપવાથી અને ગંગસાહેબની દરમિયાનગીરીથી એને મુકત કર્યો દીક્ષા લઈ એણે હરિસ્મરણમાં જીવન વીતાવ્યું. એણે પણ સંતવાણી લખી હતી.


૩૪. **શોભારામ** : સુરત પાસે બંધારપાડામાં કુંવરજીને ઘેર ભજનમાં ગંગસાહેબની વાણીથી પ્રભાવિત થઈ ત્યાંનો એક વણિક શોભારામ એમનો શિષ્ય થયો હતો. એણે પણ ભાષા હિન્દીમાં સંત વાણીનાં પદો લખ્યાં છે. એમાં રામનું નામ, મરજીવા અને પ્રેમપ્યાલાનું મહત્ત્વ બતાવ્યું છે.

રવિભાણુ સંપ્રદાયની ગાદીઓ અને એના સ્થાપક :

૧	મુખ્ય ગાદી શેરખી	સ્થાપક	રવિસાહેબ,	
૨	,, કમીજડા	,,	ભાણુસાહેબની સમાધિ	
૩	,, વારાહી	,,	,,	નું જન્મસ્થાન-ગંગસાહેબ
૪	,, જામખંભાલિયા	,,	,,	મોરારસાહેબ
૫	,, રાપર (કચ્છ)	,,	,,	ખીમસાહેબ
૬	,, અંજાર	,,	,,	મલુકદાસ (ખીમસાહેબના પુત્ર)
૭	,, દુધઈ	,,	,,	લાલદાસ (ખીમના પૌત્ર)
૮	,, પાટણ	,,	,,	લાલસાહેબ
૯	,, ઘોઘાવદર	,,	,,	દાસીજીવણ
૧૦	,, વઢવાણ	,,	,,	રતનદાસ (ભાણુસાહેબના શિષ્ય)
૧૧	,, વાગડ (કચ્છ)	,,	,,	ત્રિકમ સાહેબ

આ ઉપરાંત માલિયા, શાહપુર, ધાંગધ્રા, વણથલી વગેરે ગાદીઓ છે.

આધાર – 'ગીતા' અમદાવાદ વર્ષ ૧૧ તથા ૧૨ના અંક ૨ સુધી.



શેરખીગાદી – રવિસાહેબ – રામદાસ – વાલદાસ – રેવાદાસ – રાધિકાદાસ – રાઘવદાસ
માધવદાસ – રઘુવરદાસ.

ખંભાલિયા – મોરારસાહેબ – ચરણુદાસ – જયરામદાસ – રણછોડદાસ – ઉદ્ધવદાસ

રાયર – ખીમસાહેબ – ગંગસાહેબ – સુંદરદાસ – મોહનદાસ – અમરદાસ
રઘુવરદાસ – વિસરામદાસ.

પ્રકરણ : ૭ રવિ – ભાણ સંપ્રદાય

સંદર્ભગ્રંથ સૂચી

૧. ભાણ લીલામૃત-(પાન ૫૧)
૨. સંત ભાણ સાહેબ-શ્રી માણેકલાલ રાણા (પા. ૧૦૬)
૩. સૌરાષ્ટ્રના સંતો-શ્રી દેવેન્દ્ર પંડિત (પા. ૧૩૨)
૪. કબીર બ્રહ્મપ્રકાશ-શ્રી તપસ્વી સાહેબ (પા. ૧૪૨)
૫. દલુરામની અન્ય વંશાવલી-(કબીર બ્રહ્મપ્રકાશ (પા. ૧૪૧)
૬. શ્રીમચ્ચિંતામણિ-સત્પુરુષ ચરિત્રપ્રકાશ (અંક ૫૧)
૭ રવિભાણ સંપ્રદાયવાણી ભા. ૨ (પા. ૨૩૪)
૮. સંતવાણી (પા. ૧૭૬)
૯. પરિચિત પદસંગ્રહ (પા. ૩૩૬)
૧૦. રવિભાણ મોરારની વાણી (પા. ૬૨)
૧૧. સત્પુરુ ચરિત્રપ્રકાશ
૧૨. સદ્‌ગુરુ કબીર ચરિતમ્—સ્વામી બ્રહ્મલીન મુનિ
૧૩. કબીર સંપ્રદાય-શ્રી કિસનસિંહ ચાવડા
૧૪. કબીર-પરંપરા—ડૉ. કાન્તિકુમાર ભટ્ટ
૧૫. મુંબઈ ગેઝેટીયર ગ્રં. ૯ (ભા. ૧) પા. ૫૪૭
૧૬. उत्तरी भारत की संतपरंपरा—आ-परशुराम चतुर्वेदी
૧૭. 'ગીતાધર્મ'-જુલાઈ ઓગસ્ટ ૧૯૫૦
૧૮. 'કચ્છના સંતો'-શ્રી હુલેરાય કારાણી (પૃ. ૨૪૮)
૧૯. ગુજરાતના ભક્તો (પા. ૧૪)

૨૦. સંત રવિસાહેબ–શ્રી માણેકલાલ રાણા (૧૦૬)
૨૧. ‘ રજપૂત ’ પત્રિકા (પા. ૩)
૨૨. ‘ નિજાનંદ ’ (શુભેચ્છા અંક) મે. ૧૯૭૦
૨૩. ‘ મુંબઈ સમાચાર ’ (સાપ્તાહિક) તા. ૨૮-૯-૧૯૪૯
૨૪. રવિરામ ચરિત્રપ્રકાશ
૨૫. બૃહદ્ કાવ્ય દોહન ભા. ૪ (પાન ૧૯૯)
૨૬. કવિચરિત ભા. ૧ તથા ૨ (પાન ૩૬૧)
૨૭. ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો (પા. ૬૧)
૨૮. પરિચિત પદસંગ્રહ (પા ૧૨૬)
૨૯. ‘ ગીતા પત્રિકા ’ જૂન-જુલાઈ ૧૯૪૩
૩૦. ‘ ભીલસંદેશ ’ જાન્યુઆરી ૧૯૫૦
૩૧. કલ્યાણ-ભક્તાંક (પા. ૭૦૩)
૩૨. જનકલ્યાણ–ધૂપસળી અંક–૧૯૬૬

પરિશિષ્ટ – ૧

કબીરવડની કથા

કબીરવડનું નામ સહુ જાણે છે, પણ જેના આંગણામાં એ હતો, તે તત્વાજીવાને બહુ ઓછા જાણે છે. કબીર સંપ્રદાયના લોકો એને કબીરના શિષ્ય તરીકે ઓળખે છે, પણ એને વિશેની ચોક્કસ અને વિસ્તૃત માહિતી મળતી ન હતી. એને લીધે ગુજરાતમાં કબીરવડની ઉત્પત્તિ વિશે એક ખોટી દંતકથા ચાલી નીકળી હતી. વડ સાથે કબીરસાહેબનું નામ તો જોડાયલું હતું જ. મૂળ કથાના અજ્ઞાનમાં કબીરના દાતણમાંથી એ ફૂટ્યો હશે, એમ કોઈ એ કલ્પના કરી, અને એ કલ્પનાકથા ધીરે ધીરે જનશ્રુતિ બની ગઇ. અને વિદ્વાનોએ ઊંડા ઉતર્યા વિના એને સ્વીકારી પણ લીધી. 'ચરોતર સર્વસંગ્રહ' (પાન-૮૨૨)માં આ જ દંતકથાને આધારે લખ્યું છે કે તત્વાજીના નામના બે ભાઈ ઓને અહીં કબીરસાહેબ મળ્યા હતા; જેમણે વડના દાતણમાંથી મોટું વૃક્ષ પલ્લવિત કરવા યાચના કરી હતી "રેવાને તીરે તીરે"ના વિદ્વાન લેખક શ્રી મંજુલાલ મજમુદાર પણ કબીરવડની ઉત્પત્તિ માટે એ જ દાંતણની ચીરની કથા લખી છે. ડૉ. રામકુમાર ગુપ્તે પોતાના હિન્દી શોધપ્રબંધમાં એને દંતકથા કહી છોડી દીધી છે. આ સ્થિતિમાં કબીરવડની ઉત્પત્તિની આધારભુત કથા રસપ્રદ જણાશે.

આજે જ્યાં કબીરવડનું વૃક્ષ આવેલું છે, તે તત્વા અને જીવા નામના બે ભાઈઓના આંગણામાં હતું. સામે ઉત્તર કિનારાનું મંગલેશ્વર ગામ ત્યાં સુધી વસેલું હતું; પરંતુ નર્મદાની એક

મોટી રેલમાં પ્રવાહની એક ધારા તે તરફથી વહેતી થઈ જવાથી કબીરવડ વાળી જગ્યા બેટ બની ગઈ, સો સવાસો વર્ષ પર બંધાયલા કબીરમંદિરમાં કબીર સાહેબના આગમનનો એક શિલાલેખ છે, તે કોઈ પ્રાચીન ઉલ્લેખના આધારે લખાયેા હોવેા જોઈએ. એના ઉપર કબીરસાહેબના ત્યાં આગમનનું વર્ષ વિ, સં. ૧૪૬૫ લખવામાં આવ્યું છે. અત્યાર પહેલાં કબીરના ગુજરાત આગમન વિશે એક માત્ર આ શિલાલેખને જ આધાર ગણવામાં આવતેા હતેા.

ગુજરાતી કવિ નર્મદશંકરે 'ભૂરેા ભાસ્યેા ઝાંખેા, ઝરથી ધુમસે પહાડ સરખેા.' નામની એક કવિતા કબીરવડ વિશે લખી છે. એમાં એક પંક્તિ છે; "બનાયે સત્સંગે પવિતર કબીરા જગતમાં " એનું વિવરણ કરતાં પ્રેા. બળવંતરાય ઠાકેારે (આપણી કવિતા સમૃદ્ધિ પાન ૮) લખ્યું છે; "કબીર સાહેબ આ વૃક્ષ નીચે કેટલેાક સમય રહ્યા હતા; એમના સત્સંગથી આ વડ કબીરભક્તેામાં પવિત્ર ગણાય છે"

સુરતમાં કબીરના એક શિષ્ય પદ્મનાભના શિષ્ય લેાચનદાસનેા આશ્રમ તાપીના તટ પર અશ્વિનીકુમાર પાસે હતેા. એ પરંપરાના પ્યારેદાસજીના એક શિષ્ય સંત કવિ માણેકદાસ હતા. વિ. સં. ૧૭૪૪ માં પ્યારેદાસે સમાધિ લીધી પછી માણેકદાસે કબીરવડમાં આવી નિવાસ કર્યેા હતેા, અને ત્યાંજ સં. ૧૭૬૦ માં સમાધિ લીધી હતી. એમણે લખેલી સંતવાણીમાં આ કથનના ઉલ્લેખ મળે છે. નીચેના કુંડલિયામાં એમણે તત્વાજીવાની ભક્તિ અને ટેકનું વર્ણન કર્યું છે. સાચા સંતની પરીક્ષા માટે તત્વાજીવા અતિથિ સાધુઓનું ચરણેાદક આંગણાના સૂકા વડના ઠૂંઠામાં રેડતા હતા, પણ જ્યારે કબીર સાહેબ આવ્યા અને એમનું ચરણોદક સીંચ્યું, ત્યારે સૂકેા વડ નવપલ્લવિત થયેા.

"धन्य भक्ति बरखानिये, तत्वा जीवा की टेक ।
आंगन में एक वृक्ष थे, साधु आये अनेक ।
साधु आये अनेक चरणामृत सींचवायो ।
उर में बड़ो विश्वास, साचे संत जब आयो ।
'माणिक' मंगल गावरी संत कबीर जब आये ।
तत्वाजीवाके अंगना, सूखे घटवृक्ष जीवाये ॥"

એક બીજા કુંડલિયામાં એજ સૂકા ઠૂંઠાને 'કબીરવડ' કહે છે, તે ઉલ્લેખ છે.

"सूके वट नीले हुए घटा छायी घनघार ।
मूल गये पाताल में, शाखा फले चहु ओर ।
शाखा फले चहु ओर, संत-प्रभाव दिखलाये ।
सोही सूखे काठ, कबीरवड कहलाये ।
तत्वाजीवा की टेक को साहिबकबीर निमाय ।
कबीरवट की छाँय में 'माणिकदास' लुभाय ॥"

બીજા દીન દરવેશે એક 'ભક્ત બિરુદાવલી' લખી હતી, એમાં કેટલાક સંતોનાં વિસ્તૃત જીવનવૃત્ત હતાં. એમાં કબીરની ગુજરાતયાત્રાનું સવિસ્તર વર્ણન છે. પાટણ, દ્વારકા, પાલનપુર, શુકલતીર્થ વગેરે સ્થાનોની યાત્રાનું વર્ણન છે, એમાં નિમ્નાંકિત કુંડલિયામાં કબીરવડની મહત્તાનું વર્ણન કરતાં કબીરના આગમન અને એમના દ્વારા સૂકા વૃક્ષના નવપલ્લવનનો ઉલ્લેખ કર્યો છે.

"संत कबीर दयानिधि, रेवा के तीर आय ।
गोसैंया की पीर को साहिब दिये मिटाय ।
साहिब दिये मिटाय, संतमहिमा अपारी ।
सूखे काठ जीवाय, सद्गुरु की बलिहारी ।
कहत दीन दरवेश, महातम कबारवट ही को ।
साहिब मेरा सलाम, कबीर गुरु दयानिधि को ॥"

નાભાજીએ પોતાની ભક્તમાલમાં રામાનંદી ભક્ત તરીકેનો તત્વાજીવાનો પરિચય આપ્યો હતો. ભક્તમાલની ટીકામાં (રચ્યો. ૩૧૨) પ્રિયાદાસે કબીરના શિષ્ય તરીકે તત્વાજીવાનો સપ્રસંગ પરિચય આપ્યો. દાદૂના શિષ્ય રાઘોદાસની લખેલી ભક્તમાલ (છપ્પો. ૮૨)માં કબીરના નવ શિષ્યોમાં એમનો ઉલ્લેખ છે. કેટલાયે કબીરપંથી ગ્રંથોમાં કબીરના શિષ્ય તરીકે એનો ઉલ્લેખ મળે છે. ગુરુગ્રંથ સાહેબ (સં. ૧૬૬૧)માં સર્વંગ સાખીના અંગમાં આ પ્રસંગની સાખી છે.

‘ गरीब तत्वाजीवा को मिले दक्षिण विच दयाल ।
सूखा ठूंठ हरा हुका, पेसे नज़र निहाल ॥’’

કથા કહે છે કે તત્વાજીવા બે ભાઈ હતા. મંગલેશ્વર ગામના બ્રાહ્મણોના એ પુરોહિત હતા. શ્રી મણિલાલ મહેતાએ લખ્યું છે કે બન્ને ભાઈ પંચગૌડાન્તરગત ઔદીચ્ય બ્રાહ્મણ હતા. થોડીઘણી ખેતીવાડી હતી. સાથે સાથે સંતસેવા કરતા હતા. ઘરના આંગણામાં વડના ઝાડનું સુકાઈ ગયેલું એક ઠૂંઠું હતું. બન્ને ભાઈઓએ પણ લીધું હતું કે જેના ચરણોદકથી વડ નવપલ્લવિત થાય, તે સંતને ગુરુ કરવા, તેથી અતિથિ સંતોનાં ચરણ ધોઈ તે પાણી વડના થડમાં રેડતા, વર્ષો વીતી ગયાં, પણ કોઈ એવો સિદ્ધ યોગી મળ્યો નહિ, જેના ચરણોદકથી સૂકા થડને પાન ફૂટે.

ધીરે ધીરે શ્રદ્ધા ઓછી થતાં સંતસેવામાં ઓટ જણાતાં પાંચ સાધુઓએ કાશી જઈ કબીરસાહેબને સંતોની પત રાખવાની વિનંતિ કરી તેથી કબીરસાહેબ ત્યાં આવ્યા હતા, એમ પણ કહેવાય છે. જ્યારે બીજી કથા એવી છે, કે તત્વા

અને જીવા બન્ને ભાઈ ખેતી અને પુરોહિતીની વ્યવસ્થા પોતાના ભાણા રામશંકરને સોંપી તીર્થયાત્રા કરતા કરતા કાશી પહોંચ્યા. કાશીમાં કબીરસાહેબની સલાહથી એમણે પ્રથમ સ્વામી રામાનંદ પાસે દીક્ષા લીધી. તત્વા જીવાએ સ્વામીજીને તે સમયે ગુજરાતમાં શિવ અને શાક્તો વચ્ચે ચાલતા સંઘર્ષની વાત કરી એટલે સ્વામીજીએ કબીરને ગુજરાતયાત્રા કરવાની આજ્ઞા કરી.

તત્વા જીવા વિદ્વાન બ્રાહ્મણો હતા. કબીરસાહેબ સાથે અધ્યાત્મ્ય તત્ત્વ અંગે ચર્ચા કરી છેવટે એમણે કબીરસાહેબનો ઉપદેશ સ્વીકાર્યો અને એમને ગુરુ માન્યા. એટલે ગામના બ્રાહ્મણોએ એમને જ્ઞાતિ બહાર મૂકી રોટી-બેટી વ્યવહાર બંધ કરી દીધો. તે સમયે કબીરસાહેબ કાશી પાછા ગયા હતા, એટલે એક ભાઈ ને એમની સલાહ લેવા મોકલ્યો. કબીરસાહેબે કહાવ્યું કે બન્ને ભાઈ સંતાનોના વિવાહ અંદરોઅંદર કરી લેજો, પણ ભક્તિમાં શિથિલતા આવવા દેશો નહિ. એમના આ નિર્ણયથી ગામના બ્રાહ્મણો હેરાન થઈ ગયા, અને છેવટે ન છૂટકે એમને ન્યાતમાં પાછા લીધા. ભક્તમાલની 'ભક્તિરસ બોધિની ટીકા'માં આ પ્રસંગનો ઉલ્લેખ નિમ્નાંકિત છે.

'काना कानी भई, द्विज जाति जाति गई।
पांति न्यारी न्यारी कर दई, कोउ बेटी नहीं लेत है।
चल्यो एक काशी जहाँ बसत कबीर धीर।
जाय कहीं पीर जब कौन हेत है।
दोऊ तुम भाई करो आपस में सगाई होय।
भक्ति सरसाई न घटाई चित्त चेत है॥''

હનુમાનદાસજી સંપાદિત "વૈરાગ્યપ્રકાશ"માં તત્વાજીવાની કેટલીક સાખીઓ છે, એમાં સમાજના સ્નેહસંબંધો છોડી ગુરુ શરણ લીધાનો ઉલ્લેખ છે

"तत्वा गुरु शरण ग्रही, तजिके नाता नेह।"

વળી કબીરસાહેબ જેવા જીવન્મુક્ત સદ્‌ગુરુ મળ્યાનો ઉલ્લેખ પણ છે.

"लाख चोरासी मरमी में पाया मनुष्य शरीर।
जीवनमुक्त सद्‌गुरु किया, साहब सत्य कबीर" ॥ ५ ॥

તત્વા જીવાએ પાછળનાં વર્ષોમાં ગુરુઆજ્ઞાથી મંગલેશ્વરનો ત્યાગ કરી બિહારના કુતુહા ગામમાં નિવાસ કર્યો હતો, ત્યાંની ગાદી પર એમની પરંપરાની બાવીસ પેઢી થઈ છે. તત્વાજીવા નામ સાથે 'જીવા' શબ્દ જેમ જોડાયલો છે, તે પ્રમાણે ત્યાંના મહંતોના નામ પાછળ જોડાય છે. ગણેશદાસ સુધી એ લોકો અયાચક વ્રત રાખતા હતા અને મઠ કે મંદિર બાંધતા નહિ. ત્યાંના કબીરપંથી વિદ્વાન શ્રી હનુમાનદાસજીએ કબીર અને તત્વાજીવા વચ્ચેનો સંવાદ 'અધ્યાત્મતત્વ સંવાદ' નામથી લખ્યો છે.

કબીરસાહેબ અહીં ક્યારે આવ્યા હતા, એ વર્ષ વિશે એક ભ્રમ પ્રવર્તે છે કબીરસાહેબનો સમય નક્કી કરવામાં આ ચોક્કસ વર્ષ ખૂબ ઉપયોગી છે. આચાર્ય ક્ષિતિમોહન સેન તથા શ્રી કિસનસિંહ ચાવડાએ પોતાના ગ્રંથોમાં આ શિલાલેખના વર્ષનો ઉલ્લેખ ભૂલથી ખોટો કર્યો છે. શ્રી ચાવડાના પુસ્તક 'કબીર-સંપ્રદાય' (પાન ૧૪૦)માં લખ્યું છે કે 'ગુજરાતમાં કબીરસાહેબ સંવત ૧૫૬૪માં આવ્યા હતા, એમ મહંતોના ચોપડા જોતાં લાગે છે, અને કબીરવડનો સંવત એને મળતો

આવે છે. પણ ખરેખર એમ નથી. કબીરવડના મંદિરના શિલા-લેખ પર કબીરસાહેબના આગમનનું વર્ષ વિ. સં. ૧૫૬૪ નહિ, પણ સં. ૧૪૬૫ છે. આમ આમાં લગભગ એક સો વર્ષનું અંતર પડી જાય છે. કબીરસાહેબનો સમય નક્કી કરવામાં એ સ્વાભાવિક જ ભ્રમ ઉત્પન્ન કરી શકે. હિન્દી સાહિત્યના અધિકાંશ વિદ્વાનોએ કબીરનો સમય વિ. સં. ૧૪૫૫ થી ૧૫૭૫— લગભગ સ્વીકારી લીધો છે, તેને માટે આ વર્ષ એક પડકાર જેવું છે. એ કબીરના નિશ્ચિત સમયની ફેરવિચારણા કરવા પ્રેરે તો નવાઈ નહિ.

પરિશિષ્ટ : ૨

" सत्गुरु परनालिका " – दयालदास

दयाला सद्गुरु दास कबीरजी । प्रगटे आतुर जोई ॥
ज्ञानीकु समझाय के । धोखा दीना खोई ॥ १ ॥

दयाला सत्गुरु दासकबीरजी । ज्ञानीकु समझाप ॥
आदि अंत का पंथ था । सो मारग दिया बताए ॥ २ ॥

दयाला सद्गुरु की परनालिका जाणे सबही संत ॥
जाकी महिमा अधिक है । कहत न आवे अंत ॥ ३ ॥

दयाला कछु एक माको याद है । सो तो कहूं सुनाए ॥
ताके पातक सब कटे । जो कोई नितही गाए ॥ ४ ॥

दयाला सत्गुरु की परनालिका । कैसे करुं बरवान ।
मैं तो जानअजान हूँ । सत्गुरु जान सुजान ॥ ५ ॥

दयाला ज्ञानी के शिष सुखजी । सुखजी के शिष गोपाल ।
गोपालके शिष जीवणा । सो संतन के प्रतिपाल ॥ ६ ॥

दयाला सत्गुरु की परनालिका । क्योंकर लेऊं न ऊं ।
मो में गुन एका नहीं । गुन वीन कैसे गाऊं ॥ ७ ॥

दयाला जब सतगुरुकृपा करी । तब गुण की गम होए ॥
सद्गुरु हिरदे आय के । वाणी बोले सोए ॥ ८ ॥

दयाला सत्गुरु जीवणदास को । वृंदावन सुखधाम ॥
कहानममंडल प्रगटे । सो पुरण करवा काम ॥ ९ ॥

दयाला सद्गुरु जीवणदासजी । प्रेम ज्योत प्रकाश ।
सब संतन में हिलीमिली । पूरी सब की आस ॥ १० ॥

दयाला सत्गुरु जीवणदासजी । प्रेमभक्ति को पूंज ।
मानो फूली केतकी । भ्रमर करत है गूंज ॥ ११ ॥

दयाला कमल सो जीवणदासजी । भ्रमर सो रूबसंत ।
नामरूप मकरंद है । सो सकल संत पीवंत ॥ १२ ॥

दयाला देशदेश में वासना । देशदेश में के गाम ।
सद्गुरु जीवण परवरे । सो कैसे गाऊं नाम ॥ १३ ॥

दयाला जाके मातापिता नहीं । बंधन बेल न बाप ।
अगम अगोचर सांई है । संतगुरु जीवण सोए ॥ १४ ॥

दयाला सतगुरु जीवणदासकी । लीला अगम अपार ।
जे कोई सरणे आइए । सब को कीने पार ॥ १५ ॥

दयाला सतगुरु जीवण आर्य के । कीये धनोरे बास ।
केतेक जीव परमोधिया । पूरी सब की आस ॥ १६ ॥

दयाला ता पीछे अचरज भयो । सब कोई करे विचार ।
पीपल नव पल्लव कियो । मरतक जीवाई नार ॥ १७ ॥

दयाला ताकु अंगीकृतकियो । सो माता हरमा बाई ॥
अविनाशी अंग जानके । बाँधी प्रेम सगाई ॥ १८ ॥

दयाला सद्गुरु जीबणदासजी । अरू माता हरमा बाई ॥
तोके पांचों तन भये । सो महिमा बरनी न जाई ॥ १९ ॥

दयाला पांच जन प्रवीण है । ये अविनाशी के अंग ॥
रामनाम रंगरोल है । ताको लाग्यो रंग ॥ २० ॥

दयाला बावोजी,-गोविंददासजी । बसंतदास श्री साम ॥
अक्षय अमर नाम है । सो खेले अमर धाम ॥ २१ ॥

दयाला सतगुरु सामशिरोमणि । माता पानाबाई ॥
ताके तीनु तन भये । सो सकल शिरोमणि राई ॥ २२ ॥

दयाला बड़े सो द्वारकांदासजी । ता पीछे रामदास ॥
ता पीछे गोकुलदास है । हरिचरणकमल निवास ॥ २३ ॥

दयाला सदगुरु द्वारकांदासजी । अरु माता फूलांबाई ॥
ताके सूत तीनो भये । बहन सो रामाबाई ॥ २४ ॥

दयाला ये चारों प्रवीण है । प्रेमभक्ति की सीर ॥
जे कोई सरणे आइ या । ताको दीनी नाम की धीर ॥ २५ ॥

सद्गुरु द्वारकांदास के । भये सो राघव धीर ॥
प्रेम भक्तिरस पोषके । पाई नाम की सीर ॥ २६ ॥

सद्गुरु द्वारकांदासजी । जीने भक्ति करी लौलीन ॥
महोत्सव मेला बहुकिया । सब संतन को सुख दीन ॥ २७ ॥

दयाला सतगुरु राघवदासजी । ज्ञान गुन भंडार ॥
जे कोई सरने आइ या । सब को कीना पार ॥ २८ ॥

दयाला सतगुरु राघवदास के । प्रेम भक्तिरस पूंज ॥
सदा वसंतरत होत है । जहाँ वृंदावन घन कूंज ॥ २९ ॥

दयाला सद्गुरु राघवदास पर । मैं बारबार वलि जाऊं ॥
उनके पायेन की तले । मेरा सिस बिछाऊं ॥ ३० ॥

दयाला सद्गुरु राघवदास पर । मेरा जीव करू कुरबान ॥
ये सब संतन के मोड है । मेरे जीवनप्राण ॥ ३१ ॥

दयाला सतगुरु राघव प्रेमसु । पोहोते वृंदावन ॥
जहां अखंड विलासी राधिका । घटा बनी स्यामघन ॥३२॥

दयाला सतगुरु राघव को मिले । ताका सर्या काज ॥
भवसागर उतराणको । दीनी नाम की जहाज ॥ ३३ ॥

दयाला मैं तो भरम्या जात था । सब भरम भडीक मांहे ॥
सद्गुरु राघव कृपा करी । पकडी मेरी बांहे ॥ ३४ ॥

दयाला सद्गुरु राघवदासके । सूत भये दो जन ॥
विश्नुदास अरु विट्ठला । बाई सो राधा बहन ॥ ३५ ॥
दयाला सद्गुरु राघवदासजी । माता सुन्दर बाई ॥
ताके सूत तीनो भये । बहन सो राधाबाई ॥ ३६ ॥
सत्गुरु राघवदास के । भये जो विश्नुदास ॥
ताकी महिमा अधिक है । एक रामनाम की आस ॥ ३७ ॥
दयाला सत्गुरु राघवदासके । विश्नुदास है तन ॥
परमारथ अंग पार्य के । पूजे सब हरिजन ॥ ३८ ॥
दयाला सतगुरु विश्नुदासजी । जाकी मत है धीर ॥
महोत्सव मेला बहु किया । सब संतनको सुख दीन ॥ ३९ ॥
दयाला ताके नरसैंदास है । सो समे रहत सावधान ॥
रामकृष्ण के जन्म दिन । सो बहुत करत है गान ॥ ४० ॥
दयाला ये सत्गुरु परनालिका । जे कोई गावे जान ॥
ताके पातक सब कटे । मिटे चोरासी खान ॥ ४१ ॥
दयाला गुरुदेव के प्रतापसे । गुण सद्गुरु के गाए ॥
मोको गम एको नहीं । सद्गुरु कहीं समसाए ॥ ४२ ॥
दयाला मुझ में गुण एको नहीं । सद्गुरु जाण सुजाण ॥
जब सद्गुरु कृपा करी । तब पाई पहचान ॥ ४३ ॥
दयाला के सद्गुरु की दया । सब संतनकी ओट ।
ए दोनों के आशरे । जम की न लागे चोट ॥ ४४ ॥
श्री दयाला एक भगोंसा नामका । निरभे रहो निःशंक ॥
तेरे सिर सद्गुरु खड़ा । जम का न लागे डंख ॥ ४५ ॥

मूल लेखक – दयालदास

लिपिकार—भक्त दामोदर परसोत्तम (पेन्शनरनार)
लिपिकाल—सं. २००४ आषाढ वद पंचमी सोमवार
लिपिस्थल—भक्ति दरबार, रामकबीरमंदिर, पुनियाद.

શુદ્ધિપત્રક

પાના નંબર	અશુદ્ધ	શુદ્ધ
i	હમકી	હમ હી
i	ૂઢી	ઢૂંઢી
ii	વશે	વિશે
v	એમુની	એમની
ix	મુસલમાનોનઃ	મુસલમાનોના
ix	શોધ ન હતી	શોધ કરી ન હતી.
x	થા	શ્રી
xiii	સહિયારો	સધિયારો
xiii	તેની	તેથી
xiii	ગોકળભાઈએ	ગોકળભાઈને
xiv	કાર્ય એ	કાર્યમાં
xvii	ફ્રાસ	ફ્રાન્સ
xix	સર્વાશ્રી	સર્વશ્રી
xxiii	કુડીને	કુદીને
xxiii	પણી	ઘણી
xxv	હીરે(શિયા	હીરોશિમા
xxvi	અન્ન	બીજા
xxvi	યુ. એલ. એ.	યુ. એસ. એ.
xxviii	રહેપાની	રહેવાની
xxviii	સાચેની	સાથેની
xxviii	કદી	કરી
xxix	જના	જતા
xxix	નામની	નામથી
xxx	મુસ્તક	પુસ્તક
xxx	તેમન	તેમને
xxx	ૂડિઅસ્તતા	ૂઢિઅસ્તતા

પાના નંબર	અશુદ્ધ	શુદ્ધ
xxxi	વિકાચ	વિકાસ
xxxi	વિશેશ	વિદેશ
xxxii	ત્યા	ત્યારે આ
૩	ન દ્ય	નર્મદ્ય
૧૬	વૈષ્ણનો	વૈષ્ણવો
૧૭	અમે	અને
૨૦	પ્રવતિત	પ્રવર્તિત
૨૬	ક	કરી
૩૧	અધ્ધ્યુજી	અધ્વર્યુજી
૩૫	ઘોપિત	ઘોપિત
૬૯	ગુપ્તે	ગુપ્ત
૪૪	બ્રહ્મલીનજી	બ્રહ્મલીનજી
૪૭	ઘાળ	ઘોળ
૪૮	ભ ત	ભક્ત
૫૬	ને	અન્ને
૫૭	ફૂળવા	ફળવા
૬૦	વરાગ	વૈરાગ
૬૨	ઘણી	ઘણી
૬૩	સ્ત્રોત	સ્રોત
૬૯	સંતની / ગાઈ	સંતનો / ગાયો
૭૦	બ્રહ્મ	બ્રહ્મ
૭૪	ઘ	ઘડે છે
૭૯	મૌજ	મોજ
૮૨	જેલ	જેમ
૯૫	ઘણા	ઘણા
૯૬	પ્રેમગી	પ્રેમગીતા
૧૦૦	શક્તિ	શાકત
૧૦૪	વાધ	વાઘ
૧૧૨	પુપ્રપ્રાપ્તિ	પુત્રપ્રાપ્તિ

પાના નંબર	અશુદ્ધ	શુદ્ધ
૧૨૮	માટી	મારી
૧૩૫	**सका**	**सूका**
૧૩૬	**कवार**	**कवार**
૧૩૯	ગોપાલદ્દાસ	ગોકળદ્દાસ
૧૪૫	**सोई**	**खोई**
૧૪૭	જીવણજી	જીવણજીનો
૧૪૭	ફૈજાબા	ફૈજાબાદ
૧૪૮	નિમાકિત	નિમ્નાંકિત
૧૫૧	વષ્ણિવજી	વૈષ્ણવજી
૧૫૧	ઉલ્લેખ	ઉલ્લેખ છે.
૧૫૩	બ–ને	બન્ને
૧૫૪	કારણે	કારણો
૧૫૬	હરિદ્દાસ	જોગાજી
૧૫૯	સમધ	સમય
૧૫૯	ત્યાં	**की**
૧૬૨	અધ્યાયુજી	અધ્યારુજી
૧૬૪	શબ્દો	શબ્દો
૧૭૦	સુરત	સુરતમાં
૧૭૨	**भजहब**	**मजहब**
૧૭૩	**जीन**	**जीवन**
૧૭૪	**भज**	**मंच**
૧૭૫	સમાધિ પછી સમાધિ પછી	સમાધિ પછી
૧૭૫	સંતાના	સંતોના
૧૭૭	ઉમરીભારત	ઉત્તરીભારત
૧૭૮	**पहमनाम**	**पद्मनाभ**
૧૭૯	કલ્ ના	કલ્પના
૧૮૩	ગોવદ્દરામ	ગોવિંદ્દરામ
૧૮૬	ધનરાજા અદ્વર્યુ	ધનરાજ અધ્વર્યુ

પાના નંબર	અશુદ્ધ	શુદ્ધ
૧૮૭	ગોકુળ	ગોકુળ
૨૦૧	તાંજલદ્દા	તાંદળજા
૨૦૫	નીકળતાથી	નીકળવાથી
૨૦૮	**માઈ**	**ભાઈ**
૨૧૫	આ છે	આપે છે
૨૨૮	**ષન્ટમ્**	**ષષ્ઠમ્**
૨૩૦	**શિષ**	**શિષ્ય**
૨૩૧	**કબાર**	**કબીર**
૨૩૪	વિધા	વિદ્ય
૨૩૮	દુષ્કૃત્યુ	દુષ્કૃત્ય
૨૩૮	સિંધયાત્ર	સિંધયાત્રા
૨૪૦	દરિયાપીરનો	દરિયાપીરના
૨૪૩	શેરમા	શૂરમા
૨૪૭	રામજીભકતે	રામજી ભક્તને
૨૫૪	શપર	રાપર
૨૫૫	વિષમાંધ	વિષયાંધ
૨૬૬	પ્રેમપ્યાલાતું	પ્રેમપ્યાલાનું
૨૬૦	નત્વાજીના	તત્વાજીવા
૨૬૦	મજમુદાર	મજમુદારે
૨૬૨	ધનધાર	ધનઘોર
૨૬૨	**નિભાય**	**નિભાય**
૨૬૨	**દખેશ**	**દરવેશ**
૨૬૭	**નઊં**	**નાઊં**
૨૬૭	**આર્યકે**	**આય કે**
૨૬૮	**કાએ**	**કોએ**
૨૭૦	**પાર્ય કે**	**પાય કે**
૨૭૦	**ગિપિકાર**	**લિપિકાર**

લેખકનો પરિચય



ડૉ. કાન્તિકુમાર ભટ્ટ એમ. એ; પીએચ. ડી.; સાહિત્યરત્ન

જન્મસ્થાન — નર્મદાતટ સ્થિત ભાલોદ ગામ (ભરૂચજીલ્લો)

નિવાસસ્થાન— 'કામાયની' રાજેન્દ્રનગર, રાજપીપલા (ગુજરાત)

સંપ્રતિ — પ્રાધ્યાપક, હિન્દી વિભાગ
મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપલા (ગુજરાત રાજ્ય)
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિષયના પીએચ. ડી. ના માર્ગદર્શક

ગ્રંથ — ૧ कबीर-परंपरा (प्रबंध)
૨ संत कबीर और कबीर संप्रदाय
૩ गुजरात की लोककथाएँ
૪ રામકબીર સંપ્રદાય
૫ પંચતંત્ર (ગુજરાતી અનુવાદ)
૬ तिलकन्या (हिन्दी अनुवाद)
૭ सूरत की संतधारा (प्रकाश्य)
૮ જીવણજી મહારાજ અને ભક્તસમાજ (પ્રકાશ્ય)